## પુષ્ટિમાર્ગમાં ભાવ-ભાવનાનું મહત્વ

- કંચનભાઈ ગાંધી, વડોદરા

પુષ્ટિમાર્ગમાં જે કાંઈ મહત્વનું છે તે ભાવ જ છે. પુષ્ટિપ્રભુ ભાવાત્મા છે. પુષ્ટિમાર્ગ ભાવાત્મક છે, ગદ્યમંત્ર ભાવાત્મક છે, પ્રભુનું સ્વરૂપ અને ભાવનું દાન પણ ભાવાત્મક છે. આમ સર્વ કાંઈ છે તે સઘળું ભાવાત્મક છે. 'ભજ સખી ભાવ ભાવિક દેવ. ' પ્રભુ સ્મરણ અને સેવા ભાવપૂર્વક કરવામાં આવે તો જ તે ફલ રૂપ છે. ભાવ વગરની સેવા ક્રિયાત્મક છે. ભાવ સાકાર-સ્વરૂપાત્મક છે. ભાવનું સ્વરૂપ જ નિરાલું છે. શ્રીમહાપ્રભુજી 'સંન્યાસ નિર્ણય' ગ્રંથમાં આજ્ઞા કરે છે કે 'ભાવો ભાવનયા સિદ્ધઃ ' શ્રીહરિરાયજી વાંગમુક્તાવલીમાં કહે છે. 'પુષ્ટિમાર્ગે ભાવ એવ ફલં સર્વોત્તમં મતમ્.' અનુગ્રહ માર્ગમાં ભાવ જ સર્વોપરી ફલરૂપ મનાયો છે. આ પુષ્ટિભાવનું દાન કૃપાસિંધુ શ્રીવલ્લભ જ કરે છે. પુષ્ટિમાં ભાવના માલિક જે શ્રીગોપીજનો છે.

હવે ભાવ અને ભાવના શું છે ? તે જોઈએ. પ્રભુના વિષયમાં રાખેલો પ્રેમ એનું નામ જ ભાવ. ભાવ એટલે વિશુદ્ધ પ્રેમ-સ્નેહ. ભાવના એટલે ભગવદ વિષયક ચિંતન. (કીટભ્રમરન્યાએ) પુષ્ટિમાર્ગની સેવામાં સ્વરૂપભાવના, લીલાભાવના અને ભાવભાવાનું અતિ આવશ્યક અંગ છે. તે જાણ્યા વિનાની સેવા ક્રિયાત્મક છે. એક વાર શ્રીગોકુલનાથજી ગુજરાતના પ્રદેશે બિરાજતા હતા. આપે શ્રીજાનકી વહુજીને આજ્ઞા કરી, 'આપ પ્રભુની સેવા સુખરૂપ પહોંચજો.' શ્રીજાનકી વહુજીને પુછયું. જય કૃપાનાથ, આપનું સેવ્યસ્વરૂપ તે કઈ લીલાનું છે, તેની ભાવના કેમ કરવી, તે કૃપા કરી દર્શાવો. ત્યારે આપશ્રી ગોકુલેશપ્રભુએ કહ્યું. 'આપણું સેવ્ય સ્વરૂપ શ્રીગોકુલનાથજી છે. તે સારસ્વત કલ્પની ગિરિરાજ ધારણ લીલા (આશ્રય લીલા)નું સ્વરૂપ છે. તે ચત્રભૂજ છે. બે હસ્તથી વેણું ગ્રહણ કરેલ છે , જમણા શ્રીહસ્તથી ગિરિરાજ ધારણ કરેલ છે , ડાબા હસ્તથી શંખ ધારણ કરેલ છે, બે સ્વામિનીજીઓ શ્રીરાધાજી અને શ્રીચંદ્રાવલીજી બિરાજે છે. આ રીતે સ્વરૂપ , લીલાને બરાબર સમજી ભાવના કરી સેવા કરજો.' આમ અહીં શ્રીજાનકી વહુજીને નિમિત્ત બનાવી સઘળી પુષ્ટિ સૃષ્ટિને સ્વરૂપ , લીલા અને ભાવના

કરવાની પરોક્ષ આજ્ઞા આપે કરી છે. મહાન સ્વરૂપોની વાણીનું હાર્દ સમજવું દુર્લભ છે.

શ્રીગુરૂદેવ દ્વારા ભાવનું દાન થાય ત્યારે જ સેવા ફલરૂપ બને છે. પુષ્ટિજીવને બ્રહ્મસંબંધ વખતે જ દાસ્યભાવનું દાન થયેલું છે. પ્રથમ દાસ્યભાવની જ મુખ્યતા છે. દાસ્યભાવ અને દિનતા સિદ્ધ થયે , પ્રભુ-સેવ્ય સ્વરૂપ આપ જે ભાવે જીવ સાથે વિલસવા ઇચ્છા કરશે તે ભાવનું દાન કરશે. જીવ પોતે મનસ્વી કોઈ ભાવ કરી શકતો જ નથી. અને કદી એવી ચેષ્ટા કરી ભાવ કરે તો તે ફલરૂપ થતો નથી. દાસ્ય, સખ્ય, વાત્સલ્ય, માધુરીભાવ આ બધા ભાવો આપશ્રી પોતે શ્રીવલ્લભ કૃપા કરી દાન કરે તોજ તે ફલરૂપ છે. પ્રથમ દાસ્ય અને દીનતા જરૂરી છે. હવે ભાવનું કેવું સુક્ષ્મ સ્વરૂપ છે તે એક પ્રસંગ પરથી જોઈએ.

શ્રીગુસાંઈજી આપશ્રી દ્વારકા જતા હતા , સાથે ચાચાજી પણ હતા. રસ્તામાં આપશ્રીએ એક પર્વત જોયો , તે જોઈ ચાચાજીને કહ્યું. 'દેખો, એ પર્વતકો દેખતે હી મુજ શ્રીગિરિરાજકી યાદ આ ગઈ ?' ચાચાજીએ કહ્યું. 'એમ ! પછી ચાચાજીએ લીલાભાવ દ્રષ્ટિથી એ પર્વત પર જોયું. આમ કૃપાશક્તિ અવલોકનથી પર્વત પરના સર્વ પદાર્થો જડ, ચેતન સૌ અલૌકિક બની ગયા. અને તત્કાલ જેમ આકાશમાં વિજળી ઝબકે તેમ તે પર્વત ચમકીને સીધો જ ગોલોક ધામમાં જઈ શ્રીગિરિરાજજીના બ્રહ્મ શીખરમાં સમાઈ ગયો ! કેવલ એક અલૌકિક ભાવદ્રષ્ટિથી જડ પર્વત ચેતન અને અલૌકિક બની ગયો. તો વૈષ્ણવ જેવા ચેતન પ્રાણી પર જો આવી કૃપા શક્તિની દ્રષ્ટિ પડે તો શું ના પ્રાપ્ત કરી શકે ? હા, તે માટે સતત ભગવદ સન્મુખ રહેવું જરૂરી છે. શ્રીગુસાંઈજીએ કહ્યું, 'ચાચાજી, આ તમે શું કર્યું ?' 'મહારાજ, હવે એ ભૂતલ પર રહેવા લાયક ના રહ્યો તેથી તે ગોલોક ધામ ગયો. ' આ છે પુષ્ટિ ભાવનું સ્વરૂપ. બસો બાવન વૈષ્ણવોની વાર્તામાં એક ડોશીનો પ્રસંગ છે. જેમને શ્રીબાલકૃષ્ણજીને પોતાના ભાવથી શ્રીમદનમોહનજી થવું પડયું છે. પરેની વાર્તામાં પણ ભાવ એ જ પ્રમાણે બતાવ્યો છે.

વાર્તા સાહિત્યમાંથી આપણે આવા ભાવો વિચારતા નથી. અને કેવળ ભાવલા વેડા કરીએ છીએ. જ્યાં ત્યાં ભટકીએ છીએ. સેવ્યને જ સર્વસ્વ અને સાક્ષાત માની સેવતા

નથી. પણ જરા વિચાર તો કરો કે, શ્રીમહાપ્રભુજીએ સેવામાં જે સ્વરૂપ પધરાવી આપ્યું છે તે શું ઓછું છે ? ખરા ભાવથી અહીંજ રોજ ઝારી ભરો, નૂતન સામગ્રી કરો, મનોરથ કરો, વૈષ્ણવ – ભગવદીયોને પ્રસાદ લેવડાવો. પણ આ નથી થતું. પ્રભુને નિવેદીત કરેલ પૈસામાંથી ખર્ચ કરી બહાર જાય તો જ જીવને યાત્રા કરી , જારી ભરી એવો સંતોષ થાય. આ જીવની કેટલી પામરતા છે. જીવને જે પ્રકારનો સત્સંગ પુષ્ટિ પોષણ જોઈએ તે નથી તેથી તે ભટકે છે. જ્યારે આ બધી બહારની ભટકન મટી જશે, સેવ્ય સ્વરૂપને ઓળખશે, ત્યારે જીવ પુષ્ટિ સેવા કરી શકશે. જ્યાં સુધી સેવ્ય સિવાય બીજા સ્વરૂપને નિરખવાની ઇચ્છા થાય છે ત્યાં સુધી તે ભાવ વ્યભિચાર છે. પુષ્ટિ પ્રભુ પતિવ્રત ભાવથી વશ થાય છે. વ્યભિચારી ભાવવાળાથી કદી પ્રસન્ન નહિ પણ અપ્રસન્ન જ રહે છે. હા ! નાથ, શ્રીવલ્લભ કૃપા કરે તોજ જીવને આ સત્ય સમજાશે.

ઘણા વૈષ્ણવો સેવા ન બની શકતી હોય ત્યારે માનસીમાં જ એક જગ્યાએ બેસી સેવાની ભાવના કરે છે. આ સેવા ભાવનાને જ તે માનસી કહે છે. અરે ભાઈ માનસી તો ફલ રૂપા છે. તનુ વિત્તજા સેવા મન લગાવી કર્યા પછી, તે સિદ્ધ થયે માનસી થાય છે. સેવા ન બની આવે ત્યારે એકાંતમાં બેસી સેવ્યની મંગળાથી સેન પર્યંત સેવા ભાવના કરવી તે ભગવદ ચિંતન છે , માનસી નહિ. ભગવદચિંતન (ભાવના) અને માનસીમાં આસમાન જમીનનો ફેર છે. પુષ્ટિમાર્ગમાં અન્નદોષ અને દુઃસંગ દોષ એ ભગવદ પ્રાપ્તી માટે પહાડ જેવા પ્રતિબંધ છે. ભોગ ધરી પ્રસાદીથી નિર્વાહ કરવો. ગુણગાન કરવા, વાણીનો નિરોધ કરવો. ભગવદીયોનો સંગ કરવો. ભગવદીય ના મળે તો માર્ગમાં નાના મોટા ગ્રંથોનું શ્રવણ – મનન ખુબ કરવું. આ જ જીવનું મુખ્ય કર્તવ્ય છે. પુષ્ટિમાર્ગમાં જીવે સેવા પ્રકાર, ભાવ – ભાવના રીત-પ્રિત બધું પોતાના દીક્ષા ગુરૂ પાસે નમ્ર ભાવે, વિનંતી કરી શીખી લેવું. શ્રીગોપાલદાસજી વલ્લભાખ્યાનમાં ગાય છે, 'શ્રીપુરુષોત્તમ ઉત્તમ વરને સમય જોઈ શીશ નામવું ' એકાંતમાં પ્રસન્નચિત્તે બિરાજતા હોય ત્યારે દીનભાવે સન્મુખ દ્રષ્ટિ કરી, આજ્ઞા માગી પૂછવાથી, કૃપા જરૂર કરશે. કૃપા કરવા તો ભૂતલ શ્રમ લઈ બિરાજે છે. શ્રીવલ્લભશરણ થકી સૌ પડે સહેલું રે.

## પુષ્ટિમાર્ગ તત્સુખાત્મક છે

- શ્રી કંચનભાઈ એમ. ગાંધી, વડોદરા

પુષ્ટિમાર્ગ સ્વરૂપાત્મક – ભાવાત્મક છે. જેમાં સાધન રૂપ સેવા જ ફલરૂપ છે. સાધન અને ફલનો અભેદ છે. સેવામાં જ ફલ રહેલું છે. એમાં પ્રભુના તત્સુખનો ભાવ જ મુખ્ય છે. ભાવ જ પરમ ફલરૂપ છે. ભૂકંપ ગ્રસ્ત વિસ્તારમાંથી એક સ્નેહી વૈષ્ણવે પ્રશ્ન કર્યો કે, "ભાઈ, ભૂકંપ વખતે પ્રભુને ઝાંપીમાં પધરાવી બહાર નીકળી જવું કે, ઘરમાં જ પ્રભુ પાસે બેસી નામ સ્મરણ કરવું ? ઘણા કાંઈ કહે છે, કોઈ પ્રભુ પાસે જ બેસી રહેવાનું કહે છે. શું કરવું ?" મેં કહ્યું, "ભાઈ, શ્રીમહાપ્રભુજીએ સારસ્વત કલ્પની 'આશ્રય લીલા' વખતે જ્યારે ઇન્દ્રે ખૂબ વૃષ્ટિ કરી, ત્યારે એ પ્રલયકારી વર્ષાથી બચવા શ્રીગોપીજનોએ પ્રભુને વિનંતી કરી, "કૃપાનાથ, આપ અમારી રક્ષા કરો" અહીં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે શ્રીગોપીજનો અહીંયા સ્નેહમાર્ગથી ખસી ગયાં ! સાત વર્ષનો કુંવર કનૈયો ગોપીઓનું રક્ષણ કરે કે ગોપીઓએ એમનું રક્ષણ કરવું જોઈએ ! સ્નેહમાર્ગમાં તો પ્રિયના જ સુખનો પ્રથમ વિચાર કરવો જોઈએ. સ્નેહની એ જ રીત છે. તેમ ભૂકંપ વખતે પ્રભુને ઝાંપીમાં પધરાવી ઘરની બહાર નીકળી જવું. પ્રભુ તો ઘરમાં અને બહાર તમારી રક્ષા કરવાના જ છે. પરંતુ સેવકનો ધર્મ સ્વામીના સુખનો વિચાર કરવો તે છે.

એકવાર શ્રીમહાપ્રભુજી અને શ્રીચૈતન્ય પ્રભુના સેવકો જગન્નાથજી જઈ રહ્યા હતા. માર્ગમાં બે રસ્તા આવ્યા. એક જંગલમાં થઈ જવાનો , બીજો લાંબા રસ્તે જવાનો. ચૈતન્ય પ્રભુના સેવકોએ જંગલ રસ્તો લીધો. મહાપ્રભુજીના સેવકો લાંબા રસ્તે ગયા , બંને મુકામે પહોંચી ગયા. ત્યાં ચૈતન્ય પ્રભુના સેવકોએ શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી કે, "પ્રભુ, તમારા સેવકો કેવા છે ? અમારી સાથે ટૂંકા રસ્તે ન આવતાં લાંબો રસ્તો લીધો. આપશ્રી સ્વામીએ હસીને જવાબ આપ્યો, "ભાઈ, અમારા સેવકો સ્વામીને પરિશ્રમ ન થાય તેથી લાંબો રસ્તો પકડયો. તમે જંગલ રસ્તે આવ્યા, તેમાં હિંસક પશુ વિગેરેથી તમારી રક્ષા કરવા માટે તમારી પાછળ પ્રભુને આવવું પડયું. તેમાં પ્રભુને શ્રમ કરવો પડયો. આ સાંભળી સૌ પ્રસન્ન થયા. હાલમાં જીવો નાના-મોટા દુઃખોમાંથી મુક્ત થવા પ્રભુને શ્રમ આપે છે. શ્રીગિરિરાજ બાવાની માનતા માને છે. આ ઉચીત નથી, કંઠે પ્રાણ આવે છતાં પ્રભુને શ્રમ ન અપાય. પ્રભુ અંતરયામી છે. શું તમારાં દુઃખને નથી જાણતા

? શ્રીવલ્લભની આજ્ઞા છે પુષ્ટિ જીવે ત્રણે પ્રકારના દુઃખોને દ્રઢ આશ્રય અને વિવેક પૂર્વક સહન કરવા. એમાં જ જીવનું કલ્યાણ છે. "અશક્યમાં સુશક્યમાં શ્રીહરિનું જ શરણ લેવું એવી આજ્ઞા છે. જે શ્રીગિરિરાજજીની બાધા રાખે છે, તેઓએ એ પણ ખાસ ધ્યાન રાખવું કે શ્રીગિરિરાજજી ભક્ત સ્વરૂપ-હરિદાસવર્ય છે. એની બાધા રાખે , ગિરિરાજજી જે સ્વયમ્ પુષ્ટિ પુરુષોત્તમ સ્વરૂપે બિરાજે છે તેમની નહીં. આ ભેદ સમજીને કરવું. પુષ્ટિમાર્ગના નિગૂઢ સિદ્ધાંતો 84 / 252 ની વાર્તાઓમાં સમાયેલ છે. ત્યાંથી પ્રમાણ મળી રહેશે. બીજે ફાંફા મારવાની કે પૂછવાની જરૂર જ નથી. સ્વામી શ્રીવલ્લભ અતિ કરૂણાસાગર છે. આપ જ જીવના સાધન રૂપ થઈ સાધ્યને પ્રાપ્ત કરાવી આપી છે.

## પુષ્ટિજીવનું કર્તવ્ય

**- કંચનભાઈ ગાંધી, વડોદરા**

પુષ્ટિમાર્ગમાં આવ્યા પછી જીવને પોતાના કર્તવ્યનું જ્ઞાન ન હોય તો તે જીવ કશું જ પ્રાપ્ત કરી શકે નહી. મોટા ભાગના વૈષ્ણવો સેવા કરે છે , કેટલાક મેંડ – મર્યાદાથી ભોગ ધરીને લે છે. દર વર્ષે વ્રજયાત્રા કરે, ચારે ધામની યાત્રા, દરેક બેઠકમાં જારીજી ભરે છે. જ્યાં ત્યાં થતા મનોરથો , ઉત્સવોમાં દોડાદોડી કરે છે. બધાની કથાઓ , ભાગવતજી સાંભળે છે. આમ બધું જ કરે છે. ઠેર ઠરે સત્સંગ કરવો. છતાં આપણે પૂછીએ કે, 'તમને પ્રભુનો કાંઈ અનુભવ થયો ?' તો કહેશે ના , હતા ત્યાંના ત્યાંજ છીએ. જીવનમાં કોઈ બદલાવ નથી. નથી પ્રાપ્ત થયું તેનો કોઈ પરિતાપ કે ચિંતા પણ થતી નથી. કેવળ ક્રિયામાત્ર કરે છે. જિંદગીના અમુલ્ય વર્ષો આમ જ વહી ગયા , બાકીના વહી જાય છે. આ છે આજના મોટા ભાગના વૈષ્ણવોની સાચી પરિસ્થિતિ.

પ્રભુથી વિખુટા પડે ઘણો કાળ વહી ગયો. અનેક જન્મ મરણના ફેરામાં જીવ પોતે પોતાનું મુલ ધામ , પ્રભુનું સ્વરૂપ, લીલા અને પોતાનું લીલા મધ્યપાતિ સ્વરૂપ આ સર્વ કાંઈ વિસરી ગયો ! અનેક જન્મોના પૂણ્યથી વૈષ્ણવને ત્યાં જન્મ મળ્યો. વળી શ્રીવલ્લભ પ્રભુનું શરણ મળ્યું. છતાં કોઈ પુરુષાર્થ કે ધ્યેયનો વિચાર કર્યા વિના ,

નિશ્ચય કર્યા વિના જીવન પસાર કરી રહ્યા છે. જીવનું પ્રથમ કર્તવ્ય છે , દ્રઢ નિશ્ચય કરવો. જીવનમાં પુષ્ટિ પ્રભુની પ્રાપ્તિ કરવી છે , તેવો નિશ્ચય, સંકલ્પ કરવો. જીવને મનમાં આવો દ્રઢ નિશ્ચય થતાં જ કરૂણાનિધિ શ્રીવલ્લભ પ્રતિબંધો નિવૃત્ત કરી ભગવદ્ વિષયક સઘળી સામગ્રી , સેવા, રીત-પ્રિત, ભગવદીયનો સંગ, એમ જે કાંઈ પુષ્ટિ પોષણની જરૂર છે તે પ્રાપ્ત કરાવશે. માટે જ શ્રીદયારામભાઈ કહે છે કે , 'નિશ્ચયના મહેલમાં વસે મ્હારો વાલમો, જે રે જાયે તે ઝાખી પામે જીરે.' નિશ્ચયનો મહેલ ક્યાં છે ? પુષ્ટિ જીવના હૃદયમાં જ એ છે. બ્રહ્મસંબંધ વખતે જ શ્રીવલ્લભે તેના હૃદયમાં પ્રભુનું ભાવાત્મક સ્વરૂપ અને તે જીવનું મુળ લીલા મધ્યપાતિ સ્વરૂપ પ્રસ્થાપિત કરી અલૌકિક કૃપા શક્તિનું દાન કર્યું છે. આ બાબતની પહેચાન જીવને નથી. છે તો તેનો નિશ્ચય કર્યો નથી. સેવા , સ્મરણ, ગુણગાન, ધ્યાન દ્વારા તે પ્રભુની પ્રાપ્તિનો પુરુષાર્થ કર્યો નથી. અને જીવ નિઃસહાય બની ભવ-સાગરમાં ભટકી રહ્યો છે. જીવને અસમર્પિત અને દુઃસંગથી નિશ્ચય થતો નથી. કર્તવ્યનું ભાન થતું નથી. શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું પાલન જીવ નથી કરતો. પછી ફલની આશા કેવી રીતે રાખી શકાય ?

પુષ્ટિ જીવને નથી પ્રાપ્ત થયું તેનો પ્રચૂર તાપ હોવો અતિ આવશ્યક છે. પુષ્ટિજીવને શિથિલભાવ નહિ ચાલે. કેટલાક વૈષ્ણવો કહે છે, ભાઈ, આ તો કૃપામાર્ગ છે. પ્રભુ કૃપા કરશે ત્યારે બધું જ થશે. પ્રભુ કૃપા તો કરી રહ્યા છે , કરે છે, પણ જીવ પ્રભુથી વિમુખ રહેવાથી એ અદ્રષ્ટ કૃપાને જાણી શકતો નથી. શરણે લઈ સાક્ષાત પ્રભુસેવાનો અધિકાર આપી દીધો એ શું ઓછી કૃપા છે ? કઈ લાયકાતે પુષ્ટિ પુરુષોત્તમની સેવા માથે પધરાવી આપી ? સેવ્યને ઓળખવા પ્રયત્ન નથી કરવો , સેવ્યને સાક્ષાત માની તત્સુખ સેવા નથી કરવી. અને પોતાની જવાબદારી સ્વામી પર ઢોળી દેવી તે તો કૃતધ્નતા છે. અપરાધ છે. આપે સતત અષ્ટાક્ષરની આજ્ઞા કરી છે. કોણ એને પાળે છે ? આજ પળે નિશ્ચય કરો કે મારે આ જન્મમાં જ પ્રભુ પ્રાપ્તિનો આનંદ લેવો છે. તો કાંઈ દુર્લભ નથી. સાચી દિશાનો તાપ હશે તો તાપાત્મક શ્રીવલ્લભ અવશ્ય કૃપા કરશે જ. કરે છે જ. જીવને આપ સાધનરૂપ બની સાધ્ય પ્રાપ્ત કરાવે છે. આ સમાવવા માટે એક દ્રષ્ટાંત જોઈએ. જર્મની દેશના એક શહેરમાં એક સુથાર રહેતો હતો. ખુબ મહેનત

કરી તેણે સુંદર ખુરશી બનાવી. તેનું રંગ રોગાન કરવા માટે તેના દીકરા વેટને કહ્યું. દીકરાએ પણ રાત દિવસ મહેનત કરી સુંદર રંગથી કારીગરી કરી ખુરશી તૈયાર કરી. પછી તેણે પોતાના પિતાજીને પુછયું : આ ખુરશી પર કોણ બેસશે ? પિતાએ કહ્યું : 'આ શહેરના ન્યાયાધીશ બેસી ન્યાય કરશે. ' છોકરાએ કહ્યું , 'પિતાજી, આ ખુરશી પર ન્યાયાધિશ બની હું જ બેસીશ. એ વેચશો નહિ. ' દ્રઢ નિશ્ચય કર્યો. સંકલ્પ કર્યો , ખુબ અભ્યાસ કરી ન્યાયાધીશ બન્યો. એ જ ખુરશી પર બેસી ન્યાય કરવા લાગ્યો. આમ લૌકિકમા આ છોકરાએ દ્રઢ નિશ્ચય કર્યો તો સફળ થયો , તો પછી પુષ્ટિ જીવ નિશ્ચય કરે તો શું પ્રાપ્ત ના કરી શકે ? જીવના સાચા નિશ્ચય, સંકલ્પમાં અગાધ શક્તિ રહેલી છે. જીવે આળસ તજીને પોતાની ધ્યેય પ્રાપ્તિમાં લાગી જવું જોઈએ. સંસારનાં કાર્યો કરતા છતાં ચિત્ત-મનને ધ્યેય સ્વરૂપમાં જોડી સતત ગુણગાન કરતાં રહેવાથી શ્રીવલ્લભ પ્રભુ નીજ સ્વકીયો ઉપર કૃપાવૃષ્ટિ કરશે જ. જીવકૃત પ્રતિબંધો જીવે જ પુરુષાર્થથી દુર કરવાં જ પડે. તે સિવાય કાંઈ પ્રાપ્ત થઈ શકે નહિ. જીવને બધું કરવું ગમે છે, પણ પ્રભુનું નામ લેવાનું નથી ગમતું. અધિકાર વિના નામ પણ લેવાતું નથી. નામ દુર્લભ છે. નામ ધર્મ રૂપ છે. તેમાં ધર્મિ પ્રભુ સાક્ષાત બિરાજે છે.

## પુષ્ટિ જીવે આચરવા જેવી વાતો

**- શ્રીકંચનભાઈ ગાંધી, વડોદરા**

આજનો જમાનો ચિંતાનો છે. આપણા જીવનમાં રાત-દિવસ ચિંતાનો ચરખો ચાલ્યા જ કરે છે. તેથી બુદ્ધિ હંમેશા તનાવમાં રહે છે. તેથી માનવ મનનો રોગી બને છે. આવા સંજોગોમાં દરેક સમજદાર વિચારક એકજ સલાહ આપે કે , ચિંતા થાય એવુ કંઈ પણ કરશો નહિ. ચિંતાથી દુર રહો. અંતઃકરણ ચાર તત્વોનું બનેલ છે ( 1) મન (2) બુદ્ધિ (3) ચિત્ત અને ( 4) અહંકાર, મનનો ધર્મ સારી-ખોટી ઇચ્છાઓ કરવાનો છે. ચિત્તમાં ઇચ્છાઓની બાબતમાં સંકલ્પ વિકલ્પ કરવાનો છે. ચિત્ત જ્યારે કોઈ નિર્ણય પર આવી શકતું નથી ત્યારે બુદ્ધિ નિર્ણય કરે છે. બુદ્ધિના નિર્ણયનું અમલીકરણ કરવાનું કાર્ય અહંકાર તત્વ કરે છે.

દુનિયામાં બહુ થોડા માણસો તદ્દન જુદી માટીના હોય છે. તેમને ફીકર હોય છે કે પ્રભુ ક્યારે મળે ? આ આધિદૈવિક ચિંતા છે. આ ચિંતા દરેકને હોવી જોઈએ. ચિંતા અને ચિંતન બંને જુદાં છે. ચિંતાનો સ્થુળ અર્થ જગતના વિષયોનું વારંવાર સ્મરણ કરવું એવો છે. તેમાં કંઈક મેળવવાની ઇચ્છા હોય છે. તેથી ચિંતા સકામ છે. જ્યારે ચિંતન શબ્દનો અર્થ ભગવદ સ્મરણ કરવું એવો થાય છે. જ્યારે માણસનો વિચાર જગતના પદાર્થોમાંથી હટીને ભગવદ સ્વરૂપના સુક્ષ્મ વિચારમાં મળી જાય છે ત્યારે તેને ચિંતન કહેવાય. ચિંતન નિષ્કામ છે. બીજા શબ્દોમાં એને ભાવના કહેવાય. ભાવના એટલે ભગવદ વિષયક ચિંતન.

શ્રીમહાપ્રભુજીએ સુબોધિનીજીમાં ચિંતન, સ્મરણ, અને ધ્યાનની સુંદર સમજણ આપી છે. જ્યારે આપણે પ્રયત્ન પૂર્વક આપણા ચિત્તને પ્રભુના નામ સ્મરણમાં લગાડીએ ત્યારે તેને ચિંતન કહેવાય. આવો ચિંતનનો પ્રયત્ન ટેવ બની જાય , તેમાં થોડો પ્રેમ ઉમેરાય એટલે વિના પ્રયત્ને ચિત્ત પ્રભુનું નામ સ્મરણ કર્યા કરે. આમ નામ સ્મરણની ક્રિયા સતત આપો આપ ચાલે ત્યારે તે સ્મરણ કહેવાય. આ સ્મરણની ક્રિયા સાથે જે ભગવદનામનું રટન થતું હોય ત્યારે નામમાં બિરાજેલ (નામી) પ્રભુ સ્વરૂપ અને લીલા અને ભાવના પણ થવા લાગે ત્યારે તેને ધ્યાન કહેવાય. શ્રીવલ્લભ 'નવરત્ન' ગ્રંથમાં આજ્ઞા કરે છે કે ચિંતા કદી કરવી નહિ. તાદ્રશીજન સાથે મળી નિવેદનનું સતત સ્મરણ કરવું.

અંગ્રેજીમાં કહેવત છે : માણસ કામથી નથી મરતો પણ ચિંતાથી મરે છે. આપણે જાણીએ છીએ કે આ જગત પ્રભુનું બનાવેલું છે. એની ઇચ્છાથી જ સર્વ કાંઈ થાય છે. જીવનું ધાર્યું કશું જ થતું નથી. છતાં મુર્ખ જીવ ખોટી ચિંતાઓ કરે છે. શ્રીદયારામભાઈ પણ કહે છે કે , 'જીવ તું શીદને ચિંતા કરે , કૃષ્ણને કરવું હોય તે કરે. ' છતાં આપણે જગતની ચિંતા કરીને ફરીએ છીએ.

શ્રીહરિરાયજી શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે કે આ મનુષ્ય અવતાર પરમ દુર્લભ છે. કલીયુગમાં ઘણા દોષો છે, પણ એક ઉત્તમ ગુણ પણ છે. આ દેહથી પ્રભુની સેવા

કરવી. અનેક છિદ્રોવાળા ઘડામાંથી પાણી ટપકી જાય તેમ આપણું આયુષ્ય પણ ક્ષણે ક્ષણે ઘટતું જાય છે. એ સ્થિતિમાં જે આયુષ્ય મળ્યું છે તેનો પુરેપુરો ઉપયોગ ચતુર વૈષ્ણવે ભગવાનના ચરણારવિંદમાં ચિત્ત લગાડી સેવા, સ્મરણ કરવા જોઈએ. ( 1) પ્રભુ કૃપા (2) આત્મ નિવેદન સહિત સેવા ( 3) ભગવદીયોનો સંગ અને (4) પ્રભુમાં દ્રઢ શરણાગતિ. ચિંતા દુર કરવા આ ચાર બાબતો શ્રીમહાપ્રભુજીએ બતાવી છે. પ્રભુ કૃપાનિધિ છે. જેમાં જીવનું કલ્યાણ હોય તે જ કરે છે. પ્રભુ ભક્તના સકલ દોષ હરિ લે છે. કારણ કે તે હરિ છે. શરણાગતનું રક્ષણ કરવું હરિનો ધર્મ છે. ભગવદીઓનો સંગ કરી, સેવા સ્મરણ કરતાં જે જીવન વિતાવે છે તેની સર્વ ચિંતાઓ શ્રીહરિ હરિ લે છે.

## ધર્મ-ધર્મિ સ્વરૂપ નિરૂપણ

**- શ્રીકંચનભાઈ ગાંધી, વડોદરા**

ઘણા વૈષ્ણવો પ્રશ્ન કરે છે કે , તમે શ્રીગોકુલના કૃષ્ણના સેવા સ્મરણ કરો છો પણ શ્રીમથુરા કે શ્રીદ્વારકાના કૃષ્ણના સેવા-સ્મરણ કેમ કરતા નથી , એનું શું કારણ ? શું મથુરા અને શ્રીદ્વારકાના કૃષ્ણ અલગ અલગ છે ? તે બંને એક નથી ? આ બધા પ્રશ્નોના જવાબ શ્રીમહાપ્રભુજીએ શ્રીભાગવતના દશમસ્કંધના જન્મ પ્રકરણના શ્રીસુબોધિનીજીમાં સુંદર રીતે સમજાવ્યા છે.

દશમ સ્કંધ પાંચમા અધ્યાયના પ્રારંભમાં શ્રીશુકદેવજી એમ કહે છે કે નંદરાયજીના પોતાના પુત્ર ગોકુલમાં પ્રગટ થતાં ગોકુલમાં આનંદ મહોત્સવ થયો. મોટા ભાગના કૃષ્ણ ભક્તોની એવી સમજ છે કે કૃષ્ણ મથુરામાં વસુદેવ દેવકીજીને ત્યાં પ્રગટ થયા અને વસુદેવજી તેમને ગોકુલ મુકી આવ્યા. અગિયાર વર્ષ અને બાવન દિવસ પછી તે પાછા મથુરા પધાર્યા. અને ત્યાંથી દ્વારકા પધાર્યા. આ બે બાબતોને સ્પષ્ટ કરતાં શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે વ્યાસજી અને શુકદેવજીનાં હૃદયમાં બિરાજીને જ્યારે શ્રીકૃષ્ણે દશમ સ્કંધ ગાયો છે , ત્યારે જો એમ કહેતા હોય કે નંદરાયજીના પોતાના પુત્રનું પ્રાગટય ગોકુલમાં થયું , ત્યારે તે વાતનો ગંભીરતાથી વિચાર કરવો જોઈએ. શ્રીમહાપ્રભુજીએ કૃષ્ણ પ્રાગટયનું રહસ્ય સમજાવતાં આજ્ઞા કરી કે મથુરામાં ચતુર્ભુજ

સ્વરૂપે કૃષ્ણે વસુદેવ – દેવદીજીને ત્યાં શ્રાવણ વદ આઠમની મધ્ય રાત્રીએ દર્શન આપ્યા અને પછી તે બાળ સ્વરૂપ બની ગયા. એ કૃષ્ણ ધર્મ સ્વરૂપ હતા. ધર્મ સ્વરૂપના બે મુખ્ય કાર્ય – જગતમાં આસુરી દુષ્ટ તત્વોનો નાશ કરવો અને જગતને ધર્માચરણ લાયક બનાવવું. આમ અધર્મનો નાશ અને ધર્મનું સ્થાપન , ધર્મ સ્વરૂપનાં કાર્યો છે. આ બે કાર્યો કરવા માટે શ્રીકૃષ્ણ સંકર્ષણ, અનિરુદ્ધ અને પ્રધ્યુમ્ન નામના ત્રણ વ્યૂહો સાથે મથુરામાં પ્રગટ થયા. ધર્મ સ્વરૂપ એટલે પુરુષોત્તમ સ્વરૂપ. મથુરામાં ધર્મ સ્વરૂપે શ્રીકૃષ્ણનું પ્રાગટય થયું ત્યારબાદ 40 મિનિટ પછી નંદરાયજીને ત્યાં ધર્મિરૂપ કૃષ્ણ વાસુદેવ વ્યૂહને સાથે લઈને પ્રગટ થયા. ધર્મિ સ્વરૂપ એટલે પૂર્ણ પુરુષોત્તમ પરબ્રહ્મ સ્વરૂપ. તેઓ કેવલ આનંદાત્મક , રસાત્મક, ભાવાત્મક અને ફલાત્મક છે. નિજાનંદ માટે વિવિધ રસમય લીલાઓ કરવી અને નીજ ભક્તોને લીલાનંદ અને પોતાના સ્વરૂપનું દાન કરવું. ધર્મિ સ્વરૂપ પૂર્ણ પુરુષોત્તમ કહેવાય છે , જ્યારે ધર્મ સ્વરૂપ પુરુષોત્તમ કહેવાય છે. જ્યારે વાસુદેવજી ધર્મ સ્વરૂપ કૃષ્ણને ગોકુલમાં પધરાવી લાવ્યા ત્યારે જેમ પાત્રમાં જલ ભરાઈ જાય તેમ તે ધર્મ સ્વરૂપમાં ગોકુલમાં પ્રગટ થયેલું ધર્મિ સ્વરૂપ બિરાજમાન થઈ ગયું. પરિણામે અલગ અલગ પ્રગટ થયેલ કૃષ્ણ એક સ્વરૂપ બની ગયા. એ સ્વરૂપે તેઓ 11 વર્ષ પર દિવસ બિરાજ્યા. ધર્મ લીલાઓ ધર્મ સ્વરૂપ દ્વારા થઈ અને ધર્મિ લીલાઓ ધર્મિ સ્વરૂપ દ્વારા થઈ. જ્યારે શ્રીકૃષ્ણને અક્રુરજી મથુરા પધરાવી ગયા , ત્યારે મથુરામાં પ્રગટ થયેલ સ્વરૂપ પાછું મથુરા પધાર્યું. તે સમયે ગોકુલમાં પ્રગટ થયેલ ધર્મિ સ્વરૂપ વ્રજભક્તોનાં હ્રદયમાં બિરાજી ગયું. આ ધર્મિ સ્વરૂપ વ્રજમાં જ પ્રગટ થયું અને સદાય વ્રજમાં જ બિરાજ્યું. તે વ્રજ છોડી ક્યાંય પધાર્યું નથી.

ધર્મ સ્વરૂપ દરેક કલ્પમાં પ્રગટ થતું રહ્યું છે , જ્યારે ધર્મિ સ્વરૂપ કેવળ સારસ્વત કલ્પમાં જ પ્રગટ થયું હતું. આથી શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે ધર્મિ સ્વરૂપ શ્રીકૃષ્ણ જ પુષ્ટિમાર્ગમાં સેવનીય છે. જ્યારે ધર્મ સ્વરૂપ શ્રીકૃષ્ણ સ્મરણિય છે. જે લીલા કરતાં પ્રભુને શ્રમ પડે તે ધર્મ સ્વરૂપની લીલા અને જે લીલા કરતાં પ્રભુને આનંદ થાય તે ધર્મિ સ્વરૂપની લીલા કહેવાય છે.

## આશરો એક દ્રઢ

- કંચનભાઈ ગાંધી, વડોદરા

પ્રથમ 'આશરો' શબ્દનો અર્થ અને મર્મ સમજી લઈએ. શિક્ષાપત્રમાં વારંવાર શ્રીહરિરાયચરણ શ્રીવલ્લભ પ્રભુનો દ્રઢ આશરો કરવો એવી આજ્ઞા કરે છે. ભક્ત કવિ સુરદાસજી પણ આશરાના પદમાં 'દ્રઢ ઈન ચરણને કેરો' આજ્ઞા કરે છે. શ્રીવલ્લભના ચરણ ગ્રહણ કેવી રીતે કરવા એનો મર્મ છે , સતત તાપભાવ પૂર્વક શ્રીવલ્લભનું નામ સ્મરણ કરવું. એ જ આશરો કર્યો કહેવાય. 'આશરા'નો બીજો અર્થ થાય છે , આશ્રય. 'આશરો એક શ્રીવલ્લભાધીશનો' વૈષ્ણવો આ પદ પ્રાયઃ બોલે છે. એનો ભાવાર્થ કોઈક વિરલા જ જાણે છે. આશ્રય એ ભગવાનનું જ સ્વરૂપ છે. શ્રીઆચાર્યચરણે અનુગ્રહનો એક અર્થ આશ્રય પણ કર્યો છે. તેથી આશ્રય અનુગ્રહની ભાંતિ ભગવાનના એક ધર્મરૂપ પણ છે. આશ્રય સિદ્ધિ થયા વિના પુષ્ટિ શક્તિનો જીવમાં પ્રવેશ થતો નથી. અને પુષ્ટિ શક્તિના પ્રવેશ વિના આત્મા બલિષ્ટ થઈ ભગવદ પ્રાપ્તિ નહિ કરી શકે. (સુ. 10-36-55) બલહીને ન લભ્યઃ (શ્રુતિ) , અનન્યભાવ વિના આશ્રય દ્રઢીભૂત નથી થતો. એકમાત્ર શ્રીકૃષ્ણને શરણે જવાથી જ અનન્યભાવ સિદ્ધ થાય છે. અને એ પ્રકારે અનન્યતાથી સર્વાત્મભાવની પ્રાપ્તિ થાય છે.

હવે પુષ્ટિ મર્મને સમજીએ. ટૂંકમાં દશ મર્મ શ્રીહરિરાયજીએ બતાવ્યા છે.

(1) શ્રીમદાચાર્ય ચરણ કમલમાં દ્રઢ નિષ્ઠા રાખવી.

(2) બીજો મર્મ શ્રીકૃષ્ણ સેવા છે. તનુવિત્તજા સેવાથી સેવ્યને તત્સુખભાવથી સેવવા અને માનસિ દશા સુધી પહોંચવું એ જ સેવા છે.

(3) લૌકિક વૈદિકનો ત્યાગ કરી પ્રભુને શરણે જવું.

(4) દીનતા' શ્રીમહાપ્રભુજી પ્રભુ પ્રાપ્તિનું એક માત્ર સાધન દીનતા – દૈન્યને ગણે છે. દૈન્ય પ્રાપ્તિથી જ પ્રભુપ્રાપ્તિ પ્રસન્નતા સત્વરે થાય છે. દૈન્ય યુક્ત વિરહભાવથી

ગોપીગીત ગાયું, ત્યારે જ પ્રભુ અંતરધ્યાન થયા હતા , તે શ્રીગોપીજનોની મધ્યમાં પ્રગટ થઈ ગયા.

(5) પુષ્ટિ પુરુષોત્તમ સદાનંદ પ્રભુની નિત્ય લીલાની સદાય હૃદયમાં ભાવના કરવી. 'ભાવો ભાવનિયા સિદ્ધઃ'

(6) વિરહી વ્રજભક્તોનો ભાવ, તેનું જ સ્મરણ કરવું તે છઠો મર્મ. ભાવનું સ્વરૂપ સાકાર અને વ્યાપક છે. ભાવ જ સાકાર સ્વરૂપાત્મક છે. પુષ્ટિમાર્ગમાં ભાવ જ ફલરૂપ છે. પેલી વૈષ્ણવ ડોકરીએ પોતાના શુદ્ધ-અનન્ય ભાવથી શ્રીબાલકૃષ્ણ પ્રભુને મદનમોહનજી બનાવી દીધા. આવું ઉત્તમ પ્રમાણ ભાવનું વાર્તા સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે.

(7) ગુણગાન : પ્રભુના ગુણગાનમાં અલૌકિક અગ્નિ રહેલો છે , જે ગુણગાન કરનાર ભક્તના હૃદયમાં રહેલ જન્મોજન્મની વાસનાના પાપોના ઢગલાને બાળી સાફ કરી નાખે ચે. ગુણગાન (નામ) ધર્મ રૂપ છે. તેમાં નામી પ્રભુ ધર્મિસ્વરૂપે બિરાજે છે. ગુણગાન કરનારના હૃદયમાં પ્રભુના ગુણો પ્રગટ થાય છે. અવળા ક્રમે પહેલાં 'વૈરાગ્ય' ગુણ આવે પછી 'જ્ઞાન.' ગુણગાન તાપભાવે સ્વરૂપ અને લીલાના અનુસંધાન સહિત થાય તો જ તે ફલરૂપ છે.

(8) 'કૃષ્ણનામ સ્કુરે.' નામ અને રૂપ બંને ફલરૂપ છે તેથી જ પુષ્ટિમાર્ગમાં નામ સેવા અને સ્વરૂપ સેવા એમ બે પ્રકારો દર્શાવ્યા છે. બંનેનું ફલ એક જ સ્વરૂપાનંદનો અનુભવ. પણ શરત એક જ કે નામ અને સેવા પ્રપંચ વિસ્મૃતિપૂર્વક થવી જોઈએ તો જ તે ફલાત્મક થાય.

(9) ભગવદ વાક્ય માત્રમાં નિષ્ઠા જોઈએ. નિષ્ઠા તો માર્ગના પ્રાણ છે. શ્રીમહાપ્રભુજીનાં વચનો-આજ્ઞામાં આધુનિક જીવોને નિષ્ઠા નહિ હોવાથી જ પુષ્ટિ ફલથી વંચીત રહી ભટકે છે. સ્વામીની આજ્ઞાનું પાલન કરવુ તે સેવકનો ધર્મ છે.

શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે. અસમર્પિતનો ત્યાગ, અન્યાશ્રયનો ત્યાગ, અસત આલાપ, અસત્સંગનો ત્યાગ. જીવ આ વચનો પાળે છે ? જે આ ચાર આજ્ઞા માને છે તેજ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ જાણવો.

(10) 'વિશ્વાસ.' વિશ્વાસ એ ધર્મનો આત્મા છે. વિશ્વાસથી ધુળની ચપટી ખાતા પણ રોગ મટી જાય છે એ કિંવદંતી છે. વિશ્વાસે વહાણ ચાલે છે. જ્યારે હરિ, ગુરૂ, વૈષ્ણવમાં દ્રઢ વિશ્વાસ થાય ત્યારે જાણવું કે જીવ પુષ્ટિને લાયક થયો.

શ્રીમહાપ્રભુજીના ચરણકમલનો દ્રઢ વિશ્વાસ રાખી આશ્રય કરવો એ જ પુષ્ટિ ભક્તિમાર્ગમાં પ્રથમ કર્તવ્ય છે.

## પુષ્ટિમાર્ગિય સેવા પ્રભુને પ્રગટ કરવા માટે છે

**- કંચનભાઈ ગાંધી, વડોદરા**

શ્રીમહાપ્રભુજીએ ભાવાત્મક ફલરૂપ પુષ્ટિમાર્ગમાં 'રાગ, ભોગ અને શૃંગાર'ને પ્રાધાન્યતા આપી છે, જેથી પુષ્ટિ જીવની સકલ ઇન્દ્રિયો અને દેહનો વિનિયોગ સેવામાં થઈ જાય છે. પ્રભુ જીવને સેવા દ્વારા પોતાની સન્મુખ રાખે તેનું નામ નિરોધ. બ્રહ્મસંબંધ કરાવી જીવને સેવા માટે સ્વરૂપ પધરાવી આપે છે. જીવને માથે પ્રભુ સાક્ષાત બિરાજે છે એવો દ્રઢ ભાવ થઈ જવો જોઈએ. એ પ્રભુ જ મારું સર્વસ્વ છે. પુષ્ટિમાં પ્રભુ પ્રથમ મળી જાય છે, જ્યારે મર્યાદામાં સાધના કર્યા પછી પ્રભુ મળે છે. હવે એ મળેલા પ્રભુ સાક્ષાત છે તે પ્રગટ થઈ અનુભવ કરાવે તે પુષ્ટિમાર્ગિય ફળ છે. ઠાકોરજી મળે તે પ્રમાણ અને રસાનુભવ કરાવે તે ફળ. શ્રીમહાપ્રભુજીની મેંડ-મર્યાદાથી સેવા સ્વીકારે છે. જ્યારે પ્રગટ થઈ જાય ત્યારે ફલાનુભવ કહેવાય.

જ્યાં સુધી જીવત્વ છે ત્યાં સુધી દાસત્વ માટે સેવા કરવી , દાસત્વ છે તો પ્રિયત્વ માટે સેવા કરવી, પ્રિયત્વ છે તો સ્વરૂપાનંદના આનંદ માટે સેવા કરવી. પ્રથમ દાસત્વ સિદ્ધ થાય તે જરૂરી છે. ફલ દશામાં પણ દાસત્વ જરૂરી છે. બધા ભાવો દાસત્વને અવલંબે છે. દાસત્વમાં દેહભાવ નિવૃત થઈ જાય. ભગવદ્ ભાવ દ્રઢ થાય. વરણ પરસ્પર છે.

પહેલું વરણ પ્રભુ જીવનું કરે છે. પ્રભુ કહે છે , "આ જીવ મારો છે. હું એને પ્રાપ્ત કરાવીશ." પછી જીવનું પ્રભુમાં વરણ થાય છે. પ્રિયત્વ ત્રણ પ્રકારનું સખ્ય, વાત્સલ્ય કે માધુર્ય. સ્વરૂપ નિષ્ઠા ખૂબ જરૂરી છે. નિષ્ઠામાં સ્નેહ હોય છે. જ્યાં ભક્તિ છે ત્યાં સ્નેહ અને સહનશિલતા છે જ. સાક્ષાતમાં પ્રભુને જોઈ શકો. પણ અનુભવ ના કરી શકો. પ્રગટમાં અનુભવ કરી શકો. પુષ્ટિમાર્ગમાં સેવા પ્રભુને પ્રગટ કરવા માટે છે. પુષ્ટિ દૈવી જીવને ત્યાં પ્રભુ છે જ, ક્યાંયે ગયા નથી. સમજીને શોધવા માંડો. જેમ શ્રીગોપીજનોએ પ્રભુ અંતરધ્યાન થયા પછી શોધ કરી પ્રભુને પ્રગટ કર્યા. બસ , એ જ શ્રીગોપીજનોના ભાવથી સેવા કરો તો ફલ પ્રાપ્તિ થશે.

શ્રીમહાપ્રભુજીએ જીવના અધિકાર અને વરણ પ્રમાણે રૂપ સેવા અને નામ સેવા બતાવી છે. બંને સેવા દ્વારા મન-ચિત્તનો નિરોધ સિદ્ધ થતાં પુષ્ટિ ફલની પ્રાપ્તિ થાય છે. સેવામાં ક્રમે ક્રમે પ્રેમ, આસકિત, વ્યસન અને ફલ સુધી પહોંચાય છે. ફલ શું ? પુષ્ટિ પ્રભુના સ્વરૂપાનંદનો અનુભવ. ફલમાં સ્વરૂપ સેવા એટલે કે સાધનની અપેક્ષા રહેલી છે, જ્યારે પ્રમેય બળથી શ્રીમહાપ્રભુજી જીવને તાપાત્મક ગુણગાન કરવાનું કૃપાદાન કરે છે ત્યારે સીધો જ વ્યસનાત્મક ભાવ સિદ્ધ થઈ જાય અને માનસી સહજ પ્રાપ્ત થાય છે. પુષ્ટિ પુરુષાર્થ પ્રાપ્તિમાં સાધનની અપેક્ષા નથી. સુધા સ્વરૂપ શ્રીવલ્લભની કૃપા જ નિયામક છે. તેથી સ્વામીએ નિ. લક્ષણ ગ્રંથમાં ગુણગાન અને સ્વરૂપ ધ્યાનની આજ્ઞા કરી છે.

જ્યાં સુધી જીવને પ્રભુમાં સ્નેહ નથી થયો ત્યાં સુધી બધુ નકામું છે. જ્યાં સુધી જીવને સંસાર આસકિત છે, રાગ છે, ત્યાં સુધી પ્રભુમાં અનુરાગ થવો કઠીન છે. સ્વરૂપજ્ઞાન પુષ્ટિ જીવ માટે જરૂરી છે. સેવા દ્વારા શું પ્રાપ્ત કરવાનું છે ? જીવે પોતાના લીલા મધ્યપાંતિ આધિદૈવિક દેહ (સ્વરૂપ)ને પ્રાપ્ત કરવાનું છે. એ અવાંતર ફલ છે , એની પ્રાપ્તિથી જ સ્વયમ્ જીવ ગોલોક ધામમાં જઈ ફલરૂપ પુષ્ટિ પ્રભુની સેવા યોગ્ય થાય છે, તે મુખ્ય ફલ, શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે, "સર્વ દોષ અને ચિંતાથી રહિત જે ભગવદિય છે, તેની સાથે મળીને શ્રીગોકુળાધીશ પ્રભુ સદા નિશ્ચય સ્મરણ કરવા યોગ્ય

છે. જે અહર્નિશ ભગવદ્ સેવા-સ્મરણ, ગુણગાન, ધ્યાન કરે તેનો ભગવાન નિરોધ કરે છે.

## પરમ ફલરૂપ વિરહ

- કંચનભાઈ ગાંધી, વડોદરા

નિજ ગોલોકધામમાંથી દૈવી જીવ ભૂતલ પર આવ્યો. ઘણાં સમયકાળના પ્રતાપે અનેક જન્મોના ચક્કરમાં પડી એ પોતાના અને પ્રભુના મૂલ સ્વરૂપને ભૂલી ગયો છે. પુષ્ટિનું બીજ તો હતું જ. બ્રહ્મસંબંધ તેઓને જ થાય છે , કે જેમાં પુષ્ટિ બીજ છે અને મૂલ ધામથી ભૂતલ આવ્યા છે. દેખાદેખી ભલે બ્રહ્મસંબંધ લેવાય પરંતુ અધિકારી પુષ્ટિવરણીય જીવોને જ તે ફલીત થાય છે , અન્યને નહીં. અનેક જન્મોના ફલરૂપ મનુષ્ય દેહ મળ્યો. શ્રીવલ્લભે નીજ દૈવી જાણી શરણે લીધો. સેવા માટે સેવ્ય સ્વરૂપ પધરાવી આપ્યું. છતાં માયા-મોહના અંધકારને લીધે ધ્યેય પ્રાપ્તિની ચિંતા , કલેશ નથી. શ્રીવલ્લભની આજ્ઞા પ્રમાણે નિવેદનનું સ્મરણ સતત નહીં કરતો હોવાથી, વિરહ ભાવનાથી વંચિત રહી આવે છે. વિરહ ભાવના વિના પુષ્ટિ પરમ ફલની પ્રાપ્તિ જ નથી. જીવ સ્વયં વિરહ ભાવના કરી શકતો જ નથી. સતત શ્રીમહાપ્રભુજીની આજ્ઞામાં મર્યાદા સહિત સેવા-સ્મરણ , ગુણગાન, ધ્યાન કરતા રહેવાથી અને સંતપુરુષોનો સત્સંગ કરવાથી સ્વરૂપ અનુસંધાન સહિત તાપાત્મક ગુણગાન કરવાથી જ તાપાત્મક સુધા સ્વરૂપ શ્રીવલ્લભ વિરહ તાપભાવનું દાન કરશે. સેવા અને સ્મરણ પણ ધર્મી સાક્ષાત્ સ્વરૂપાનંદની પ્રાપ્તિના માર્ગે ચાલનારને જ થાય છે. કારણ તે અધિકારી જીવો છે. પુષ્ટિવરણીય છે. માટે જીવનું અવાંતર ફલ ધ્યેય સ્વરૂપ તેનું જ લીલા મધ્યપાંતિ આધિદૈવિક સ્વરૂપ છે, જે સેવા દ્વારા પ્રાપ્ત કરવાનું છે. આ જ દેહે અહીં જ આ આધિદૈવિક સ્વરૂપની પ્રાપ્તિ કરવાની છે. બ્રહ્મસંબંધ વખતે જ આ જીવનું આધિદૈવિક સ્વરૂપ અને પ્રભુનું ભાવાત્મક સ્વરૂપ તેના હૃદયમાં પધરાવી આપ્યું ચે. બીજે કાંઈથી પ્રાપ્ત નથી કરવાનું. શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે "સુધા સિંધુ કે નિકટ બસત હે, ક્યાં રહત મૂઢ પ્યાસા." આ સુધા સિંધુ સ્વરૂપ પ્રભુનું જીવના હૃદયમાં જ છે. એને ઓળખવાની , માનવાની, અનુભવવાની જ જરૂર છે. ભગવદીયોની કૃપાથી

સત્સંગ દ્વારા તાપભાવની વૃદ્ધિ થવાથી એની પ્રાપ્તિ છે.

મનને સતત પ્રયત્નપૂર્વક પ્રપંચ જગતમાંથી કાઢી એકાંત અને એકાગ્રતા સાધી સંગરહિત થઈ, નીજગૃહમાં જ રહી સ્વરૂપ ધ્યાન અને ગુણગાન કરવાથી વિરહભાવની પ્રાપ્તિ થાય છે. આપશ્રી વલ્લભ રહઃ પ્રિય છે. જ્યારે જીવ એકાંતમાં એક ધ્યાનથી ગુણગાન કરે તો તેના હૃદયમાં આપ બિરાજે છે. "જે કરે પોતાના ગુણગાનનું ગાન , તેના હૃદયકમલે રહેવાનું સ્થાન. " શ્રીસર્વોત્તમજીના ધોળમાં બતાવ્યું છે. નિરોધલક્ષણમાં પણ આપે ગુણગાન-ધ્યાનની જ આજ્ઞા કરી છે.

ગીતામાં ભગવાને અર્જુન પ્રતિ આજ્ઞા કરી છે કે, જે જીવ મારા એકલાને શરણે આવે છે તે જ મારી દુસ્તર માયાને તરી શકે છે. શ્રદ્ધાપૂર્વકનું અનન્ય શરણ જ માયા તરવાનું સાધન છે. શ્રીમહાપ્રભુજી સુ. 1-7-6 માં આજ્ઞા કરે છે કે આ જ્ઞાન જેવી દેખાતી માયાથી મોહ ઉત્પન્ન થાય છે. તેથી તેમાં (જ્ઞાન-પંડિતાઈમાં) વિશ્વાસ રાખી શકાતો નથી. શબ્દબ્રહ્મનો નિષ્ણાંત રસાત્મક બ્રહ્મને પામી શકતો નથી. તેથી તેનું જ્ઞાન ભારરૂપ છે. જેમ વસુકી ગયેલી ગાય તેના માલિકને બોજારૂપ છે , તેમ પ્રભુના કેવલ ધર્મી સ્વરૂપના શરણથી જ વિરહમાં બધા પ્રતિબંધો દૂર થઈ જાય છે. કેવલ વિરહ સ્વરૂપ સિવાય અન્ય કોઈ સંબંધ રહે તો વિરહનો અનુભવ થઈ શકતો જ નથી. વિરહી ભક્તનું 'અહં' વિરહમાં દગ્ધ થઈ જાય પછી ભાવ સ્વરૂપ સાથે અદ્વૈત પ્રાપ્ત થાય છે. પ્રભુની સમાન ઐશ્વર્ય તાદાત્મકતા સિદ્ધ થાય છે ત્યારે જ તનુનવત્વતા પ્રાપ્ત કરી અગણિતાનંદ સ્વરૂપને ધારણ કરવાની પાત્રતા સિદ્ધ થાય છે.

તાપાત્મક વિરહના માર્ગે ચાલનારા જ સ્વતંત્ર ભક્તિમાં પ્રવેશ પામે છે. મધુર તાપાત્મક સ્વરૂપ શ્રીવલ્લભ ચરણકમલનો અનન્ય આશ્રય કરનારામાં આપનું તાપાત્મક સ્વરૂપ બિરાજે છે. તે સ્વરૂપ જ વિરહનો આનંદ કરાવે છે. અગણિતાનંદને ધારણ કરવાનું પાત્ર આપશ્રીનું તાપાત્મક સ્વરૂપ જ છે. "રાજ યહ માર્ગ તાપ-કલેશ કો હૈ ।" આ ધ્રુવ વચનથી દમલાજી દ્વારા પુષ્ટિ સૃષ્ટિ પ્રતિ કરેલ છે. બિંદુ અને નાદ બંને સૃષ્ટિને તાપાત્મક માર્ગનું સૂચન કરેલ છે. વિરહની કાષ્ઠાપન્ન અવસ્થાને ભોગવીને

અગણિતાનંદને ધારણ કરવા શ્રીગોપીજનો પાત્ર બન્યાં, પ્રભુની સ્તુતિના વિષય બન્યાં. અને પ્રભુએ તેવા ભક્તોનું ઋણ સ્વીકાર્યું. તેની પુષ્ટિ નીચેના શ્લોકથી થાય છે.
"ન પારયેઽહં નિરવદ્ય સંયુજાં સ્વસાધુકૃત્યં વિબુધાયુષાપવિ ।" (સુ. 10-29-22)
"શ્રીવલ્લભ શરણ થકી સૌ પડે સહેલું." (દયારામભાઈ)

## પુષ્ટિ જીવ માટે પ્રગટ સ્વરૂપ કયું?

**- શ્રી કંચનભાઈ ગાંધી, વડોદરા**

સત્સંગ માસિકના માર્ચ માસના અંકમાં પાન – 4 પર પ્રગટ સ્વરૂપનું ભજન કરવું આ વિશે શ્રી ગોકુલેશજીના વચનામૃત છે. જેમાં આપે આજ્ઞા કરી છે કે, કંસ, રાવણ, દ્વિવિદ વાનર વિગેરેએ પ્રગટ સ્વરૂપને નહિ ઓળખવાથી દુઃખી થયા. સર્વનાશ પામ્યા. જે જીવ પ્રગટ સ્વરૂપથી જ વિમુખ રહે છે તેનું સુકૃત સર્વનાશ પામે છે. તેવા જીવને અધમો અધમ જાણવો. પ્રગટ સ્વરૂપ વિશે સમ્યક્ પ્રકારે ભાવ રાખીને સેવન કરે તો આનંદ દાન થાય. આમ પ્રગટ સ્વરૂપોનો મહિમા દર્શાવ્યો. પરંતુ મહત્ સ્વરૂપોની વાણી નિગૂઢ અને પરોક્ષ કથનની હોય છે. ત્યાં આપે પ્રગટ સ્વરૂપ કયું ? તે શ્રીમુખે ન બતાવ્યું. અંગુલીનિર્દેશ જ કર્યો.

પ્રભુ પ્રાપ્તિના માર્ગે ચાલનાર શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે જ ચાલવું. તે આજ્ઞાનું ઉલ્લંઘન એજ મોટો અપરાધ જીવ માટે છે. શ્રીમહાપ્રભુજીએ જીવને માથે સ્વયં સ્વરૂપ પધરાવી આપ્યું છે એ મૂલધામસ્થ , નિત્યલીલાસ્થ ધર્મિ રસાત્મક સ્વરૂપ જ છે. તેમા નખ-શીખ શ્રીવલ્લભ પ્રભુ સુધા સ્વરૂપે બિરાજે છે. જીવને આ પ્રગટ સ્વરૂપનું જ્ઞાન નહિ હોવાથી બહાર આનંદ અને સુખની પ્રાપ્તિ અર્થે રખડે છે. તેને ખરો આનંદ પ્રાપ્ત થતો જ નથી. અખંડ નિત્યનો આનંદ તો સેવ્ય દ્વારા ઘરમાં જ મળવાનો. જે પ્રગટ આ સ્વરૂપને છોડી બીજાનું ભજન કરે છે તે માયાનું જ ભજન કરે છે તે આસુરી જાણવો. જીવની એક માત્ર અનન્યતા પોતાના જ સેવ્ય વિશે હોવી જરૂરી છે. પેલી ડોકરી કે જે શ્રીમદનમોહન સિવાય બીજા સ્વરૂપને જ ન્હોતી ઓળખતી , જેથી બાલકૃષ્ણજીને તેના ભાવથી મદનમોહનજી થવું પડ્યું. આ છે પુષ્ટિ. એવા ભક્તોના ચરણમાં લોટવાનું મન

થઇ જાય. રોજ એવા ભક્તોનું સ્મરણ કરવું જેથી ધ્યેય પ્રાપ્તિથી દૂર ખસી ન જવાય.

શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે , "વિદ્યમાન આનંદ ત્યજ ચલત કયોં અપાર્થે ?" હે પુષ્ટિ સ્વકીયો, વિદ્યમાન આનંદ ધન તારા સાથે બિરાજતું સ્વરૂપ જ છે તે છોડી તું કુમાર્ગે કેમ ભટકે છે ? એવા જનોને મુરખ કહે છે , અને જે સેવ્યને જ ભજે છે તેને આપશ્રી મહા બડભાગી જન કહે છે. આપ મોટાના વચનોમાં આવુ આલંબન છે. છતાં જીવને એ સમજાતું નથી. તો પછી એવા જીવોનો પુષ્ટિ અધિકાર નથી એમ જ જાણવું જોઇએ. ઘણા વૈષ્ણવ બ્હેનો અજ્ઞાનતાને લીધે મુખરતા દોષ કરી, સ્વરૂપ અનાદર કરે છે. જે અપરાધ છે. શ્રીવલ્લભ કુલના બાળકો માટે એ જ પ્રગટ પુરૂષોત્તમ છે. પ્રગટ વલ્લભ જ છે. આમ કહે છે, તે નરી ઘેલછા, ગાંડપણ છે એમને સ્વરૂપ જ્ઞાન નથી બાળકો પણ સમજાવે છે કે અમે પ્રગટ પૂર્ણપુરૂષોત્તમ કે શ્રીવલ્લભ નથી. તમારે અમારા હૃદયમાં એ શ્રી વલ્લભ અને પૂર્ણપૂરૂષોત્તમ બિરાજે છે એ ભાવ કરવાનો છે.

તમારો ભાવ પૂર્ણ પુરૂષોત્તમ છે. આને સમજો , પરંતુ અમારા બ્હેનો એ સમજે કેમ ? માયાનો પડદો છે તેથી અંધકાર છવાઇ ગયો છે જેથી બીજું દેખાય ક્યાંથી ?"શ્રીવલ્લભ શરણ થકી સૌ પડે સહેલુ રે , દૈવી જન પ્રતિ "દયો" ગાય રે..." (શ્રી દયારામ)

## સેવાફલ

લે. શ્રી કંચનભાઈ ગાંધી, વડોદરા

શ્રીમહાપ્રભુજી એક સમયે આગ્રા પધાર્યા , તે વખતે વિષ્ણુદાસ છીપા સુંદર છીંટનો તાકો લઇ આગરા વેચવા આવ્યા. તે વેળા આચાર્યજીએ કૃષ્ણદાસને કહ્યું , "આ છીપા પાસે છીંટ બહુ સુંદર છે. તું લે. જે માંગે તે આપ." કૃષ્ણદાસે જે માગ્યા તે દામ આપી છીંટ લઇ લીધી. વિષ્ણુદાસને લાગ્યું કે આ કોઇ મહાપુરૂષ છે. થાનનું મૂલ્ય ન કર્યું. અને આખું થાન લીધું તેના ચાર ગણા પૈસા આપ્યા. માટે એમને છીંટ આપવી યોગ્ય નથી. તેથી વિષ્ણુદાસે કહ્યું , "પૈસા તમારા પાછા લો , મારી છીંટનો તાકો મને પાછો આપો."

કૃષ્ણદાસે કહ્યું, "ના, તાકો શ્રીમહાપ્રભુજીએ શ્રીમુખથી વખાણ કરી લેવા કહ્યું. તેથી મેં તને ચાર ઘણા દામ આપી લીધો. હવે તું પાછો માગે તે ના મળે " વિષ્ણુદાસે કહ્યું કે આચાર્યજી ક્યાં છે ? કૃષ્ણદાસે કહ્યું. આ પીપળાના વૃક્ષ નીચે બિરાજે છે. વિષ્ણુદાસ ત્યાં ગયા. દંડવત્ કરી કહ્યું. "આપ તો ભગવાન છો. " અહીં વિચાર કરો , શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ તેમણે કેવી રીતે જાણ્યું ? હજુ શરણે પણ આવ્યા નથી. શ્રીમહાપ્રભુજીએ એની છીંટ પર દ્રષ્ટિ કરી, તે જ વખતે છીપાજીની અવિદ્યા દૂર કરી દીધી હતી. પછી શરણે આવ્યા. વિનંતી કરી મહારાજ હું મહામૂર્ખ છું. તેથી એવી કૃપા કરો જેથી શ્રીભાગવત્ વગેરે શાસ્ત્રનું જ્ઞાન થાય. અને માર્ગનો સિદ્ધાંત સમજાય. સ્વ દોષોનું ભાન થયું એ પ્રભુ કૃપાનું લક્ષણ છે. આપે 'સેવાફલ' ગ્રંથ કરી સંભળાવ્યો. જેથી સાંભળી સકલ શાસ્ત્રોનું જ્ઞાન થયું. પણ સેવા ફલનો અભિપ્રાય ન સમજાયો તેથી વિનંતી કરી. આપે કહ્યું, સારું કર્યું કે તેં પૂછ્યું, એ ગ્રંથ કઠિન છે. આપે તેની ટીકા કરી સંભળાવી. જેથી સઘળો માર્ગનો સિદ્ધાંત હૃદયારૂઢ થયો. આ ગ્રંથમાં સેવામાં ત્રણ પ્રતિબંધ ઉદ્વેગ, ભોગ અને પ્રતિબંધ છે. તેમ અહીં સેવામાં નિહિત ત્રણ ફળ બતાવ્યા છે. અલૌકિક સામાર્થ્ય, સાયુજ્ય, અને વૈકુંઠાદિમાં સેવાપયોગી દેહ અહીં ત્રણ ફલ વિશે જોઇએ.

**(1) અલૌકિક સામર્થ્ય** : જીવાત્માની સાથે શરીરમાં સૂક્ષ્મ દેહ હોય છે. જ્યારે દેહ છૂટી જાય છે ત્યારે લીંગ દેહ પણ શરીર છોડી જીવાત્મા સાથે જાય છે. જ્યાં સુધી પાપ-પૂણ્ય ભોગવાઇ ન રહે ત્યાં સુધી જીવાત્માને ફરી ફરી જન્મ લેવો પડે છે. જીવાત્માનો મોક્ષ થાય ત્યારે લીંગ દેહનો પણ મોક્ષ થઈ જાય છે. પછી તેનું અસ્તિત્વ રહેતું નથી. શાસ્ત્રો કહે છે જ્યાં સુધી જીવાત્માની અહંતા મમતા સંપૂર્ણ ન છૂટે ત્યાં સુધી તેનો મોક્ષ થતો નથી. શાસ્ત્રોમાં અહંતા – મમતા છોડવાના જે માર્ગો બતાવ્યા છે. તે ઘણા મુશ્કેલ અને ખૂબ કપરા છે. આજના કાળમાં તે શક્ય નથી,. આથી શ્રીમહાપ્રભુજીએ ખૂબ સરળ માર્ગ – પુષ્ટિ – અનુગ્રહ માર્ગ બતાવ્યો છે. માર્ગ જ ભાવાત્મક અને ફલપ્રાપ્તિ કરાવનારો છે. સ્નેહ માર્ગ છે. પ્રેમ લક્ષણા ભક્તિનો માર્ગ છે જે માર્ગે ચાલી

શ્રીગોપીજનોએ શ્રીકૃષ્ણ પ્રભુને પ્રાપ્ત કર્યા. તે માર્ગ દૈવી જીવોને શરણે લઇ બતાવ્યો છે. બ્રહ્મસંબંધી જીવની અહંતા – મમતા શ્રીઠાકોરજીને સોંપી દો , સેવ્ય પ્રભુની પુષ્ટિ રીતે સમર્પિત થઇ સેવા કરો. મારું લૌકિક – અલૌલિક સર્વ પ્રભુનું છે. હું દાસ છું , જે કંઇ થાય છે તે સર્વ પ્રભુ ઇચ્છાથી થાય છે. આવો દૃઢ વિશ્વાસ પુષ્ટિ વૈષ્ણવોનો હોવો જોઇએ. તો જ સેવા ફળની પ્રાપ્તિ થાય. દાસ અને દીનતાથી સેવા કરવાથી અહંતા – મમતા નાશ પામે અને કર્મનું બંધન છૂટી જાય. મારું જે કાંઇ થાય છે , થયું છે, અને થશે તે સર્વ પ્રભુ કૃપાથી જ છે. પુષ્ટિ પ્રકારે સેવ્યની સુખરૂપ સેવા કરવાથી પ્રભુ પ્રસન્ન થાય છે. ત્યારે તે જીવાત્માને તેના મૃત્યુ બાદ અલૌકિક સેવા ઉપયોગી દેહ પ્રાપ્ત કરાવે છે. એકવાર સ્વરૂપનો અનુભવ થઇ ગયો તો જીવ કૃતાર્થ થઈ જાય છે. આધિદૈવિક દેહ પ્રાપ્ત થતાં જ જીવ ગોલોકધામમાં ચાલ્યો જાય છે. કારણ એના આધિદૈવિક દેહમાં શ્રીવલ્લભ પ્રભુ ભાવાત્મક બિરાજે છે. એને નથી કોઇ લઇ જતું , કે નથી કોઈ સામે તેડવા આવતું. શ્રીવલ્લભ ભૂતલ લેવા આવ્યા. તેમની જ કૃપાથી મૂલધામમાં જવાનું છે. સેવા , સ્મરણ, ગુણગાન, ધ્યાન દ્વારા આ અલૌકિક દેહની પ્રાપ્તિ એ જ મુખ્ય ધ્યેય પુષ્ટિ જીવનું છે. પુષ્ટિમાં ત્રણ પ્રકારના અધિકારી જીવો : ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ – સાધારણ. તે જ પ્રકારે ત્રણ ફલ : અલૌકિક સામર્થ્ય, સાયુજ્ય અને વૈકુઠાદિમાં સેવાપયોગી દેહ.

**(2) સાયુજ્ય** : કેટલાક જીવાત્માઓનો અધિકાર અલૌકિક સામર્થ્યનો હોતો નથી. તેવા મધ્યમ અધિકાર વાળાને શ્રીઠાકોરજી સાયુજ્ય ફલ, પુષ્ટિમાર્ગીય મોક્ષ આપે છે. – આ મોક્ષ મર્યાદા મોક્ષથી જુદો , ઉત્તમ છે. આવા જીવાત્માઓને પ્રભુ પોતાના ચરણાવિંદ અથવા હૃદયમાં કે શ્રીમસ્તકના વાળમાં વિલીન કરી રાખે છે. જીવાત્મા કાયમ ત્યાં જ રહે છે. શ્રીઠાકોરજી ક્યારેક પોતાની સ્વેચ્છાથી આવા જીવોને અલૌકિક દેહ આપી અમૂક પૂરતો સ્વરૂપાનંદનો અનુભવ કરાવે છે. પાછા તેઓને મૂલ સ્થાનમાં વિલિન કરી દે છે. અંતરગૃહતા ગોપીજનોને આ સાયુજ્ય મળ્યું છે. કેમ કે તેઓનો પ્રભુ પ્રત્યે જાર ભાવ હતો. જેથી સ્વરૂપાનંદના અનુભવથી વંચિત રહી ગયા.

**(3) વૈકુંઠાદિમાં સેવાપયોગી દેહ** : કેટલાક પુષ્ટિ જીવાત્માઓ કનિષ્ટ – સાધારણ અધિકારવાળા હોય છે, તેઓને ગૌલોક ધામમાં – પશુ, પક્ષી, વૃક્ષ લતા, જલચર વિગેરેમાંથી કોઇપણ યોનીમાં જન્મ મળે. લૌકિક કરતાં આ યોની તો અલૌકિક છે. નિત્ય છે. કાયમ ગોલોકમાં જ વાસ. પ્રભુના દર્શાનાદિનું સુખ મળે. પ્રભુની પરોક્ષ સેવાનો આનંદ પણ મળે, સ્વરૂપાનંદનો આનંદ નથી મળતો. આવા પુષ્ટિ જીવો 252 ની વાર્તામાં અમદાવાદવાળા શેઠ જે કીડો થયા, વિરક્ત ડબ્બામાં મૂકી ગોકુલ લાવ્યા. શ્રીગુસાંઇજીએ શ્રીયમુનાજીમાં એને પધરાવી દેવાની આજ્ઞા કરી. લીલામાં જળચર છે. 84 ની વાર્તામાં મથુરાના નારાયણદાસ ભાટ લીલામાં વાનર યોની હતી. તેથી શ્રીવલ્લભે કહ્યું, "તમને સ્વરૂપ સેવાનો અધિકાર નથી. તમે પશુ યોનીના જીવ છો."

સેવાફલ ગ્રંથમાં બતાવેલ આ ત્રણ ફલ છે.

### પુષ્ટિ જીવ પ્રભુના સ્વરૂપાનંદનો અનુભવ ક્યારે કરી શકે?

- શ્રી કંચનભાઇ ગાંધી, વડોદરા

ભગવાન જીવનિષ્ઠ પદાર્થનો પોતે અનુભવ કરે છે. તે પછી તેમાં સામર્થ્ય મૂકે છે. પછી જ પ્રભુનો અનુભવ જીવ કરી શકે છે. ભક્તિથી જીવવા સર્વ તત્વો ભગવદ્ રૂપ બને છે. તેમાં બિરાજમાન થઇ પ્રભુ પોતે અનુભવ કરે છે. વ્રજભક્તોના હ્રદયમાં નાદ દ્વારા અધરરસના અંશે કરીને, રસનું સ્થાપન પ્રભુએ કર્યું. રસ સ્થાપન પછી વિવિધ ભાવથી તે રસ પુષ્ટ થાય છે.તે પછી જ્યારે ખૂબ જ ભાવોદય થાય. અધર રસપાન કરવા ભક્તો સમર્થ થઇ જાય – પ્રભુ ક્યારે જીવને યોગ્યતા સંપાદન કરાવી આપે ? રસનું સ્થાપન જ્યારે હ્રદયમાં થાય છે, રસ જ્યારે હ્રદયમાં પ્રવેશે છે, સ્થિર થાય છે, ત્યારે આસક્તિરૂપ નિરોધ સિદ્ધ થાય છે. ભક્તિ પછી જ નિરોધ પ્રાપ્ત થાય છે. પ્રભુ બે પ્રકારે યોગ્યતા સંપાદન કરાવી આપે છે. વ્યાપ્ત વૈકુઠમાં દર્શન કરાવી યોગ્યતા રૂપ બ્રહ્માનંદની પ્રાપ્તિના મિષે ફલ પ્રકરણમાં ભજનાનંદનું (સ્વરૂપાનંદનું) દાન પ્રકારન્તરે કાત્યાયની પ્રસંગમાં પણ બ્રહ્માનંદની પ્રાપ્તિ ભક્તોને કરાવી. તે પછી બ્રહ્માનંદનો અનુભવ કરવાની જરૂર રહી નહિં. આધિદૈવિક સ્રીત્વ પ્રાપ્ત થાય તેમને

પછી બ્રહ્માનંદની પ્રાપ્તિની જરૂર નથી. તેથી કેટલાકને બ્રહ્માનંદની પ્રાપ્તિ કરાવી યોગ્યતા આપે છે. કેટલાકમાં આધિદૈવિક સ્ત્રીત્વ આપીને યોગ્યતા આપે છે.

જીવ ભોક્તા અને ભગવાન ભોગ્ય ક્યારે બને ? સામાન્ય રીતે ભગવાન કદી પણ ભોગ્ય બનતા નથી. તેઓ હંમેશા ભોક્તા છે. જીવમાં સ્થાપેલ ભગવદ્ ભાવને ભગવાન પોતે ભોગવે છે. ભગવદ્ રસનો અનુભવ જીવ કરે તે તો ક્વચિત્ જ થાય , અને તે ચરમસીમા છે. પ્રભુ પોતાનું ભોક્તૃત્વ દૂર કરી ભોગ્ય બને તે બહુ મોટી વાત છે. અલૌકિકમાં ભગવાન ભોક્તા છે અને જીવ ભોગ્ય છે. પરંતુ અલૌકિકમાં પ્રભુ વિશિષ્ટ દાન આપવા ઇચ્છે છે ત્યારે પ્રભુ ભોગ્ય બને છે અને ભક્તો ભોક્તા બને છે. વિશેષ રસ પ્રગટ થાય ત્યારે જ આમ બને છે. આ સીમા પ્રાપ્ત કરાવવા જ શ્રીઆચાર્જીના પ્રયાસો છે અને જીવે ઇચ્છવાનું છે. "કૃષ્ણાધરામૃતાસ્વાદ" ની સિદ્ધિમાં જીવ ભોક્તા બને છે. અને ભગવાન ભોગ્ય બને છે. "કૃષ્ણાધિનાતુ મર્યાદા સ્વાધિનાતુ પુષ્ટિ ઉચ્યતે" પ્રભુને આધિન રહી લીલા થાય ત્યરે જીવ નિયમ્ય બને છે , ભક્ત નિયામક બને છે. ભક્તોને આ પ્રકારની સ્વચ્છંદતા પ્રાપ્ત કરાવવા વૃંદાવનમાં પ્રવેશ કર્યો. પ્રભુ સર્વ ભક્તોની સાથે અનેક પ્રકારની ક્રીડા કરી વિવિધ પ્રકારે તેમના ચરણનું સ્થાપન કરી ભાવોદબોધ કરાવે છે. એ પછી ભક્ત કર્તુક ભોગરૂપનો પણ અનુભવ કરાવે છે. સર્વાભોગ્ય સુધાના અનુભવથી વ્રજસ્થાઓને મોક્ષનો અનુભવ કરાવ્યો , ગોપાલોને વનમાં સાથે લઇ જઇ તેમનામાં દાસ્ય ધર્મનું સ્થાપન કર્યું. અવશિષ્ટ પુરૂષાર્થ અર્થ ગુણગાન વેણુગીત રૂપી, વ્રજસ્થામાં સ્થાપિત કર્યું. વનસ્થિતામાં કામ અને ભક્તિ રૂપી અર્થ. વ્રજસ્થામાં મોક્ષ અને ગોપાલોમાં ધર્મ – પુરૂષાર્થનું સ્થાપન કર્યું.

### શ્રી મહાપ્રભુજીના બેઠકજીમાં ઝારીજી ભરી આવ્યા !

**- શ્રી કંચનભાઈ ગાંધી, વડોદરા**

આજે પુષ્ટિમાર્ગમાં વૈષ્ણવો માર્ગના સિદ્ધાંત , મૂલ ગ્રંથોના શ્રવણ-મનન અને સાચા સત્સંગથી વંચિત છે. જેથી ફલપ્રાપ્તિમાં અતિ વિલંબ રહી આવે છે. શ્રી ભાગવતજીનું શું સ્વરૂપ છે. દશવિધ લીલાયુક્ત હરિ અને હરિની લીલાઓ એટલે શ્રીમદ્ ભાગવત.

શ્રીજીનું નામાત્મક સ્વરૂપ. એનું શ્રવણ, કિર્તન, મનન થાય તે જરૂરી છે. પુષ્ટિ જીવ જે કરે તે સેવા અને પ્રભુ જે કરે તે લીલા છે. પ્રભુમાં અનન્યતા જરૂરી છે. સેવ્ય સ્વરૂપનું જ્ઞાન હોવું અને તેમાં નિષ્ઠા હોવી જરૂરી છે. નિષ્ઠા એટલે ડગે નહિ, અચલ રાખે, સ્થિર રહે તેનું નામ નિષ્ઠા છે. સ્વાભાવિક સ્થિરતા એનુ નામ શ્રદ્ધા અને વિચારપૂર્વકની સમજણ એનું નામ વિશ્વાસ.

પુષ્ટિ પ્રભુની ભક્તિ શોક, મોહ અને ભયને દૂર કરનારી છે. વૈષ્ણવે પુષ્ટિમાર્ગ પર ચાલવા માટે ઉપરોક્ત બાબતો ગ્રહણ કરવી જરૂરી છે. આજે વૈષ્ણવોને ગૃહસેવાનું મહત્વ જ સમજાતું નથી. મંદિરોની દોડાદોડી વધી છે. પુષ્ટિમાર્ગ ગૃહસેવાનો જ છે. મંદિર સેવાનો નહિ. આ મૂલ પાયાની સમજણ નહિ હોવાથી જેમ લૌકિક સંસારમાં લોકો પીકનીક પર જાય , મોજમજા કરે છે તેમ વૈષ્ણવો બેઠકજીઓમાં અને તીર્થોમાં જાય છે. શું પ્રાપ્ત કરવું છે તેની ખબર નથી. બધા જાય છે તેમ અમે કરીએ છીએ. બેઠકજી અને બેઠકજીમાં બિરાજતા સ્વરૂપનું જ્ઞાન નથી. એક બેઠકજીમાં શ્રીમહાપ્રભુજી બિરાજે છે. તેમ એ જ સ્વરૂપે બીજી બેઠકોમાં પણ બિરાજે છે. છતાં બધી જ બેઠકજીમાં ઝારી ભરવાની. ઝારી ભરવાની અને ઠાલવવાની એ જ ક્રિયા કરવાની. ત્યાં શ્રીમહાપ્રભુજી સાક્ષાત બિરાજે છે. ત્યાંથી હૃદયમાં કશું ભરી લાવવાનુ નહિ. એક બેઠકજીમાં શ્રીમહાપ્રભુજી સમક્ષ નામ , રૂપ, ગુણ શ્રીસર્વોત્તમજી શ્રીવલ્લભાષ્ટક , સપ્તશ્લોકીના પાઠ કરો. શ્રીભાગવતજી અગર શ્રીસુબોધિનીજીની કારીકાના પાઠ કરો. ખરી ઝારી તો આનાથી જ ભરવાની છે. જળથી નહિં. ત્યાં શ્રીમહાપ્રભુજી સિદ્ધાંતરસનો ભોગ કરે છે. આપશ્રી ગુસાંઇજી સર્વોતમજીમાં કહે છે, "સ્વયશોગાન સંહૃષ્ટ હૃદયામ્બોજ વિષ્ટરઃ યશઃ પીયુષ લહરી પ્લાવિતાન્ય રસઃ પરઃ ।" ઝારીજીનું સ્વરૂપ જ શ્રીદમલાજી છે. તેમાં યશોગાનરૂપ રસ ભરો તેથી શ્રીદમલાજી દ્વારા તમારી સેવા શ્રીવલ્લભ અંગીકાર કરે છે. આનું ભાન નથી. પ્રભુ અતર્ધ્યાન થયા ત્યારે શ્રીગોપીજનોએ વિરહાત્મક ગોપીગીતનું ગાન કર્યું. જેથી પ્રભુ પ્રગટ થઈ ગયા.

વૈષ્ણવોને સાધન અને ફલનો ભેદ નથી ખબર. શ્રીગુંસાઇજીનો એક સેવક. તેને રોજ

શ્રીગિરિરાજજીની પરિક્રમા કરવાનો નિયમ. એક વખત પગમાં વાગ્યું તેથી પરિક્રમા કરવા ના જવાયું. પરંતુ ભંડારમાં જઇ સેવા કરવા બેઠો. એટલામાં ત્યાં ગુસાંઇજી પધાર્યા. આપે પૂછ્યું કેમ વૈષ્ણવ, આજે પરિક્રમા કરવા ના ગયો ? વૈષ્ણવે આશ્ચર્યથી આનંદપૂર્વક કહ્યું : "મહારાજ ! આટલા દિવસથી હું અહીં રહું છું. છતાં આપ કોઇ દિવસ મારી સાથે બોલ્યા નથી ! આજે કૃપા કરી. " આપે કહ્યું : "ભાઈ ! આજ દિન સુધી તું દેહનું સાધન કરતો હતો. આજે તેં પ્રભુની સેવા કરી તેથી તારી સાથે બોલ્યો." વિચાર કરો વૈષ્ણવો ! મંદિરોમાં દર્શને જવું, બેઠકોએ જવું એ સાધન છે. ગૃહમાં પ્રભુની સેવા કરવી એ જ ફલ છે. આજે તો ફલ છોડી સાધનમાં દોડવું છે. ઘરના પ્રભુના સવારમાં ઉઠી, મીસરીની કટોરી ધરવી નહીં અને મંદિરમાં મંગલા કરવાનો નિયમ ! પછી ઘરના ઠાકોરજી કેવી રીતે બોલે ?

વૈષ્ણવો બેઠકજીમાં જઈ શું શું કરે છે તે જોઈએ. બેઠકજીમાં તુલસીની કંઠીઓ , ગુંજામાળા, ગૌમુખી વિ. લઈ જવાનું. શ્રીમહાપ્રભુજીને કંઠી-માળા ધરવાની. વિચાર કરો, ગુરૂ શિષ્યને કંઠી બાંધે કે શિષ્ય ગુરૂને ? પણ આજે બ્હેનો તો ગુરૂને કંઠી બાંધે – ધન્ય છે ! આવું બધું કરવાનું કોણે કહ્યું છે ? ખબર નથી, ફલાણાં કહે છે તેમ કરીએ છીએ. આંધળું સમજણ વિનાનું અનુકરણ. અરે , એટલું જ નહિ. સૈયા મંદિરમાં જઈ શૈયાનીએ ગુપ્ત દાન કરે ! વાહ બ્હેનો ! આ શો તમાસો ? તમને ભાન છે ? ખાસાની અપરસમાં શૈયા મંદિર પાસે પાકીટ કાઢી તેમાંથી નોટો લઈ મૂકવી. નોટો મોઢાં વાળા હાથથી ગણેલી હોય ! મહાપ્રભુજીની અપરસ છોવાઈ જાય એનું ભાન છે ખરું ? કોણ સમજાવે આવી અન્યથા – અજ્ઞાનયુક્ત ચાલતી પ્રથાને ! ક્યાં છે પુષ્ટિની સમજણ ? ત્યાં મુખ્યાજી ગદ્યમંત્ર બોલાવે. મુખ્યાજીને એવો અધિકાર નથી. શ્રીમહાપ્રભુજી આગળ ગદ્યમંત્ર શા માટે ? શું કારણ ? ખબર નથી ?

અરે, ઘણી બેઠકજીમાં ચોતરીજી પર શ્રીમહાપ્રભુજી સાક્ષાત બિરાજે છે. છતાં તેમની પાછળ શ્રીમહાપ્રભુજીનાં ચિત્રજી પધરાવે છે. કેમ ? શા માટે ? ચાલે છે. માધવપુર (ઘેડ) ત્યાં મુખ્યાજી કહે છે , અહિંયા શ્રીમહાપ્રભુજીને સાડી જ ધરાય છે , ધોતી –

ઉપરણાં નહિ, મેં કહ્યું, કેમ ? તો કહે અહિંયા શ્રીકૃષ્ણે રૂક્ષ્મણીજી સાથે લગ્ન કરેલા , તે પ્રસંગમાં ગોપીઓએ કૃષ્ણને સાડી પહેરાવેલી ! મેં કહ્યું, ભાઈ, એ દ્વારિકાલીલાના કૃષ્ણે સારસ્વત કલ્પમાં દ્વાપર યુગમાં સાડી પહેરી હશે. પરંતુ આજે શ્વેતવરાહકલ્પમાં કલિયુગમાં શ્રીમહાપ્રભુજી પધાર્યા છે. એમણે શો ગુનો કર્યો કે તમારે સાડી પહેરાવવી પડે ? કેવું બધુ ચાલી રહ્યું છે ? સૌરાષ્ટ્રની ઘણી બેઠકજીમાં વૈષ્ણવો માટે રહેવાની અને પ્રસાદ લેવાની વ્યવસ્થા છે. જૂનાગઢ , જામનગરમાં વૈષ્ણવ મંડાણ ચાલે છે. શું દરેક જગ્યાએ આવી વ્યવસ્થા ન થઈ શકે ? આવડી મોટી વૈષ્ણવોની સંખ્યા છે. આ કાર્ય વૈષ્ણવોએ જ ઉપાડી કરવું પડશે. બીજા નહિ કરે. નવા મંદિર બે-ચાર ઓછા થશે કે છપ્પનભોગ નહિ થાય તેથી શ્રીમહાપ્રભુજી કદી અપ્રસન્ન નહિ થાય. પરંતુ વૈષ્ણવો માટે ઉતરવાની અને પ્રસાદ લેવાની વ્યવસ્થા થશે તેથી શ્રીવલ્લભને ઘણી જ પ્રસન્નતા થશે.

શ્રીવલ્લભ શરણ થકી સૌ પડે સહેલું..... (શ્રીદયારામ)

## પુષ્ટિ જીવે સદા ધ્યેય પ્રાપ્તિની ચિંતા કરવી

**- શ્રીકંચનભાઈ ગાંધી (વડોદરા)**

પુષ્ટિ દૈવી જીવ ગોલોકધામથી ભૂતલમાં પડ્યો છે. અનેક જન્મોના અંતરાય પછી , શ્રીવલ્લભ પ્રભુએ જીવોના ઉદ્ધાર અર્થે ભૂતલ પ્રગટ થયા. બ્રહ્મસંબંધ કરાવી , તેના માથે મૂ લીલાધામસ્થ સ્વરૂપને સેવાર્થે પધરાવી આપ્યું. બ્રહ્મસંબંધ બધાને થતો નથી, જે જીવો મૂળધામથી ભૂતલ પડ્યા છે તેને જ થાય છે. એનું લક્ષણ બ્રહ્મસંબંધ લઈ તેવા જીવને પ્રભુ પ્રાપ્તિનો તાપ થશે. સૈવા વિના રહે નહિ, અસમર્પિત લે નહિ. આ છે દૈવી જીવ જેને બ્રહ્મસંબંધ થાય છે તેની નિશાની. જ્યાં સુધી આ દેહે સેવ્યની સેવા દ્વારા સ્વરૂપાનંદનો અનુભવ પ્રાપ્ત નથી કર્યો તો મેં શું પ્રાપ્ત કર્યું ? કાલ-માયાના પૂરમાં તણાઈ જઈશ. મન જ મોટા શત્રુ છે. મનને વશ કેવલ તાપાત્મક શ્રીવલ્લભના નામ-સ્મરણ શ્રીસર્વોત્તમજીથી જ કરી શકાશે. જીવ સ્વતંત્ર રીતેસેવા કે નામ-સ્મરણ-ધ્યાન કરી શકતો જ નથી. શ્રીવલ્લભ પ્રભુ જ્યારે ભાવનું દાન કરે ત્યારે જ તે નામ-

સ્મરણ-સેવા કરી શકે છે. પુષ્ટિમાં ભાવદાન-કૃપા જ નિયામક છે, જીવની ઈચ્છા નહિ. જીવ એના મૂલ વરણીય સ્વરૂપની કૃપાથી જ ફલ પ્રાપ્ત કરી શકે છે. જીવનો અધિકાર વરણીય સ્વરૂપ દ્વારા થાય છે. જ્યાં સુધી ધ્યેય સ્વરૂપ – આધિદૈવિક હું પ્રાપ્ત નહિ કરૂં તો જ્યાં નીજધામમાં પહોંચવું છે ત્યાં કેવી રીતે પહોંચાશે ? મહત્ સ્વરૂપોની વાણી જ મોટું અવલંબન છે. અહીં દયારામભાઈ નું એક પદ જોઈએ : "હરિ હું શું કરૂં રે, માયા ન મૂકે મારો કેડો. કોટી કલ્પ સુધી એણે ભમાવ્યો , ભમું હજી નહીં છેડો ।। મુજથી ન છૂટે, આપ ન છોડાવો, મારો કિયે કાળ નિવેડો ।। સેવા-સ્મરણ કેમ કરૂં, મારો ક્ષણ એસ ન છાંડે હેડો । શું ગજું મારૂં અવિદ્યા જીતીને કરૂં ચરણમાં નેડો. આપ વિના સહુ એના ચેલા, કોને કહું દુઃખ ફેડો ।। દાસી તમારી જયાય ઘેરો ત્યાં , પાછી ફરે જ્યારે તેડો । કરગરી કહું છું કૃષ્ણ કૃપાનિધિ , ચરણ પડ્યો ન ખસેડો । માયા-કાલ અગ્નિથી બચે , "દયો" કૃષ્ણ કૃપા જલ રેડો ।।

ખરેખર, પુષ્ટિ જીવની વાસ્તવિક પરિસ્થિતિ ઉપરના પદમાં જણાવી છે તેવી જ છે. પ્રભુની રચેલી આ કાળ-માયા તરવી કપરી છે. પ્રભુ કૃપા થાય તો પ્રભુમાં સ્નેહ થવો અઘરો નથી, પરંતુ કાળ-માયાને વશ કરવી કઠિન છે. એ ત્યાગ વિના , તાપાત્મક ગુણગાન વિના નહિ થઈ શકે. અત્યાર સુધી એણે જ જીવને ભટકાવ્યો છે. મનને બધું જ કરવું ગમે છે, પ્રભુનું સ્મરણ કરવું નથી ગમતું. માયા અવિદ્યા પુતના છે. પાણીમાં જળો થાય છે, માનવીના પગે વળગે તો છૂટે નહિ, લોહી ચૂસે છે પણ અગ્નિ ધરીએ તો છૂટી જાય. તેમ સંસાર માયા જીવને ચોંટી છે. શ્રીવલ્લભનામ રૂપી અલૌકિક અગ્નિથી એ છૂટે છે. એટલા માટે નામ-સ્મરણની જ મહત્ સ્વરૂપો જીવને આજ્ઞા કરે છે. કવિ કહે છે કે, મારું જે દુઃખ છે તે સંસાર સાગરને તરવાનું છે. એમાંથી છોડાવવા હું કોને કહું ? જે છે તે બધા માયાના ચેલા છે , સત્સંગ નથી મળતો, દુઃસંગ જ પ્રાપ્ત થાય છે. કેવલ મારી માટે તો આપના ચરણકમળનો આશ્રય છે. આપ જ કૃપા કરો. વિના મૂલની હું તમારી દાસી છું. દીન-હીન અજ્ઞાની છું , આ સંસાર અગ્નિમાં તપું છું. આપ કૃપા જલ રેડી મને ઉગારો. શ્રીવલ્લભે શરણે લીધો છે તેના બળથી આ વિનંતી કરું છું. મારી કોઈ તાકાત કે સામર્થ્ય નથી. નવરત્નમાં આપ જણાવે છે કે , આ સકલ

લૌકિક-અલૌકિક જગતના કર્તા-હર્તા પ્રભુ જ છે. નીજ ઈચ્છાથી જ જીવનું કાર્ય કરશે. જીવે સ્વ-કર્તવ્યનું શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે પાલન કરવું એ જ એનો ધર્મ છે. શ્રીવલ્લભ અને એના નીજજનોની કૃપા વિના કાંઈ પ્રાપ્ત થતું નથી. જીવ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું પાલન નથી કરતો તે જ મોટો અપરાધ છે. શ્રવણનું મનન કરી, જીવનમાં ઉતારવું. 84/252 ભગવદીયોની વાર્તા પ્રમાણે જીવવા પ્રયત્ન કરવો. મન-ચિત્તને બધામાંથી કાઢી સ્વરૂપ ધ્યાન-સ્મરણ-ગુણગાન કરવા, પુષ્ટિમાર્ગમાં પરમ ફલ પ્રાપ્તિ એ જીવનું આધિદૈવિક લીલા મધ્યપાંતિ સ્વરૂપ જ છે. એ ન પ્રાપ્ત થયું તો જીવન નિષ્ફળ ગયું જાણવું. "શ્રીવલ્લભ શરણ થકી સૌ પડે સહેલું." (દયારામભાઈ)

## પરમ ફલ રૂપ વિરહ

- શ્રી કંચનભાઈ ગાંધી, વડોદરા

નીજ ગોલોક  ધામમાંથી દૈવીજીવ ભૂતલ પર આવ્યા. ઘણા સમય કાળના પ્રતાપે અનેક જન્મોના ચક્કરમાં પડી   એ પોતાનું અને પ્રભુના મૂલ સ્વરૂપને ભૂલી ગયો. પુષ્ટિનું બીજ તો હતું જ.  બ્રહ્મસંબંધ તેઓને જ થાય છે કે જેમાં પુષ્ટિ બીજ છે અને મૂલ ધામથી ભૂતલ વિછર્યો છે.     દેખાદેખી ભલે બ્રહ્મસંબંધ લેવાય-અપાય પરંતુ અધિકારી-પુષ્ટિ વરણીય જીવોને જ તે ફલીત  થાય છે. અન્યને નહિ. અનેક જન્મોનાં ફલ રૂપ મનુષ્ય દેહ મળ્યો. શ્રીવલ્લભે નીજ દૈવી જાણી શરણે લીધો. સેવા માટે સેવ્ય સ્વરૂપ પધરાવી આપ્યું. છતાં માયા મોહના અંધકારને   લીધે ધ્યેય પ્રાપ્તિની ચિંતા-કલેશ નથી. શ્રીવલ્લભની આજ્ઞા પ્રમાણે નિવેદનનું સ્મરણ સતત નહિ કરતો હોવાથી, વિરહ ભાવનાથી વંચીત રહી આવે છે. વિરહ ભાવના વિના પુષ્ટિ પરમ ફલની પ્રાપ્તિ જ નથી. સતત શ્રીમહાપ્રભુજીની આજ્ઞા મેંડ-મર્યાદા સહિત સેવા , સ્મરણ, ગુણગાન, ધ્યાન કરતા રહેવાથી અને સંતપુરૂષોનો સત્સંગ કરવાથી , સ્વરૂપ અનુસંધાન સહિત તાપાત્મક ગુણગાન કરવાથી જ તાપાત્મક સુધા સ્વરૂપ શ્રીવલ્લભ વિરહ-તાપભાવનું દાન કરશે.  સેવા અને સ્મરણ પણ ધર્મિ સાક્ષાત સ્વરૂપાનંદની પ્રાપ્તિના માર્ગે ચાલનાર ને જ થાય છે. કારણ તે અધિકારી જીવો છે. પુષ્ટિ વરણીય છે માટે. જીવનું અવાંતર ફલ-ધ્યેય સ્વરૂપ  તેનું જ લીલામધ્યપાંતિ આધિદૈવિક સ્વરૂપ છે. જે સેવા

દ્વારા પ્રાપ્ત કરવાનું છે. આ જ દેહે અહીં જ આ આધિદૈવિક સ્વરૂપની પ્રાપ્તિ કરવાની છે. બ્રહ્મસંબંધ વખતે જ આ જીવનું આધિદૈવિક સ્વરૂપ અને પ્રભુનું ભાવાત્મક સ્વરૂપ તેનાં હૃદયમાં પધરાવી આપ્યું છે. બીજે કાંઈથી પ્રાપ્ત નથી કરવાનું. શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે, "સુધા સિંધુ કે નિકટ બસત હે, ક્યોં રહત મૂઢ પ્યાસા." આ સુધા સિંધુ સ્વરૂપ પ્રભુનું જીવના હૃદયમાં જ છે. એને ઓળખવાની, માનવાની, અનુભવવાની જ જરૂર છે. ભગવદીયોની કૃપાથી સત્સંગ દ્વારા તાપભાવની વૃદ્ધિ થવાથી એની પ્રાપ્તિ છે.

મનને સતત પ્રયત્નપૂર્વક પ્રપંચ જગતમાંથી કાઢી એકાંત અને એકાગ્રતા સાધી સંગ રહિત થઈ, નીજ ગૃહમાં જ રહી, સ્વરૂપ ધ્યાન અને ગુણગાન કરવાથી વિરહ ભાવની પ્રાપ્તિ થાય છે. આપશ્રી વલ્લભ રહઃ પ્રિય છે. જ્યારે જીવ એકાંતમાં એક ધ્યાનથી સતત ગુણગાન કરે તો તેના હૃદયમાં આપ બિરાજે છે. "જે કરે પોતાના ગુણનું ગાન, તેના હૃદય કમલે રહેવાનું સ્થાન." શ્રીસર્વોત્તમજીના ધોળમાં બતાવ્યું છે. નિ.લ.માં પણ આપે ગુણગાન-ધ્યાનની જ આજ્ઞા કરી છે.

ગીતામાં ભગવાને અર્જુન પ્રતિ આજ્ઞા કરી છે , કે જે જીવ મારા એકલાને શરણે આવે છે, તે જ મારી દુસ્તર માયાને તરી શકે છે. શ્રદ્ધાપૂર્વકનું અનન્ય શરણ જ માયા તરવાનું સાધન છે. શ્રીમહાપ્રભુજી સુ.1-7-6માં આજ્ઞા કરી છે કે આ જ્ઞાન જેવી દેખીતી માયાથી મોહ ઉત્પનન થાય છે. તેથી તેમાં (જ્ઞાન-પંડિતાઈ) વિશ્વાસ રાખી શકાતો નથી. શબ્દ બ્રહ્મનો નિષ્ણાંત રસાત્મક બ્રહ્મને વસુકી ગયેલી ગાય તેના માલિકને બોજારૂપ છે. તેમ પ્રભુના કેવળ ધર્મિ સ્વરૂપના શરણથી જ વિરહમાં બધા પ્રતિબંધો દૂર થઈ જાયછે. કેવલ વિરહ સ્વરૂપ સિવાય અન્ય કોઈ સંબંધ રહે તો વિરહનો અનુભવ થઈ શકતો જ નથી. વિરહી ભક્તનું "અહં" વિરહમાં દગ્ધ થઈ જાય છે. ભાવ સ્વરૂપ સાથે અદ્વૈત પ્રાપ્ત થાય છે. પ્રભુની સમાન ઐશ્વર્ય તાદાત્મકતાથી સિદ્ધ થાય છે. ત્યારે જ તનુનવત્વતા પ્રાપ્ત કરી અગણિતાનંદ સ્વરૂપને ધારણ કરવાની પાત્રતા સિદ્ધ થાય છે. તાપાત્મક વિરહના માર્ગે ચાલનારા જ સ્વતંત્ર ભક્તિમાં પ્રવેશ પામે છે. મધુર તાપાત્મક સ્વરૂપ શ્રીવલ્લભચરણ કમલનો અનન્ય આશ્રય કરનારામાં આપનું

તાપાત્મક સ્વરૂપ બિરાજે છે. તે સ્વરૂપ જ વિરહનો આનંદ કરાવે છે. અગિણાતનંદને ધારણ કરવાનું પાત્ર આપશ્રીનું તાપાત્મક સ્વરૂપ જ છે. "રાજ, યહ માર્ગ તાપ કલેશ કો હૈ." આ ધ્રુવ વચન શ્રીદમલાજી દ્વારા પુષ્ટિ સૃષ્ટિ પ્રતિ કરેલ છે. બિંદુ અને નાદ બંને સૃષ્ટિને તાપાત્મક માર્ગનું સૂચન કરેલું છે.વિરહની કાષ્ટાપન્ન અવસ્થાને ભોગવીને અગણિતાનંદને ધારણ કરવા શ્રીગોપીજનો પાત્ર બન્યાં અને પ્રભુની સ્તુતીના વિષય બન્યાં. અને પ્રભુને તેવા ભક્તોનું ઋણ સ્વીકાર્યું. તેની પુષ્ટિ નીચેના શ્લોકથી થાય છે. "ન ધારયેહં નિરવદ્ય સંયુજાં સ્વ સાધુ કૃત્યં વિદ્યુધાયુષાયવિ" (સુ. 10-21-22)

શ્રીવલ્લભ શરણ થકી સૌ પડે સહેલું. (શ્રીદયારામભાઈ)

## શ્રીમહાપ્રભુજીનાં સિદ્ધાંતનું ઉલ્લંઘન એ જ અપરાધ

**- કંચનભાઈ ગાંધી, વડોદરા**

શ્રીમહાપ્રભુજીએ નીજ દૈવી જીવોના ઉદ્ધાર અર્થે ભાવાત્મક સેવા માર્ગ – કૃપામાર્ગ પ્રગટ કર્યો. અને માર્ગના સિદ્ધાંતો ભૂતળના જીવો સમજે અને જીવનમાં ઉતારે એ માટે નીજ ચોરાસી ભક્તોની વાર્તાઓમાં તે દર્શાવ્યા છે. એમાંથી આજે રજોબાઈની વાર્તાનો એક પ્રસંગ અવલોકીએ :

એકવાર શ્રીલક્ષ્મણ ભટ્ટજીના શ્રાદ્ધનો દિવસ હતો. શ્રીમહાપ્રભુજીએ બ્રહ્મ ભોજન માટે બ્રાહ્મણોને બોલાવ્યા હતા. તે સમયે સામગ્રી માટે ઘી ઓછું હતું. જેથી શ્રીમહાપ્રભુજીએ રજોબાઈને ત્યાં ઘી લેવા માટે એક માણસને મોકલ્યો. રજોબાઈએ એ માણસને કહ્યું, "મારે ત્યાં ઘી નથી."એ માણસ ત્રણ વાર આવ્યો અને ત્રણેય વાર ઘી આપ્યા વિના રજોબાઈએ તેને પાછો કાઢ્યો. અહીંયા રજોબાઈની પરીક્ષા કરવા અર્થે જ શ્રીમહાપ્રભુજીએ માણસને ઘી લેવા મોકલ્યો છે. ઘી નહીં આપવાનું કારણ એ હતું કે પુષ્ટિ દૈવી જીવોએ વૈદિક, લૌકિક અને કૌટુંબિક આમ ત્રણે પ્રકારના આચરણના નિયમો ક્યારે ઉલ્લંઘન કરી શકાય અને સેવા શુદ્ધ ભાવે કરી શકાય તે દર્શાવ્યું છે. આમ આ ભાવને ભૂતલના અત્યારના જીવો સમજે એવા હેતુથી જ શ્રીમહાપ્રભુજીએ ઘી લેવા મોકલ્યો હતો. ઘી કયા કાર્યમાં લેવાનું હતું, તેનો વિવેકપૂર્વક સમજી અમલ

કરવાનો હતો. જો ઘી શ્રીઠાકોરજી માટે મંગાવ્યું હોત તો જરૂર આપત. શ્રાદ્ધ અર્થે મંગાવ્યું જેથી રજોબાઈએ ના પાડી. રજોબાઈ કહે છે કે , 'હું શ્રીલક્ષ્મણ ભટ્ટજીની દાસી નથી ! હું તો શ્રીમહાપ્રભુજીની દાસી છું ' આમ ખુમારીપૂર્વક જવાબ આપે છે. આ જે પુષ્ટિભક્તનું સ્વરૂપ, કેવલ શ્રીમહાપ્રભુજીએ મંગાવ્યું માટે આપવું જોઇએ એ વાત અહીં નથી. ક્યાં કઇ ઠેકાણે એને વિનિયોગ કરવાનો છે તે મહત્વનુ છે. નિવેદિત જીવનું જે કાંઈ છે, તન-મન-ધન તે સર્વનો વિનિયોગ પ્રભુ માટે જ થવો જોઈએ. એનો અન્ય વિનિયોગ કરાવવો તે જ અપરાધ છે. શ્રીવલ્લભના સિદ્ધાંતો હાલમાં નહીં સમજવાથી મોટો અનર્થ જીવો કરી રહ્યાં છે. સર્વસ્વ પ્રભુને અર્પણ કરનાર જીવનું પોતાનું કશું જ નથી. આ મૌલિક મુખ્ય સિદ્ધાંત પુષ્ટિ માર્ગનો છે.

ઉપરના પ્રસંગને હાલમાં ભૂકંપ ગ્રસ્તવિસ્તારના થઈ રહેલા કાર્યોના સંદર્ભમાં વિચારીએ. જેઓએ ત્યાં ભૂકંપગ્રસ્ત વિસ્તારમાં ગામો દત્તક લીધાં છે , અને લોકકલ્યાણ-જનકલ્યાણના નામે વૈષ્ણવ સૃષ્ટિને ધનનો વિનિયોગ કરવા માટે અપીલ કરી રહ્યા છે ! ત્યાં ઉપરનો રજોબાઈનો પ્રસંગ વિચારણિય થઈ પડે છે. વૈષ્ણવ સૃષ્ટિનું ધન શ્રીહરિ-ગુરૂ-વૈષ્ણવ માટે જ ચે. અન્ય વિનિયોગ માટે નથી. પુષ્ટિ સૃષ્ટિને પ્રભુએ નીજની સેવા અર્થે પ્રગટ કરી છે. નહીં કે અન્ય કાર્યો માટે. કીડીથી કુંજર સુધીના જીવો પર દયા કરવી એ વૈષ્ણવનું કર્તવ્ય છે. શ્રીગુસાંઇજીના માર્ગમાં કુંજરી તરસે મરતી પડી હતી , તેથી ખાસા ઝારીજીનું જલ પાઇ બચાવી લીધી. શ્રીગુસાંઇજી શ્રીહસ્તમાં ઝારીજી લઈ એવી કુંજરીઓને શોધવા કદી નિકળ્યા નથી ! વૈષ્ણવ પરિવારમાં શ્રીમહાપ્રભુજીના ત્રણ બેઠકોને ભૂકંપમાં નુકશાન થયું છે. ત્યાં મદદની જરૂર છે જ. આવી પરિસ્થિતિમાં વૈષ્ણવો દ્વીધામાં પડી જાય છે. જ્યાં જ્યાં પરોપકાર દયાના કાર્યો થતાં હોય છે તેમાં સૂક્ષ્મ અહમ્ અને પ્રતિષ્ઠા અવશ્ય છૂપી વાસનાની જેમ રહે છે. કોઈ વિરલા જ એમાંથી મુક્ત રહી શકે. જડભરતજી હરણનો જીવ બચાવવા ગયા. દયા-ઉપકાર કર્યો. તેમાં આસક્તિ થવાથી ત્રણ જન્મનો ભગવદ પ્રાપ્તિમાં અંતરાય પડ્યો. તો હાલના જીવોનું શું થાય ? આવા સમયે શ્રીમહાપ્રભુજીના અંતરંગ ભક્તોના જીવનચરિત્રોનું અવગાહન અવલંબન રૂપ છે. કાલની પ્રવાહે સતપુરૂષોની બુદ્ધિ પણ

હરિ લીધી છે એમ શ્રીહરિરાયજી શિક્ષાપત્રમાં જણાવે છે , ત્યારે શ્રીવલ્લભનું એક અનન્ય શરણ જ ફલરૂપ છે. દુઃસંગ , પ્રતિષ્ઠા અને અહમથી ભલભલા દોષથી ગ્રસ્ત થયેલ છે. જેથી જીવોને સાચી વસ્તુ નહિ સમજાય. શ્રીવલ્લભ જ નીજજનોની રક્ષા કરી બચાવશે.

શ્રીવલ્લભ શરણ થકી સૌ પડે સહેલું (દયારામ)

## વિષમકાળ અને પુષ્ટિમાર્ગ

**- શ્રી કંચનભાઈ ગાંધી, વડોદરા**

અત્યારનો સમય અણુ યુગનો છે. ઝડપી યુગ છે. માનવીનું મન પણ ઝડપી અને અતિ ચંચલ છે. આવી વિષમ પરિસ્થિતિમાં પુષ્ટિ જીવે બચવા શું કરવું ? જ્યાં જુઓ ત્યાં શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતથી વિરૂદ્ધ જોવી મળી રહે છે. દુઃસંગમાં અન્યાશ્રય જોવા મળે છે. અસમર્પિત ખાનપાન વગેરે....

દરેક માનવી ઇન્દ્રિયોના સુખની શોધમાં દોડી રહ્યો છે. ક્યાંય સાચા આનંદ સુખની પ્રાપ્તિ થતી નથી. ફક્ત તે આનંદનો આભાસ છે. જાંજવાના નીર જેવું છે. ક્ષણીક અલ્પ સુખ માટે જીવનનો કિંમતી સમય અને તમ , મન, ધન વેડફી રહ્યો છે. પરંતુ પુષ્ટિ જીવ વિચાર કરે તો એને સમજાય કે સાચું સુખ તો તેના અંતરમાં છે. માનવી આંતરમુખી બને તો કાંઈ પણ પ્રાપ્ત કરી શકે છે. હાલમાં પુષ્ટિ જીવ ફક્ત શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી, શ્રીહરિરાયજી, આદિ મહત આચાર્યોના ગ્રંથોનું જ શ્રવણ-મનન કરે તો કાંઈ પ્રભુકૃપા પ્રાપ્ત થાય. હું શ્રીવલ્લભકૃપાથી વૈષ્ણવ બન્યો , મારું કર્તવ્ય શું ? મારે શું પ્રાપ્ત કરવાનું છે ? હું આ ભૌતિક જગતનો મૂળ વતની નથી. હું નિજ ગોલોકધામમાંથી નાના મોટા અપરાધથી પ્રભુથી અને લીલાધામથી વિછર્યો છું. ભૂતલમાં આવી બધું જ ભૂલી ગયો છું. પુષ્ટિમાર્ગના ગ્રંથોમાં સાક્ષાત શ્રીમહાપ્રભુજી નામાત્મક સ્વરૂપે બિરાજે છે. એમનો જ આશ્રય કરી જીવે દઢ શ્રદ્ધાથી રહેવું. 84/252 ભગવદીયોની વાર્તાઓમાં જે પુષ્ટિ સિદ્ધાંતો બતાવ્યા છે, તેનું જ અનુકરણ-આચરણ સમજપૂર્વક હિત-અહિત-ધર્માધર્મનો વિવેક રાખી જીવનમાં એનું પાલન કરવું. એ

સિવાય બીજે ભટકવાથી કાંઈ પ્રાપ્ત કરવાનું નથી. મનથી દ્રઢ નિશ્ચય કરવો કે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંત વિરૂદ્ધ જમા થતું હોય , કહેવાતું હોય ત્યાંથી દૂર ખસી જવું. જે થાય છે, જે થઈ રહ્યું છે એ પણ પ્રભુની જ ઈચ્છાથી થાય છે એમ નિશ્ચય માનવું. મનમાં એ વિશે જરા પણ દોષ બુદ્ધિ લાવવી નહિં. નહિંતો પોતાનો જ બગાડ થશે. જે પ્રાપ્ત કર્યું હશે તે પણ ખોઈ બેસીશું. શ્રીહરિરાયજી શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે મહાપુરૂષોની બુદ્ધિને પણ હરી લે તેવો આ કલીકાલ આવ્યો છે , માટે જીવે સાવધાન રહી પુષ્ટિમાર્ગના ગ્રંથોનું જ સેવન કરવું. ચારે તરફ ઘરમાં આગ લાગી હોય અને જીવ બચાવવા જેમ માનવી પ્રયત્ન કરે, તેવી સ્થિતિ પુષ્ટિ જીવની આજે થઈ રહી છે. બધે ભટકવાથી દુ:સંગ જ પ્રાપ્ત થશે. ઘરના ખૂણે પોતાના સર્વસ્વ ધન સેવ્યનિધિની સેવા કરી બેસી રહેવું જ ઉચીત છે.

શ્રીમહાપ્રભુજીના સ્વરૂપને સમજવું આ જીવ માટે અત્યંત દુર્લભ છે. આપ સ્વયં કૃપા કરી દર્શાવે તો જ શક્ય બને તેમ છે. કેવલ કૃપા સાધ્ય છે , સાધન સાધ્ય નથી. શ્રીવલ્લભ અને શ્રીજીનો અભેદ છે. શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલનો અભેદ છે. શ્રીવલ્લભ અને દમલાજીનો અભેદ છે. શ્રીવલ્લભ પૂર્ણપુરૂષોત્તમ રૂપે સનમનુષ્યાકૃતિ આચાર્યરૂપે ભૂતલ ઉપર દૈવી જીવોનો ઉદ્ધાર અર્થે પ્રગટ થયા છે. આપ હરિવદનાનલ છે , આપ વૈશ્વાનર, તાપાત્મક, સુધા સ્વરૂપ છે. આપશ્રીનું સ્વરૂપ ભાવાત્મક છે એ કોઈ ચોક્કસ ભાવ કે મર્યાદામાં બંધાઈ જાય એવું સ્વરૂપ નથી. અતિ વિલક્ષણ છે. ધોતી ઉપરણામાં બિરાજતા શ્રીવલ્લભ એમાં જ સિમિત નથી. શ્રીવલ્લભ તો એથી પણ પર છે. નીજ અંતરંગ સિવાય એ સ્વરૂપ કોઇને વેદ્ય નથી. આજે તો વિપરિત સ્થિતિ જોવા મળે છે. એના જ જનો શ્રીવલ્લભના પૂતળા બનાવી એ સ્વરૂપને દર્શાવી રહ્યા છે. કારણ કે આજના યુગમાં કંઈક આધુનિક કરવાની મનોકામના, મહેચ્છા રહી આવે તે સ્વભાવિક છે. જીવનો એ ધર્મ છે જે કાળમર્યાદાને આધિન છે. મોટી સંખ્યામાં સભાઓ શોભાયાત્રાઓ કરી પ્રચાર પ્રસાર કરવો. આ શુદ્ધ પુષ્ટિમાર્ગ નથી. પુષ્ટિનો પ્રચાર – પ્રસાર થઈ શકતો જ નથી. જે નીજ જન છે. દૈવી છે, તે તો પ્રભુની ખોજ કરતો જ રહેશે. પ્રાપ્ત કરી લે છે. કૃષ્ણદાસ મેઘનના ગુરૂએ કહ્યું, “કોઈ મહાન ભગવદ્ સ્વરૂપ

ભૂતલ પ્રાદુર્ભૂત થયું છે." બસ, દૈવી હતા તુર્ત દોડી ગયા. શોધ કરી, પ્રાપ્ત કર્યા. આ છે પુષ્ટિમાર્ગ. પોતાના સર્વસ્વ સ્વરૂપનો ઉત્સવ ગુપ્ત રીતે નીજ જનોમાં જ ગૃહમાં કે મંદિરોમાં ઊજવાય. બીજા અન્ય માર્ગીય આચાર્યો કે લોકોના સમૂહ વચ્ચે નહીં. શ્રીવલ્લભનું સ્વરૂપ જગત કે જાહેર માટે નથી. દૈવી જગત માટે જ છે. આપશ્રી વલ્લભનું સ્વરૂપ કેવું છે ? એક પ્રસંગથી જોઇએ.

શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ ચિતરવા માટે બાદશાહની આજ્ઞાથી તે સમયનો મહાન ચિત્રકાર હોનહાર આપશ્રી સમક્ષ આવ્યો. વિનંતિ કરી કે બાદશાહની ઈચ્છા પ્રમાણે આપશ્રીનું ચિત્ર દોરૂં, આપશ્રી કાંઈ બોલ્યા નહિં. ચિત્રકાર ચિત્ર દોરવા માંડ્યો, પણ એ શ્રીવલ્લભનું ચિત્ર દોરી શક્યો જ નહિ. થાકીને શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી, કૃપા કરી આપશ્રીનું ચિત્ર હું દોરી શકું તેવી કૃપા કરો. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી , સામે શ્રીયમુનાજીમાં સ્નાન કરી અપરસમાં આવો. ચિત્રકાર સ્નાન કરી આવ્યો , આપશ્રીએ અષ્ટાક્ષર મંત્ર આપી આજ્ઞા કરી , હવે તમે ચિત્ર દોરો. આમ શ્રીવલ્લભની કૃપાથી એ ચિત્રકાર ચિત્ર દોરી શક્યો, તો આજે તેમના પૂતળા બનાવવાની કેવી આજ્ઞા થઈ હશે, પ્રભુ જાણે. કાળ કાળનું કાર્ય કરે છે. સામાન્ય જીવોએ એ વિચારવાનું રહેતું જ નથી. શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતની વિરૂદ્ધ લાગે તો ત્યાંથી ખસી જવું.

"શ્રીવલ્લભ શરણ થકી સૌ પડે સહેલું."– દયારામ

## પુષ્ટિમાર્ગીય સેવા પ્રભુને પ્રગટ કરવા માટે છે.

**- કંચનભાઈ ગાંધી, વડોદરા**

શ્રીમહાપ્રભુજીએ ભાવાત્મક ફલરૂપ પુષ્ટિમાર્ગમાં 'રાગ, ભોગ અને શૃંગાર'ને પ્રાધાન્યતા આપી છે, જેથી પુષ્ટિ જીવની સકલ ઇંદ્રિયો અને દેહનો વિનિયોગ સેવામાં થઈ જાય છે. પ્રભુ જીવને સેવા દ્વારા પોતાની સન્મુખ રાખે તેનું નામ નિરોધ. બ્રહ્મસંબંધ કરાવી જીવને સેવા માટે સ્વરૂપ પધરાવી આપે છે. જીવને માથે પ્રભુ સાક્ષાત બિરાજે છે એવો દ્રઢ ભાવ થઈ જવો જોઇએ. એ પ્રભુ જ મારૂં સર્વસ્વ છે. પુષ્ટિમાં પ્રભુ પ્રથમ મળી જાય છે, જ્યારે મર્યાદામાં સાધના કર્યા પછી પ્રભુ મળે છે. હવે એ મળેલા પ્રભુ સાક્ષાત છે.

તે પ્રગટ  થઈ અનુભવ કરાવે તે પુષ્ટિમાર્ગીય ફળ છે. ઠાકોરજી મળે તે પ્રમાણ અને રસાનુભવ કરાવે  તે ફલ. શ્રીમહાપ્રભુજીની મેંડ-મર્યાદાથી સેવા સ્વીકારે છે. જ્યારે પ્રગટ થઈ જાય ત્યારે ફલાનુભવ કહેવાય.

જ્યાં સુધી જીવત્વ છે ત્યાં સુધી દાસત્વ માટે સેવા કરવી , દાસત્વ છે તો પ્રિયત્વ માટે સેવા  કરવી, પ્રિયત્વ છે તો સ્વરૂપાનંદના આનંદ માટે સેવા કરવી. પ્રથમ દાસત્વ જરૂરી છે.  બધા ભાવો દાસત્વને અવલંબે છે. દાસત્વમાં દેહભાવ નિવૃત્ત થઈ જાય. ભગવદ્ ભાવ દઢ થાય.  વરણ પરસ્પર છે. પહેલું વરણ પ્રભુ જીવનું કરે છે. પ્રભુ કહે છે, "આ જીવ મારો છે. હું  એને પ્રાપ્ત કરાવીશ." પછી જીવનું પ્રભુમાં વરણ થાય છે. પ્રિયત્વ ત્રણ પ્રકારનું સખ્ય, વાત્સલ્ય કે માધુર્ય. સ્વરૂપ નિષ્ઠા ખૂબ જરૂરી છે. નિષ્ઠામાં સ્નેહ હોય છે, જ્યાં ભક્તિ છે ત્યાં સ્નેહ અને સહનશિલતા છે જ. સાક્ષાતમાં પ્રભુને જોઇ શકો. પણ  અનુભવ ના કરી શકો. પ્રગટમાં અનુભવ કરી શકો. પુષ્ટિમાર્ગમાં સેવા પ્રભુને પ્રગટ કરવા  માટે છે. પુષ્ટિ દૈવી જીવને ત્યાં પ્રભુ છે જ   , ક્યાંયે ગયા નથી. સમજીને શોધવા  માંડો. જેમ શ્રીગોપીજનોએ પ્રભુ અંદરધ્યાન થયા પછી શોધ કરી પ્રભુને પ્રગટ કર્યા. બસ, એ જ શ્રીગોપીજનોના ભાવથી સેવા કરો તો ફલ પ્રાપ્તિ થશે.

શ્રીમહાપ્રભુજીએ જીવના અધિકાર અને વરણ પ્રમાણે રૂપ સેવા અને નામ સેવા બતાવી છે. બંને સેવા દ્વારા   મન-ચિત્તનો નિરોધ સિદ્ધ થતાં પુષ્ટિ ફલની પ્રાપ્તિ થાય છે. સેવામાં ક્રમે ક્રમે પ્રેમ, આસક્તિ, વ્યસન અને ફલ સુધી પહોંચાય છે. ફલ શું  ? પુષ્ટિ પ્રભુના સ્વરૂપાનંદનો અનુભવ. ફલમાં સ્વરૂપ સેવા એટલે કે સાધનની અપેક્ષા રહેલી છે. જ્યારે  પ્રમેય બળથી શ્રીમહાપ્રભુજી જીવને તાપાત્મક ગુણગાન કરવાનું કૃપાદાન કરે છે ત્યારે  સીધો જ વ્યસનાત્મક ભાવ સિદ્ધ થઈ જાય અને માનસી સહજ પ્રાપ્ત થાય છે. પુષ્ટિ  પુરૂષાર્થ પ્રાપ્તિમાં સાધનની અપેક્ષા નથી. સુધા સ્વરૂપ શ્રીવલ્લભની કૃપા જ નિયામક છે. તેથી સ્વામીએ નિ. લક્ષણ ગ્રંથમાં ગુણગાન અને સ્વરૂપ ધ્યાનની આજ્ઞા કરી છે.

જ્યાં સુધી જીવને પ્રભુમાં સ્નેહ નથી થયો ત્યાં સુધી બધુ નકામું છે. જ્યાં સુધી જીવને

સંસાર આસક્તિ છે, રાગ છે, ત્યાં સુધી પ્રભુમાં અનુરાગ થવો કઠીન છે. સ્વરૂપજ્ઞાન પુષ્ટિ જીવ માટે જરૂરી છે. સેવા દ્વારા શું પ્રાપ્ત કરવાનું છે ? જીવે પોતાના લીલા મધ્યપાંતિ આધિદૈવિક દેહ (સ્વરૂપ) ને પ્રાપ્ત કરવાનું છે. એ અવાંતર ફલ છે. , એની પ્રાપ્તિથી જ સ્વયમ્ જીવ ગોલોક ધામમાં જઈ ફલરૂપ પુષ્ટિ પ્રભુની સેવા યોગ્ય થાય છે. તે મુખ્ય ફલ, શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે, "સર્વ દોષ અને ચિંતાથી રહિત જે ભગવદિય છે, તેની સાથે મળીને શ્રીગોકુળાધીશ પ્રભુ સદા નિશ્ચય સ્મરણ કરવા યોગ્ય છે. જે અહર્નિશ ભગવદ્ સેવા-સ્મરણ, ગુણગાન,ધ્યાન કરે તેનો ભગવાન નિરોધ કરે છે."

## આશરો એક દ્રઢ :

**- કંચનભાઈ ગાંધી, વડોદરા**

પ્રથમ 'આશરો' શબ્દનો અર્થ અને મર્મ સમજી લઇએ. શિક્ષાપત્રમાં વારંવાર શ્રીહરિરાયચરણ શ્રીવલ્લભ પ્રભુનો દ્રઢ આશરો કરવો એવી આજ્ઞા કરે છે. ભક્ત કવિ સુરદાસજી પણ આશરાના પદમાં 'દ્રઢ ઈન ચરણન કેરો' આજ્ઞા કરે છે. શ્રીવલ્લભના ચરણ ગ્રહણ કેવી રીતે કરવા એનો મર્મ છે , સતત તાપભાવ પૂર્વક શ્રીવલ્લભનું નામ સ્મરણ કરવું. એ જ આશરો કર્યો કહેવાય. 'આશરા'નો બીજો અર્થ થાય છે. આશ્રય. 'આશરો એક શ્રીવલ્લભાધીશનો' વૈષ્ણવો આ પદ પ્રાયઃ બોલે છે. એનો ભાવાર્થ કોઇક વિરલા જ જાણે છે. આશ્રય એ ભગવાનનું જ સ્વરૂપ છે. શ્રીઆચાર્યચરણે અનુગ્રહનો એક અર્થ આશ્રય પણ કર્યો છે. તેથી આશ્રય અનુગ્રહની ભાંતિ ભગવાનના એક ધર્મરૂપ પણ છે. આશ્રય સિદ્ધિ થયા વિના પુષ્ટિ શક્તિનો જીવમાં પ્રવેશ થતો નથી. અને પુષ્ટિ શક્તિના પ્રવેશ વિના આત્મા બલિષ્ટ થઈ ભગવદ પ્રાપ્તિ નહિ કરી શકે. (સુ. 10-36-55) બલહીને ન લભ્યઃ (શ્રુતિ) અનન્યભાવ વિના આશ્રય દ્રઢીભૂત નથી થતો. એકમાત્ર શ્રીકૃષ્ણને શરણે જવાથી જ અનન્યભાવ સિદ્ધ થાય છે. અને એ પ્રકારે અનન્યતાથી સર્વાત્મભાવની પ્રાપ્તિ થાય છે.

હવે પુષ્ટિ મર્મને સમજીએ. ટૂંકમાં દશ મર્મ શ્રીહરિરાયજીએ બતાવ્યા છે.

**(1)** શ્રીમદાચાર્ય ચરણ કમલમાં દ્રઢ નિષ્ઠા રાખવી.

**(2)** બીજો ધર્મ શ્રીકૃષ્ણ સેવા છે. તનુવિત્તજા સેવાથી સેવ્યને તત્સુખભાવથી સેવવા અને માનસિ દશા સુધી પહોંચવું એ જ સેવા છે.

**(3)** લૌકિક વૈદિકનો ત્યાગ કરી પ્રભુને શરણે જવું.

**(4)** 'દીનતા' શ્રીમહાપ્રભુજી પ્રભુ પ્રાપ્તિનું એકમાત્ર સાધન દીનતા – દૈન્યને ગણે છે. દૈન્ય પ્રાપ્તિથી જ પ્રભુપ્રાપ્તિ પ્રસન્નતા સત્વરે થાય છે.દૈન્ય યુક્ત વિરહભાવથી ગોપીગીત ગાયું, ત્યારે જ પ્રભુ અંતરધ્યાન થયા હતા , તે શ્રીગોપીજનોની મધ્યમાં પ્રગટ થઈ ગયા.

**(5)** પુષ્ટિ પુરૂષોત્તમ સદાનંદ પ્રભુની નિત્ય લીલાની સદાય હૃદયમાં ભાવના કરવી. 'ભાવો ભાવનિયા સિદ્ધ'

**(6)** વિરહી વ્રજભક્તોનો ભાવ , તેનું જ સ્મરણ કરવું તે છઠો મર્મ. ભાવનું સ્વરૂપ સાકાર અને વ્યાપક છે. ભાવ જ સાકાર સ્વરૂપાત્મક છે. પુષ્ટિમાર્ગમાં ભાવ જ ફલરૂપ છે. પેલી વૈષ્ણવ ડોકરીએ પોતાના શુદ્ધ-અનન્ય ભાવથી શ્રીબાલકૃષ્ણ પ્રભુને મદનમોહનજી બનાવી દીધા. આવું ઉત્તમ પ્રમાણ ભાવનું વાર્તા સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે.

**(7)** ગુણગાન : પ્રભુના ગુણગાનમાં અલૌકિક અગ્નિ રહેલો છે , જે ગુણગાન કરનાર ભક્તના હૃદયમાં રહેલ જન્મોજન્મની વાસનાના પાપોના ઢગલાને બાળી સાફ કરી નાખે છે. ગુણગાન (નામ) ધર્મરૂપ છે.તેમાં નામી પ્રભુ ધર્મિસ્વરૂપે બિરાજે છે. ગુણગાન કરનારના હૃદયમાં પ્રભુના ગુણો પ્રગટ થાય છે. અવળા ક્રમે પહેલાં 'વૈરાગ્ય' ગુણ આવે પછી 'જ્ઞાન' ગુણગાન તાપભાવે સ્વરૂપ અને લીલાના અનુસંધાન સહિત થાય તો જ તે ફલરૂપ છે.

**(8)** 'કૃષ્ણનામ સ્ફુરે'નામ અને રૂપ બંને ફલરૂપ છે તેથી જ પુષ્ટિમાર્ગમાં નામ સેવા અને સ્વરૂપ સેવા એમ બે પ્રકારો દર્શાવ્યા છે. બંનેનું ફલ એક જ સ્વરૂપાનંદનો અનુભવ. પણ શરત એક જ કેનામ અને સેવા પ્રપંચ વિસ્મૃતિપૂર્વક થવી જોઇએ તો જ તે ફલાત્મક થાય.

**(9)** ભગવદ વાક્ય માત્રમાં નિષ્ઠા જોઇએ. નિષ્ઠા તો માર્ગના પ્રાણ છે. શ્રીમહાપ્રભુજીનાં વચનો-આજ્ઞામાં આધુનિક જીવોને નિષ્ઠા નહિ હોવાથી જ પુષ્ટિ ફલથી વંચીત રહી ભટકે છે. સ્વામીની આજ્ઞાનું પાલન કરવું તે સેવકનો ધર્મ છે. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે. અમસર્પિતનો ત્યાગ , અન્યાશ્રયનો ત્યાગ, અસતાઆલાપ, અસત્સંગનો ત્યાગ જીવ આ વચનો પાળે છે ? જે આ ચાર આજ્ઞા માને છે તે જ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ જાણવો.

**(10)** 'વિશ્વસ' વિશ્વાસ એ ધર્મનો આત્મા છે. વિશ્વાસથી ધુળજી ચપટી ખાતા પણ રોગ મટી જાય છે. એ કિંવદંતી છે. વિશ્વાસે વહાણ ચાલે છે. જ્યારે હરિ, ગુરૂ, વૈષ્ણવમાં દ્રઢ વિશ્વાસ થાય ત્યારે જાણવું કે જીવ પુષ્ટિને લાયક થયો.

શ્રી મહાપ્રભુજીના ચરણકમલનો દ્રઢ વિશ્વાસ રાખી આશ્રય કરવો એ જ પુષ્ટિ ભક્તિમાર્ગમાં પ્રથમ કર્તવ્ય છે.

## પુષ્ટિમાર્ગમાં તાપભાવ જ ફલરૂપ છે

મૂળ ગોલોક ધામમાંથી દૈવીજીવ ભૂતલમાં આવી પડ્યો છે. ઘણો સમય થઇ જવાથી તે પ્રભુના સ્વરૂપને, લીલાને, લીલા ધામને અને પોતાના નિજ લીલાના સ્વરૂપને પણ ભુલી ગયો છે. અનેક જન્મોથી સંસારમાં ભટકવાથી તે મૂઢમતિ બની ગયો છે. શ્રીવલ્લભની કૃપાથી આ જન્મે શરણે આવી બ્રહ્મસંબંધ પ્રાપ્ત કર્યું છે. ગદ્ય મંત્રમાં પુષ્ટિ જીવે શું પ્રાપ્ત કરવાનું છે , તેનો અંગૂલીનિર્દેશ કરેલો છે. તાપકલેશ તિરોભાવ થયો છે. સેવા, સ્મરણ, ગુણગાન, ધ્યાન દ્વારા તાપ ભાવની પ્રાપ્તિ કરવાની છે. સેવા ફળરૂપ થતાં જ શ્રીવલ્લભ તાપભાવનું દાન કરે છે. આપ શ્રીવલ્લભ તાપાત્મક સુધા

સ્વરૂપ છે. જેવી રીતે પ્રભુ જ્યારે અંતરધ્યાન થયા,ત્યારે શ્રીગોપીજનોએ અનેક સાધન પ્રભુને શોધવા કર્યા, છતાં પ્રભુ ન મળ્યા. છેવટે ખૂબ તાપભાવ, વિરહથી, રૂદન કરતાં ગોપીગીતનું ગાન કર્યું. ત્યારે તેઓની મધ્યમાં પ્રભુ  પ્રગટ થયા. આમ પ્રભુ માટે કોઇ સાધન કામ નથી આવતું પણ તાપાત્મક ગુણગાન જ ફલરૂપ છે.

આજના મૂઢ જીવો  સંસાર આસક્તિમાં રચ્યા-પચ્યા રહે છે. દૈવી હોવા છતાં પ્રભુ પ્રાપ્તિનો તાપ નથી , આર્તિ નથી. એનું મુખ્ય કારણ સત્સંગનો અભાવ , દુઃસંગ અને દુષ્ટઅન્ન છે. આ બધા મહાન પહાડ જેવા પ્રતિબંધ છે. 20-25 વર્ષથી ભોગ ધરી લેતા વૈષ્ણવો છે, છતાં તેઓમાં તપ કે વિરહ જોવા નથી મળતો. જીવને જે અલૌકિક ચિંતા હોવી જોઇએ એ નથી. કોઇ એવો હરિનો લાલ, વિરલો, રસિકજન કે જેના નેત્રોમાં પ્રભુ મિલનની અર્તિ હોય, અશ્રુની ધારા વહેતી હોય, એવાનાં દર્શન થતાં નથી. ભૂતલ પર જરૂર એવા શ્રીવલ્લભજનો છે , જેઓ સ્વરૂપમાં જ ડૂબેલો  રહે છે. તેઓ કોઇનો સંગ કરતા નથી, આવા જનો માટે સંગ પણ બાધક હોય પછી તેઓને સંગ  ક્યાંથી પ્રાપ્ત કરી શકીએ ? એવી ભગવદીઓનું સ્મરણ પણ ફલરૂપ બની જાય છે. તેમના સ્મરણથી જીવના પાપોનો નાશ થાય છે.

સમય કાળ વહી જાય છે. આ જીવનું આયુષ્ય ક્ષણે ક્ષણે ક્ષીણ થતું જાય છે. કશી જ પ્રાપ્તિ વિના સમય જતો રહે છે ! જ્યારે કોઇ વૈષ્ણવને અકાળે રોગગ્રસ્ત કે પ્રભુશરણ થઈ જતા જોઉં છું ત્યારે હૃદયમાં અપાર વ્યથા અનુભવું છું. અરે , પ્રભુ આ દેહ આવો ક્ષણભંગૂર ! પ્રભુને શરણે આવી, સેવા દ્વારા જો પ્રભુના સ્વરૂપનો સાક્ષાત્કાર ના કર્યો તો આ જીવનનો શો અર્થ  ? જીવન ફેરો નકામો જવાનો  ? દરેક જાગૃત પુષ્ટિ જીવે આનો વિચાર કરવો જોઇએ એવું નથી   લાગતું ? હા નાથ ! હું તારે લાયક ક્યારે બનીશ એવી હાય હૃદયમાંથી ક્યારે ઉઠશે ? દેહ સશક્ત હોય ત્યારે બને તેટલો સમય સેવા-સ્મરણમાં જ કાઢવો જોઇએ નહીં તો કાળથી ઠગાઇ જઇશ ! કાળનો શો ભરોસો ? જ્યારે શ્રીમહાપ્રભુજીને શરણે આવવા જીવ આજ્ઞા માંગતા  , ત્યારે પોતે કહેતા , ના હમણાં નહીં ,. અમે પૃથ્વી પરિક્રમામાં છીએ. ત્યારે જાગૃત જીવ શું   જવાબ આપે.

'કૃપાનાથ, આ દેહનો શો ભરોસો ' આ દૈવીજીવના તાપભાવનું લક્ષણ જોવા મળે છે. આપ તુર્તજ તે જીવને શરણે લઇ સેવા પધરાવી બધી સેવા રીત શીખવી આજ્ઞા કરતા. 'જા, હવે તું ઘેર જઇ સેવા કરજે.'

જીવને પ્રભુના સ્વરૂપમાં શુદ્ધ સ્નેહ જ નથી થયો. જો સ્નેહ થયો હોય તો સેવ્યને મુકી વ્રજયાત્રા, બેઠકયાત્રા, મનોરથોમાં દોડ મુકે ? અરે વર્ષોથી સેવા કરો છો , કદી તમને સ્વપ્નમાં પણ જો તમારા સેવ્યનાં દર્શન ન થાય તો તમારી સેવા કેવી ? વિચાર કરો. કારણ, ચિત્તમાંથી વાસનાનો ઉકરડો કાઢ્યો નથી. તાપાત્મક શ્રીવલ્લભના ગુણગાન , શ્રીસર્વોત્તમજી, ષોડશગ્રંથના શ્રવણ-મનનથી જ આ પ્રતિબંધો દૂર થશે. જે શ્રીવલ્લભની કૃપાથી સકલ સ્વરૂપાનંદ, લીલા વિ. અનુભવ કરાવવા સેવ્ય સ્વરૂપ બિરાજે છે , તેને જ સર્વસ્વ અને સાક્ષાત માની સેવા કરવી જોઇએ. બીજે ક્યાંય જવાની જરૂર નથી. 84/252 ભગવદીઓએ જે કાંઇ ફલપ્રાપ્તિ કરી છે તે સેવ્યની સેવા દ્વારા જ કરી છે , વાર્તાઓ રોજ વાંચી જવી છે પરંતુ ભાઈ, એ ભગવદ ચરિત્રો ખાલી વાંચવા માટે નથી કર્યા. આપણા જીવનમાં ઉતારવા માટેના એ ચરિત્રો છે. આ વિશે કદી વિચાર જીવને નથી આવતો, શું ?

લેખક : કંચનભાઈ ગાંધી, વડોદરા

## સ્વરૂપ નિષ્ઠા

**- શ્રી કંચનભાઈ ગાંધી, વડોદરા**

પુષ્ટિ જીવનું એકમાત્ર કર્તવ્ય – પ્રભુની સેવા જ છે. શ્રીમહાપ્રભુજી 'ચતુઃશ્લોકી'માં આજ્ઞા કરે છે "સર્વદા સર્વભવેન ભજનિયો વ્રજાધીપ" પ્રથમ જીવને માર્ગ નિષ્ઠા અને માર્ગમાં રુચી હોવી જરૂરી છે. જો આ નહિ હોય તો પુષ્ટિમાં એ જીવ કશું જ પ્રાપ્ત કરી શકશે નહીં. માર્ગના ગ્રંથો અને સત્સંગ દ્વારા રુચી અને નિષ્ઠા દ્રઢ થાય છે. પુષ્ટિમાર્ગમાં અનન્યતા, આસક્તિ અને સ્વરૂપનિષ્ઠા એ માર્ગનો પ્રાણ છે. સ્વરૂપ નિષ્ઠા દ્રઢ કરવાનો ઉપાય સેવા જ છે. માર્ગની મેંડ મર્યાદાથી શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે ચાલીને સેવા કરવાથી જ ફલરૂપ થાય, અન્ય કલ્પીત ભાવનાઓથી નહિ. દાસ્યભાવનું

દાન બ્રહ્મસંબંધ વખતે જીવને શ્રીમહાપ્રભુજીએ કરેલું છે. દાસ્ય અને દિનતા સિદ્ધ થયે જીવ સાથે પ્રભુને ભાવે વિલસવું હોય તે ભાવનું દાન ઘરના સેવ્ય પ્રભુ જ કરે છે. બીજુ કોઈ નહિ. આજે તો જીવો આનંદ માટે બહાર મંદિરો , ઉત્સવોમાં દોડે છે. ત્યાંથી શું પ્રાપ્ત કરી લાવે છે ? બે ઘડી આભાસી આનંદ થયો. આનંદનું સ્વરૂપ તો પ્રભુનું છે તે નિત્ય છે. અખંડ છે. તેનો નાશ થતો નથી. એવા અખંડ આનંદનો અનુભવ કરાવવા શ્રીવલ્લભે વૈષ્ણવને માટે તેનો ઉદ્ધાર કરવા સેવ્ય સ્વરૂપ પધરાવી આપ્યું છે. સકલ ગોલોક ધામનીસંપત્તિ સહિત જીવના ઘરમાં જે સ્વરૂપ બિરાજે છે. છતાં જીવને એની પહેચાન નથી. તેથી બહાર ભટકે છે ! સેવ્ય સ્વરૂપમાં સાક્ષાત પૂર્ણ પુરૂષોત્તમ , ગુરૂઘરનું નિધિ સ્વરૂપ અને નખશિખાંત સુધા સ્વરૂપે શ્રીવલ્લભ બિરાજે છે. આવા અલૌકિક પ્રભુને ત્યજી જીવ બહાર સુખ-આનંદની લાલસાએ દોડે છે. પુષ્ટિમાર્ગમાં સેવા એકાંતમાં એકલાએ જ કરવાની હોય છે. સમૂહમાં નહિ. લૌકિકમાં યુવક-યુવતી પરણીને ઘરના ખૂણે એકાંતમાં સંસાર સુખ માણે છે, બહાર ગ્રુપમાં, ટોળામાં નહિ. તેમ પુષ્ટિ જીવનું છે.

પુષ્ટિમાર્ગમાં દરેક અવસ્થાએ સાધન કે ફલ અવસ્થાએ દાસ્ય ભાવ મધ્યસ્થ રાખવાનો છે. જો દાસ્યભાવ ચૂકી ગયા તો પ્રભુ અંતરધ્યાન થઈ જશે. વાત્સલ્ય કે માધુરી ભાવના ભાવલાં વેડાં કરવાથી અનઅધિકાર ચેષ્ટાથી અપરાધના ભાગીદાર થવાય છે. સંસાર આવેશ છૂટ્યો નથી ત્યાં સુધી દાસ્યભાવ સિદ્ધ કરો. રાસપંચાધ્યાયીમાં પ્રભુ જ્યારે ગોપીજનોને માન-મદ થયો ત્યારે અંતરધ્યાન થઈ ગયા. પ્રભુએ આ ગુણાતીત ગોપીને લઈને પ્રભુ બિરાજી ગયા. પ્રભુએ આ ગુણાતીત ગોપીને (રાધા-સહચરી) સ્વામિની ભાવનું દાન કર્યું. પોતે સ્વરૂપાનંદનો – રસદાન કરવાનો વિચાર કર્યો. એટલામાં એ ગોપીએ પ્રભુને વિનંતી કરી, "હું થાકી ગઈ છું. પ્રભુ, આપ મને કંધા પર લઈ લો." પ્રભુએ વિચાર કર્યો , આ ગોપી રસદાનને પાત્ર નથી. તેથી આપ અંતર ધ્યાન થઈ ગયા. પછી એ ગોપીને સ્વદોષનું જ્ઞાન થયું. ખૂબ રુદન કર્યું , "હે નાથ ! ક્યાં છો ? ક્યાં છો ? હું તમારી દાસી છું મને ત્યજી ના દેશો. " જોયું ? દાસ્ય ભાવ વિસરાઈ ગયો જેથી પ્રભુ અંતરધ્યાન થઈ ગયા. વિચાર કરો વૈષ્ણવો કે મનસ્વી

ભાવલા વેડા કરવાથી પ્રભુ તમારા ઘરમાંથી જતા રહે કે નહિ ?

સારસ્વત કલ્પમાં નંદાલયમાં અવતાર કાલનું સ્વરૂપ પ્રગટ થયું. શ્રુતિરૂપા અને ઋષિરૂપા ગોપીજનોને આપે વરદાન આપ્યું હતું કે તમારો મનોરથ હું સારસ્વત કલ્પમાં વ્રજમાં પૂર્ણ કરીશ. પ્રભુએ પ્રગટ થઇ બાલ લીલાથી લઘુરાસ પર્યંત અનેક લીલાઓ કરી, જેમકે માખણ ચોરી , ગોચારણ, દાન-માન, પનઘટ, હોરીખેલ વગેરે. આ બધી લીલાઓ દ્વારા પ્રભુએ ગોપીજનોને સ્વરૂપનિષ્ઠ કર્યા. આ બધી લીલાઓ ધર્મ સ્વરૂપે કરી. પછી તેઓના આધિદૈવિક દેહ સિદ્ધ કરી આપે રાસમાં તેમનો અંગીકાર કર્યો ધર્મી સ્વરૂપથી. આવું શ્રીગોપીજનોના જેવું સુખ પ્રાપ્ત કરાવવા શ્રીમહાપ્રભુજીએ આ કલિકાલમાં જીવને શરણે લઈ સેવ્ય સ્વરૂપ પધરાવી આપ્યું. જેથી સેવા દ્વારા , ગુણગાન, સ્મરણ, ધ્યાન દ્વારા જીવ પ્રભુ સન્મુખ રહે. ક્રમે ક્રમે પ્રેમ, આસક્તિ, વ્યસન અને ફલની પ્રાપ્તિ કરે. શ્રીમહાપ્રભૂજી મહા કારુણિક છે. અદેયદાની છે. , નીજ દૈવી જીવો પર કરુણાકરી સાક્ષાત ધર્મિ સ્વરૂપનો સંબંધ બ્રહ્મસંબંધ દ્વારા કરાવી આપ્યો છે. સેવાના 360 દિવસોમાં ઉત્સવો આદિમાં એ જ સારસ્વત કલ્પની લીલાને પ્રસ્થાપિત કરી આપી છે. જેથી શ્રીગોપીજનોના જેવું પરમ ફલ પ્રભુના સ્વરૂપાનંદનો અનુભવ પુષ્ટિ દૈવીજીવ કરી શકે , જ્યાં સુધી અન્યમાં સ્નેહ થાય છે ત્યાં સુધી સેવ્યમાં સ્નેહ થયો નથી. એકવાર શ્રીગોકુલનાથજી પોતાના એક સેવકને ત્યાં પધાર્યા હતા. એ સેવકે આપશ્રીને વિનંતી કરી , "કૃપાનાથ ! અમારા ગામમાં એક વૈષ્ણવ સ્ત્રી-પુરૂષ અનન્ય રહે છે." શ્રીગોકુલેશે અનન્ય જાણી મળવા જવાની ઇચ્છા કરી ત્યાં પધાર્યા. પેલી સ્ત્રી શ્રીગોકુલનાથજીના સ્વરૂપમાં આસક્ત થઈ ગઈ. શ્રીગોકુલેશ ત્યાંથી પાછા પધાર્યા. પહેલા સેવકને કહ્યું, "આ સ્ત્રીમાં અનન્યતા – સ્નેહ દ્રઢ નથી." જો એના સ્વરૂપમાં એને અનન્યતા, સ્વરૂપનિષ્ઠા હોય તો મારામાં એને સ્નેહ-આસક્તિ કેમ થાય ? જુઓ અનન્યતાનું લક્ષણ, સ્વરૂપ શું છે તે શ્રીગોકુલનાથજીના આ પ્રસંગથી સમજી શકાય છે.

## પુષ્ટિમાર્ગમાં ભાવ-ભાવનાનું મહત્વ

- કંચનભાઈ ગાંધી, વડોદરા

પુષ્ટિમાર્ગમાં જે કાંઈ મહત્વનું છે તે ભાવ જ છે. પુષ્ટિપ્રભુ ભાવાત્મા છે. પુષ્ટિમાર્ગ ભાવાત્મક છે, ગદ્યમંત્ર ભાવાત્મક છે, પ્રભુનું સ્વરૂપ અને ભાવનું દાન પણ ભાવાત્મક છે. આમ સર્વ કાંઇ છે તે સઘળુ ભાવાત્મક છે. 'ભજ સખી ભાવ ભાવિક દેવ. ' પ્રભુ સ્મરણ અને સેવા ભાવપૂર્વક કરવામાં આવે તો જ તે ફલરૂપ છે. ભાવ વગરની સેવા ક્રિયાત્મક છે. ભાવ સારા-સ્વરૂપાત્મક છે. ભાવનું સ્વરૂપ જ નિરાલું છે. શ્રીમહાપ્રભુજી 'સંન્યાસ નિર્ણય ' ગ્રંથમાં આજ્ઞા કરે છે કે 'ભાવો ભાવનયા સિદ્ધઃ ' શ્રીહરિરાયજી વાંગમુક્તાવલીમાં કહે છે, 'પુષ્ટિમાર્ગે ભાવ એવ ફલ સર્વોત્તમ મતમ્' અનુગ્રહ માર્ગમાં ભાવ જ સર્વોપરી ફલરૂપ મનાયો છે. આ પુષ્ટિભાવનું દાન કૃપાસિંધુ શ્રીવલ્લભ જ કરે છે. પુષ્ટિમાં ભાવના માલિક જ શ્રીગોપીજનો છે.

હવે ભાવ અને ભાવના શું છે ? તે જોઇએ. પ્રભુના વિષયમાં રાખેલો પ્રેમ એનું નામ જ ભાવ. ભાવ એટલે વિશુદ્ધ પ્રેમ-સ્નેહ. ભાવના એટલે ભગવદ વિષયક ચિંતન. (કીટભ્રમરન્યાએ) પુષ્ટિમાર્ગની સેવામાં સ્વરૂપભાવના , લીલાભાવના અને ભાવભાવનાનું અતિ આવશ્યક અંગ છે. તે જાણ્યા વિનાની સેવા ક્રિયાત્મક છે. એક વાર શ્રીગોકુલેશનાથજી ગુજરાતના પ્રદેશે બિરાજતા હતા. આપે શ્રીજાનકી વહુજીને આજ્ઞા કરી , 'આપ પ્રભુની સેવા સુખરૂપ પહોંચજો ' શ્રીજનકી વહુજીએ પૂછ્યું. જય કૃપાનાથ, આપનું સેવ્યસ્વરૂપ તે કઇ લીલાનું છે , તેની ભાવના કેમ કરવી, તે કૃપા કરી દર્શાવો. ત્યારે આપશ્રી ગોકુલેશપ્રભુએ કહ્યું. 'આપણું સેવ્ય સ્વરૂપ શ્રીગોકુલનાથજી છે. તે સારસ્વત કલ્પની ગિરિરાજ ધારણ લીલા (આશ્રય લીલા)નું સ્વરૂપ છે. તે ચત્રભૂજ છે. બે હસ્તથી વેણું ગ્રહણ કરેલ છે. જમણા શ્રીહસ્તથી શંખ ધારણ કરેલ છે. બે સ્વામિનીજીઓ શ્રીરાધાજી અને શ્રીચંદ્રાવલીજી બિરાજે છે. આ રીતે સ્વરૂપ, લીલાને બરાબર સમજી ભાવના કરી સેવા કરજો ' આમ અહીં શ્રીજાનકી વહુજીને નિમિત્ત બનાવી સઘળી પુષ્ટિ સૃષ્ટિને સ્વરૂપ, લીલા અને ભાવના કરવાની પરોક્ષ આજ્ઞા આપે કરી છે. મહાન સ્વરૂપોની વાણીનું હાર્દ સમજવું દુર્લભ છે.

શ્રીગુરૂદેવ દ્વારા ભાવનું દાન થાય ત્યારે જ સેવા ફલરૂપ બને છે. પુષ્ટિજીવને

બ્રહ્મસંબંધ વખતે જ દાસ્યભાવનું દાન થયેલું છે. પ્રથમ દાસ્યભાવની જ મુખ્યતા છે. દાસ્યભાવ અને દિનતા સિદ્ધ થયે , પ્રભુ-સેવ્ય સ્વરૂપ આપ જે ભાવે જીવ સાથે વિલસવા ઇચ્છા કરશે તે ભાવનું દાન કરશે. જીવ પોતે મનસ્વી કોઇ ભાવ કરી શકતો જ નથી. અને કદી એવી ચેષ્ટા કરી ભાવ કરે તો તે ફલરૂપ થતો નથી. દાસ્ય, સખ્ય, વાત્સલ્ય, માધુરીભાવ આ બધા ભાવો આપશ્રી પોતે શ્રીવલ્લભ કૃપા કરી દાન કરે તો જ ફલરૂપ છે. પ્રથમ દાસ્ય અને દિનતા જરૂરી છે. હવે ભાવનું કેવું સૂક્ષ્મ સ્વરૂપ છે તે એક પ્રસંગ પરથી જોઇએ.

શ્રીગુસાંઈજી આપશ્રી દ્વારકા જતા હતા , સાથે ચાચાજી પણ હતા. રસ્તામાં આપશ્રીએ એક પર્વત જોયો , તે જોઇ ચાચાજીએ કહ્યું , 'દેખો, એ પર્વતકો દેખતે હી મુજે ગિરિરાજકી યાદ આ ગઇ ?' ચાચાજીએ કહ્યું, 'એમ ! પછી ચાચાજીએ લીલાભાવ દ્રષ્ટિથી એ પર્વત પર જોયું ' આમ કૃપાશક્તિ અવલોકનથી પર્વત પરના સર્વ પદાર્થો જડ, ચેતન સૌ અલૌકિક બની ગયા. અને તત્કાલ જેમ આકાશમાં વિજળી ઝબકે તેમ તે પર્વત ચમકીને સીધો જ ગોલોક ધામમાં જઇ શ્રીગિરીરાજજીના બ્રહ્મ શીખરમાં સમાઈ ગયો ! કેવલ એક અલૌકિક ભાવદ્રષ્ટિથી જડ પર્વત ચેતન અને એલૌકિક બની ગયો. તો વૈષ્ણવ જેવા ચેતન પ્રાણી પર જો આવી કૃપા શક્તિની દ્રષ્ટિ પડે તો શું ના ્પ્રાપ્ત કરી શકે ? હા, તે માટે સતત ભગવદ સન્મુખ રહેવું જરૂરી છે. શ્રીગુસાંઈજીએ કહ્યું, 'ચાચાજી, આ તમે શું કર્યું ?' 'મહારાજ, હવે એ ભૂતલ પર રહેવા લાયક ના રહ્યો તેથી તે ગોલોક ધામ ગયો ' આ છે પુષ્ટિ ભાવનું સ્વરૂપ. બસો બાવન વૈષ્ણવોની વાર્તામાં એક ડોશીનો પ્રસંગ છે. જેમને શ્રીબાલકૃષ્ણજીને પોતાના ભાવથી શ્રીમદનમોહનજી થવું પડ્યું છે. પરેની વાર્તામાં પણ ભાવ એ જ પ્રમાણે બતાવ્યો છે.

વાર્તા સાહિત્યમાંથી આપણે આવા ભાવો વિચારતા નથી. અને કેવળ ભાવલા વેડા કરીએ છીએ. જ્યાં ત્યાં ભટકીએ છીએ. સેવ્યને જ સર્વસ્વ અને સાક્ષાત માની સેવતા નથી. પણ જરા વિચાર તો કરો કે, શ્રીમહાપ્રભુજીએ સેવામાં જે સ્વરૂપ પધરાવી આપ્યું છે તે શું ઓછું છે ? ખરા ભાવથી અહીં જ રોજ ઝારી ભરો , નૂતની સામગ્રી કરો ,

મનોરથો કરો, વૈષ્ણવ ભગવદીયોને પ્રસાદ લેવડાવો. પણ આ નથી થતું. પ્રભુને નિવેદીત કરેલ પૈસામાંથી ખર્ચ કરી બહાર જાય તો જ જીવને યાત્રા કરી, જારી ભરી એવો સંતોષ થાય. આ જીવની કેટલી પામરતા છે. જીવને જે પ્રકારનો સત્સંગ પુષ્ટિ પોષણ જોઇએ તે નથી તેથી તે ભટકે છે. જ્યારે આ બધી બહારની ભટકન મટી જશે, સેવ્ય સ્વરૂપને ઓળખશે, ત્યારે જીવ પુષ્ટિ સેવા કરી શકશે. જ્યાં સુધી સેવ્ય સિવાય બીજા સ્વરૂપને નિરખવાની ઈચ્છા થાય છે. ત્યાં સુધી તે ભાવ વ્યભિચાર છે. પુષ્ટિ પ્રભુ પતિવ્રત ભાવથી વશ થાય છે. વ્યભિચારી ભાવવાળાથી કદી પ્રસન્ન નહિ પણ અપ્રસન્ન જ રહે છે. હા ! નાથ, શ્રીવલ્લભ કૃપા કરે તો જ જીવને આ સત્ય સમજાશે.

ઘણા વૈષ્ણવો સેવા ન બની શકતા હોય ત્યારે માનસીમાં જ એક જગ્યાએ બેસી સેવાની ભાવના કરે છે. આ સેવા ભાવનાને જ તે માનસી કહે છે. અરે ભાઈ, માનસી તો ફલરૂપા છે. તનુ વિત્તજા સેવા મન લગાવી કર્યા પછી, તે સિદ્ધ થાયે માનસી થાય છે. સેવા ન બની આવે ત્યારે એકાંતમાં બેસી સેવ્યની મંગળાથી સેન પર્યંત સેવા ભાવના કરવી તે ભગવદ ચિંતન છે, માનસી નહિ. ભગવદચિંતન (ભાવના) અને માનસીમાં આસમાન જમીનનો ફેર છે. પુષ્ટિમાર્ગમાં અન્નદોષ અને દુઃસંગ દોષ એ ભગવદ પ્રાપ્તિ માટે પહાડ જેવા પ્રતિબંધ છે. ભોગ ધરી પ્રસાદીથી નિર્વાહ કરવો. ગુણગાન કરવા, વાણીનો નિરોધ કરવો, ભગવદીયોનો સંગ કરવો. ભગવદીય ન મળે તો માર્ગમાં નાના મોટા ગ્રંથોનું શ્રવણ – મનન ખૂબ કરવું. આ જ જીવનું મુખ્ય કર્તવ્ય છે. પુષ્ટિમાર્ગમાં જીવે સેવા, પ્રકાર ભાવ-ભાવના રીત-પ્રિત બધું પોતાના દીક્ષા ગુરૂ પાસે નમ્ર ભાવે, વિનંતી કરી શીખી લેવું. શ્રીગોપાલદાસજી વલ્લભાખ્યાનમાં ગાય છે, 'શ્રીપુરૂષોત્તમ ઉત્તમ વરને સમય જોઇ શીશ નમવું ' એકાંતમાં પ્રસન્નચિત્તે બિરાજતા હોય ત્યારે દીનભાવે સન્મુખ દ્રષ્ટિ કરી, આજ્ઞા માગી પૂછવાથી, કૃપા જરૂર કરશે. કૃપા કરવા તો ભૂતલ શ્રમ લઈ બિરાજે છે.

શ્રીવલ્લભશરણ થકી સૌ પડે સહેલું રે.

**શ્રીવલ્લભ વસ્તુતઃ કૃષ્ણ એવ**

- કંચનભાઈ ગાંધી, વડોદરા

ભગવાન સચ્ચિદાનંદ, રસમય, આનંદમય, આનંદ વિગ્રહ અને અલૌકિક ગુણવાળા છે. જગતમાં જે પ્રાકૃત ગુણો જોવા મળે છે તે ભગવાનમાં નથી. અને આ દ્રષ્ટિએ ભગવાનને નિર્ગુણ કહેવામાં આવે છે. પરમાત્માએ પોતે જ પોતાનામાંથી જગત ઉત્પન્ન કર્યું છે. એટલે પરમાત્મા જગતનું નિમિત્ત કારણ અને ઉપાદાન કારણ બંને છે. પરમાત્મા જગતરૂપે પરિણામ પામે છે, છતાં તેમનામાં કોઈ જાતનો વિકાર થતો નથી. આને અવિકૃત પરિણામવાદ કહેવામાં આવે છે. લૌકિકમાં દૂધનું દહીમાં રૂપાંતર થાય છે પછી દહીંનું દૂધ થતું નથી , આ વિકૃત્ત પરિણામ છે. જેમ સોનામાંથી બે દાગીના કંકણ અને હાર બનાવીએ પછી એ કંકણ અને હારને ભાંગી-તપાવીએ તો સોનુ જ રહે. આ અવિકૃત પરિણામવાદ. પરમાત્માએ પોતાના ચિત્ત અંશમાંથી અનેક જીવો પ્રકટ કર્યા છે. જગત એ પરમાત્માનો સત્ અંશ છે. જેમ અગ્નિમાંથી વિસ્ફુલીંગ – તણખાઓ નીકળે છે. તેમ બ્રહ્મમાંથી જીવો નીકળે છે. જીવ બ્રહ્મનો અંશ છે. પરમાત્મા સચ્ચિદાનંદ છે. જીવમાં બ્રહ્મના સત્-ચિત્ત બે ધર્મો પ્રગટ થયેલા છે. આનંદ ધર્મ અપ્રગટ છે. ભાવનાના છ ધર્મો જીવનમાંથી તિરોહિત થઈ ગયા છે તેથી જીવને બન્ધ અને વિપર્યય પ્રાપ્ત થાય છે. જીવ પોતાનું સ્વરૂપ ભૂલી જાય છે. અજ્ઞાનથી અહંતા-મમતાવાળો સંસાર ઉત્પન્ન કરે છે. ભગવાને મન વડે પ્રવાહ સૃષ્ટિ , વેદરૂપી વચનથી મર્યાદા સૃષ્ટિ અને પોતાનાં સ્વરૂપમાંથી પુષ્ટિ સૃષ્ટિ ઉત્પન્ન કરી છે. પુષ્ટિ દૈવી સૃષ્ટિ પોતાની લીલા-આનંદ માટે પ્રગટ કરી છે. આમ બ્રહ્મ – જીવ – જગતનો સંબંધ સમજવો જરૂરી છે.

ઉપરોક્ત કથન મુજબ બ્રહ્મ – પરમાત્મા – ભગવાન એક જ છે. વેદોમાંથી બ્રહ્મ , પુરાણોમાં પરમાત્મા અને ભાગવતમાં ભગવાન તરીકે ઓળખવામાં આવે છે. "પૂર્ણ બ્રહ્મ શ્રીલક્ષ્મણસુત પુરૂષોત્તમ વિઠ્ઠલનાથ" (વલ્લભાખ્યાન) શ્રી ગુસાંઇજીએ વલ્લભાષ્ટકમાં શ્રીવલ્લભને "વસ્તુતઃ કૃષ્ણએવ" તરીકે ઓળખાવ્યા છે. શ્રીવલ્લભ અને શ્રીકૃષ્ણમાં અભેદ છે. ભગવતી શ્રુતિ એ મૂલ તત્વને રસૌ વૈસઃ કૃષ્ણ તરીકે ઓળખાવે છે. આ પરાત્પર સ્વરૂપ છે. એની ઉપર બીજું કોઈ સર્વોત્તમ તત્વ સ્વરૂપ નથી. આ

જગત ભગવાનનું આધિભૌતિક રૂપ છે. અક્ષરધામ આધ્યાત્મિક સ્વરૂપ છે અને આધિદૈવિક કૃષ્ણરૂપ છે. જેમ શ્રીયમુનાજીનાં ત્રણ સ્વરૂપ જલરૂપ આધિભૌતિક, તિર્થરૂપ આધ્યાત્મિક અને આધિદૈવિક શ્રીયમુનાજી સ્વામિનીજી સ્વરૂપ છે. તે જરીતે પુષ્ટિ જીવના ત્રણ સ્વરૂપ પ્રથમ આધિભૌતિક વૈષ્ણવ થતાં પહેલાનું સ્વરૂપ, પછી સેવા-સ્મરણ કરતાં કરતાં દેહભાવ રહિત થતાં આધ્યાત્મિક સ્વરૂપ અને આધિદૈવિક મૂલ સ્વરૂપ લીલા લોકમાં જઈ ભગવદ્ સેવામાં પ્રવેશ થવો. પુષ્ટિ જીવે બ્રહ્મસંબંધ લઈ સેવા, સ્મરણ, ગુણગાન, ધ્યાન દ્વારા પોતાનું આધિદૈવિક સ્વરૂપ પ્રાપ્ત કરવું એ જ તેનું ધ્યેય – પુષ્ટિફલ છે સેવ્ય સ્વરૂપ જ સેવા ફલરૂપ થતાં જીવને આધિદૈવિક સ્વરૂપનું દાન કરે છે.

અહીં બે પ્રશ્ન વિચાર માગી લે છે. તેની ચર્ચા કરીએ. (1) "વાક્ એવ બ્રહ્મ" એ મુજબ મંત્ર પ્રધાન્ય બ્રહ્મથી આરસની, પંચધાતુની, માટીની કે કાગળ પર દોરેલી ચિત્રની પ્રતિમાઓ આધિભૌતિકમાંથી આધિદૈવિક બની અચેતનમાંથી ચેતન બની તે પ્રાણ – પ્રતિષ્ઠાથી ફલ દાન કરે છે, તો આપણો આધિભૌતિક દેહ પણ શબ્દ બ્રહ્મથી આધિદૈવિક કેમ ન બને ? (2) "તદ સ્પર્શે તદરૂપ" મુજબ બ્રહ્મનો સ્પર્શ થતાં આધિભૌતિક સામગ્રી આધિદૈવિક બને છે તો શબ્દ બ્રહ્મરૂપ શબ્દથી આપણો આધિભૌતિક દેહ આધિદૈવિક કેમ ન બને ?

પ્રથમ પ્રશ્નનો જવાબ – વાક્ એવ બ્રહ્મ છે. તે મંત્રિવિધિ પૂર્વક કરવામાં આવે ત્યારે અસર કરે. તેથી પ્રતિમામાં પૂર્ણ પૂરૂષોત્તમનો આર્વિભાવ કરાય છે. શબ્દ બ્રહ્મ પોતે આધિદૈવિક નથી, તો પછી એ તમારી આધિદૈવિકતા કેવી રીતે સિદ્ધ કરે ? શબ્દ બ્રહ્મ આધ્યાત્મિક છે તે ઉપર જોઇ ગયા. બ્રહ્મ અંશ ના બને, અંશી સેવક જ રહે, બીજો પ્રશ્ન : "તદ સ્પર્શે તદરૂપ " ભૌતિક સામગ્રી પૂર્ણ પુરૂષોત્તમ પરબ્રહ્મના સ્પર્શથી જરૂર આધિદૈવિક થાય છે. મહાપ્રસાદ ભગવદ્ સ્વરૂપ તુલ્ય મનાય છે જ. પરંતુ એ જ પ્રભુના આપણે રોજ ચરણસ્પર્શ કરીએ છીએ તો આપણે કેમ ભગવદ્ તૂલ્ય – આધિદૈવિક નથી થતાં ? આપણે અહંતા – મમતા, સંસાર આસક્તિ –વાળા જીવો છે.

અવિદ્યાથી વ્યાપ્ત છે. પ્રભુએ ધરેલી સામગ્રી – અવિદ્યાવાળી નથી – નિર્ગુણ છે. તેમ ચિત્ર-પ્રતિમા નિર્ગુણ છે. તે જરૂર મંત્રથી આધિદૈવિક બની શકે, આપણો દેહ નહીં. આપણે પુષ્ટિમાર્ગમાં તો સેવા દ્વારા ક્રમે-ક્રમે પ્રેમ-આસક્તિ-વ્યસન દશા સિદ્ધ થયે છેલ્લે ફલપ્રાપ્તિમાં આપણે આપણો આધિદૈવિક દેહ પ્રાપ્ત કરી લીલા લોકમાં જઈ શકીએ, તેમ 84/252 ભક્તો થયા તેમ. અત્યારે કલિયુગમાં આ પંચમહાભૂતનો નાશવંત દેહ આધિદૈવિક ન બને !

પ્રભુ જ્યારે અવતારકાલમાં પ્રગટ હોય તો પ્રમેય બળથી ભૌતિક દેહને આધિદૈવિક કરી શકે. જેમ સારસ્વત કલ્પમાં શ્રુતિરૂપા ગોપીજનોના દેહને ગિરિરાજધારણ લીલા(આશ્રયલીલા) વખતે 7 દિવસ રાત – દિન સન્મુખ રાખી આધિદૈવિકતા સિદ્ધ કરી હતી. ચીરહરણ લીલામાં ઋષિરૂપા ગોપીજનોના દેહ શ્રીયમુનાજી દ્વારા આધિદૈવિક થયા છે. અત્યારે અનઅવતારકાળ છે. તેમાં તો શ્રીવલ્લભે બતાવેલા માર્ગે 84/252 ચાલ્યા એ રીતે જ ચાલવાથી મૂલધામમાં – ગોલોકમાં જવાય. અન્ય કોઈ રીતે નહીં. છતાં પ્રભુ સર્વ સામર્થ્ય છે. કર્તું, અકર્તું, અન્યથા કર્તું શક્ય છે. પોતે ધારે તે કરી શકે. કંઈ અશક્ય નથી. પ્રમેયબળથી પ્રભુ સર્વ કાંઇ કરી શકે છે. – અવતારકાલમાં પ્રભુ પોતાના સ્વરૂપ અને લીલાથી જીવોનો ઉદ્ધાર કરે અને અનઅવતારકાલમાં સેવા, સ્મરણ, ગુણગાન, ધ્યાન, પુષ્ટિમાર્ગના રસ્તે ચાલી શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતથી જીવવાથી જીવોનો ઉદ્ધાર શક્ય છે જ "શ્રીવલ્લભ ચાહે સોઈ કરે." સેવા અને સ્મરણથી પ્રભુના ધર્મો આપણા હૃદયમાં પ્રવેશ કરે , હૃદય શુદ્ધ કરે. પછી પ્રભુ સ્વયં તે હૃદયમાં આવી બિરાજે છે. કારણ કે છ ધર્મો એ પ્રભુની ભાર્યાઓ છે. તે જીવમાં પ્રવેશે હૃદયમાં. એટલે જ્યાં સ્વામિજીઓ પધારે ત્યાં સ્વયં પ્રભુ જરૂર પધારે જ.

"શ્રીવલ્લભ ચાહે સોઈ કરે,
જો ઉનકે પદ દ્રઢ કરી પકરે,
મહા રસ સિંધુ ભરે ।।1।।
વેદ, પુરાણ, સુઘડતા સુંદર,

ઈન બાતે ન સરે ।
શ્રીવલ્લભ કે પદરજ ભજકે,
ભવસાગર તે તરે ।।2।।
નાથ કે નાથ અનાથ કે બંધુ,
અવગુણ ચિત્ત ન ધરે ।
પદ્મનાભકો અપુનો જાનકે,
બૂડત કર પકરે ।।3।।

આ કલિયુગમાં કેવલ શ્રીવલ્લભનો અનન્ય દ્રઢ નિષ્ઠાપૂર્વક આશ્રય કરવાથી પુષ્ટિફલની પ્રાપ્તિ છે.
શ્રીવલ્લભ શરણ થકી સહુ પડે સહેલું...... (શ્રીદયારામભાઈ)

## પુષ્ટિ વૈષ્ણવ અને શ્રાદ્ધ

લેખક – **કંચનભાઈ ગાંધી, વડોદરા**

આજે વૈષ્ણવો સંપ્રદાયમાં નિવેદન દીક્ષા લઈ ગૃહ સેવા કરે છે. પરંતુ પુષ્ટિ સેવાના સ્વરૂપ, આચાર, વિચાર, મેંડ-મર્યાદાથી મોટા ભાગના અજાણ છે , દિશાશૂન્ય છે. ગમે તેમ દેખા-દેખી મનસ્વી પ્રકારે કરે છે. એનું મુખ્ય કારણ ખોટી સમજ અને અન્યથા જ્ઞાન છે.જેથી અપરાધો – પ્રતિબંધોથી ગ્રસ્ત થાય છે. આમ કેમ ? શ્રીમહાપ્રભુજીએ ગુરૂના લક્ષણો બતાવ્યા છે તેમ શિષ્યોના પણ લક્ષણ બતાવ્યા છે. “કૃષ્ણ સેવા પરં વિક્ષ્ય દમ્ભાદિરહિતં નરમ્ શ્રીભાગવત તત્વજ્ઞં ભજે તં.” અને સાથે શિષ્ય પાસેથી પણ અપેક્ષા રાખવામાં આવી છે કે , “જીજ્ઞાસુરાદરાત્” શિષ્યમાં ‘જિજ્ઞાસા’ હોવી જોઈએ. જીવનમાં આત્મ-કલ્યાણના માર્ગે ચાલવું જ છેતો તેની જાણકારી પૂરી રીતે મેળવવી જ જોઈએ. 84/252 વાર્તાઓ જુઓ. શરણે આવી સૌપ્રથમ ગુરૂદેવને પૂછતાં : “કૃપાનાથ ! હવે મારું કર્તવ્ય શું ?” અને વૈષ્ણવોને સેવાની સઘળી રીત-પ્રણાલી શિખવવામાં આવતી હતી. આજે પ્રાયઃ આ પરંપરા લુપ્ત થઈ છે.

જ્યાં સુધી દેહ  ધર્મની મુખ્યતા છે. ત્યાં સુધી વર્ણાશ્રમ ધર્મનું પાલન કરો. જ્યાં ભગવદ્ ધર્મની મુખ્યતા છે તો આત્મધર્મનું પાલન કરો. 252 વૈષ્ણવોની વાર્તામાં એક મોચીની વાર્તા છે. શ્રીગુસાંઈજી પાસે એ બ્રહ્મસંબંધ લઈ સેવા કરે છે. એ કહે છે હવે મારો નવો જન્મ થયો  છે, હું મોચી નથી ! સાબિતી માટે રાજા સમક્ષ છાશને દૂધ બનાવી નવા જન્મની સાબિતી આપે  છે. તેમ બીજી એક શાહુકારની વાર્તામાં એક બ્રાહ્મણ વૈષ્ણવ દશ હજાર રૂપિયા શાહુકારને ત્યાં મૂકી યાત્રાએ જાય છે. પછી શાહુકાર શ્રીગુસાંઈજીનો સેવક થાય છે. બ્રાહ્મણ પાછો  આવી પૈસાની માંગણી કરે છે. શાહુકાર વૈષ્ણવ કહે છે , "મેં તારા પૈસા આ જન્મમાં નથી  લીધા, પહેલા જન્મે લીધા છે. " દરબારમાં ન્યાય થાય છે. શાહુકાર વૈષ્ણવ ગરમ કરેલી  લોખંડની પાંચ શેરી એક પ્રહર હાથમાં રાખી સાબિતી કરાવે છે. બ્રહ્મસંબંધથી મારો બીજો જન્મ થયો છે.

વૈષ્ણવો, આ શું બતાવે છે ? શું તમે બ્રહ્મસંબંધ નથી લીધું  ? કે લીધું છે છતાં થયું નથી ? ક્યાં ગરબડ છે ? ધ્યાનથી વિચાર કરો. બ્રહ્મસંબંધ લીધું છે પરંતુ તેમા શ્રદ્ધા-નિષ્ઠા નથી.

એક સ્ત્રી-પુરૂષ વૈષ્ણવ બ્રહ્મસંબંધ લઈ ગૃહ સેવા કરે છે. એકવાર એક વૈષ્ણવ તેમને ત્યાં આવ્યો. પૂછે  છે : "બાઈ ! તમારા ધણી ક્યાં છે  ?" સ્ત્રી જવાબ આપે છે : "આત્માના ધણી ઘરમાં જ બિરાજે છે અને દેહના ધણી બહાર કામ અર્થે ગયા છે. ! " અરે, આજના પ્રિય વૈષ્ણવો , આવી સેવ્ય પ્રભુમાં આપની નિષ્ઠા ક્યારે થશે  ? આજે સાચુ જ્ઞાન, પુષ્ટિ પોષણ અને સત્સંગનો અભાવ છે.

જોઈને દુઃખ થાય  એવી સ્થિતિ છે. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ ઘરમાં ભોગ ધરી સેવા કરનારા માજીઓ શ્રાદ્ધ પક્ષમાં સેવ્યને શ્રાદ્ધ નિમિત્તે કાગ-વાસનો ભોગ પ્રભુને ધરે છે. પછી કાગવાસ નખાવે  છે. આ કેવો ઘરો અપરાધ છે. વૈષ્ણવ થઈ કાગવાસ નાખી પાછુ શ્રાદ્ધનું ભોજન કરવાથી સઘળો પુષ્ટિભાવ અને સેવા નિષ્ફળ થઈ જાય છેચ. જો તમને ભગવદ્ ધર્મમાં શ્રદ્ધા-નિષ્ઠા નથી.  અને વૈષ્ણવ છો ને શ્રાદ્ધ કરવું છે તો તેનો પણ પ્રકાર છે. શ્રાદ્ધ નિમિત્તે  બ્રહ્મભોજન બહાર કરાવી શકો છો. અગર ઘરમાં પણ  ,

પરંતુ તેમાંથી તમે કશું ખાઈ શકો નહિં. એ શ્રાદ્ધ નિમિત્ત થયું. અરે કાગવાસની ખીર-પુરી જુદી બનાવી, વાસ નાખી કપડાં સહિત સ્નાન કરી શુદ્ધ થવું પડે. એમ ના કરો , જો વૈષ્ણવ જાણી કોઇ તમારે ત્યાં પ્રસાદ કે જલ લે તો તમને અપરાધ લાગે. વૈષ્ણવો, કમસે કમ તમે શ્રાદ્ધ ખાવ છો ભોગ તમારા. પરંતુ બિચારા ઠાકોરજીને એ નિમિત્તનું શા માટે પરાણે ધરો છો ? પ્રભુએ શો ગુન્હો કર્યો છે ? ત્રિદુઃખ સહન કરવાની આજ્ઞા શ્રીમહાપ્રભુજીએ તમને કરી છે ,તે આજ્ઞા તમે પ્રભુને પળાવી રહ્યા છો. આ છે આજના મોટા ભાગના વૈષ્ણવો. દુષ્ટ અન્ન અને દુઃસંગ મોટા અંતરાયો છે. વૈષ્ણવથી મરણની ક્રિયાનું, શ્રાદ્ધ-સમચરીનું, શ્રીમંત-વાસ્તુનું ખાઈ શકાય નહિં. આ ઉપરાંત કિર્તનીયા અને બેટીજીઓના ઘરનું અન્ન લઈ શકાય નહિં. એનું પ્રમાણ વાર્તા-સાહિત્યમાં છે. અરે, ભોગ ધરી, મરજાદ લઈ સેવા કરતાં વૈષ્ણવોએ પણ વર્ણભેદ પાળવો પડે. તમે એટલી ઉચ્ચ કક્ષાએ દેહ ભાવથી પર હોય તો વર્ણભેદન પાળો તો ચાલે. બાકી એક પંગતમાં બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય સાથે બેસી પ્રસાદ ન લઈ શકે. બ્રાહ્મણ વૈષ્ણવ, ક્ષત્રિય વૈશ્યની સખડી-પ્રસાદ ન લઈ શકે. અત્યારે પ્રાયઃ આ પ્રણાલીનું પાલન વૈષ્ણવો કરતા નથી.

અમારા વડોદરામાં શ્રીકલ્યાણરાયજી મંદિરના પૂ. ગો. શ્રીકૃષ્ણાવતી વહુજી મહારાજ પોતે બાવાશ્રીનું શ્રાદ્ધ બ્રહ્મભોજન કરાવી કરતા, પરંતુ પોતાની સેવામાં રહેલા બ્હેનોને આજ્ઞા કરતાં કે આજે તમે શ્રીકલ્યાણ – રાયજીનો પ્રસાદ ખાશો નહિં. શ્રાદ્ધ નિમિત્તનું છે. આગલે દિવસે વાટનો પ્રસાદ લેવડાવી રાખે તે બ્હેનો લેતા. આમ પ્રગટ પ્રમાણ આ છે. પછી વૈષ્ણવો આંખો મીંચી ચાલે તો એમના ભાગ્ય ! અત્યારના વૈષ્ણવોને પોતાની સગવડ અને સુખ અર્થે કરવું ગમે છે. માર્ગ અર્થે કરવું નથી ,. પછી ફલથી વંચિત રહી ભટકે તેમાં દોષ કોનો ? પુષ્ટિ અધિકારી જીવનું લક્ષણ સૌપ્રથમ ભગવત્ પ્રાપ્તિનો તાપ અને સેવા – સ્મરણમાં રુચી , સંસાર પ્રત્યે ઉદાસીનતા. અહંતા – મમતાની નિવૃત્તિ. આટલું હોય તે જ પુષ્ટિ વૈષ્ણવ કહેવાય. એવા થવા માટે ત્રણ બાબતો જરૂરી છે.

(1) તિક્ષ્ણ બુદ્ધિ, (2) નિર્મળ હૃદય અને (3) મન-ચિત્તની શુદ્ધિ.

"શ્રીવલ્લભ શરણ થકી સૌ પડે સહેલું...." (શ્રીદયારામભાઈ)

## પુષ્ટિ આશ્રય અને સર્વાત્મ ભાવ

- કંચનભાઈ ગાંધી, વડોદરા

શ્રીમદ્ ભાગવતમાં કહેલા સર્ગાદી નવ લક્ષણોથી લક્ષ્ય એવો આ આશ્રય ભગવાનનું સ્વરૂપ છે. માટે પ્રત્યેક ભક્તિમાર્ગમાં આશ્રયની સમુપલબ્ધિ આવશ્યક છે. શ્રીઆચાર્યચરણે અનુગ્રહનો એક અર્થ આશ્રય પણ કર્યો છે. તેથી આશ્રય અનુગ્રહની જેમ ભગવાનના એક ધર્મરૂપ પણ છે. પુષ્ટિમાર્ગમાં ધર્મ-ધર્મિનો સૂર્ય અને એના કિરણોની જેમ અભેદ મનાયો છે. આશ્રય સિદ્ધિ વિના પુષ્ટિ ભક્તિનો પ્રવેશ જીવમાં થતો નથી. પુષ્ટિ ભક્તિના પ્રવેશ વિના આત્મા બલિષ્ઠ થઈને ભગવત્ પ્રાપ્તિ નથી કરી શકતો. તેથી આશ્રયનું મહત્વ વિશેષ છે. શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી મહાપ્રભુ શ્રીમહાપ્રભુજીના દ્રઢ ચરણાશ્રય કરવાની આજ્ઞા કરે છે. આશ્રય અનન્યભાવ વાળો હોય છે. તે વિના આશ્રય દ્રઢીભૂત થતો નથી. શ્રીગીતામાં શ્રીકૃષ્ણે અનન્યભાવનો ઉલ્લેખ અનેક સ્થાનો પર કર્યો છે. "અપિચેદ સુદુરાચારો ભજેતમામ્ અનન્યભાક્" "સર્વધર્માન્ પરિત્યજય મામેકં શરણં વ્રજ " એક શ્રીકૃષ્ણને શરણે જવાથી અનન્યભાવ સિદ્ધ થાય છે. એનાથી ભગવાનનો અનુગ્રહ પ્રાપ્ત થાય છે. અનન્ય ભાવની પ્રાપ્તિ ત્યારે જ સિદ્ધ થાય છે જ્યારે જીવ મન , વાણી તેમજ ક્રિયાથી આ બધા પદાર્થો અને તેના ધર્મો પ્રભુને સમર્પણ કરે. એમાં લોકવેદ બધા ધર્મોનું સમાધાન થઈ જાય છે. ત્યારે આ જીવ ધર્મોના આશ્રયથી મુક્ત થઈ એકમાત્ર ધર્મિના આશ્રયમાં આવી જાય છે.

સર્વાત્મભાવ : ઉપર કથેલ પ્રકારની અનન્યતાથી સર્વાત્મભાવની પ્રાપ્તિ થાય છે. ભાગવતના તૃતિય સ્કંધના 32મા અધ્યાયના શ્લોકમાં સર્વાત્મભાવનું સ્વરૂપ કહેવાયું છે. એનો મર્મ એ છે કે દેહાદિથી માંડીને પતિ-પત્નિ, પુત્ર વિગેરે જેટલા છે તે જે જે ભજનીય છે તે બધા ભાવ પ્રભુમાં જ કરવા એને સર્વાત્મભાવ કહે છે. આ પ્રકારના સર્વાત્મભાવથી હરિ પ્રત્યે સંપૂર્ણ પ્રિયત્વભાવ સિદ્ધ થાય છે. સર્વાત્મભાવ સાધન અને ફલદશાવાળો બે પ્રકારનો છે. ફળદશા તો વ્રજભક્તોની જેમ વિયોગાનુભવ રૂપ

સર્વાત્મભાવનું શ્રીઆચાર્યચરણે આ પ્રકારે વર્ણન કર્યું છે. ભક્તના દેહ , ઇન્દ્રિય, અંતઃકરણ, પ્રાણ જીવમાં સદા સર્વાત્મભાવે રહ્યો આવે એવા વિયોગાનુભવનું નામ સર્વાત્મભાવ છે. આ સર્વાત્મભાવ સિદ્ધિ માટે અણુભાષ્યમાં "લિંગનામ સત્યાધિકરણમાં" જોવા મળે છે. "આહાર શુદ્ધો સત્ય શુદ્ધિઃ- સત્વ શુદ્ધૌઃ ધ્રુવા સ્મૃતિ , સ્મૃતિ લભ્યે સર્વ ગ્રંથીના વિપ્રમોક્ષઃ" સેવા અને વિરહાત્મક ગુણગાનથી સર્વગ્રંથીની અવિદ્યા દૂર થઈ જાય, સઘળા બંધનોથી જીવ મુક્ત થઈ જાય ત્યારે સર્વાત્મભાવ સિદ્ધ થાય છે. એની પ્રાપ્તિથી મૂલધામ સ્વરૂપની સાક્ષાત તત્સુખાત્મક સેવા પ્રાપ્ત થાય છે. આ ભાવની પ્રાપ્તિનું બીજું નામ ફલરૂપ નિરોધ – સ્વતંત્ર ભક્તિ અને શ્રીસ્વામિનીભાવનું દાન. આ છે પુષ્ટિનું પરમ ફલ.

આજકાલ વૈષ્ણવો આ પુષ્ટિના સર્વાત્મભાવને સમજ્યા વગર ગમે તે મનસ્વી અર્થ કરે છે. પહેલાં એ સમજો કે જ્ઞાન માર્ગમાં બ્રહ્મભાવ છે. આ ભાવ પણ વૈષ્ણવોએ અવશ્ય કેળવવાનો છે. આ જગતમાં જે કાંઈ સુખ કે દુઃખ , સારું કે ખરાબ જોવા મળે છે તે બ્રહ્મની ઈચ્છાથી જ બને છે એમ જાણવું. મારનાર પણ બ્રહ્મ છે તો મરનાર પણ બ્રહ્મ જ છે. જેથી પુષ્ટિ જીવ તેમાં ચલિત થાય નહીં. ભક્તિમાર્ગમાં બીજો એક ભાવ છે તે છે ભગવદભાવ – ભગવદીય દ્રષ્ટિ કેળવવી તે. જેમ કે કોઈની નિંદા કે સ્તુતી પણ કરવી નહીં. જે અનુકૂળ છે તે ગમે છે પરંતુ જે પ્રતિકૂળ છે તેન પ્રત્યે પણ તિરસ્કાર કે દ્રોહ કરવો નહિં, તેના પ્રત્યે ઉદાસીનતા ન કેળવવી,, આ છે ભગવદીય ભાવ. ઘરમાં બધા જ સેવામાં અનુકૂળ ના પણ હોય તેમ પ્રતિકૂળ પ્રત્યે પણ તમે કુભાવ ના લાવો, તેમાં પણ મારા પ્રભુનો કોઈ મારા જ હિતનો આશય હશે એવો વિચાર કરવો. મનને એ રીતે ધીરે ધીરે કેળવવું પડે. જો આપણે ભગવદ્ પ્રાપ્તિ કરવી છે તો આ ભગવદીય દ્રષ્ટિ કેળવવી જ પડશે. નહિં તો લક્ષ્ય પ્રાપ્તિમાં અંતરાય થશે. પુષ્ટિમાંસેવા, સ્મરણ, ગુણગાન, ધ્યાન કરનારને શ્રીમહાપ્રભુજી સર્વાત્મભાવનું દાન કરે છે. સેવા ફલરૂપ થતાં સર્વાત્મભાવની પ્રાપ્તિ થાય છે. એ પ્રભુદત્ત છે. જીવ પ્રયત્ન કરી સર્વાત્મભાવ કદી પ્રાપ્ત કરી શકે જ નહિં.

**સ્વરૂપજ્ઞાન વિનાની સેવા ક્રિયાત્મક છે !**

- શ્રી કંચનભાઈ ગાંધી, વડોદરા

પુષ્ટિમાર્ગમાં રૂપ સેવા અને નામ સેવા બે સેવા પ્રકારો શ્રીમહાપ્રભુજીએ બતાવ્યા છે. બંનેનું ફળ એક જ સ્વરૂપાનંદનો અનુભવ અને આપણા આધિદૈવિક લીલા મધ્યપાતી સ્વરૂપની પ્રાપ્તિ. બંને સેવા કોઈપણ કામની અપેક્ષા રહિત , સંસારાસક્તિ છોડીને જ કરવાથી ફળ પ્રાપ્તિ છે. સેવાની રીત મેંડ-મર્યાદા શ્રીવલ્લભે બતાવેલી રીતે જ કરવાની. સ્વકલ્પીત મનસ્વી રીતથી કરો તો મોટો અપરાધ પડે છે. શ્રીદયારામભાઈ સુંદર વાત સમજાવે છે, "જીવ જાણે હું સૃકૃત્ય કરું છું, પરંતુ કરતો કોટિક અપરાધ રે" પૂ. શ્રીપુરૂષોત્તમજી લેખવાળા આજ્ઞા કરે છે કે સેવાનું જ્ઞાન ન હોય, અને પ્રભુ સ્વરૂપનું પણ જ્ઞાન ન હોય , છતાં શ્રદ્ધા પ્રમાણે સેવા કરે તો તે આધિભૌતિક છે , કારણ કે સ્વરૂપજ્ઞાન વિનાની સેવા ક્રિયાત્મક છે. ક્રિયાત્મક સેવાથી સંસારાસક્તિ નિવૃત્ત થતી નથી. પછી લૌકિક બુદ્ધિ દૂર થતાં બીજે જન્મે યથાર્થ જ્ઞાનપૂર્વક સેવા કરવાથી કૃતાર્થ થવાય. પુષ્ટિમાર્ગમાં પ્રવેશ માટે નામ દીક્ષા (અષ્ટાક્ષર મંત્રથી) લેવી જરૂરી છે. આ દીક્ષાથી સાત પ્રકારની ભક્તિનું દાન થાય છે. જ્યારે આવા વૈષ્ણવને સેવ્ય સ્વરૂપ પુષ્ટ કરાવીને અસમર્પિત ત્યાગ કરી ભોગ ધરીને સેવા કરવાની રુચિ થાય તો તેવા જીવને શ્રીવલ્લભ વંશજ બાળક પાસે નિવેદન દીક્ષા બ્રહ્મસંબંધ જરૂર લેવું જોઇએ. જો આ પ્રકારે સેવા કરવાની તમારી શક્તિ-ઇચ્છા નથી તો પછી બ્રહ્મસંબંધ લેવાની કોઈ જરૂર નથી. બ્રહ્મસંબંધ લેવાથી જ સેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. બ્રહ્મસંબંધ લેવાથી ગૌલોકમાં જવાનો પાસપોર્ટ નથી મળતો. બ્રહ્મસંબંધ પણ પુષ્ટિ દૈવી જીવને જ થાય છે. બધાને નહીં. ભલે બધા બ્રહ્મસંબંધ લેતાં હોય તેનો કોઈ અર્થ કે ફળ નથી. કોઈ કર્મ કે ક્રિયા કશુ ફળ આપે નહીં. ફળ તો સાક્ષાત શ્રીકૃષ્ણ પ્રભુ જ આપે છે. આ પુષ્ટિ સિદ્ધાંતને સમજો.

પુષ્ટિમાર્ગમાં અષ્ટાક્ષર – પંચાક્ષર અને ગદ્યમંત્ર આ ત્રણ જ મંત્રો માન્ય છે. બીજા મંત્રો લેવા તે અન્યાશ્રય જ છે. ઘણા વૈષ્ણવો ગોપાલમંત્ર, ગાયત્રીમંત્ર વિ. લેતા હોય છે. અષ્ટાક્ષર શ્રીવલ્લભે અને પંચાક્ષર શ્રીસ્વામિનીજીએ મૂલ ગોલોકધામમાં પ્રગટ કરેલ છે. ગદ્ય ભૂતલ પર શ્રીઠકુરાણીઘાટે સ્વયમ્ શ્રીઠાકોરજીએ પ્રગટ થઈ શ્રીવલ્લભને

દૈવીજીવોને શરણે લેવાની આજ્ઞા કરી છે. અષ્ટાક્ષરમંત્રમાં રસાત્મક સ્વામિનીજી અને શ્રીઠાકરોજીના સ્વરૂપ અને શ્રીવલ્લભનું સ્વરૂપ આમ ત્રણ સ્વરૂપો બિરાજે છે. તેમાં અમૃત બીજ મંત્ર છે. એ સિદ્ધ થયે અલૌકિક સામર્થ્ય અને સ્વરૂપાનંદની પ્રાપ્તિ થાય છે. જે ચાચાજીના પ્રસંગથી જાણી શકાય છે. પંચાક્ષરમાં અગ્નિ બીજમંત્ર છે. શુદ્ધ અપરસમાં જ બોલાય. અન્યથા આજની જોવા મળતી અપરસથી મહા અપરાધ પડે. આ મંત્ર કેવળ વિપ્રયોગ ભાવાત્મક છે. અષ્ટાક્ષર સંયોગ ભાવાત્મક છે.

આજે પુષ્ટિસંપ્રદાયમાં મોટા ભાગના વૈષ્ણવોને સેવ્ય અને સેવાના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન નથી, માર્ગની મેંડ-રીતનું જ્ઞાન નથી. દેખા-દેખી મનસ્વી સેવાપ્રકાર ચલાવે છે. ખાસ કરીને બહેનો. મોટાભાગના આજે કહેવાતા વૈષ્ણવો પ્રવાહી જ છે. જરૂર થોડાક પુષ્ટિ દૈવીજીવો પણ છે. જે ખૂબ જૂજ છે. તેઓ જ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતો પ્રમાણે સેવા-સ્મરણ, ગુણગાન-ધ્યાન કરી સેવાફળને પ્રાપ્ત કરી શકે છે. આજે મોટાભાગે બહેનો અને બાપાઓની વૈષ્ણવ મંડળીઓ ચાલે છે. મોટેભાગે અન્યથા જ્ઞાન, અંધશ્રદ્ધા અને અજ્ઞાનથી ગ્રસિત છે. માર્ગના સિદ્ધાંતો અને ગ્રંથોનું શ્રવણ – મનન અને સમજણ નથી. સાચું પુષ્ટિ પોષણ અને અધિકારીનો સત્સંગ નથી. સિદ્ધાંત વિરૂદ્ધની સેવાનો પુષ્ટિ પ્રભુ અંગીકાર કરતા જ નથી. તમારી સેવા પ્રભુએ સ્વીકારી છે તેનું પ્રમાણ શું ? શ્રીમહાપ્રભુજી કહે છે. જ્યારે પ્રભુ જીવની સેવાનો અંગીકાર કરે છે ત્યારે પ્રથમ તે જીવના (1) ક્રોધ (2) રાગ અને (3) ભય દૂર થઈ જાય છે. સંસારાસક્તિ છૂટી જાય અહંતા મમતા છૂટી જાય , હવે વિચાર કરો તમે વર્ષોથી ભોગ ધરી સેવા કરો છો ! તમારું શું છૂટ્યું ? તમે ક્યાં છો ? આત્મચિંતન કરો. કેટલીક મુગ્ધ બહેનો મંડળીના મુખ્ય બેનનું આંધળું અનુકરણ કરી સેવા કરે છે. આવા જીવોને સાચું જ્ઞાન પ્રાપ્ત થાય, તે દર્શાવવા માટે જ કેટલાક પ્રસંગો અહીં રજૂ કરું છું.

ઘણા વૈષ્ણવોની મંડળીઓમાં જવાનું થાય છે. ત્યાં જે જોયું તે જ કરૂ છું. એક બહેન કહે છે કે, અમારે પ્રમાણની જરૂર નથી. અમે તો શ્રીવલ્લભના પ્રમેયવાળા ભોગ ધરીને ટેરો નહીં કરવાનો. ટેરો તો માયાનું સ્વરૂપ છે. આ કેવો પ્રકાર ? શ્રીજીએ રામદાસજીને

આજ્ઞા કરી. (રામદાસ આંખો મીંચી પંખો કરતા હતા) "રામદાસ, આંખો ખોલ, દર્શન કર. જો હું કે
ટલા બધા વ્રજભક્તો સ્વામિનીજી સહિત ભોગ આરોગું છું " ના મહારાજ , મને શ્રીમહાપ્રભુજીની આજ્ઞા નથી. તમારી અહંતા મમતા છૂટી નથી ત્યાં સુધી ટેરો જરૂરી છે. શ્રીવલ્લભની મેંડ તોડવાથી અપરાધ છે. કેટલાક ભાવલાવેડા કરી સેવામાં કોઈ મેંડ-મર્યાદા પણ પાળતા નથી. શ્યામ સ્વરૂપ શ્રીદ્વારિકાધીશની સેવા કરનાર એક બહેન માસિક ધર્મમાં ત્રીજે દિવસે સ્નાન કરી સેવા કરે છે. બીજા બહેન બહાર રીક્ષામાં બેસી આવેલ એક કિર્તનીયાજીને કહે છે, તમે અમારા શ્યામ સ્વરૂપ શ્રીદ્વારિકાધીશના શૃંગાર કરો. તમે છોવાતા નથી ! આ કયો પ્રકાર છે ? આ જોતાં એમ થાય છે કે પુષ્ટિ ક્યાંય જોવા મળે છે ? હશે, કોઈ તો વિરલા છે જ. અને જ્યારે શ્યામ સ્વરૂપ પધરાવી આપનાર આચાર્ય બાળકને ખબર પડશે કે મેં પધરાવી આપેલ સ્વરૂપની આ પ્રકાર સેવા બહેનો કરે છે ત્યારે તેઓશ્રીને કેટલું અપાર દુઃખ થશે ? મેં કુપાત્રને સ્વરૂપ પધરાવી આપ્યું એનો આઘાત જરૂર લાગશે,.

શ્રીઠાકોરજીએ વાઘાજી રાજપુતને ઘી લાવવાની આજ્ઞા કરી , પોતાને તવાપુરીમાં ઘી ઓછું હોવાથી આજ્ઞા કરી. આજ્ઞા પ્રભુની સાંભળીને તેમને દેહશુદ્ધિ ન રહી. જોડાં પહેરી ઘી સમર્પ્યું. પ્રભુએ પ્રેમથી અંગીકાર કર્યું. પછી શુદ્ધિમાં આવ્યા ત્યારે સઘળી અપરસ નવી કરી સેવા પ્રકાર કર્યો. અને શ્રીમહાપ્રભુજીની મેંડ તો ખુદ શ્રીજી શ્રીનિકુંજનાયકે પણ પાળવી પડી છે. મોહનાભંગીની ખાંધે બિરાજી મંદિરમાં પધારતા હતા. ત્યાં ગોવિંદસ્વામીએ શ્રીજીને રોક્યા, કહ્યું, "બાબા, ગોવિંદ કુંડમાં સ્નાન કરી પછી પધારો " પ્રભુએ સ્નાન કર્યું. શ્રીગુસાંઇજીએ ગોવિંદસ્વામીને પૂછ્યું, "ગોવિંદ, બ્રહ્મ કદી છુવાય છે ?" ગોવિંદસ્વામી કહે : "મહારાજ, બ્રહ્મ ન છુવાય પરંતુ આ શ્રીમહાપ્રભુજીના રસાત્મક-ભાવાત્મક માર્ગની મેંડ છુવાય છે તેથી મેં પ્રભુને સ્નાન કરાવી મંદિરમાં પધારવાની વિનંતી કરી છે" આ છે શ્રીવલ્લભના માર્ગની મેંડનું આધિદૈવિક સ્વરૂપ.

પ્રભુ સૌને સદબુદ્ધિ આપે અને શ્રીવલ્લભ સિદ્ધાંતોનું અનુસરણ કરે એજ શુભાશયથી આ

લખાયું છે. કોઈની ટીકા-નિંદા કરવાનો મારો આશય નથી. શ્રી વલ્લભ શરણ થકી સૌ પડે સહેલું.....

## પુષ્ટિમાર્ગમાં કેવલ સ્વરૂપ જ્ઞાન જ ફલરૂપ છે

**- કંચનભાઈ ગાંધી, વડોદરા**

આજે પુષ્ટિમાર્ગમાં વૈષ્ણવો બ્રહ્મસંબંધ લઈ ગૃહસેવા કરતા હોય છે. કોઈ મિશ્રી દૂધગર, અનસખડી કે સખડી ભોગ ધરતા હશે. પરંતુ તેઓને સેવ્ય સ્વરૂપનું પ્રાયઃ જ્ઞાન નથી હોતું, થોડાક અધિકારી જીવોને એ જ્ઞાન હશે. ગદ્યમંત્ર દ્વારા જીવ શું પ્રાપ્ત કરે છે ? સેવા દ્વારા એને શું પ્રાપ્ત કરવાનું છે ? ખબર નથી, ઘણાં બ્હેનો કહેતા હોય છે કે, "અમારે ત્યાં તો ગુરુભાવે ઠાકોરજી બિરાજે છે. તેમની સેવા દ્વારા પ્રભુને પ્રાપ્ત કરવાના છે." કેટલું અજ્ઞાન છે ! ગુરુભાવે એ વળી શું છે ? સેવ્ય સ્વરૂપમાં ત્રણ સ્વરૂપની ભાવના કરવાની છે. નિકુંજનાયક શ્રીજી , ગુરુ ઘરના નિધિ સ્વરૂપની અને શ્રીવલ્લભની. સેવા માટે સાક્ષાત્ પ્રભુ તો તમને મળી ગયા છે , પછી પ્રાપ્ત કરવાના છે તેમ કેવી રીતે કહો છો ? પ્રાપ્ત છે જ, તેથી તો તેમની સેવા કરો છો. પરંતુ સેવા દ્વારા સાક્ષાત બિરાજતાં સ્વરૂપને બહાર પ્રગટ કરવાના છે. સેવ્યને પ્રથમ જાણો પછી સેવો પછી માનો , અનુભવ કરો. સેવા દ્વારા જીવને પોતાનું આધિદૈવિક મધ્યપાંતિ સ્વરૂપ પ્રાપ્ત કરવાનું છે. જેથી સેવા સિદ્ધ થયે એની પ્રાપ્તિ દ્વારા ગોલોકમાં જઈ શકાય છે. સેવ્યમાં સુધા સ્વરૂપે શ્રીવલ્લભ જ વ્યાપ્ત છે એ ભાવ દ્રઢ કરો. મારા સેવ્ય નિધિ સાક્ષાત ગોલોક ધામસ્થ સ્વરૂપ છે. આ જ્ઞાન દ્રઢ નહિ હોવાથી વૈષ્ણવો બીજે બધે ભટકે છે , શાની પ્રાપ્તિ માટે ? ખબર નથી. ઘરના શ્રીજીની કરેલી સેવા તો શ્રીનાથદ્વારામાં બિરાજતાં શ્રીનિકુંજનાયક અંગિકાર કરે છે. પ્રમાણાં શ્રીકૃષ્ણ ભટ્ટજીએ ઉજ્જૈનમાં વસંત પંચમીના આગલા દિવસે પ્રભુને ખેલાવ્યાં, તો ત્યાં શ્રીજીએ રંગવાળા સ્વરૂપે શ્રીરામદાસજીને દર્શન આપ્યા છે. શ્રીગુસાંઈજીના સેવકે દક્ષિણમાં એક લાખ રૂપિયાનું ગુલાબનું ફૂલ ધર્યું તો શ્રીજીનું મસ્તક ઝૂકી ગયું ! શ્રીગુસાંઇજીએ પૂછ્યું , "બાવા ! કેમ આજે ખૂબ ઝૂકી રહ્યા છો ?" ત્યારે શ્રીજીએ કહ્યું , તમારા સેવકે એક લાખનું ફૂલ ધર્યું તેથી "આ પરથી વિચાર કરો વૈષ્ણવો ! તમે પ્રેમપૂર્વક કરેલી સેવા

ક્યાં પહોંચે છે ? ત્યાં શ્રીજીદ્વારમાં જઈ તમને આવી સેવા કરવાનો અધિકાર નથી. પરંતુ શ્રીવલ્લભે ઘણો મોટો અધિકાર ઘરમાં સેવ્ય શ્રીજીને સોંપીને આપી દીધો છે. આ જ સ્વતંત્ર ભક્તિનું દાન આપે કર્યું છે. સ્વરૂપ જ્ઞાન વિનાની સેવા ક્રિયાત્મક જ છે. ફલરૂપા નથી. સ્વરૂપ જ્ઞાન વિના જીવો ફલથી વંચિત રહી આવે છે.

પૂ. ગૌસ્વામી શ્રીપુરૂષોત્તમજી લેખવાળા "નામવાદ"વાળા ગ્રંથમાં આજ્ઞા કરે છે કે , "સ્વરૂપ જ્ઞાન પૂર્વક જો ભગવન્નામનો ઉચ્ચાર ભક્તિપૂર્વક કરવામાં આવે તો ભગવન્નામ મુખ્ય ફલ આપે છે, અન્યથા નહિ." શબ્દ અને અર્થ પ્રભુના સ્વરૂપ જ્ઞાનમાં જરૂરી છે. ભક્તિ વિના સ્વરૂપ જ્ઞાન થવું સંભવ નથી. ભગવાને સ્વયં શ્રીમદ્ ગીતાજીમાં આજ્ઞા કરી છે કે, "મારા ભક્તો જે મને જાણે છે તેથી નક્કી છે કે શબ્દ અને અર્થ દ્વારા ભક્તિથી જ પ્રભુને યથાર્થ જ્ઞાન સંભવિત છે. વિચારપૂર્વક ઉચ્ચારેલું નામ જ પ્રભુના સ્વરૂપનો અને લીલાનો બોધ કરાવે છે. તેનાથી વિપરીત વગર વિચાર્યે લીધેલું ભગવદ નામ ફલરૂપ બનતું નથી. " આ કથનને આ રીતે સમજી લઈએ. લૌકિકમાં માનો કે હરિદાસ નામે કોઈ વ્યક્તિ મૃત્યુ થયું. તે ઘણાં દયાળુ અને પરોપકારી હતા. જે-જે વ્યક્તિ હરિદાસના સંપર્કમા આવી, તેના પર હરિદાસે કંઇક ને કંઇક ઉપકાર કર્યો હતો. આ વ્યક્તિ જ્યારે હરિદાસની વાત કરે છે , નામ લે છે ત્યારે તે વ્યક્તિના હૃદયમાં હરિદાસ પ્રત્યે શ્રદ્ધા અને કરૂણા પ્રગટે છે. તેનાથી વિરૂદ્ધ હરિદાસથી સર્વથા અપરિચિત વ્યક્તિ તેનું નામ બોલે તો તે વ્યક્તિ માટે 'હરિદાસ' નામનું કોઇ મહત્વ નથી રહેતું.

આજે વૈષ્ણવોમાં અજ્ઞાન, અન્યથા જ્ઞાન અને સંશય જોવા મળે છે. કારણ કે , તેઓને સાચો સત્સંગ અને માર્ગિય ગ્રંથોનું શ્રવણ-મનન નથી. મૂલ ગ્રંથો જ શ્રવણ કરવા અતિ આવષશ્યક છે. મોટા ભાગના વૈષ્ણવો શ્રીજીના સ્વરૂપને અન્યથા સમજે છે. તેઓ દેવદમન, ઇંદ્રદમન અને નાગદમન ત્રણેને જુદા સ્વરૂપો માને છે. આ એક જ નિકુંજનાયક શ્રીજીના જ ત્રણ નામ છે. જેમ કોઈ એક વ્યક્તિ ત્રણ નામે ઓળખાય તેમ. શ્રીજી જ શ્રીગિરિરાજજીમાંથી પ્રગટ થયા છે. ઇંદ્રદમન નાગદમન

ગિરિરાજજીમાંથી નથી પ્રગટ થયા એવો કોઈ ઉલ્લેખ પુષ્ટિ સંપ્રદાયના ગ્રંથોમાં નથી જ. માર્ગના સિદ્ધાંતોના જ્ઞાનનો મોટો અભાવ છે. ત્રણ જુદા સ્વરૂપો છે એવો બ્રહ્મ ઊભો કરવામાં આવ્યો છે. વસ્તુતઃ એક જ શ્રીજી નાથદ્વારામાં બિરાજે છે. તે જ સ્વરૂપે સારસ્વત કલ્પમાં જે લીલા કરી તે પરથી ત્રણ નામ પડ્યા. દેવોનું દમન-દેવદમન, ઇંદ્રનું દમન કર્યું તેથી ઇંદ્રદમન અને કાલીનાગનું દમન કર્યું તેથી નાગદમન નામ પડ્યું આ વાતને નીચેના પ્રમાણોથી સમજી લઈએ. ( 1) શ્રીદ્વારકેશજી મહારાજ કૃત મૂલ પુરૂષના ઘોળમાં આજ્ઞા કરે છે. "મિલેંગે હરિદાસ પેં જહાં તીન દમન કહાકહી – ઇંદ્ર નાગ જુ દેવદમન મેરો નામ ધરાવહી. " બીજું પ્રમાણ સુરત ઘરના શ્રીયશોદા બેટીજી કૃત શ્રીગોવર્ધનનનાથજીના પ્રાગટ્યનું ઘોળ છે. તેમાં જણાવે છે કે , ત્રીજી પરિક્રમા વખતે શ્રીજીએ શ્રીવલ્લભને જતાવ્યું , "હું પર્વત પર છું , મને પ્રગટકરો." જ્યારે વ્રજવાસીઓએ ગિરિરાજની શિલા ઊંચકી જોયું તો સુંદર સ્વરૂપના દર્શન થયાં. વ્રજવાસીઓએ પૂછ્યું, "હે પર્વતના દેવતા ! આપશ્રીનું નામ શું છે ?" ત્યારે પ્રભુએ કહ્યું, 'દેવદમન' મારૂ નામ છે અને ઇંદ્ર અને નાગદમન રૂપે પણ હું જ છું.

શ્રીવલ્લભ ચરણ થકી સૌ પડે સહેલું રે..... (શ્રીદયારામ)

## શ્રીવલ્લભની વાણી અમૃત અને અગ્નિબીજથી પૂરિત છે.

**- કંચનભાઈ ગાંધી, વડોદરા**

આજે પુષ્ટિ સંપ્રદાયમાં મોટા ભાગના વૈષ્ણવો માર્ગના સિદ્ધાંત , સ્વરૂપ લીલાભાવના અને રહસ્યથી અજાણ છે. પુષ્ટિ પોષણ , સત્સંગ વિના દિશાશૂન્ય છે. પૂ.પા. ગો. શ્રી શ્યામમનોહરજીએ એક વચનામૃતમાં એવી આજ્ઞા કરી છે કે , "ષોડશ ગ્રંથ અને 84 વૈષ્ણવોની વાર્તાઓ, એકએક કરી, બે વર્ષ સુધી જે વૈષ્ણવ અધ્યયન કરશે , એમના પુષ્ટિ સંપ્રદાય સંબધિત લગભગ 80% પ્રશ્નોનું નિવારણ થઈ જશે." જો ષોડશ ગ્રંથો શ્રીમહાપ્રભુજીની વાણીનો ઉપદેશ છે, તો વાર્તાઓ, વાકપતિના વાકસિંધુનો લીલાત્મક ઉપદેશ છે. એની સામે શ્રીસર્વોત્તમજી અને નામ રત્નાખ્યને સંમિશ્રિત કરવાથી સોનામાં સુગંધ થઈ જાય છે. ભક્તિરસ સિદ્ધાંતના પાત્રમાં ઝલકે છે. ષોડશ ગ્રંથ અને

વાર્તાઓનું મિલન કરવાથી પ્રમાણ પ્રમેય બની જાય છે અને પ્રમેય પ્રમાણરૂપ. ગ્રંથ અને વાર્તાઓનો આવો શુદ્ધાદ્વૈત છે.

શ્રીઆચાર્યચરણે જે ષોડશ ગ્રંથ જે વૈષ્ણવ માટે પ્રગટ કર્યા છે. અથવા તો જ વૈષ્ણવની વાર્તા જે ગ્રંથ સાથે સંકળાયેલી છે , તે ભગવદીયના અતઃકરણમાં , એ ગ્રંથના સર્વભાવો અને લીલા રહસ્યો વિદ્યમાન છે. કારણ કે , એ વૈષ્ણવ આચાર્યચરણના એ ગ્રંથને ઝીલવા અને જીવવાનું સંપૂર્ણ માત્ર છે. તેમજ પ્રત્યેક ચોરાશી વૈષ્ણવના મૂલ સ્વરૂપમાંથી સાત્વિક, રાજસ અને તામસ એવા ત્રણ આવિર્ભાવ 252 પ્રગટ થયા છે. અર્થાત્ 252 વૈષ્ણવોના આવા આવિર્ભાવમાં તદ્ તદ્ 84 વૈષ્ણવોના ભાવ વિદ્યમાન છે. એટલે જ શ્રીગોકુલેશ પ્રભુ પ્રત્યેક 252 વૈષ્ણવ માટે આજ્ઞા કરે છે કે , "વે ઈનતે પ્રગટી , તાતે ઈનકે ભાવરૂપ હૈ. " બધાય ષોડશ ગ્રંથોમાં ભક્તિનું જ પ્રાચુર્ય છે. તેથી આચાર્યચરણ સિદ્ધાંતના રૂપમાં ષોડશ નથી સમજાવતા , પણ પુષ્ટિ ભક્તિમાર્ગ પર અભિસરણ કરતી વખતે જે-જે સમસ્યાઓ ઉત્પન્ન થાય છે , તેનું સમાધાન શ્રીમહાપ્રભુજી ષોડશ ગ્રંથમાં કરે છે. 84/252 વૈષ્ણવની વાર્તાઓમાં પુષ્ટિ ભક્તોનો પ્રભુ માટે જે પ્રગાઢ સ્નેહ છે , તેને અભિવ્યક્ત કરે છે. શ્રીમહાપ્રભુજી સ્વયં પોતાના ભક્તોના અનંત ગૂઢભાવોનું વર્ણન ગૂઢ રીતે કરે છે. એમ ન હોત તો દરેક વાર્તાના અંતમાં શ્રીગોકુલેશજી એમ આજ્ઞા ન કરત કે , "ઇનકી વાર્તા કહાં તાઈ કરિયે." તેથી શ્રીગોકુલનાથજી વિચારે છે. કે , "હું આ ભગવદીયની વાર્તા વિશેષ ક્યાં સુધી કહું ?" એમ કહી પ્રત્યેક વાર્તામાં ઈશારો કરી રહ્યા છે કે , આ ભવદીયોના ભાવ-તરંગનો સમ્યક અનુભવ કરવો હોય તો ષોડશ ગ્રંથોનો આશ્રય લેવો અનિવાર્ય છે.

શ્રીમહાપ્રભુજીની વાણી વેણુ નાદાત્મક છે , સુધા સભર છે. સારસ્વત કલ્પમાં રાસનો અધિકાર એમને જ મળ્યો છે જેમણે વેણુનાદની સુધાનું પાન કર્યું. અદ્યતન કાલમાં આચાર્યશ્રીની વાણી વેણુ સુધા પ્રચુર હોવાથી , વેણુનાદાત્મક જ હોવાથી , આપની વાણીના અવગાહનથી જ પુષ્ટિ સંપ્રદાયનો જીવ, રાસલીલાનો અધિકારી બની શકે છે.

શ્રીપદ્મનાભદાસજીનું પદ એનું પ્રમાણ છે. "તબ વેણુનાદ દ્વાર અબ શ્રીલક્ષ્મણ

ભૂપકુમાર." આચાર્યશ્રીની વાણી રાસસ્થલીનું દ્વાર છે. અને આપશ્રી રાસ સ્ત્રીભાવ પૂરિત વિગ્રહ છે. આપશ્રીની વાણી અમૃત અને અગ્નિ બીજથી પૂરિત છે.

શ્રીઆચાર્યશ્રીના પ્રત્યેક શબ્દ ભીતર એનો અર્થ છે , એમાં ગૂઢાર્થ બિરાજે છે – અને એમાં નિગૂઢાર્થ બિરાજે છે. આપશ્રીની વાણી સ્વરૂપાત્મક છે. ભજનાનંદ અને સ્વરૂપાનંદમાં ઓતપ્રોત કરાવનારી છે. તેથી જ ગવાય છે. "વેણુગીત પુનઃ યુગલ ગીતકી રસબરખા બરખાઈ." આપશ્રીની વાણી અનંત લીલાઓનું ઉદ્બોધન કરાવનારી છે. નિત્યલીલામાં ઉદ્દીપન વિભાવ અને તન્મયતાનું ચક્ર ચાલે છે , ત્યારે જે ગોપાળદાસજી ગાય છે કે, "નિત્યલીલા નિત્યનૌતમ શ્રુતિ ન પામે પાર રે."

આજે આપણો સંપ્રદાય કેવી કપરી કસોટીમાંથી પસાર થઈ રહ્યો છે. તે વાત સ્વયં પૂ.ગો. શ્રીશ્યામુબાવાશ્રીના કથનથી જોઈએ : "આજે એક તરફ આપણે મૂલ આચાર્યોના ઉપદેશથી સર્વથા વિપરીત એવા જાહેર સેવા – કથા પ્રણાલિના પ્રદર્શનોને અને ભાગવત સપ્તાહોને આપણા સંપ્રદાયના પ્રમુખ ધર્માનુષ્ઠાન માની લેવાની ભ્રમણામાં ભટકી રહ્યા છે , તો બીજી તરફ કહેવાતા નાનાવિધ પેટા પંથો , નામશઃ વલ્લભ પંથ, યમુના પંથ, ગિરિરાજ પંથ, દામોદર પંથ જેવા કઢંગા સિદ્ધાંત વિહોણા – વેવલાવેડાઓમાં આપણે આપણી સમજ અને શ્રદ્ધાને વેડફી રહ્યા છીએ."

"શ્રીવલ્લભ શરણ થકી સૌ પડે સહેલું." (શ્રીદયારામભાઈ)

## શ્રીકૃષ્ણ સ્વરૂપ નિર્ણય

**- શ્રી કંચનભાઈ ગાંધી, વડોદરા**

આજે સંપ્રદાયમાં ત્રણ શ્રીકૃષ્ણના સ્વરૂપનો ઉલ્લેખ જોવા મળે છે. ( 1) શ્રીગોકુલમાં પ્રગટ થયેલ શ્રીકૃષ્ણ ( 2) મથુરામાં કારાગારમાં પ્રગટ થયેલ શ્રીકૃષ્ણ ( 3) શ્રીદ્વારિકાલીલાના કૃષ્ણ, આ ત્રણે શ્રીકૃષ્ણે અલગ અલગ સ્વરૂપે પ્રગટ થઈ લીલા કરી છે. ( 1) વ્રજમાં શ્રીપૂર્ણપુરૂષોત્તમ કૃષ્ણે 11 વર્ષ બાવન દિવસ લીલા કરી. ( 2) મથુરામાં મર્યાદા પુરૂષોત્તમે 14 વર્ષ લીલા કરી છે અને દ્વારકામાં 100 વર્ષ કૃષ્ણે

લીલા કરી છે. કુલ 125 વર્ષ શ્રીકૃષ્ણની લીલાઓ ભૂતલ પર થઈ.

હવે આ સ્વરૂપના પ્રાગટ્યનો વિચાર કરીએ, સૌ પ્રથમ નંદાલયમાં જે શ્રીકૃષ્ણ પ્રગટ થયા તે યોગમાયાને સાથે લઈને ગયા. આ સ્વરૂપ વરદાનિક કહેવાય છે. કારણ કે વેદશ્રુતિઓને અને ઋષિરૂપાઓને પ્રગટ થઈ તેમની સાથે લીલા કરવાનું વરદાન આપ્યું હતું. જેથી વ્રજમાં બાળલીલા , પ્રોગંડલીલા, કિશોર લીલા કરી. તેઓના દેહને અલૌકિક કરી રાસલીલા કરી , પછી એ બંને યૂથનાં શ્રીગોપીજનોને લઈ આપશ્રી ગોલેકધામમાં બિરાજી ગયા. અહીં વ્રજના કૃષ્ણની લીલા પુરી થઈ ગઈ. મૂલધામમાંથી પ્રભુ શા માટે વ્રજમાં પ્રગટ થયા ? વેદશ્રુતિઓ પ્રભુનું ગુણગાન કરતાં કરતાં ઠેઠ ગોલોકધામ સુધી ગયાં. એમના મધુર ગુણગાનથી પ્રિય પ્રભુ પ્રસન્ન થયા , સકળ ધામના પરિકરનાં દર્શન કરાવ્યા , અને વરદાન માગવા આજ્ઞા કરી. શ્રુતિઓએ ગોલોકધામના સ્વામીનીઓને જે સુખ મળે છે તેવા સુખની માગણી કરી. પ્રભુએ કહ્યું, "તમારી આ માગણી ઉચીત નથી " અહિયાં શ્રુતિઓએ સ્વસુખ અર્થે માગણી કરી. જે પરક્રિયા ભાવ ગણાય , તત્સુખનો વિચાર કરી માગણી કરી હોત તો તૂર્ત ત્યાં જ નિવાસ થઈ જાત. શ્રુતીઓ ભૂલ કરી બેઠાં. પ્રભુએ કહ્યું, "તમારો મનોરથ સિદ્ધ કરવા હું વ્રજમાં સારસ્વતકલ્પમાં પ્રગટ થઈશ. અને તમે વ્રજમાં ગોપીઓ તરીકે પ્રગટ થશો."

(2) હવે મથુરાના શ્રીકૃષ્ણ, વાસુદેવ દેવકીને ત્યાં જે કૃષ્ણ પ્રગટ થયા તે જોઇએ. મધ્યરાત્રીએ કારાગારમાં 12 વાગે ચત્રભુજ સ્વરૂપ ત્રણ કાર્યો કરવા પ્રગટ થયા હતા. (1) પૂર્વે દેવકીજીએ પુત્રરૂપે પ્રગટ થવાનું વરદાન આપેલું ( 2) ભક્તોની રક્ષા કરવા અને (3) ભૂ-ભાર હરણ કરવા. પ્રભુ તો અજન્મા છે. જન્મ ન હોય, મૂળધામમાંથી પોતે ભૂતલ પર અવતરે, અવતાર ધારણ કરે છે. પ્રથમ પ્રભુએ વાસુદેવજીનાં મનમાં પ્રવેશ કર્યો. પછી દેવકીએ ધ્યાન કરી એ સ્વરૂપને પોતાનાં ઉરમાં ધારણ કર્યું. આ સ્વરૂપ મથુરામાં પ્રગટ થયું તે પછી 40 મીનીટ બાદ નંદાલયમાં જશોદાજીને ત્યાં શ્રીકૃષ્ણ-યોગમાયા સહ પ્રગટ થયા છે. મથુરામાં ચાર વ્યૂહ સહિત પ્રગટ થયા. ( 1) પ્રધ્યુમન વ્યૂહનું કાર્ય વંશ વૃદ્ધિ ( 2) અનિરુદ્ધ અંશનું કાર્ય ધર્મની રક્ષા કરવા. ( 3) સંકર્ષણ

અંશનું કાર્ય દુષ્ટોનો નાશ  કરવા માટે (4) વાસુદેવ અંશનું કાર્ય મોક્ષ આપવા માટે. મથુરામાં પ્રગટ થયેલા સ્વરૂપે વાસુદેવજીને આજ્ઞા કરી, "મને વ્રજમાં નંદાલયમાં લઈ જાવ. જતાં રસ્તામાં શ્રીયમુનાજી  પાર કરતાં શ્રીયમુનાજીએ મથુરાના સ્વરૂપને સ્પર્શ કરી પુષ્ટ કર્યું. કારણ કે એ મર્યાદા સ્વરૂપમાં વ્રજના પુષ્ટિ સ્વરૂપનું અધિષ્ઠાન થવાનું હતું. વાસુદેવ  નંદાલયમાં આવ્યા. ત્યાં તેમને ફક્ત યોગમાયાનાં જ દર્શન થયા. નંદાલયમાં પ્રગટેલ પ્રભુના નહિ ! એમનો અધિકાર ન્હોતો. માયાનું આવરણ કરી એ સ્વરૂપ બિરાજ્યું હતું.  પુષ્ટિ પ્રભુ ભક્તના ઘરમાં પણ માયાના આવરણ સહિત જ બિરાજે છે. જ્યારે જીવની સંસાર આસક્તિમાયા છૂટે ત્યારે સેવા ફલરૂપ થતાં માયાના આવરણને દૂર કરી મૂલ સ્વરૂપે ભક્તને  સ્વરૂપાનંદનો અનુભવ કરાવે છે. વાસુદેવજી મથુરાના સ્વરૂપને મૂકી , યોગમાયાને લઈ મથુરા  પાછા ગયા. અહીં બે કૃષ્ણના એક કૃષ્ણ થઈ ગયા. હવે બે સ્વરૂપ લીલાઓ થઈ. જે સ્વરૂપની    લીલામાં ભક્ત અને ભગવાનને આનંદ થાય તે પુષ્ટિ શ્રીકૃષ્ણની લીલાઓ. બાલલીલાથી રાસલીલા  સુધી. જે લીલાઓ કરતાં પ્રભુને અને સામી વ્યક્તિને  , ભક્તને શ્રમ પડે તે લીલા મર્યાદા પુરૂષોત્તમની, જેમકે પૂતના મોક્ષ લીલા , અસૂરોને મારવાની લીલા. કંસ , શિશુપાલ વધ લીલાઓ કરી તે.

વાસુદેવ દેવકીજીને  ત્યાં જે સ્વરૂપ પ્રગટ થયું તે ત્રણ જન્મ સુધી પુત્ર રૂપે પ્રગટ થવાનું વરદાન પૂર્ણ  કર્યું છે. પહેલા જન્મમાં સુતપા અને પુશ્ની હતા. પ્રભુ પુશ્ની ગર્ભ રૂપે પ્રગટ્યા  હતા. બીજા જન્મમાં ક્શ્યપ અને અદિતિને ત્યાં વામનરૂપે    , ત્રીજા અવતારમાં વાસુદેવ  દેવકીજીને ત્યાં શ્રીકૃષ્ણ રૂપે  , હવે મથુરામાં જે ચત્રભુજ વ્યૂહ સ્વરૂપ પ્રગટ થયું તેમાં શ્વેતદ્વીપમાં જે બિરાજે છે પ્રભુ તેના એક શ્યામ કેશ બીજા શ્વેત કેશ એ સ્વરૂપમાં પ્રવિષ્ટ થયાં. આમ  6 સ્વરૂપ થયાં. તેમા શ્યામ કેશ તે નારાયણ , શ્વેત કેશ તે નર. જેનો દ્વારકાલીલામાં દ્વારિકાના કૃષ્ણ તરીકે ઉલ્લેખ છે. આમ કૃષ્ણનું મૂલ સ્વરૂપ સપ્તાત્મક થયું. ઉપર મુજબ જોતાં છ ધર્મો અને એક ધર્મિ મળી કુલ સાત થયાં. ગીતાના યોગેશ્વરની વાતો કરનાર પુષ્ટિના કૃષ્ણને ઓળખી શકે નહિ. વાસુદેવ ન ઓળખી શક્યા  ત્યાં બીજુ કોણ જાણે  ? અધિકાર વિના પુષ્ટિ પ્રભુ ઓળખાય નહિ.

શ્વતદ્રીપનું શ્યામ કેશ સ્વરૂપ અને શ્વેત કેશ નર અર્જુનનું સ્વરૂપ છે. આમ 11 વર્ષ વ્રજના કૃષ્ણ – 14 વર્ષ મથુરાના અને 100 વર્ષ દ્વારકાના મળી 125 વર્ષ શ્રીકૃષ્ણ ભૂતલ બિરાજ્યા છે.

## વિદ્યમાન આનંદ તજ ક્યોં ચલત અપાથે

- કંચનભાઈ ગાંધી, વડોદરા

પુષ્ટિમાર્ગમાં જીવને પોતાના કર્તવ્યનો બોધ કરાવવા માટે અનેક નાના-મોટા ગ્રંથો બિરાજે છે. માર્ગના સમર્થ આચાર્યોએ ઘણો જ પરિશ્રમ લઈને પુષ્ટિ પોષણનું વિપુલ સાહિત્ય પ્રગટ કર્યું છે. શ્રીવલ્લભે રસાત્માક-ફલાત્મક-ભાવાત્મક પુષ્ટિમાર્ગ પ્રગટ કરીને તે માર્ગે ચાલવાનો સરળ ઉપાય બતાવ્યો છે. છતાં જીવ મુઢમતિને લીધે મૂલ માર્ગથી વિપરીત કુપાથે ભટકે છે. પુષ્ટિ ફલથી વંચીત રહી આવે છે. આમાં સત્સંગનો અભાવ અને ગ્રંથાવલોકનથી વિમુખ આ કારણ છે. દરેક પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ આ કારણ છે. દરેક પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સેવામાં દાખલ થઈ, સૌ પ્રથમ શ્રીયમુનાજી , શ્રીજી, શ્રીવલ્લભ, શ્રીવિઠ્ઠલના પદો બોલે છે. ફક્ત બોલી જાય છે. કદી તેના શબ્દોના અર્થનો વિચાર નથી કરતા. આવું જ પદ મર્મજ્ઞ શિરોમણી , શિક્ષા સાગર , ભક્તવત્સલ શ્રીહરિરાય મહાપ્રભુજીનું જોઈએ.

જય જય શ્રીવલ્લભ પ્રભુ શ્રીવિઠ્ઠલેશ સાથે ।
નિજજન પર કરત કૃપા, ધરત હાથ માથે ॥
દોષ સબે દૂર કરત, ભક્તિ ભાવ હિયે ધરત ।
કાજ સબે સરત સદા, ગાવત ગુણ ગાયે ॥1॥
કાહેકો દેબ દમત, સાધન કર મરુખ જન ।
વિદ્યમાન આનંદ ત્યજ, ચલત ક્યોં અપાથે ॥
રસિક ચરણ શરણ, સદા રહત બડભાગીજન ।
અપનો કર શ્રીગોકુલપતિ, ભરત તાહિ બાથે ॥2॥

આમાંથી ફક્તિ ‘વિદ્યમાન આનંદ ત્યજ ’ આ જ ટૂંકનો વિચાર કરીએ. રસિક-વિરહી

એવી શ્રીહરિરાયજી જીવને ટેરી ટેરીને કહી રહ્યા છે. સ્વકીયોને સમજાવી રહ્યા છે કે , 'વિદ્યમાન આનંદ' શ્રીવલ્લભની કૃપાથી જીવના ઘરમાં જ સેવ્ય સ્વરૂપે બિરાજે છે, એને પીઠ દઈ-છોડીને બીજે આનંદની આશાએ શા માટે તું ભટકે છે ? વૃથા દેહ દમન શા માટે ? બહાર શા માટે ભટકે છે ?

જે કાંઈ પ્રાપ્ત કરવાનું છે તે સેવ્ય પ્રભુ સકલ ગોલોકધામન સાથે લઈને બિરાજે છે. એ સ્વરૂપને સાક્ષાત અને સર્વસ્વ માની પ્રેમ પૂર્વક માર્ગની મેંડ-મર્યાદાથી અષ્ટપ્રહર સેવા કરો. સકલ લીલા અને સ્વરૂપનો અનુભવ આપ કૃપા કરીને કરાવશે. કૃપા કરવા તો બિરાજે છે. 84/252 ભગવદીયોને સ્વરૂપાનંદનો અનુભવ પોતાના ઘરના સેવ્ય દ્વારા જ થયો છે , તે આપણે રોજ રાત્રે સત્સંગમાં વાંચી જઈએ છીએ. 84/252ની વાર્તાઓ વાંચી જવા માટે નથી. એને મનન કરી, આચરવાની છે. જીવનમાં ઉતારવાની છે.

ઘરની બહાર જે આનંદ માટે ભટકીયે છે, તે ખરો આનંદ જ નથી, તે ક્ષણિક છે. થોડા સમય પછી તિરોહિત થઈ જાય છે. નિત્ય નથી. નિત્ય આનંદ તો આનંદ સ્વરૂપ માથે બિરાજતા સેવ્ય પ્રભુ જ છે. બહારનો આનંદ એ તો ફક્ત આનંદનો આભાસ છે. કદી મૃગજળથી તૃષા છીપાતી નથી. સેવ્યને બીજાને ઘેર સોંપી વૈષ્ણવો તિર્થયાત્રાએ જાય છે. આ પુષ્ટિમાર્ગની મર્યાદાની વિરૂદ્ધ છે. ગૃહમાં બિરાજતા પ્રભુને સાથે લઈને જાવ તો કાંઈ ઠીક છે. તે પણ જવાથી શું ફાયદો ? જે બહાર સુખ-આનંદ લેવો છે , તે તો તમારી સાથે ઝાંપીજીમાં જ બિરાજે છે. છતાં કસ્તુરી મૃગની જેમ બહાર દોડે છે. ગૃહસેવા જ સ્વધર્મ છે. પુષ્ટિમાં સેવા એ જ ફલ કહ્યું છે. કેમ ફળ કહ્યું ?

### શ્રીવલ્લભની આજ્ઞાનું ઉલ્લંઘન !

**- કંચનભાઈ ગાંધી, વડોદરા**

પુષ્ટિમાર્ગમાં શ્રીમહાપ્રભુજીએ ચતુશ્લોકીમાં આજ્ઞા કરી છે કે 'સર્વદા સર્વ ભાવેન ભજનિયો વ્રજાધીપ' પુષ્ટિમાર્ગમાં જીવે સદા વ્રજાધીપ , શ્રીજી, શ્રીકૃષ્ણની જ સેવા કરવાની છે. આપે પોતાની નીજ સેવકોને કદી પોતાના સ્વરૂપને સેવવાની આજ્ઞા નથી

આપી. એમાં કાંઈ રહસ્ય તો હોવું જોઇએ ને કારણ કે પુષ્ટિમાર્ગની સઘળી સેવાનો અંગીકાર શ્રીપૂર્ણ પુરૂષોત્તમ જ કરે છે. આપે ચરણારવિંદ છાપીને પાદુકાજી પધરાવીને, હસ્તાક્ષર, ગદ્યમંત્ર વિની સેવા આપી છે. અરે ખુદના અંતરંગ શેઠ પુરૂષોત્તમદાસે શ્રીમદનમોહનજીની અને રજોબાઈ ક્ષત્રાણીએ શ્રીબાલકૃષ્ણની સેવા , શ્રીવલ્લભના ભાવથી કરી છે. વલ્લભ સ્વરૂપની નહિ. સ્વકીયજનોએ સેવ્યમાં શ્રીવલ્લભની ભાવના જ કરવાની છે. એજ ફલરૂપ છે. શ્રીજી અને શ્રીવલ્લભ અલગ નથી. જે અલગ માને છે તે આસુર ભાવવાળા છે. શ્રીવલ્લભ પરથી પર સ્વરૂપ છે. તેમને આ દેહની પ્રાકૃત જીવથી સેવા કરવાનો અધિકાર જ નથી. આ પુષ્ટિમાર્ગ પરોક્ષ ફલાત્મક છે. આપ પરોક્ષ બિરાજી જીવની સેવાનો અંગીકાર કરે છે. આપશ્રી શ્રીજીના મુખારવિંદ રૂપે બિરાજે છે. શિક્ષાપત્રમાં શ્રીજી, શ્રીયમુનાજી, શ્રીવલ્લભ, શ્રીવિઠ્ઠલ આ ચાર સ્વરૂપોને જ મુખ્ય માન્યા છે. તેમા વસ્તુતઃ કોઈ ભેદ નથી. તત્વતઃ એક જ છે. તેમાં શ્રીજી પૂર્ણ પૂરૂષોત્તમે બિરાજે છે તેથી શ્રીવલ્લભે તેમની સેવા કરવાની આજ્ઞા કરી છે. શ્રીવલ્લભ ગુઢ સ્વામિનીજી છે , શ્રીવિઠ્ઠલ ચંદ્રાવલીજી સ્વરૂપે છે. શ્રીયમુનાજી નિત્ય સિદ્ધા સ્વામીનીજી છે. આમ શ્રીસ્વામિનીજીની સેવા સ્વતંત્ર રીતે કરવાની માર્ગમાં પ્રણાલીકા જ નથી. શ્રીજી સ્વતઃ શ્રીસ્વામીનીજી સહિત બિરાજે છે. જેથી શૃંગારમાં નકવેસર , કર્ણફુલ, ચોટી વગેરે શ્રીસ્વામિનીજીના શૃંગાર ધારણ કરે છે. શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર પુષ્ટિ ફલથી વંચીત રહે છે.

પુષ્ટિમાં સેવા પ્રકાર પણ, ‘સેવા રીત પ્રિત વ્રજજનકી , જનહીત જગ પ્રગટાઇ ’ સેવા રીત પ્રિત નક્કી કરીને જીવને આપ્યા છે. જીવે કદી મનસ્વી સેવા પ્રકાર કરવાનો જ નથી. ગુરૂદેવની આજ્ઞા લઈ સેવા પ્રકાર પહોંચવાનો છે. સ્વયમ્ કરણેન દોષઃ સેવામાં જીવે કદી વેદ મર્યાદાનું ઉલ્લંઘન કરવાનું નથી. આપે વેદમર્યાદા પાળી બતાવી છે ‘આ વેદ વિહિત કૃત સર્વે કીધાં , દીધા બહુપરે ગૌદાન, આ માનુષ સ્વજન સંતોષિયા (વલ્લભાખ્યાન) જ્યાં સુધી જીવનાં દેહાધ્યાસ છૂટ્યા નથી , લોકાતિત થયો નથી ત્યાંસુધી સેવાની મેંડ, મર્યાદા કેમ તોડાય, અપરાધ પડે. કેટલાક ખાસ સંજોગો અને પરિસ્થિતિમાં જ વેદ મર્યાદા ઓળંગી છે. દા. ત. મેહા ઢીમરની સ્ત્રીએ અનેવીહબાઈએ

કપુર રાયજીની સેવા સુવાવડમાં કરી છે. પછી અપરસ કાઢી સેવા પહોંચી છે.

હાલમાં ઘણી જગ્યાએ મનસ્વી શ્રીવલ્લભની સેવા થાય છે. મેંડ મર્યાદા પાળ્યા વિના અમારા વડોદરામાં એવો એક વલ્લભપંથી પંથ-ટોળી છે , જે સુતકમાંપણ સેવા કરી શકે છે. ધન્ય છે એમની હિંમતને ! સંસાર આસક્તિ છુટી નથી. પ્રપંચ જગતમાં રચ્યા રહે છે. આ કેવો પ્રકાર અરે મને મૂર્ખને એ જોવાનો કોઈ અધિકાર નથી , એવી ચેષ્ટા કરી હું દોષ કરી રહ્યો છું. છતાં એવા પંથ-ટોળીમાં કોઈ નવા મુગ્ધ જીવો ફસાય નહિ. અને અપરાધના ભાગીદાર થાય નહીં. તે જ એક આશયથી આ બાબતનો અંગૂલીનિર્દેશ કરૂં છું. બાકી જેની જેવી મતિ-ગતિ, અધિકાર તે પ્રમાણે કરે. બીજાએ તે જોવાનું નથી. હું એવા જીવોની હૃદયપૂર્વક માફી માગું છું. આમ મૂલભૂત રૂપે શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું જીવ પાલન કરતો નહીં હોવાથી જ ફલ પ્રાપ્તિ , સ્વરૂપાનંદનો અનુભવ પ્રાપ્ત કરી શકાતો નથી. એમાંપણ શ્રીવલ્લભની શી ઈચ્છા છે તે મારા જેવો તુચ્છ જીવ શું સમજે ?

### પુષ્ટિ માર્ગમા તાપાત્મક ગુણગાન ફલરૂપ છે

આધુનિક સમયમાં પુષ્ટિ જીવોનો ઉદ્ધાર પ્રભુના નામ દ્વારા થાય છે. નામ ધર્મરૂપ છે. તેમાં નામી ધર્મિ પ્રભુ બિરાજે છે. જેમ બીજમાં વૃક્ષ તેમ. કલિકાલમાં સેવા માટે કોઈ સાધન શુદ્ધ નથી. દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મ છએ શુદ્ધ સ્વરૂપે પ્રાપ્ત નથી એમ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે.નામ સ્મરણ કરનારના હૃદયમાં સ્મરણ અને સ્વરૂપધ્યાનથી પ્રભુના ગુણો પધારે છે. તે અવળા ક્રમથી , જેમ કે પહેલાં વૈરાગ્ય ગુણ આવે, પછી જ્ઞાનગુણ. ગુણો એ પ્રભુની ભાર્યાઓ છે. તેથી ગુણોના પ્રવેશ દ્વારા પ્રભુ સ્વયં બિરાજે છે. નામ સ્મરણ પણ શુદ્ધ મન-ચિત્તના નિરોધ સહ લેવાય તો તે ફલરૂપ છે. પ્રપંચ જગતના આવેશથી મુક્ત થઈ અલૌકિક નામ સ્મરણ કરવું. લોકાતિત થયા વિના અલૌકિક ફલ દુર્લભ છે. નામની ભીતર અલૌકિક અગ્નિ રહ્યો છે. જેથી તે જીવના જન્મ જન્મોના પાપના ઉકરડાને બાળી નાખી હૃદય શુદ્ધ કરે છે. તેથી જ નિરોધ લક્ષણ ગ્રંથમાં આપશ્રી વલ્લભે ગુણગાનની આજ્ઞા કરી છે.

શ્રીમહાપ્રભુજી આપ તાપાત્મક સુધાસ્વરૂપ વિપ્રયોગ ભાવાત્મક છે. એજ જીવને વિરહ ભાવનું દાન કરે છે , ત્યારે જીવ ફલરૂપ ગુણગાન પણ કરી શકે છે. જીવ સ્વયં કાંઈ પણ કરવા અસમર્થ છે. "તસ્માત્ સર્વ પરિત્યજય નિરૂદ્ધૈઃ સર્વદા ગુણા:સદાનંદ પરૈર્ગેયાઃ સચ્ચિચતાનંદતા તતઃ" ગુણગાન દ્વારા આપણો અલૌકિક દેહ સિદ્ધ થાય છે. માટે જીવે પ્રભુને સામગ્રી ધરાવી અધરામૃત લેવું અને ગુણગાન કરવા. અધરામૃતના સેવનથી હૃદય-બુદ્ધિ નિર્મળ થાય છે. જે ગુણગાનમાં ફલરૂપ છે. ગુણગાન દ્વારા વિપ્રયોગાત્મક ચાર સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. તેનું નિરૂપણ શ્રીહરિરાયજીએ શ્રીયમુનાજીની ટીકામાં કરેલું છે ( 1) પરાવૃત ચક્ષુષદન્તરા વિર્ભૂત પ્રભુલીલા અવલોકન શક્તિ (2) ભાવાત્મક સ્વરૂપેણ તદાત્મક તદ્ રસાનુંભવ સિદ્ધિ (3) વિરહ સામયિક સર્વાત્મભાવ સિદ્ધિઃ ( 4) સ.ચિ. બહિ ભગવદ પ્રાગટ્યાપેક્ષા રહિત્યેનાઉન્તર તદ્ ભાવના રૂપા વૈદ્ય શ્રીમહાપ્રભુજી નીજ જનોને વિપ્રયોગ ભાવને દાન કરી તેના નિત્ય સિદ્ધ લીલા મધ્યપાતિ દેહને સિદ્ધ કરવામાં ગુણગાનમાં સ્થિત કરે છે. શ્રીમદાચાર્યના ધર્મિ વિપ્રયોગાત્મક સ્વરૂપમાં જે સ્વકીયોનું વરણ થયું છે. તેના વરણના સ્વભાવનુસાર તેના હૃદયમાં ગુણગાન દ્વારા વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપનો પ્રાદુર્ભાવ થાય છે. જેમ ગોપીજનોએ પ્રભુ વિયોગમાં 'ગોપીગીત' ગાયું જેથી તાપાત્મક ગુણગાન દ્વારા તેમના અસ્તિત્વનું (અહંમ)નું વિસ્મરણ થયું, ત્યારે તેમનું મૂળ સ્વરૂપ પ્રાપ્ત કર્યું. શ્રીગોપીજનોએ ઉપરોક્ત ભગવાન સમાન ઐશ્વર્યવાળા સ્વરૂપને ગુણગાન દ્વારા પ્રાપ્ત કર્યું. તેમ સ્વકીયોને તેવાજ પુષ્ટિ પુરૂષાર્થને સિદ્ધ કરવા નિ.લિ. માં ગુણગાન અને સ્વરૂપ ધ્યાનની આજ્ઞા કરી છે. ગુણગાન માનસી સેવામાં પ્રવેશ કરાવે છે.

એક સાત્વિક ગોપી કહે છે. "તવ કથામૃતમ.... હે પ્રભુ અમારું જીવન જે ટકી રહ્યું છે તે અમારી કૃતિથી નહિ, પરંતુ આપનું કથામૃત અમારા જીવનને ટકાવી રાખે છે. જેવું આપનું સામર્થ્ય ઐશ્વર્ય, વિર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય, એમ ષડગુણયુક્ત છે. તેમ આપની કથા પણ ષડગુણયુક્ત છે. આપના નામકથામાં એટલું બધું અલૌકિક સામર્થ્ય છે કે સ્વતંત્ર વ્યાપ્ત થઈ રહે છે. આ પ્રકારે શ્રીસુબોધિનીજીમાં ભગવદ કથા પણ

ષડગુણયુક્ત હોઈ ભગવદરૂપ છે , તેથી જ ભક્તજનોના પ્રાણ ટકાવી રાખે છે એવું નિરૂપણ કર્યું છે. આટલું ગુણગાનનું મહત્વ આપ શ્રીવલ્લભ દર્શાવી રહ્યા છે. છતાં જીવથી એ પણ બનતું નથી. નામ – ગુણગાન કરવા માટે પણ પ્રભુ કૃપા અને અધિકાર જરૂરી છે. દુઃસંગ અને દુષ્ટ અન્નના ત્યાગ વિના નામ સ્મરણ દુર્લભ છે.

- કંચનભાઈ ગાંધી, વડોદરા

## પરોક્ષ ફલાત્મક માર્ગ

પુષ્ટિ માર્ગ પરોક્ષ ફલાત્મક માર્ગ છે. અને તે નિઃસાધન ફલાત્મક માર્ગ પણ કહેવાય છે. પુષ્ટિ માર્ગ ભાવાત્મક અને ફલરૂપ છે. જે માર્ગ જ ફલપ્રાપ્તી કરાવે પછી બીજાની શી જરૂર ? શ્રીમહાપ્રભુજી સ્વયં આજ્ઞા કરે છે કે, "દમલા, યહ માર્ગ તેરે લીયે હી પ્રગટ કીયો હે, દમલા મોંસે ન્યૂન નહિ, મમ રસ કે અનુકૂલ ઓર માર્ગ કો મૂલ હી દમલાજી હૈ." દમલાજીના હૃદયમાં શ્રીમહાપ્રભુજીનું અતિ નિગૂઢ સ્વરૂપ સદા બિરાજે છે. પુષ્ટિ જીવે શ્રીવલ્લભની કૃપા પ્રાપ્ત કરવા માટે શ્રીદમલાજીને પ્રસન્ન કરવા એ જ ઉત્તમ માર્ગ છે. જીવ કૃત સાધનોથી પુષ્ટિમાર્ગમાં કાંઈ પ્રાપ્ત નહિ થતું હોવાથી જીવ નિઃસાધન છે. એવા નિઃસાધન જીવો માટે આ પુષ્ટિ માર્ગ પ્રગટ કર્યો છે. પુષ્ટિ માર્ગ સેવા માર્ગ છે. જે ભાવાત્મક અને રસાત્મક છે. અહીં સ્વરૂપ જ્ઞાન , લીલાજ્ઞાન, લીલા પ્રકારો, સ્વરૂપના (ધર્મ-ધર્મિ) પ્રકારો જાણવા જરૂરી છે. તે સિવાય ફલ પ્રાપ્તિ નથી. તમારી સેવા પણ ક્રિયાત્મક બની રહેશે. પુષ્ટિમાર્ગમાં નિજ દૈવી જીવને પોતાના સ્વામીનું સ્વરૂપ અને પોતાના લીલા મધ્યપાંતિ આદિદૈવિક સ્વરૂપને જ પ્રાપ્ત કરવાનું છે. આ ધ્યેય છે. અને તેને અવાંતર ફળ પણ કહેવાય છે. શ્રીવલ્લભ પરોક્ષ રીતે જીવને સાધન રૂપ બની સાધ્ય પ્રાપ્ત કરાવે છે. કારણ માર્ગ પરોક્ષ ફલાત્મક છે. પરોક્ષમાંથી નિજ સેવ્યમાં સુધા સ્વરૂપ આપ બિરાજે છે. અને જીવની સેવા અંગીકાર કરે છે.

સત્સંગ દ્વારા સેવા પ્રકાર જાણવા મળે , અનુભવી ભાવ-સજાતિય વૈષ્ણવ દ્વારા સ્વરૂપ અને લીલા જાણવા મળે, ફલ પ્રાપ્તિ માટે સત્સંગ અતિ આવશ્યક છે. શિક્ષાપત્રમાં

શ્રીહરિરાયજીએ વિશે ખૂબ  આગ્રહ કરી દર્શાવે છે. (  1) જ્યારે સત્સંગમાં રૂચી-સ્નેહ ઉત્પન્ન થાય ત્યારે જાણવું કે પ્રભુની કૃપા થઈ (2) જ્યારે સત્સંગ મળે ત્યારે જાણવું કે વૈષ્ણવની કૃપા થઈ. ( 3) જ્યારે સત્સંગ ફલરૂપ થાય ત્યારે જાણવું કે શ્રીવલ્લભની કૃપા થઈ. આપશ્રી વલ્લભ જીવના  હૃદયમાં બિરાજી પરોક્ષ રીતે ભાવનું દાન કરે છે. જ્યારે જીવ પોતે એમ માને કે સેવા  સ્મરણ પ્રભુ જ કરાવે છે, મારી કોઈ શક્તિ નથી. આ ભાવ આવે તેને નિઃસાધનતા કહેવાય છે. ગુણગાન દ્વારા મન ચિત્તનો નિરોધ સિદ્ધ થાય, સંસાર પ્રત્યે સંપૂર્ણ વૈરાગ્ય ઉત્પન્ન થાય ત્યારે જ ભાવનું વિરહનું દાન તાપાત્મક શ્રીવલ્લભ કરે છે. કેવળ શ્રવણ કરવાથી જ્ઞાનમાં વધારો અવશ્ય થશે, પણ જ્યાં સુધી શ્રવણનું મનન કરી તેને જીવનમાં આચરણમાં ન  મુકાય ત્યાં સુધી ફલ પ્રાપ્તિ નથી. સત્સંગ આજના સમયમાં મળવો દુર્લભ છે. જેથી      શ્રીહરિરાયજીની આજ્ઞા પ્રમાણે શ્રદ્ધાથી માર્ગના ગ્રંથોનું શ્રવણ-મનન કરવું, શ્રીવલ્લભજન વિરહી-રસિક ભક્ત મળવા દુર્લભ છે. કારણ કે એવા વિરહી કોઈનો સંગ કરતા જ    નથી, કારણ સંગ જ તેમને બાધક છે. એમનો તો નિજ સ્વામીના સ્વરૂપ સંગ સિવાય અન્યની ગંધ    પણ નથી. અદેય દાન એટલે વિપ્રયોગ રસનું દાન. આ દાન કરવામાં શ્રીવલ્લભ જ દક્ષ છે. શ્રીવલ્લભ પ્રભુના તાપાત્મક ગુણગાન દ્વારા જ ભાવની પ્રાપ્તિ છે. જીવને જ્યાં સુધી દુઃસંગ અને અન્ન દોષ લાગેલો છે ત્યાં સુધી ફળમાં વિલંબ રહ્યા જ કરશે. પુષ્ટિ જીવે અસમર્પિત અને દુઃસંગનો ત્યાગ બુદ્ધિપૂર્વક વિચારીને કરવો જોઇએ. જીવને બધું કરવું ગમે છે પરંતુ સ્વદોષ છોડવા જ ગમતા નથી, ભગવદ નામ લેવાનું દુષ્ટ મનને ગમતું નથી. સ્વરૂપ નિષ્ઠ ભક્તો જ વિરહી ભક્તો છે.

- કંચનભાઈ ગાંધી, વડોદરા

## પ્રભુ પ્રાપ્તિ કેમ થતી નથી?

પુષ્ટિમાર્ગમાં  30-40  વર્ષ સુધી સમર્પીને લે છતાં પણ સ્વરૂપનો કોઈપણ પ્રકારે અનુભવ નહીં ! તેનું  શું કારણ ? જીવને સેવ્ય સ્વરૂપનું જ્ઞાન નથી. સૌ પહેલાં જીવને પ્રભુમાં સ્નેહ જ નથી થયો. જો પ્રભુમાં સ્નેહ થાય તો આ સંસારના કોઈ પદાર્થમાં સ્નેહ કરી શકાય જ નહિ. જેમ  કોઈ વ્યક્તિ સાથે સ્નેહ થાય તો તેને મળવાની આતુરતા

રહે, સદા સ્મરણ રહે, તેના વિના રહી ન શકાય. આવી આર્તી સેવ્યમાં થઈ છે ? હા, મંદિરમાં આરતી કરવા દોડા દોડી જરૂર કરીએ છીએ. માટે જ કહ્યું છે કે પ્રભુમાં સ્નેહ થવો અશક્ય નથી પરંતુ આ સંસારની માયા છોડવી અશક્ય છે-કઠીન છે. એ છુટે તો જ સેવ્યમાં સ્નેહ થાય. સ્વરૂપજ્ઞાન અને સ્નેહ વિનાની સેવા ક્રિયાત્મક છે, ફલરૂપ નથી. ભગવદ શ્રવણ કરી હૃદયમાં ભાવ ધારણ કરવા. વાણીનો નિગ્રહ ખુબ જરૂરી છે. વાણી શુદ્ધ હશે તો જ ભગવદ નામ ફલરૂપ થશે. દુઃખ દોષથી વાણી વ્યભિચારીણી બને છે એવી વાણી દ્વારા લેવાતું નામ છોવાઈ જાય છે.

રસાત્મક બ્રહ્મના સ્વરૂપને જાણ્યા વિના બ્રહ્મસંબંધ ફલરૂપ કેમ થાય ? સૌ પ્રથમ સેવ્યને જાણો પછી એકાંકી અનન્ય સ્નેહ બાંધો. તે માટેના પુષ્ટિ સાધનો સેવા-સ્મરણ-ગુણગાન –ધ્યાન શ્રીઆચાર્યચરણોએ બતાવ્યા છે. નિરોધ લક્ષણ ગ્રંથમાં આપશ્રી ગુણગાનની જ આજ્ઞા કરે છે. શ્રીગુસાંઈજી સર્વોત્તમજીમાં આજ્ઞા કરે છે. 'સ્વયશોગાન સંતુષ્ટ હૃદયા ભોજ વિસ્ટરઃ યશ પિયુષ લહરી પ્લાવિતાન્યરસ પરઃ ' જ્યાં સુધી આ ચંચલ મન અનેક જન્મોની વાસનાથી ઘેરાયેલું છે ત્યાં સુધી નામ સ્મરણ ફલરૂપ નહિં થાય. મનને વશ કરવું ખુબ કઠીન છે તે પ્રલંબાસૂર જેવું છે. પ્રબળ વેગવાળું – શક્તિવાળું છે. તેને વશ કરવાનું અમોઘ શસ્ત્ર શ્રીસર્વોત્તમજી જ છે. મનની વાસનાઓને દગ્ધ કરવા માટે તાપાત્મક ગુણગાન જરૂરી છે. આપશ્રી વલ્લભ તાપાત્મક સુધા સ્વરૂપ છે. 'જે કોઈ શ્રદ્ધા કરી નિત્ય ગાયેરે , તેનું મન પહેલું સ્થિર થાય રે અધરામૃતની સિદ્ધિ પામે રે, તેના સંશયનો નહિ નામે રે' આમ ફલશ્રુતીમાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે.

જીવ પ્રમાદ કરી કશું કરી શકતો નથી. કાળ ઝડપથી વહી જાય છે અને જીવનું આયુષ્ય હરતો જાય છે. છતાં જીવ આ નાશવંત પદાર્થોના મોહમાંથી છુટતો નથી. આ જગત બ્રહ્મનું જ સ્વરૂપ છે જે કાંઈ થાય છે, થયું, થશે તે એની ઈચ્છાથી જ છે. આમ સમજી જીવે બ્રહ્મભાવ કેળવવો. રોજ મનમાં વિચાર કરવો કે આજે મેં શું પ્રાપ્ત કર્યું ? મન વાણીનો વિનિયોગ મેં ભગવદ સેવામાં કેટલો કર્યો ? અને સંસારમાં કેટલો કર્યો ? આમ વિચાર કરી, મંથન કરી આંતરમુખી બનો. હું મારા પ્રભુને લાયક ક્યારે બનીશ ?

એની જ ચિંતા કરો. જો ભગવદ સ્મરણ નહિં કરીએ તો  આ કાળ આપણને ઠગી જશે. દેહ ક્ષણ ભંગુર છે. એનો ભરોસો નથી. જ્યાં સુધી 'આત્મ તત્વ ચિંતવ્યો નહિ ત્યાં સુધી સાધના સર્વ જુઠી' આત્મામાં બિરાજતા પ્રભુના સ્વરૂપને જાણો  પુષ્ટિ જીવને બ્રહ્મસંબંધ વખતે જ તેના હૃદયમા પ્રભુનું ભાવાત્મક સ્વરૂપ શ્રીવલ્લભે      પધરાવી આપ્યું છે. પુષ્ટિમાં પ્રભુના અને પોતાના આધિદૈવિક સ્વરૂપને જાણવું જરૂરી  છે. આ બધાનું મૂળ સત્સંગ છે.

## સારસ્વત કલ્પમાં પ્રભુના રાસનું સ્વરૂપ

**- કંચનભાઈ ગાંધી, વડોદરા**

પુષ્ટિમાર્ગીય  માસિકોમાં લેખ લખી મોકલનારે એક ખાસ બાબતનું ધ્યાન અવશ્ય રાખવું. લખાણની બાબત પ્રમાણ   આધારિત હોવી જોઇએ. શ્રીમહાપ્રભુજીના માર્ગના સિદ્ધાંતોને અનુરૂપ હોય તેવાં જ લેખ   , જેમાં વૈષ્ણવોના ભાવની વૃદ્ધિ થાય  , માર્ગ નિષ્ઠા,  સ્વરૂપ નિષ્ઠા ,  થાય. કંઇક સાચું   પોષણ મળે. તંત્રીએ પણ આ ધ્યાનમાં રાખવાની જરૂર છે. અન્યથા જ્ઞાન કે વિપરીત લખાણથી      હાલના સમયના મુગ્ધ વૈષ્ણવો ગેરમાર્ગે દોરવાય. અન્યથા જ્ઞાન બાધક બને. પુષ્ટિમાર્ગના     અધિકારીજનો ખૂબ જ ઓછા રહ્યા છે. માટે મોટા વૈષ્ણવ સમૂહને ધ્યાનમાં રાખી માર્ગીય      સાહિત્ય લખાય તે જરૂરી છે. કેટલીક વખત વિપરીત લખાણથી વૈષ્ણવો ગેરસમજ કરે તો તેના અપરાધી લખનાર પોતે ગણાય છે, લેખ લખનારને વિશ્વાસ હોવો જોઇએ કે મારું લખાણ શુદ્ધ માર્ગીય અને સંપૂર્ણ છે. શંકા હોય તો બીજા જાણકારને બતાવી  , વંચાવી પછી મોકલવા.

જૂન માસના 'સત્સંગ'માં "રાસનો રસાસ્વાદ" લેખ (કાનનબેન દેસાઈ) એવો ગેરસમજ કરનાર અન્યથા જ્ઞાન આપનાર છે. તેની અહીં ચર્ચા એટલા માટે કરૂં છું કે  "રાસ" ના સ્વરૂપની સાચી જાણકારી  વૈષ્ણવોને થાય અને એ લખાણથી થયેલ ગેરસમજૂતી દૂર થાય. લેખમાં જે લખાણ છે તે જોઈએ.    પાના નં  9  વ્રજાંગનાઓ સાથે વર્ષુળાકારે મધ્યરાત્રીએ ઘૂમીને થયેલ રાસના બે પ્રકારો  છે. (1)સહસ્ત્ર ગોપી અને એક કાન ( 2)

બે ગોપી વચ્ચે એક કાન. નરસિંહ મહેતાએ શિવજીની કૃપાથી આવા રાસના દર્શન કર્યા હતા. ચૈત્ર પૂનમનો રાસ શ્રીબળદેવજીએ નાગકન્યાઓ સાથે કર્યો હતો. શરદ પૂનમનો રાસ માટે પ્રભુએ વેણુનાદ કર્યો તે પુષ્ટિજીવોએ સાંભળ્યો. શ્રીયમુનાજીમાં ક્રીડા કરી પછી એક ગોપીને અભિમાન થયું. પ્રભુને ખંધા પર લેવા વિનંતી કરી. અંતરધ્યાન થનાર સ્વરૂપ શ્રીવિઠ્ઠલનાથજી , રાસનો આનંદ સારસ્વત કલ્પમાં હતો તે જ આજે કલિયુગમાં છે" આ બધી જ વાતો અન્યથા જ્ઞાન કરાવનાર છે. મૂળ રાસના સ્વરૂપથી વિરૂદ્ધ છે.

હવે સત્ય રાસના પ્રકારને જોઈએ. સારસ્વત કલ્પની લીલા ફક્ત શ્રુતિ રૂપા અને ઋષિ રૂપા ગોપીજનોની લીલા છે. શ્રુતિ રૂપાઓએ નિત્યધામમાં જઈ પુષ્ટિ પ્રભુથી વરદાન પ્રાપ્ત કર્યું. તેઓ સાક્ષાત પ્રકારના અંગીકારમાં ગણાય. ઋષિ રૂપાઓએ શ્રીરામચંદ્રજી દ્વારા વરદાન પ્રાપ્ત કર્યું. તેઓ પરંપરાગત અંગીકારના પ્રકારમાં ગણાય. નંદાલયમાં પ્રગટ થયેલ સ્વરૂપે સૌપ્રથમ ધર્મ સ્વરૂપથી શ્રીગોપીજનો સાથે લીલા કરી. જેમ કે માખણચોરી, ગોચારણ, દાન-માન, હોળીખેલ, પનઘટ વગેરે. આ દ્વારા પ્રભુએ તેઓને સ્વરૂપ નિષ્ઠ કર્યા. પછી સ્વરૂપાસક્ત કર્યા. પછી તેઓના દેહને આધિદૈવિક કર્યા. જેથી આગળ રાસ માટે સિદ્ધ થાય. પ્રભુએ તેઓને પ્રેમ, આસક્તિ, વ્યસન પછી ફલ પ્રાપ્તિ રાસમાં કરાવી. આમ ક્રમે ક્રમે પ્રભુએ વિવિધ લીલાઓ દ્વારા દાન કર્યું. ચીરહરણ લીલામા ઋષિ રૂપાઓના અને આશ્રય લીલામાં શ્રુતિ રૂપાઓના દેહ આધિદૈવિક કર્યા. સારસ્વત કલ્પના રાસના બે પ્રકારો. ( 1) લઘુરાસ (2) મહારાસ. લઘુરાસ એ ધર્મ સ્વરૂપનો રાસ છે. પરક્રિયા ભાવનો રાસ છે. રાસનું સ્વરૂપ ધર્મ સ્વરૂપ છે. શ્રીકલ્યાણરાયજીનું સ્વરૂપ ગણાય છે. બે ગોપી વચ્ચે એક કાન. અનેક મંડળો રચી રાસ કર્યો. પ્રથમ મંડળ 8 કૃષ્ણ – 16 ગોપી. આમ બંને ડબલ થતાં જાય. 16 કૃષ્ણ – 32 ગોપી. આ રાસમાં પ્રભુએ અલૌકિક મન , ચંદ્રમા અને શરદ ઋતુ પ્રગટ કરી રાસ કર્યો. પાંચ પ્રકારનો રાસ છેજે રાસ પંચાધ્યાયીમાં બતાવેલ છે. (સહસ્ત્ર ગોપી વચ્ચે એક કાન આવો કોઈ રાસ પુષ્ટિમાં નથી) છ માસની એક રાત્રી કરી છે. તેથી આસો સુદ પૂનમથી ચૈદ્ર સુદ પૂનમની એક રાતનો રાસ. તેથી આપણે બંને માસમાં મંદિરોમાં

રાસના શૃંગાર અને સજાવટના દર્શન કરીએ છીએ ને રાસના પદો ગવાય છે. લઘુરાસમાં માન-મદના મીસે પ્રભુ અંતરધ્યાન થાય છે. સાથે આપ શ્રીરાધા સહચરીને લઈને પધારે છે. આગળ જતાં પ્રભુ રાધા સહચરીને પૂર્ણ રસદાન કરવાનો મનોરથ વિચારે છે. તે જ વખતે એ કહે છે : "પ્રભુ ! હું થાકી ગઈ છું, આપ ખંધા પર બેસાડી લો." અહીં દાસ્યભાવ ચૂકી ગયા તેથી પ્રભુ તેમને મૂકી અંતરધ્યાન થયા.

લઘુરાસમાં પ્રભુએ જોયું કે, આ ગોપીજનો મારા પૂર્ણાનંદને ધારણ કરવાને હજુ પાત્ર નથી થયાં. જેથી વિરહ દાન કરાવી તેઓને પક્વ કરવા અંતરધ્યાન થયા.
તે વખતે ગોપીઓએ ખૂબ વિરહ કર્યો. ગોપીગીતનું વિરહાત્મક ગાન કર્યું. ત્યારે તેઓની મધ્યમાં મનમથ પ્રભુ પિતાંબર ધારણ કરતા , વેણુ ગ્રહણ કરી , હસતાં મુખારવિંદ પ્રગટ થયાં. પછી મહારાસ થયો ધર્મિ સ્વરૂપ દ્વારા જેમાં એક ગોપી – એક કૃષ્ણ છે.

નરસિંહ મહેતાને આ સારસ્વત કલ્પનાં રાસનાં દર્શન નથી થયા. તેમણે બીજા કલ્પની કૃષ્ણની લીલાનાં રાસનાં દર્શન કર્યા છે. પુષ્ટિપ્રભુના રાસનાં દર્શનનો અધિકાર તો શિવ-બ્રહ્માદિને પણ નથી.

રાસ એટલે અનેક રસોનો જેમાં સમાવેશ થાય છે. તે રાસ શૃંગાર કલ્પદ્રુમ સ્વરૂપે નાટ્ય શાસ્ત્ર અને કામશાસ્ત્રથી બધી જ ક્રિયાઓ સાથે અલૌલિક રાસ કર્યો છે. પ્રભુ આત્મકામ છે, પૂર્ણકામ છે. જેમ એક બાળક અરિસામા પ્રતિબિંબ સાથે ખેલે – રમે તેમ આ પ્રભુએ ગોપીજનોમાં શ્રીસ્વામિનીજી ભાવનું સ્વરૂપ પધરાવી રાસ કર્યો. આત્મારામી સ્વ આત્મા સાથેનું રમણ એ રાસ છે. લૌકિક જેવી ક્રિયા દેખાય છતાં તે અલૌકિક નિષ્કામ લીલા છે. જેના શ્રવણથી જીવ નિષ્કામ – નિર્ગુણ બની પ્રભુની કૃપાને પાત્ર થાય છે. આ છે સારસ્વત કલ્પના રાસની વાત. નિત્યલીલાના રાસની તો કલ્પના કરવાનો પણ અધિકાર જીવને નથી. તે ગોલોકધામમાં થાય છે. જેનું વર્ણન શ્રીગોપાલદાસજી વલ્લભાખ્યાનમાં કરે છે. "જ્યાં નિત્ય રાસ બહુ પરે રે, મધ્ય નાયક નૃત્ય ઘેરે રે. " શ્રીગુસાંઇજી રાસ પંચાધ્યાયીના શ્રીસુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે ,

"વૈષ્ણવ હોવા છતાં જેને આ અલૌકિક રસ સંબંધી જ્ઞાન નથી તેઓએ આ ગ્રંથના દર્શન પણ કરવા નહિં. તો જ્યારે ખુદ શ્રીજી સ્વરૂપ શ્રીગુસાંઈજી સાક્ષાત આવી આજ્ઞા કરે તેમાં કેવું રહસ્ય હશે !"

શ્રીવલ્લભ શરણ થકી, સૌ પડે સહેલું. (શ્રીદયારામ)

## પુષ્ટિમાર્ગમાં આવી મેં શું પ્રાપ્ત કર્યું?

લેખક – **કંચનભાઈ ગાંધી, વડોદરા**

પુષ્ટિમાર્ગમાં વૈષ્ણવે બ્રહ્મસંબંધ લીધા પછી તેના હૃદયમાં ભક્તિનું બીજ રોપાયું છે. તે બીજનું સિંચન કરી તેને વૃક્ષ બનાવવા તેને ભાવરૂપી જલનું અને તાપરૂપી શ્રીવલ્લભના નામનું પોષણ આપવું જરૂરી છે. શ્રીવલ્લભે બ્રહ્મસંબંધ વખતે બીજમાં સુધા પધરાવી છે. પ્રભુનું અને જીવનું મૂલ્ય સ્વરૂપ પણ ભાવાત્મક રીતે હૃદયમાં પધરાવી આપ્યું છે. સેવા , સ્મરણ, ગુણગાન, ધ્યાન,. પુષ્ટિ સાધનો દ્વારા પુષ્ટિફલ આધિદૈવિક લીલા મધ્યપાંતિ સ્વરૂપને પ્રાપ્ત કરવાનું છે. પ્રભુ તો શ્રીવલ્લભે સેવ્ય સ્વરૂપે સાક્ષાત પ્રાપ્ત કરાવ્યા છે. એ સ્વરૂપને પહેચાની , તત્સુખી સેવા દ્વારા એનો સ્વરૂપાનંદનો અનુભવ કરવાનો છે. અને તે શ્રીવલ્લભની કૃપા અને ભગવદીયોના સંગથી જ શક્ય છે.

બીજ ભાવને દ્રઢ કરવા માટે શ્રવણ કિર્તન અનિવાર્ય છે. આ માર્ગમાં ભાવ જ મુખ્ય છે. પ્રાણ વિના દેહ નકામો તેમ ભાવ વિના ભક્તિ વૃથા છે. પ્રભુમાં સુદ્રઢ શુદ્ધ પ્રેમ તે જ ભાવ. સ્વરૂપભાવના કોડિયું છે. લીલાભાવના ઘી , ભાવભાવના દીવેટ અને સેવાભાવના અગ્નિ છે. આ ચારની જરૂર છે જેથી સેવા ફળરૂપ બની આવે. વિરહ કલેશનો અનુભવ કરવાથી સ્વરૂપાનંદ પ્રાપ્ત થાય છે. એ વિરહનું દાન શ્રીવલ્લભ વિરહાગ્નિ સ્વરૂપ દ્વારા જ થાય છે. પુષ્ટિમાર્ગમાં જીવને મહાફલ પ્રાપ્ત કરવું છે. પરંતુ તે માટે મહાત્યાગ જરૂરી છે. તે કરવો નથી. સંસાર આસક્તિ , અહંતા, મમતા છોડવી નથી. વાણીનો નિરોધ કરવો નથી. પછી શું પ્રાપ્ત કરાય ? ત્યાગ વિના , તપસ્યા

વિના કાંઇપણ આલોક કે પરલોકનું ફલ મળતું જ નથી. 84/252 ભગવદીયોના જેવો અમને અનુભવ ક્યારે થાય ? તે માટે આપણું જીવન કેવું હોવું જોઇએ તેનો કદી વિચાર આવે છે ખરો ? હું અને મારું છૂટતું નથી. વિવેક નથી તેમજ ધૈર્ય પણ નથી પછી આશ્રયની વાત જ ક્યાં રહી ? ભગવદીય અને પ્રભુની કૃપા હોય તો જ આ માર્ગના સિદ્ધાંત સમજી શકાય. આ માર્ગ ભાવાત્મક , રસાત્મક, ફલાત્મક છે. માર્ગમાં પ્રવેશ એ જ ફલ છે. જીવના વરણ પ્રમાણે પ્રભુ તેનો અંગીકાર કરે છે. તેની યોગ્યતાથી નહિં. અમસર્પિત. દુઃસંગનો ત્યાગ કરવાથી જ આગળ વધાશે. અન્ન દોષ અને દુઃસંગ દોષ પહાડ જેવા અંતરાયરૂપ છે. તેને દૂર કરવા જ પડે. હા નાથ ! હું તમારે લાયક ક્યારે બનીશ ? આ હાય હંમેશા ઉઠવી જોઇએ. તાપકલેશના અનુભવ માટે તાપભાવ જરૂરી છે. શ્રીવલ્લભની આજ્ઞાનું પાલન કરી, દ્રઢ વિશ્વાસ રાખી ભગવદ્ આવેશી વૈષ્ણવનો ઉપદેશ ગ્રહણ કરવો.

ધર્મિપ્રભુમાં ચિત્તની એકાગ્રતા, ભગવદ્‌લીલાઓનું મનન, પ્રભુ માટે તાપ, પ્રભુ વિના અન્યત્ર તૂચ્છતાનો ભાવ રાખવો. જ્યારે તમને સંસારમાં અરૂચી અને વૈરાગ્ય આવે ત્યારે જાણવું કે, હવે પ્રભુમાં રૂચી-પ્રેમ થશે. શ્રીવલ્લભે મારો હાથ પકડ્યો ત્યારે જાણવું સ્વરૂપ સિવાય સર્વ નિરસ લાગે. ગૃહાદિમાં વૈરાગ્ય, સંસાર પ્રત્યે ઉદાસીનતા આ પુષ્ટિ જીવના લક્ષણ છે. પુષ્ટિ જીવને ઓળખવાની આ નિશાની છે. દાસ અને દિનતાભાવ સિદ્ધ થયે જ પ્રભુકૃપા થશે. એવૈષ્ણવનો સંગ ન કરવો , ભગવદીયો તરફ બહુમાનની ભાવના રાખવી, ભાવરૂપી નિધિ પ્રાપ્ત કર્યા પછી વૈષ્ણવે કાંઈ પણ પ્રાપ્ત કરવાનું બાકી રહેતું નથી. પુષ્ટિ જીવની સાર્થકતા સેવામાં જ છે. “કૃષ્ણ સેવા સદા કાર્યા । ” સ્વામીની આજ્ઞા છે. સ્વગૃહમાં રહી, પોતાના જ તન-મન-ધનથી સેવ્યની સુખદ સેવા કરવી. બહાર કાંઈથી પ્રાપ્ત થશે એવી ઈચ્છા કરવી એ પણ ભાવ વ્યભિચાર છે. સ્વામી સેવ્ય નિધિ સકલ ગોલોકધામ સહિત સેવકના ઘરમાં બિરાજે છે. તેનો ઉદ્ધાર કરી લાયક બનાવી ગોલોકસેવામાં લઈ જવા માટે બિરાજે છે. બડભાગી તે જ છે કે જે નિજગૃહમાં રહી સેવ્યની સેવા કરે છે અને શ્રીવલ્લભના તાપાત્મક નામનું સતત રટણ કર્યા કરે છે. ઘરના પ્રભુ જ સાક્ષાત અને સર્વસ્વ છે. વ્રજભક્તોના ભાવથી સેવા કરવી,

શ્રીવલ્લભની મેંડ-મર્યાદાથી સેવા કરવી. તેથી વિરૂદ્ધ કરવાથી ફલ પ્રાપ્તિ નહિં થાય. અવિદ્યા દૂર થયે હૃદય શુદ્ધ થશે અને પ્રભુ શુદ્ધ હૃદયમાં પધારશે. સમય વહી જાય છે, ખબર નથી પડતી. કાળ ક્યારે આવી ઊભો રહેશે તેની ખબર નથી. એ કાનમાં કહીને નહિં આવે. માટે સતત નામ સ્મરણ કરો. નામ સ્મરણની સતત આજ્ઞા છે. એનું પાલન કર્યું તેના પર પુષ્ટિ જીવના ફળનો આધાર છે. ધર્મરૂપ છે. તેમાં ધર્મિ પ્રભુ બિરાજે છે. જેમ બીજવૃક્ષ તાપ ભાવે નામ સ્મરણ કરવાથી દોષો દગ્ધ જશે. પછી યથા અધિકાર પ્રમાણે પ્રભુ દાન કરશે દ્રઢ વિશ્વાસ રાખી કર્તવ્યનો વિચાર કરો. અંતરમુખી ઘરના ખૂણે ભગવદ્ નામ છૂપી રીતે લેવાથી તે ફળ બને છે એમ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે.

**ભગદીયોની કૃપા**

પ્રભુને જે કોઈ પામ્યા છે તે ભગવદીયોની કૃપાથી જ , એમના સંગ થકી પામ્યા છે. પ્રભુથી પ્રભુને કોઈ પામ્યા નથી. માટે એક ક્ષણ પણ ભગવદીયના સંગ વિના રહેવું નહીં. કેમ કે એમના સંગથી જ પ્રભુની પ્રાપ્તિ થાય છે. આવો ભગવદીયોનો મોટો પ્રભાવ છે. એમનો મહિમા છે.

ભગવદીયોની મંડળીમાંથી ભગવાનના ચરિત્રો જાણવા મળે. કારણ કે પ્રભુ પોતે પોતાના જસ વરણતા નથી. એ તો ભગવદીયો દ્વારા પોતાના જસના ગાન કરાવે છે. ભગવદીય સર્વથી મોટા છે. ભગવદીયોનો સંગ છોડવો નહીં અને સેવા-સ્મરણ છોડવા નહીં. શ્રીહરિરાય મહાપ્રભુજી પણભગવદીયોનો સંગ કરવાની આજ્ઞા આપે છે. પોતે પણ કહે છે : "વારી જાઉં ઈન વલ્લભીયન પર." સત્સંગ એમના થકી જ મળે છે અને દુઃસંગ દૂર થાય છે.

- કમલાબેન આશર

## પુષ્ટિનું ધ્યેય અવાંતર ફલની પ્રાપ્તિ છે

**- કંચનભાઈ ગાંધી, વડોદરા**

બ્રહ્મસંબંધ થયા પછી પુષ્ટિજીવને સેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. શ્રીમહાપ્રભુજી તથા શ્રીગોસાંઈજી અધિકારી દૈવી જીવ જોઈને જ બ્રહ્મસંબંધ આપતા , કેટલાકને ફક્ત અષ્ટાક્ષરની શરણમંત્રની દીક્ષા આપતા. 84/252 ભગવદીઓનો વાર્તાઓમાંથી આ બાબત સારી રીતે સમજાવી છે. હાલમાં પરિસ્થિતિ તદ્દન વિપરીત જોવા મળે છે. ઘણા બધાને બ્રહ્મસંબંધ આપી દેવાય છે. એમાંથી ખરેખર જેને બ્રહ્મસંબંધ થયું જ હશે એ જીવો જ શુદ્ધ આચાર્યશ્રીની પ્રણાલીકાથી ભોગ ધરીને સેવ્યની સેવા કરતા હશે. આવા જીવોનું લક્ષણ એ કે તેઓને પ્રભુ પ્રાપ્તિ અને સત્સંગમાં રુચી હશે. સંસાર પ્રત્યે સહજ અરુચી – વૈરાગ્ય વૃત્તિ રહી આવશે. હૃદયમાં કાંઈક આધિદૈવિક પ્રાપ્ત કરવાની તિવ્ર વેદના (વિરહ) હશે. આવાને બ્રહ્મસંબંધ થયું જાણવું. એ સિવાય બ્રહ્મસંબંધ લઈ કશું કરવું જ નથી. બહુ તો મંદિરોમાં મંગલા કરવા દોડવું, "મંગલ મુખિ સદા સુખી." આવી સકામ ભાવનાથી મંદિરો અને તિર્થોમાં જવાનું પ્રયોજન હોય. શ્રીમહાપ્રભુજી દ્વારભૂત ગુરૂદેવ દ્વારા પુષ્ટિજીવને બ્રહ્મસંબંધ કરાવે છે. જે જીવો મૂળધામથી ભૂતલ વિછર્યા છે તેઓને જ બ્રહ્મસંબંધ થાય છે. આવા જીવોને સેવા-સ્મરણ-ગુણગાન-ધ્યાન પુષ્ટિ સાધનોમાં સહજ રુચી હોય છે.

અત્યારે સેવા કરતા સમર્પિત વૈષ્ણવોને પૂછીએ કે ભાઈ , આપણે પુષ્ટિમાં આવ્યા , સેવ્યની સેવા – સ્મરણ કરીએ છીએ. તો પ્રાપ્ત શું કરવાનું છે ? તેઓ તો એક જ ઉત્તર આપશે. "પ્રભુને પ્રાપ્ત કરવા કરીએ છીએ " અરે ભાઈ, શ્રીમહાપ્રભુજીએ શરણે લઈ, ગુરૂદેવે જે સેવ્ય સ્વરૂપ તારા માથે પધરાવી આપ્યું છે તે શું સાક્ષાત પ્રભુ નથી ? ગોલોક ધામનું મૂળ સ્વરૂપ જ તારા ઉદ્ધાર કરવા પધરાવી આપ્યું છે. તારે એને ઓળખવાના છે. એને લાયક બનવાનું છે. અલૌકિક પાત્રતા તારે સિદ્ધ કરવાની છે. સકલધામ સહિત પ્રભુ સેવ્ય તારા જ ઘરમાં બિરાજે છે. 84/252 ભગવદીયોને ઘરના સેવ્ય સ્વરૂપે જ સ્વરૂપાનંદનો અનુભવ કરાવ્યો હતો. એવો તારે અનુભવ કરવાનો છે. તારા હૃદયમાં બ્રહ્મસંબંધ વખતે જે શ્રીમહાપ્રભુજીએ આ ધર્મિ વિપ્રયોગાત્મક સ્વરૂપ ભાવાત્મક પ્રકારે પધરાવી આપ્યું છે. જીવ અજ્ઞાનતાને લીધે એને ઓળખી શકતો નથી. આ સ્વરૂપથી કૃપા થશે , કૃપા માટે બહાર ભટકવાની જરૂરત નથી. બહાર વૃત્તિ

રાખવી એ સૂક્ષ્મ અન્યાશ્રય છે. અનન્યભાવે દ્રઢ આશ્રય સેવ્યમાં રાખી. તત્સુખ સેવા તન-મન- ધનથી કરવાની છે. શ્રીશ્રુતિરૂપા અને ઋષિરૂપા ગોપીજનોએ પ્રથમ સ્વરૂપનું એક કલ્પ પર્યંત તપ અને ધ્યાન ધર્યું તું જેથી નંદાલયમાં પ્રભુ પ્રગટ થઈ તેઓના સકલ મનોરથ સિદ્ધ કર્યા. શ્રીમહાપ્રભુજી શ્રીગોપીજનોને ગુરૂસ્થાને ગણાવે છે. શ્રીગોપીજનોના ભાવની સેવા કરવાની આજ્ઞા કરે છે. પ્રપંચ રહિત અહંભાવ રહિત થઈ સેવા-ગુણગાન કરવાથી જ પુષ્ટિફલની પ્રાપ્તિ છે. "સેવકજન દાસ તિહારો રે , તેને રૂપવિયોગ નિવારો રે. " શ્રીગોપાલદાસજી શ્રીગુસાંઇજીને વિનંતી કરે છે કે "મહારાજ, મને મારા લીલા મધ્યપાંતિ સ્વરૂપ અને આપશ્રીના શ્રીસ્વામિની ભાવાત્મક (શ્રીચંદ્રાવલીસ્વરૂપ)નો વિયોગ છે. ચર્વીત તાંબુલનું દાન કરી , અલૌકિક દ્રષ્ટિ આપી એ બંને સ્વરૂપોનાં દર્શન કર્યા અને સારસ્વતકલ્પની તથા નિત્યલીલાના સ્વરૂપના દર્શન કરી વલ્લભાખ્યાન ગાયા."

સેવા – ગુણગાન ફલરૂપ થતાં જ પુષ્ટિ જીવને તેનો આધિદૈવિક – લીલા મધ્યપાંતિ દેહ પ્રાપ્ત થાય છે. તે જ અવાંતર ફલ. એ દેહથી તૂર્ત જ ગોલોકધામમાં પ્રાપ્તિ થતાં ત્યાં નિત્યલીલામાં સેવા મળે તે મુખ્ય ફલ છે. જીવને જે પ્રાપ્ત કરવાનું છે તે, એને જ આધિદૈવિક દેહ છે. આનું જ્ઞાન નહિં હોવાથી જીવ બધે ભટકે છે. કથા-વાર્તા સપ્તાહ , બેઠકયાત્રા, વ્રજપરિક્રમા વિગેરેમાં દોડે છે શું પ્રાપ્ત કર્યું ? તો કહે છે, "ખૂબ આનંદ આવ્યો." ક્ષણિક મનને મનોરંજન થયું એવું. પ્રભુનાં દર્શનનો આનંદ તો નિત્ય છે. તે કદી ઓછો થતો જ નથી અને એ આનંદની પ્રાપ્તિ તો સેવ્ય સ્વરૂપથી જ છે.

તાપભાવ વિના ફલ પ્રાપ્તિ નથી. તાપભાવ-વિરહભાવનું દાન તો શ્રીવલ્લભની કૃપા પર અવલંબે છે. શ્રીવલ્લભની કૃપા વિના શક્ય નથી. તો પછી તાપાત્મક, સુધાસ્વરૂપ, વિરહાગ્નિસ્વરૂપ શ્રીવલ્લભનું જ સદા સતત શરણ ગ્રહણ કરે. "શ્રીવલ્લભ શરણ થકી સૌ પડે સહેલું " કેવળ બધેથી સાંભળી શ્રવણ કરીને જે સમજાયું તેને જીવનમાં નહિં ઊતારીએ તો ઠગાઈ જઈશું. કેવળ જ્ઞાન પુષ્ટિમાં કામનું નથી. જ્ઞાન સાથે સુદ્રઢ સ્નેહ પ્રેમ – સ્વરૂપજ્ઞાન જરૂરી છે. પુષ્ટિ વિરહી ભક્તના લક્ષણ શ્રી હરિરાયજી પ્રભુ શિ- 18-

4માં બતાવે છે.

"વિરહેણ હરિસ્ફુર્ત્યા સર્વત્ર કલેશભાવનાત્ ।
લીલાતિરિક્ત સૃષ્ટોહિ નિરાનંદત્વ નિશ્ચયાત્ ॥

લીલાધામના મહાન  સ્વરૂપ અને દિવ્ય વૈભવનું જ્ઞાન જે જીવને થયેલ છે. તેને ભૂતલની લૌકિક અને ભૌતિક  અધ્યાસવાળી ભગવદ્, સંબંધી અલૌકિક સૃષ્ટિમાં પણ નિરાનંદતા દેખાય છે. વિરહમાં લીલાધામસ્થ સ્વરૂપ સિવાય સર્વનો ત્યાગ જ હોય છે. શ્રીમત્ પ્રભુચરણ સુ- 10-1916 ના ટીપ્પણીજીમાં આજ્ઞા કરે છે કે  , લીલાસૃષ્ટિ તો અલૌકિક અજન્ય એટલે નિત્ય છે. પૃથ્વી     પર તેનું સ્થાન નથી. કારણ કે તે તો બ્રહ્મવત્ છે. આવા વૈરાગથી જ મન બધેથી નિવૃત્ત  થઈ લીલાધામમાં પ્રવેશને યોગ્ય બને છે. માટે જ શ્રીવલ્લભે  'નિ.લિ.'માં આપણને ગુણગાન  અને ધ્યાનની આજ્ઞા કરી છે. શ્રીવલ્લભની નિગૂઢ વાણીનું રહસ્ય સમજી જીવનમાં ઊતારીએ.       એકાંત અને અનન્ય ભાવે ઘરના ખૂણે. છુપી રીતે સેવ્યને સુખરૂપ બની હાથ પવિત્ર કરીએ. એ સિવાય બીજે ક્યાંયથી પ્રાપ્ત નથી થવાનું એ નિશ્ચય માનજો. જે કાંઈ પ્રાપ્ત કરવાનું છે તે ગૃહના સેવ્યથી જ છે.

## શ્રીવલ્લભ વસ્તુતઃ કૃષ્ણ એવ

- લે.પ.ભ. **કંચનભાઈ ગાંધી, વડોદરા**

પુષ્ટિમાર્ગમાં  બ્રહ્મસંબંધ પ્રાપ્ત કરીને પુષ્ટિ જીવે શ્રીવલ્લભ અને શ્રીજીનાં સ્વરૂપને સમજવાનું છે. પુષ્ટિ ફલાત્મકમાર્ગમાં સ્વરૂપજ્ઞાન આવશ્યક છે. સ્વરૂપ જ્ઞાન વિના ફલ પ્રાપ્તિ નથી. સૌ પહેલાં શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનો વિચાર કરીએ. આપશ્રીનું પ્રાગટ્ય ગોલોક ધામમાં કેવી રીતે થયું તે જાણીએ.

એકવાર ઠાકોરજી અને શ્રીસ્વામિનીજીને ગાઢ માન થયું. બંને પોત પોતાની નિકુંજમાં જઈને બિરાજ્યા.  ગોપીજનો દ્વારા એમનું માન ન છૂટ્યું. બંનેના હૃદયમાં વિરહનો અગ્નિ પ્રજવલિત હતો.     અંતઃકરણથી પરસ્પરને મળવા ઘણા આતુર હતા.

શ્રીઠાકોરજીના હૃદયમાં શ્રીસ્વામિનીજીનું ભાવાત્મક સ્વરૂપ બિરાજતું હતું અને શ્રીસ્વામિનીજીના હૃદયમાં શ્રીઠાકોરજીનું ભાવાત્મક સ્વરૂપ બિરાજતું હતું.

શ્રીમહાપ્રભુજી "નિરોધ લક્ષણ" ગ્રંથમાં સમજાવે છે કે જ્યારે પરસ્પરમાં પુર્ણ નિરોધ થાય અને તેને લઈ ને વિરહ થાય ત્યારે હૃદયમાં બિરાજનું ભાવાત્મક સ્વરૂપ બહાર પ્રગટ થાય છે. તે મુજબ બંનેના હૃદયમાં બિરાજતાં ભાવાત્મક સ્વરૂપો બહાર પ્રગટ થયાં અને ગાઢ આલિંગન આપતાં એક સ્વરૂપ બની ગયા. આમ જે ત્રીજુ સ્વરૂપ પ્રગટ થયું તે આપણા શ્રીવલ્લભ શ્રીમહાપ્રભુજીમાં શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી બંનેના સ્વરૂપ સૌંદર્યનું મિશ્રણ છે. તેથી અદભૂત છે. શ્રીમહાપ્રભુજીએ બંને સ્વરૂપોનું માન છોડાવી મિલન કરાવ્યું. તેથી શ્રીમહાપ્રભુજી નિત્યલીલામાં શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી અને સૌ ભક્તોના અતિ પ્રિય થયા તેથી તેઓ શ્રીવલ્લભ કહેવાયા. વલ્લભ એટલે વહાલા. આમ શ્રીવલ્લભમાં શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીના ભાવાત્મક સ્વરૂપો બિરાજે છે. તેથી આપ 'વસ્તુતઃ કૃષ્ણ એવ' છે. શ્રીજી અને શ્રીવલ્લભ જુદા નથી, બંનેનો અભેદ છે.

માન મિલાપ પછી બંને યુગલ સ્વરૂપો વિહાર કરતાં હતાં ત્યારે બંનેને પોતાના જીવોની યાદ તાજી થઇ કે જેમણે લીલામાં નાન-મોટા અપરાધ કર્યા હોવાથી તેઓ પૃથ્વી ઉપર પડ્યા હતા. શ્રીસ્વામિનીજીએ શ્રીઠાકોરજીને વિનંતી કરી કે પૃથ્વી ઉપર ગયેલા આપણા એ જીવોને ફરીથી ગોલોકની પ્રાપ્તિ કરાવો. અને આ કાર્ય માટે શ્રીવલ્લભને આપે આજ્ઞા કરી ભૂતલ પર બિરાજવા કહ્યું, શ્રીવલ્લભે શ્રીઠાકોરજીને કહ્યું કે આપે પણ સાથે સાથે પૃથ્વી પર પ્રગટ થવું પડશે. શ્રીઠાકોરજીએ શ્રીવલ્લભની વિનંતી સ્વીકારી.

એના પરિણામ સ્વરૂપે સં. 1535ના ચૈત્રવદી એકાદશીએ મધ્યાન્હે ચંપારણ્યમાં શ્રીવલ્લભ પ્રગટ થયા. એ જ દિવસે એ જ સમયે વ્રજમાં શ્રીગિરિરાજજી ઉપર શ્રીકૃષ્ણરૂપ શ્રીનાથજી પ્રગટ થયા. શ્રીવલ્લભનું એક સ્વરૂપ શ્રીઠાકોરજીનું છે તો બીજું સ્વરૂપ શ્રીસ્વામિનીજીનું છે. પણ પૃથ્વી પર શ્રીવલ્લભ જીવોના ઉદ્ધાર કરવા ગુરૂસ્વરૂપે

પ્રગટ થયા છે. આપશ્રી મહાપ્રભુજી મુખ્યત્વે ત્રણ સ્વરૂપે નીજ ભક્તોને અનુભવ કરાવે છે. (1) શ્રીઠાકોરજી સ્વરૂપ (2) શ્રીસ્વામિનીજી સ્વરૂપ (3) શ્રીગુરૂ સ્વરૂપ – શ્રીઆચાર્ય સ્વરૂપ. શ્રીહરિરાયજી શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે કે જ્યાં સુધી શ્રીમહાપ્રભુજીમાં આપણો દ્રઢ આશ્રય સિદ્ધ ન થાય ત્યાં સુધી પુષ્ટિમાર્ગનું પરમ ફલ આપણને મળતું નથી. શ્રીમહાપ્રભુજીમાં દ્રઢ આશ્રય થયો ત્યારે જ કહેવાય કે જ્યારે આપણે એમણે કરેલી આજ્ઞા પ્રમાણે જીવન જીવીએ. આજે કેટલાય વૈષ્ણવોમાં એવી ગેરસમજ પ્રવર્તે છે કે શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજી જુદા છે.

શ્રીવલ્લભ કેવા છે ! જોઇએ – આપ અન અવતાર દશાના ભગવાન છો. અવતાર દશામાં પ્રભુ બહાર પ્રગટ હોય છે. એટલે પ્રભુ ભૂતલ પર પ્રગટ ન હોય ત્યારે પ્રભુ ભક્તની આત્મરૂપે તેના હૃદયમાં મૂલ વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપથી બિરાજી પોતાના સ્વરૂપમાં નિરોધ સિદ્ધ કરાવનારા છે. આ વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપ નિરોધ સિદ્ધ થતાં જીવને અગણિતાનંદનો અનુભવ થાય છે. આપશ્રી સદાનંદ, સર્વેશ્વર, સર્વાત્મા છો. અને સર્વાન્તર આત્મારૂપે બિરાજો છો. આપ સ્નેહથી થતાં વિયોગાગ્નિનું મૂર્તિમાન સ્વરૂપ છો. યજ્ઞ ભોક્તા , યજ્ઞ કર્તા એવા આપશ્રીનાં નામોનો જપ કરવાથી સ્નેહ માર્ગમાં આવતા "વિનિયોગો ભક્તિયોગ પ્રતિબંધ વિનાશને " પ્રતિબંધોનો નાશ થાય છે.

"શ્રીવલ્લભ શ્રીવલ્લભ વિના ધ્યાન મુખ ગાય સ્વેચ્છાએ , તેના હૃદયે શીઘ્ર આવે વ્રજ રાય." સેવ્ય નિધિ સ્વરૂપ બહિઃ સદાનંદરૂપે બિરાજે છે. તેની ભીતર સુધા સ્વરૂપ શ્રીવલ્લભ (કૃપાનંદ) બિરાજે છે. તે ભાવ દ્રઢ કરી સેવા કરવી. "અષ્ટાક્ષર-પંચાક્ષરસ ભાગવત ગ્રંથ સહિત શ્રીવલ્લભ નામમાં જો છે પૂર્ણ પ્રતિત, વ્રજ સંબંધી સહુ વસ્તુ સહ કૃષ્ણ રાધિકા રાણી , શ્રીવલ્લભના નામમાં સહુ આવ્યું વરવાણી , શ્રીજી શ્રીસ્વામિનીજી સહ લલિતાદિક સહરૂપ શ્રીમહાપ્રભુજીમાં સમજવું શ્રીમહાપ્રભુજી તદ્રુપ " [શ્રીદયારામભાઈ પુ. ૫-2]

શ્રીવલ્લભનું સ્વતંત્ર પ્રમેય સ્વરૂપ નિજ અંતરગજનોમાં જે વેદ્ય છે. પુષ્ટિ પ્રવાહ

પુષ્ટિમર્યાદા જનોને પણ અવેદ્ય છે. તો અન્યની શી વાત કરવી ? શ્રીવ્યાસ સુત્રના ત્રીજા અધ્યાયમાં કહ્યું છે કે આ સ્વરૂપ પુષ્ટિની મર્યાદાથી પણ અવેદ્ય-દુર્ગેય છે ! શ્રીપુરૂષોત્તમજી પ્રકાશકારે શ્રીવલ્લભાષ્ટકના પ્રથમ શ્લોકમાં આજ્ઞા કરી છે કે , જેમ સારસ્વત કલ્પમાં અવતાર સમયે મૂળ સ્વરૂપ પ્રસિદ્ધ પુરૂષોત્તમમાં ગોપ્ય હતું , તેમ આપના પ્રતિનિધિ પ્રાગટ્ય સ્વરૂપને બતાવીને મૂળ સ્વરૂપને ગોપ્ય હતું , તેમ આપના પ્રતિનિધિ પ્રાગટ્ય સ્વરૂપને બતાવીને મૂળ સ્વરૂપને ગોપ્ય રાખ્યું છે. આપનું અવ્યક્ત મધુર સ્વરૂપ નિજ અંતરંગ શ્રીદમલાજી આદિને જ અનુભવ વેદ્ય છે. તેમ કહ્યું છે.

## પરમ ફલરૂપ વિરહ

**- કંચનભાઈ ગાંધી, વડોદરા**

નિજ ગોલોકધામમાંથી દૈવી જીવ ભૂતલ પર આવ્યો. ઘણાં સમયકાળના પ્રતાપે અનેક જન્મોના ચક્કરમાં પડી એ પોતાના અને પ્રભુના મૂલ સ્વરૂપને ભૂલી ગયો છે. પુષ્ટિનું બીજ તો હતું જ. બ્રહ્મસંબંધ તેઓને જ થાય છે , કે જેમાં પુષ્ટિ બીજ છે અને મૂલ ધામથી ભૂતલ આવ્યા છે. દેખાદેખી ભલે બ્રહ્મસંબંધ લેવાય પરંતુ અધિકારી પુષ્ટિવરણીય જીવોને જ તે ફલીત થાય છે. અન્યને નહીં. અનેક જન્મોના ફલરૂપ મનુષ્ય દેહ મળ્યો. શ્રીવલ્લભે નીજ દૈવી જાણી શરણે લીધો. સેવા માટે સેવ્ય સ્વરૂપ પધરાવી આપ્યું. છતાં માયા-મોહના અંધકારને લીધે ધ્યેયની પ્રાપ્તિની ચિંતા , કલેશ નથી. શ્રીવલ્લભની આજ્ઞા પ્રમાણે નિવેદનનું સ્મરણ સતત નહીં કરતો હોવાથી , વિરહ ભાવનાથી વંચિત રહી આવે છે. વિરહ ભાવના વિના પુષ્ટિ પરમ ફલની પ્રાપ્તિ જ નથી. જીવ સ્વયં વિરહ ભાવના કરી શક્તો જ નથી. સતત શ્રીમહાપ્રભુજીની આજ્ઞામાં મર્યાદા સહિત સેવા – સ્મરણ, ગુણગાન, ધ્યાન કરતા રહેવાથી અને સંતપુરૂષોનો સત્સંગ કરવાથી સ્વરૂપ અનુસંધાન સહિત તાપાત્મક ગુણગાન કરવાથી જ તાપાત્મક સુધા સ્વરૂપ શ્રીવલ્લભ વિરહ તાપભાવનું દાન કરશે. સેવા અને સ્મરણ પણ ધર્મી સાક્ષાત્ સ્વરૂપાનંદની પ્રાપ્તિના માર્ગે ચાલનારને જ થાય છે. કારણ તે અધિકારી જીવો છે. પુષ્ટિવરણીય છે. માટે જીવનું અવાંતર ફલ ધ્યેય સ્વરૂપ તેનું જ લીલા મધ્યપાંતિ આધિદૈવિક સ્વરૂપ છે. જે સેવા દ્વારા પ્રાપ્ત કરવાનું છે. આ જ દેહે અહીં જ

આ આધિદૈવિક સ્વરૂપની પ્રાપ્તિ કરવાની છે. બ્રહ્મસંબંધ વખતે જ આ જીવનું આધિદૈવિક સ્વરૂપ અને પ્રભુનું ભાવાત્મક સ્વરૂપ તેના હૃદયમાં પધરાવી આપ્યું છે. બીજે કાંઇથી પ્રાપ્ત નથી કરવાનું. શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે "સુધા સિંધુ કે નિકટ બસત હે, ક્યોં રહત મૂઢ પ્યાસા" આ સુધા સિંધુ સ્વરૂપ પ્રભુનું જીવના હૃદયમાં જ છે , એને ઓળખવાની , માનવાની, અનુભવવાની જ જરૂર છે. ભગવદીયોની કૃપાથી સત્સંગ દ્વારા તાપભાવની વૃદ્ધિ થવાથી એની પ્રાપ્તિ છે.

મનને સતત પ્રયત્નપૂર્વક પ્રપંચ જગતમાંથી કાઢી એકાંત અને એકાગ્રતા સાધી સંગરહિત થઈ, નીજગૃહમાં જ રહી સ્વરૂપ ધ્યાન અને ગુણગાન કરવાથી વિરહભાવની પ્રાપ્તિ થાય છે. આપશ્રી વલ્લભરહઃ પ્રિય છે. જ્યારે જીવ એકાંતમાં એક ધ્યાનથી ગુણગાન કરે તો તેના હૃદયમાં આપ બિરાજે છે. "જે કરે પોતાના ગુણગાનનું ગાન , તેના હૃદયકમલે રહેવાનું સ્થાન. " શ્રીસર્વોત્તમજીના ધોળમાં બતાવ્યું છે. નિરોધ લક્ષણમાં પણ આપે ગુણગાન-ધ્યાનની જ આજ્ઞા કરી છે.

ગીતામાં ભગવાને અર્જુન પ્રતિ આજ્ઞા કરી છે કે, જે જીવ મારા એકલાને શરણે આવે છે તે જ મારી દુસ્તર માયાને તરી શકે છે. શ્રદ્ધાપૂર્વકનું અનન્ય શરણ જ માયા તરવાનું સાધન છે. શ્રીમહાપ્રભુજી સુ. 1-7-6માં આજ્ઞા કરે છે કે આ જ્ઞાન જેવી દેખાતી માયાથી મોહ ઉત્પન્ન થાય છે. તેથી તેમાં (જ્ઞાન-પંડિતાઈમાં) વિશ્વાસ રાખી શકાતો નથી. શબ્દબ્રહ્મનો નિષ્ણાંત રસાત્મક બ્રહ્મને પામી શકતો નથી. તેથી તેનું જ્ઞાન ભારરૂપ છે. જેમ વસુકી ગયેલી ગાયતેના માલિકને બોજારૂપ છે. તેમ પ્રભુના કેવલ ધર્મી સ્વરૂપના શરણથી જ વિરહમાં બધા પ્રતિબંધો તેમ પ્રભુના કેવલ ધર્મી સ્વરૂપના શરણથી જ વિરહમાં બધા પ્રતિબંધો દૂર થઈ જાય છે. કેવલ વિરહ સ્વરૂપ સિવાય અન્ય કોઈ સંબંધ રહે તો વિરહનો અનુભવ થઈ શકતો જ નથી. વિરહી ભક્તનું 'અહં' વિરહમાં દગ્ધ થઈ જાય પછી ભાવ સ્વરૂપ સાથે અદ્વૈત પ્રાપ્ત થાય છે. પ્રભુની સમાન ઐશ્વર્ય તાદાત્મકતા સિદ્ધ થાય છે ત્યારે જ તનુનવત્વતા પ્રાપ્ત કરી અગણિતાનંદ સ્વરૂપને ધારણ કરવાની પાત્રતા સિદ્ધ થાય છે.

તાપાત્મક વિરહના માર્ગે ચાલનારા જ સ્વતંત્ર ભક્તિમાં પ્રવેશ પામે છે. મધુર તાપાત્મક સ્વરૂપ શ્રીવલ્લભ ચરણકમલનો અનન્ય આશ્રય કરનારામાં આપનું તાપાત્મક સ્વરૂપ બિરાજે છે. તે સ્વરૂપ જ વિરહનો આનંદ કરાવે છે. અગણિતાનંદને ધારણ કરવાનું પાત્ર આપશ્રીનું તાપાત્મક સ્વરૂપ જ છે. "રાજ યહ માર્ગ તાપ-કલેશ કો હૈ ।" આ ધ્રુવ વચનથી દમલાજી દ્વારા પુષ્ટિ સૃષ્ટિ પ્રતિ કરેલ છે. બિંદુ અને નાદ બંને સૃષ્ટિને તાપાત્મક માર્ગનું સૂચન કરેલ છે. વિરહની કાષ્ઠાપન્ન અવસ્થાને ભોગવીને અગણિતાનંદને ધારણ કરવા શ્રીગોપીજનો પાત્ર બન્યાં, પ્રભુની સ્તુતિના વિષય બન્યાં. અને પ્રભુએ તેવા ભક્તોનું ઋણ સ્વીકાર્યું. તેની પુષ્ટિ નીચેના શ્લોકથી થાય છે. "ન પારયેઽહં નિરવદ્ય સંયુજાં સ્વસાધુકૃત્યં વિબુધાયુષાપવિ ।" (સુ. 10-29-22)

"શ્રીવલ્લભ શરણ થકી સૌ પડે સહેલું." (દયારામભાઈ)

## અષ્ટાક્ષર મહામંત્રનું રહસ્ય

**- કંચનભાઈ ગાંધી, વડોદરા**

મહામંત્રનું પ્રાગટ્ય : ગોલોકધામમાં શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીના ગૂઢ ભાવ સ્વરૂપોનું મિલન થતાં, તે યુગલ સ્વરૂપોની લીલાનો અનુભવ કરનાર સાક્ષી રૂપ શ્રીવલ્લભ પ્રગટ થયા. આપશ્રીએ માન કરી નિકુંજમાં બિરાજતા શ્રીઠાકોરજીને વિનંતી કરી, શ્રીસ્વામિનીજી પાસે પધરાવ્યા. શ્રીસ્વામિનીજી પણ માન છોડી અત્યંત સ્નેહથી શ્રીઠાકોરજી પાસે પધાર્યા. ત્યારે એ બંને સ્વરૂપો તરફ દ્રષ્ટિ કરી શ્રીમહાપ્રભુજીએ ઉચ્ચારણ કર્યું. "શ્રીકૃષ્ણઃશરણ મમ." અર્થાત શ્રી એટલે સ્વામિનીજી અને કૃષ્ણ આ બંને સ્વરૂપોને હું શરણે છું. આમ આ મંત્રનું પ્રાગટ્ય થયું.

લીલાલોકમાં શ્રીવલ્લભ પ્રભુની ઉપસ્થિતિ વિના યુગલ સ્વરૂપો કોઈ પણ લીલા કરી શકતા જ નથી, ભૂતલમાં પણ નિધિ સ્વરૂપો સાથે શ્રીમહાપ્રભુજીની પાદુકાજી અવશ્ય બિરાજે છે. શ્રીવલ્લભ મધુર તાપાત્મક સુધા સ્વરૂપ છે. શ્રીઅષ્ટાક્ષર મંત્રને નામ મંત્ર પણ કહેવાય છે. આપણા પુષ્ટિ સંપ્રદાયમાં શરણાગતીની આ પ્રથમ દીક્ષા છે. નવું જન્મેલું બાળક 10 દિવસનું થાય પછી ગમે ત્યારે નામ દીક્ષા અપાવી શકાય છે. નામ

દીક્ષા આપવાનો અધિકાર શ્રીવલ્લભ કુળના બાળકોનો જ છે. બીજા કોઈને નહિ. આ મંત્રનો શબ્દાર્થ તો બધે પ્રચલીત છે. પરંતુ અહીં કંઈક વિશેષ જાણવાનું છે. એમાં અમૃત બીજમંત્ર છે. કોઈ પણ સ્થિતિમાં કોઈ પણ જગ્યાએ એનું રટન કરી શકાય છે. સર્વે મંત્રોનો એ રાજા છે. એમાં ત્રણ સ્વરૂપોની ભાવના કરવી. ગોલોકધામસ્થ મૂલ રસાત્મક શ્રીઠાકોરજી, શ્રીસ્વામિનીજી અને શ્રીવલ્લભ. આ સ્વરૂપો આ મહામંત્રમાં સદા બિરાજે છે. આ જ્ઞાન જરૂરી છે. સ્વરૂપ જ્ઞાન સહિત નામ મંત્રનું રટન – સ્મરણ કરવાથી જ તે ફલરૂપ બને છે. બાકી ક્રિયાવત્ થાય છે. પુષ્ટિમાર્ગમાં સ્વરૂપ જ્ઞાન જરૂરી છે. એ વિના સ્નેહ અને નિષ્ઠા થાય નહિ. આ નામ દીક્ષાથી સાત ભક્તિ-શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન અને દાસ્ય ભક્તિનું દાન કરવામાં આવે છે. શ્રીમહાપ્રભુજી જીવને શરણે લઈ અઢળક કૃપાદાન કરે છે. આપશ્રી "નવરત્ન" ગ્રંથમાં આજ્ઞા કરે છે. – તસ્માત્ સર્વાત્માના નિત્યં, શ્રીકૃષ્ણઃ શરણં મમ । વદદ્-ભિરેવ સતતં, સ્થેય મિત્યેવ મે મતિ ॥ તેથી સર્વાત્મ ભાવપૂર્વક હંમેશા 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' સતત બોલતાં રહેવું એવો મારો અભિપ્રાય છે. શ્રી ગુસાંઈજી આજ્ઞા કરે છે કે –

"યદુકતં તાત ચરણૈઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ ।
અત મેવાસ્તિ નૈશ્ચિન્ત્ય ઐહિકે પારલૌકિકે ॥"

જ્યારથી શ્રીતાતચરણે "શ્રીકૃષ્ણઃ શરણં મમ" કહ્યું છે, ત્યારથી આલોક સંબંધિ અને પરલોક સંબંધી સર્વ કાર્યમાં નિશ્ચિંતતા થઈ ગઈ છે. શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે – "અસ્માકં સાધનં સાધ્યં, શ્રીકૃષ્ણઃ શરણં મમ સંપત્સ્વાયત્સવપિ સદા સ્વાચાર્ય ચરણોદિતમ્" અમારે સંપત્તિમાં અને વિપત્તિમાં દરેક સમયે શ્રીઆચાર્યજીએ કહેલા "શ્રીકૃષ્ણઃ શરણં મમ"મંત્ર જ સાધન અને ફલરૂપ છે.

પુષ્ટિમાર્ગમાં નામ સેવા અને સ્વરૂપ સેવા એમ બે સેવા બતાવી છે. સેવા-સ્મરણ-ગુણગાન-ધ્યાન જીવના વરણ, અધિકાર અને જ્ઞાન પ્રમાણે બને છે. બંને સેવામાં જીવે સતત સંસાર આવેશ મુક્ત થઈ, અહંતા-મમતા છોડી સેવા કરવાથી જ તે ફલરૂપ બને છે. અન્યથા નહિ. બંને સેવાનું ફલ સરખું છે. શ્રીગુસાંઈજી પાસે ગુજરાતના એક વિદ્વાન

વૈષ્ણવ શરણે આવ્યા. આપે નિવેદન કરાવ્યું. વૈષ્ણવે સેવા માટે સ્વરૂપની વિનંતી કરી. આપે કહ્યું, "તમે વિરક્ત છો, અહીં તહીં ફરવાનું. ચપટી માંગી લાવી નિર્વાહ કરવાનો. એમાં સ્વરૂપ પધરાવી આપું તો શ્રમ પડે. પ્રભુ તો સ્નેહનું સ્વરૂપ છે. વાત્સલ્યભાવની સેવા છે. વૈષ્ણવે કહ્યું : "મહારાજ, તો હું સેવા વિના કેમ રહી શકું ? પુષ્ટિ જીવનું એકમાત્ર કર્તવ્ય સેવા જ છે. "કૃષ્ણ સેવા સદા કાર્યા " આ શ્રીમહાપ્રભુજીએ 'સિદ્ધાંત મુક્તાવલીમાં' આજ્ઞા કરી છે. આપે કહ્યું , "હું તમને અષ્ટાક્ષર મંત્ર લખીને પધરાવી આપું છું તમે એને ભોગ ધરી સેવા કરજો" વિરક્ત હતા. સંસાર આસક્તિ રહિત હતા. થોડા સમયમાં જ સેવા ફલરૂપ થઈ ગઈ. એક ગામમાં ગયા, ત્યાં એક માજીનો એકનો એક દિકરો મરણ પામ્યો હતો. ત્યાં જઈ તેના કાનમાં અષ્ટાક્ષર મંત્ર બોલી તેણે સજીવ કર્યો. આ મહામંત્રનું માહાત્મય બતાવ્યું. અને ફલ પણ બતાવ્યું. વિરક્તે સર્વ લીલાનો અનુભવ આ નામ મંત્રની સેવા દ્વારા કર્યો. આમ ઉપરોક્ત શ્રીવલ્લભ, શ્રીવિઠ્ઠલ અને શ્રીહરિરાય મહાપ્રભુજી અષ્ટાક્ષર જપ કરવાની આજ્ઞા કરે છે. ખાલી પોપટની જેમ નહિ કરતાં વિરક્તની જેમ કરવાથી એ ફલરૂપ થાય છે.

અષ્ટસખા શ્રીકૃષ્ણદાસજીએ અષ્ટાક્ષર પદ કર્યું છે.
"કૃષ્ણ શ્રીકૃષ્ણ શરણં મમ ઉચ્ચરે
રેન દિન નિત્ય પ્રતિ સદા પલ છિન ઘડી
કરત વિધ્વંસ જન અખિલ અઘ પરહરે – 1
હોત હરિ રૂપ વ્રજભૂપ ભાવે સદા,
અગમ ભવ સિંધુ કે વિના સાધન તરે,
રહત નિશ દિવસ આનંદ ઉરમેં ભર્યો.
પુષ્ટિ લીલા સકલ સાર ઉરમેં ધરે – 2
રમા, અજ, શેષ સનકાદિ શુક શારદા,
વ્યાસ નારદ રટે, પલક સુખ ના ટરે,
બાલ ગિરધરણ કી, મહિમા અતુલિત જગ મગે,
શરણ કૃષ્ણદાસ નિગમ નેતિ નેતિ કરે – 3"

શ્રીચાચાજી મથુરાજી સામગ્રી લેવા ગયા હતા સાથે એક સેવક હતો. જમુનાજીમાં પૂર આવ્યું હતું. આપે  સેવકને કહ્યું, "ભાઈ ! હું જ્યાં પગ મૂકી ચાલું ત્યાં તું પગ મૂકી ચાલ" ચાચારી અષ્ટાક્ષર બોલતા જલ પર ચાલતા હતા. પેલા સેવકે જાણ્યું કે એતો મને આવડે છે. પોતે  પગમાં પગ ન મૂકતા સ્વતંત્ર ચાલવા માંડ્યો. તેથી તે ડૂબલા લાગ્યો. આપે હાથ પકડી  કહ્યું, "ભાઈ, મારો મંત્ર પ્રભુએ સૂણ્યો છે, તારો સુણ્યો નથી. તેથી મારી આજ્ઞા પ્રમાણે ચાલ." પ્રભુ જ્યારે આપની સેવા અંગીકાર કરે ત્યારે ફલરૂપ થાય.

શ્રી વલ્લભ શરણ થકી સૌ પડે સહેલું. (શ્રીદયારામ)

**"સેવ્ય, સેવક અને સેવા"**

**- શ્રી કંચનભાઈ ગાંધી, વડોદરા**

શ્રીમહાપ્રભુજીએ દૈવિ પુષ્ટિ જીવને શરણે લઈ, બ્રહ્મસંબંધ કરાવી તેના હૃદયમાં પુષ્ટિ પુરૂષોત્તમનું સ્વરૂપ અને દૈવી જીવનું આધિદૈવિક સ્વરૂપ ભાવત્મક પ્રકારે પધરાવી આપ્યું છે.  સેવ્યમાં આ જ પુષ્ટિ પુરૂષોત્તમનું મૂલ ગોલોક ધામસ્થ સ્વરૂપ જે સકલ પરિકર ધામ સહિત   છે. તેને પધરાવી આપેલ છે. આ છે શ્રીવલ્લભનું અદેયદાન. સેવ્યમાં ત્રણ સ્વરૂપની ભાવના કરવાની આજ્ઞા મહત્ સ્વરૂપોએ કરી છે. (1) ધર્મી પૂર્ણ પૂરૂષતોત્તમનું સ્વરૂપ ( 2) ગુરૂદ્વારના ઘરનું નિધિ સ્વરૂપ ધર્મ અને (  3) નખશિખાંત સુધા સ્વરૂપ શ્રીવલ્લભ બિરાજે છે. સેવ્ય સ્વરૂપને સેવાની ક્રિયા દ્વારા અનુભવવાનું છે. ભાવ સ્વરૂપને અંતરમાં ભાવાત્મક પ્રકારે અનુભવ કરવાનો છે. સેવા-સ્મરણ ગુણગાન-ધ્યાન દ્વારા પુષ્ટિ જીવે   તેના આધિદૈવિક સ્વરૂપને જ પ્રાપ્ત કરવાનું છે. પ્રભુ તો શ્રીવલ્લભને શરણે લઈ  પ્રાપ્ત કરાવી દીધા છે જ. સેવા ફલરૂપ થતાં તેનો અનુભવ લેવાનો છે.  84/252 ની જેમ  ઘરમાં રહી સેવા કરવાથી જ ફલ પ્રાપ્તિ છે. બહાર મંદિરો – તિર્થોમાં જવાથી કશુ  પ્રાપ્ત નથી થવાનું, સેવ્યને ગૌણ કરનારા વૈષ્ણવ પુષ્ટિમાર્ગથી વંચીત થઈ જાય છે. શ્રીહરિરાયજી પ્રભુ આજ્ઞા કરે છે, "કાહેકો દેહ દમન, સાધન કર મુરખજન વિદ્યમાન આનંદ   ત્યજ ચલત ક્યોં અપાથે " વિદ્યમાન આનંદ

એટલે સાક્ષાત સેવ્ય સ્વરૂપ છે. તેને છોડી બીજાને નિરખવા તે પણ ભાવ-વ્યભિચાર છે. પુષ્ટિમાર્ગ પતિવ્રત ધર્મનો છે. પુષ્ટિપ્રભુ સેવકને માથે તેનો ઉદ્ધાર કરવાનો સંકલ્પ લઈને બિરાજે છે. જીવ એ છોડી બહિર્મુખ રહે તો તેના ભાગ્યનું શું કહેવું ?

શ્રીમહાપ્રભુજીની આડીથી સેવ્ય પ્રભુ જીવની સેવાનો સ્વીકાર કરે છે. જેથી જીવને અધરામૃતની પ્રાપ્તિ થાય અને મન ચિત્તનો નિરોધ થતાં એનો આધિદૈવિક સત્વરે સિદ્ધ થાય છે. પુષ્ટિ પ્રભુની અલૌકિક લીલાના દર્શન આ દેહથી ન થાય. કૃષ્ણ ભટ્ટની વાર્તમાં એનું પ્રમાણ છે. શ્રીજીને આપે વિનંતી કરી : રાસના દર્શન કરાવો. શ્રીજીએ કહ્યું, કૃષ્ણ ભટ્ટ, આ દેહથી ન થાય અલૌકિક દેહથી જ થઈ શકે. શ્રીગુસાંઇજીએ કૃષ્ણ ભટ્ટને અલૌકિક દ્રષ્ટિનું દાન કર્યું. તેથી દર્શન થયાં. પછી એ દ્રષ્ટિ પાછી ખેંચી લીધી. આપ શ્રીચંદ્રાવલીજી સ્વામિનીજી છે. પુષ્ટિમાર્ગીય ફલનું દાન શ્રીસ્વામિનીજી દ્વારા જ થાય છે. ભગવદ સેવા ફલરૂપ થવા માટે આટલી બાબતો જરૂર જોઈએ. (1) નિર્મળ હૃદય (2) પ્રપંચની વિસ્મૃતિ (3) મન-ચિત્તની સ્વસ્થતા – તંદુરસ્તી.

સેવ્ય સ્વરૂપ સેવકને વ્યસનાત્મક અવસ્થાએ લઈ જાય છે. શ્રીગોપીજનોને પ્રભુ વ્યસનાત્મક અવસ્થાએ સિદ્ધ કરી પછી મથુરા પધારી ગયા. પછી શ્રીગોપીજનોએ હૃદયમાં રહેલા ધર્મિ સ્વરૂપનો જ અનુભવ કર્યો છે. સેવ્યની સેવા ફલરૂપ થતાં પછી સેવા આપો આપ છૂટી જાય છે. વ્યસનાત્મક અવસ્થાએ સેવા માટે શ્રીગોપીજનોના ભાવની ભાવના કરવાની આજ્ઞા છે. "સેવા રીત પ્રિત વ્રજજન કી , જનહિત જગ પ્રગટાઈ" મનસ્વી રીતે સેવા ન થાય. ગુરૂ આજ્ઞા જરૂરી છે. પોતાના બ્રહ્મસંબંધ દાતા ગુરૂની. અન્ય બાળકની આજ્ઞા ન ચાલે. દોષ લાગે. પુષ્ટિમાં જ્યાં શ્રીવલ્લભે આજ્ઞા કરી છે તેનું પાલન ન કરીએ તો મોટો અપરાધ લાગે છે. જ્યાં આજ્ઞા છે તેનું સંપૂર્ણ પાલન જરૂરી છે. જ્યાં ઉપદેશ કર્યો છે તે જીવના વરણ , અધિકાર પ્રમાણે, શક્તિ, પરિસ્થિતિ પ્રમાણે પાળે તેમાં બાધ-અપરાધ નથી. શ્રીમહાપ્રભુજીએ સેવકને સેવ્યનું સ્વરૂપ અને સેવા પ્રકાર નક્કી કરીને જ આપ્યો છે. સિદ્ધાંત મુક્તાવલીમા , "કૃષ્ણસેવા સદા કાર્યા." સર્વ માટે આ નીજ સ્વકીય પુષ્ટિ જીવોને આપે ચતુઃશ્લોકીમાં , "સર્વદા

સર્વ ભાવેન, ભજનિયો વ્રજાધિપ"ની આજ્ઞા કરી છે. જીવના અધિકાર પ્રમાણે ઉત્તમ , મધ્યમ, સાધારણ (કનિષ્ઠ) ફલ પ્રાપ્ત થાય છે. પુષ્ટિમાં જીવનું વરણ અને અધિકાર મુખ્ય છે.

સેવ્યની સેવા ફલરૂપ થતાં સેવક ગોલોકમાં જાય છે. પછી સેવ્ય સ્વરૂપ જો એના ઘરના વૈષ્ણવોને સેવા કરવી હોય તો તે કરી શકે છે. તે માટે પ્રભુને ગુરૂ પાસે ફરી લઈ જવાની જરૂર જ નથી. પુષ્ટ કરેલ છે પછી શી જરૂર કે લઈ જવા પડે ? હા, જ્યારે બીજા ઘરના સેવકને માથે એ સેવા પધરાવી આપવાની હોય તો તે વૈષ્ણવ કે જે સેવા પધરાવવા માગે છે તે એ સ્વરૂપ લઈ એના ગુરૂ ઘરની કરવાની છે તેથી તેને આજ્ઞા લેવા જવું પડે. સેવ્ય સ્વરૂપ જે ને માથે પધરાવી અપાય તેની સાથે પ્રભુની સઘળી વસ્તુ ભાવ પ્રભુ સાથે સોંપાય ગુરૂ ઘેર નહિ. ગુરૂદેવને ભેટ જરૂર કરવી પડે. આ બધાની ચિંતા સેવક કે જે ઉતરાવસ્થાએ છે તેની કદી કરવી નહી. કારણ કે શ્રીહરિરાયજી (શિ.41) માં આજ્ઞા કરી છે. 'તરદીયનકી ચિંતા હરિ કરત હૈ, તો હું જો જીવ ચિંતા કરે સો મૂર્ખ હૈ' સેવ્ય પ્રભુને જેની સેવા લેવી હોય તે જીવને પ્રેરણા કરે છે. તેનું પ્રમાણ 84ની વાર્તા 26મી શ્રીગુસાંઇદાસજી મથુરામાં રહેતા ત્યાં જુઓ. પ્રભુ ભાવાત્મા છે. જીવના અધિકાર એના ભાવ પ્રમાણે સ્વરૂપ ધારણ કરી તેને દાન કરે છે. પદમારાવલ દ્વારકા લીલાના જીવ છે. શ્રીમહાપ્રભુજીએ શ્રીદ્વારકાધિશ સ્વરૂપે દર્શન આપ્યા અને એ જ સ્વરૂપથી તેમને શરણે લીધા. અહીં આપે વ્રજલીલામાં કેમ ના અંગીકાર કરાવ્યા ? આપશ્રી મહાપ્રભુજી છે. ના, જેનું વરણ જે સ્વરૂપથી થયું તે જીવ ત્યાં જ જાય. વરણ કદી બદલી ના શકાય. એ જ શ્રીમહાપ્રભુજીએ હનુમાનજીને શ્રીરામચંદ્ર સ્વરૂપે દર્શન આપ્યા અને દમલાજીને વ્રજમાં પૂર્ણ પૂરૂષોત્તમના સ્વરૂપે દર્શન કરાવ્યા.

ભાવનું દાન શ્રીવલ્લભ દ્વારા થાય છે. જીવ સ્વયમ્ કોઈ ભાવ કદી કરી શકતો નથી. કરે તો તે અન અધિકાર ચેષ્ટા છે. તેનો અપરાધ લાગે. પહેલાં દાસ્યભાવ અને દીનતા સિદ્ધ કરો. સંસાર આસક્તિ છૂટી જતાં દાસ્ય સિદ્ધ થાય. પછી સેવ્યને જે ભાવે

સેવક સાથે વિલસવું હોય તે ભાવ સાખ્ય, વાત્સલ્ય કે કાંત ભાવનું દાન કરે છે.

'શ્રી વલ્લભ શરણ થકી સૌ પડે સહેલું' (શ્રીદયારામ)

## વ્રજયાત્રા

**- કંચનભાઈ ગાંધી, વડોદરા**

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો વ્રજ અને વ્રજલીલાઓ વિશે મોટે ભાગે અન્યથા જ્ઞાન ધરાવે છે. સાચા જ્ઞાનથી વંચીત છે. વ્રજયાત્રા કયા હેતુથી કરવી , શા માટે કરવી ? શું પ્રાપ્ત કરવાનું છે તે વિશે આજના વ્રજયાત્રીઓ જાણતા જ નથી. મોટા ભાગના વૈષ્ણવો માને છે કે 84 કોશની યાત્રાથી જીવ 84 લાખના ફેરામાંથી તરી જાય છે. આ ખોટી માન્યતા છે. તિર્થોમાં દાન-પૂણ્ય કરવાથી પાપો દૂર થાય છે. પૂણ્ય મળે છે. આ જ સામાન્ય માન્યતા આજના વૈષ્ણવોની છે. પુષ્ટિમાં કોઈ પણ કામનાથી કરેલી સેવા બાધક છે. પૂણ્ય પ્રાપ્ત કરવાનું તો વૈષ્ણવોને હોય જ નહિં. સેવા-સ્મરણ કરવા એ પુષ્ટિ જીવનો સ્વધર્મ છે. બ્રહ્મસંબંધ લઈ પુષ્ટિમાર્ગની મેડ-મર્યાદાથી ગૃહમાં રહી સેવા કરવાની શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે. ભગવદ્ પ્રાપ્તિ અર્થે તિર્થયાત્રા કે તિર્થવાસ પુષ્ટિમાં ફલથી વંચિત કરાવનાર છે. બેટ દ્વારકામાં 700 વર્ષ સુધી દૂધ પર રહી ભાગવત પાઠ કરનાર એક માણસે શ્રીમહાપ્રભુજી ત્યાં પધાર્યા ત્યારે શરણે લેવા વિનંતિ કરી. આપશ્રીએ કહ્યું, "તમે તિર્થનો આશ્રય કરી રહ્યા છો તેથી હું આ જન્મે તમને શરણે નહીં લઉં. પરંતુ આવતે જન્મે તમે હરજી કુંડ પાસે જન્મ લેશો , અને શ્રીગુસાંઈજી તમને શરણે લેશે. તે જ હરજી ગ્વાલ. વાર્તામાં પ્રસંગ આવે છે."

કેટલાંક વૈષ્ણવો માને છે કે અહીં પ્રભુનાં દર્શન થશે. દર્શનની કામના કરે છે. તેને માટે શ્રીહરિરાયજી કહે છે કે, "કાહેકો તુ દેહ દમત સાધન કર મુરખ જન , વિદ્યમાન આનંદ ત્યજ, ચલત ક્યું કુપાથે" શ્રીમહાપ્રભુજીએ વિદ્યમાન આનંદ – તારું જ સેવ્ય સ્વરૂપ છે. એ સાક્ષાત પૂર્ણપુરૂષોત્તમ તારો ઉદ્ધાર કરવા બિરાજે છે. તેને છોડીને તું બહાર ભટકે છે, તે જ દેહ દમન છે. 84/252 વૈષ્ણવોએ ગૃહમાં રહી શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે સેવા કરી જેથી સ્વરૂપાનંદનો અનુભવ કરી શક્યા. ઘરમાં બિરાજતા પ્રભુ

સાક્ષાત છે. તેને સેવા દ્વારા પ્રગટ કરવાના છે. આ જ્ઞાન જીવને નહિ હોવાથી મંદિરો-તિર્થોમાં ટોળે ટોળામાં જાય છે. શું કરવા તો કે દર્શન માટે ? દર્શન એ કોઈ સેવા નથી. શ્રીગિરિરાજની પરિક્રમા કરવાનો એક વૈષ્ણવનો નિયમ હતો. એક દિવસ પગે વાગ્યુ. તેથી પરિક્રમા ન કરી. ભંડારમાં જઈ અનાજ સાફ કરવાની સેવા કરી , ત્યાંથી શ્રીગુસાંઈજી પસાર થતાં આપે પૂછ્યું , "વૈષ્ણવ, કેમ છો ?" વૈષ્ણવે કહ્યું, "મહારાજ, આટલા સમયથી રહું છું , આજે આપ મારી સાથે બોલ્યા" આપશ્રીએ કહ્યું, "આજ દિન સુધી તું દેહસુખ માની સાધન કરતો હતો, આજે તેં સેવા કરી"

વ્રજભૂમિ સારસ્વત કલ્પની શ્રી શ્રુતિરૂપા – ઋષિરૂપા ગોપીજનો સાથે પ્રભુએ કરેલી લીલાની ભૂમી છે. આ વ્રજની રજ ઉત્તમ ફલરૂપ છે. પવનથી રજ ઉડી મુખ દ્વારા ભીતર જાય અને દેહ પર પડે તો પવિત્ર કરે છે. પ્રભુની લીલા નિત્ય છે. આજે પણ છે. આધિદૈવિક અવસ્થાએ એના દર્શન આજે પણ થાય છે. આધ્યાત્મિક અવસ્થાએ એના દર્શન આજે પણ થાય છે. આધ્યાત્મિક અવસ્તાએ આભ્યાત્મિક અને ભૌતિક અવસ્થામાં ભૌતિક અનુભવ થાય છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ભગવાનની આજ્ઞા વિના વ્રજયાત્રા કરવી નહિં. વ્રજમાં પુષ્ટિ પુરૂષોત્તમે ધર્મ-ધર્મિ સ્વરૂપ અને વ્યૂહ સ્વરૂપ સહિત વિવિધ લીલાઓ કરી છે. જ્યારે પ્રભુ પ્રગટ થાય છે ત્યારે પોતે જીવોનો નિરોધ સ્વરૂપ અને લીલાથી કરે છે. અન અવતાર કાળમાં સેવા-સ્મરણ લીલાનું ગુણગાન કરવાથી પ્રભુમાં જીવનો નિરોધ સિદ્ધ થાય છે. સત્સંગ ખૂબ જરૂરી છે. સતપુરૂષોનાં સંગ મળવો દુર્લભ છે. તેથી શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે સત્સંગના અભાવમાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનાં ગ્રંથોનું શ્રવણ-મનન ઘરમાં રહી કરવું. પુષ્ટિમાર્ગમાં શ્રીમહાપ્રભુજીનાં સિદ્ધાંત વિરૂદ્ધ વચન કહેનારનું શ્રવણ કરવું નહિં. પ્રભુ પ્રાપ્તિ માટે નિર્મળ હૃદય, તિક્ષ્ણ બુદ્ધિ અને મન-ચિત્તની તંદુરસ્તી જરૂરી છે.

સ્વરૂપ જ્ઞાન વિનાની સેવા માત્ર ક્રિયા છે. ફલ પ્રાપ્તિ કરાવનારી નથી. તેથી સ્વરૂપ જ્ઞાન, લીલા અને ભાવના જાણવાની અતિ આવશ્યક્તા છે.કેવળ શ્રીવલ્લભના યશોગાનથી જ ફલ પ્રાપ્તિ સત્વરે થાય છે. આપશ્રી વૈશ્વાનર તાપાત્મક સુધા સ્વરૂપ છે. તાપથી જન્મો જન્મના પાપો બળી જાય છે. જીવ નિર્દોષ બને છે. નિર્દોષ જીવે

કરેલી સેવા જ પુષ્ટિ પુરૂષોત્તમ અંગીકાર કરે છે શ્રીવલ્લભ શરણ થકી સૌ પડે સહેલું...

## શ્રી રજોબાઈનું આધ્યાત્મિક સ્વરૂપ

શ્રીમહાપ્રભુજી દૈવીજીવોના ઉદ્ધાર અર્થે ભૂતલ પર પ્રગટ થયા. અને પુષ્ટિ-કૃપા-અનુગ્રહ માર્ગ પ્રગટ કર્યો. માર્ગ ભાવાત્મક અને રસાત્મક છે. માર્ગના સ્વરૂપને સમજવું અતિ દુર્લભ છે. શ્રીવલ્લભની કૃપા વિના તે જાણી શકાય નહિ. શ્રીહરિરાયજી એક પદમાં માર્ગને સમજાવે છે. : "રતિપથ પ્રગટ કરનકું પ્રગટ ભયે , કરુણાનિધિ શ્રીવલ્લભ ભૂતલ" રતિપથ એટલે સ્નેહમાર્ગ, પુષ્ટિ પ્રભુ રસાત્મક છે. ભાવાત્મક છે. ભાવથી જ પ્રસન્ન થાય છે. ભાવનું દાન શ્રીવલ્લભ કરે તો જ. ભાવનું સ્વરૂપ સાકાર , વ્યાપક અને સ્વરૂપાત્મક છે. પ્રભુ સ્વરૂપ "રસો વૈ સઃ" છે. એ અનુભૂતિનો વિષય છે. મન-વાણીથી જાણી કે કહી ન શકાય. અગોચર છે. તેમ કેટલાક ગ્રંથોને સમજવા માટે કૃપા થવી જરૂરી છે. દા.ત. "વેણુગીત" ના સુબોધિનીજી માટે શ્રીગુસાંઇજી આજ્ઞા કરે છે : "વૈષ્ણવ હોવા છતાં જે આ રસથી વંચીત છે, જાણતો જ નથી, તેણે કૃપા કરી આ ગ્રંથ વાંચવો – જોવો નહિં." કેટલું રહસ્ય આ શબ્દોમાં છે તે વિચારો. જ્યાં સુધી અહંતા – મમતા અને સંસાર આસક્તિ છૂટી નથી ત્યાં સુધી 84ની વાર્તાના નિગૂઢ પ્રસંગો પણ સમજી નહિ શકાય. પછી કલ્પિત અર્થ કરી, લૌકિક ભાવનું આરોપણ કરવું તે મોટો અપરાધ છે. અલૌકિકમાં લૌકિક ભાવ કરવાથી અપરાધ થાય છે એ વાત શિક્ષાપત્રમાં કરેલી છે. 'કામ શિખર' ગ્રંથમાં શ્રીગુસાંઈજીએ 'કામાનંદ' અને 'પ્રેમાનંદ' ના સ્વરૂપને સમજાવ્યું છે. દરેકના ત્રણ સ્વરૂપ : ભૌતિક કામાનંદ ઇંદ્રિયોથી ભોગવાય તે જગતનો ( 2) આધ્યાત્મિક કામને સ્વર્ગના લોકો જ ભોગવે છે અને આધિદૈવિક રાસમાં એનો અનુભવ શ્રીકૃષ્ણે કરાવ્યો. આની અનુભૂતિ માટે આધિદૈવિક અલૌકિક દેહ – ઇંદ્રિયો વિ. જોઈએ. આ ભૌતિક દેહથી એનો અનુભવ ન થાય. કૃષ્ણ ભટ્ટજીએ શ્રીજીને વિનંતી કરી. "મને રાસના દર્શન કરાવો." ત્યારે શ્રીજીએ કહ્યું, "આ દેહથી તે શક્ય નથી"ત્રણવાર આમ જવાબ મળ્યો. પછી કૃપા કરી શ્રીગુસાંઈજીએ અલૌકિક દ્રષ્ટિનું દાન કરી દર્શન કરાવ્યા. કેમ કે આપશ્રી મૂળ શ્રીચંદ્રાવલીજી સ્વામિનીજી છે.

આજે સંપ્રદાયમાં કેટલાક ભાવલા વૈષ્ણવો સમજ્યા વિના અલૌકિક બાબતોનો લૌકિક

અર્થ કરી અનર્થ કરી રહ્યાં છે. અમેરિકાથી એક પત્ર અહીં આવેલ તે વાંચી મને આઘાત અને આશ્ચર્ય થયું. તેમાં રજોબાઈ તથા શ્યામદાસ સુથારની વાતોનો મનસ્વી અર્થ કરેલો. રજો રોજ પાક સામગ્રી શ્રીમહાપ્રભુજીને અંગિકાર કરાવતા. તેની જગ્યાએ રજોને નિત્ય રસદાન થતું. શ્યામદાસને સર્વાંગે રસદાન થતું. આમ જોયું. મને થયું કે આ લોકોને અલૌકિક રસ શું છે ? દાનનો અર્થ શું છે ? તેનું જ્ઞાન જ નથી ! સંસારિક આસક્તિથી ગ્રસીત બીજું શું વિચારી શકે ? ઘણા બાપા-માજીઓએ અનિષ્ટ ફેલાવ્યું છે. અમારે ત્યાં એક બહેન છે. તેઓ ઘરના પ્રભુને સખડી રોજ નથી ધરતા. એ તો જુદી જાતની સખડીનો ભોગ બીજે કરાવે છે. અને અન્ય બહેનોને પણ તેમાં જોડે છે. આ કેટલું અન્યથા જ્ઞાન , અંધશ્રદ્ધા અને અજ્ઞાન છે ! ઘણાં વૈષ્ણવોને સેવ્ય સ્વરૂપ અન ગુરુદ્વારનું જ્ઞાન નથી. અમારે ત્યાં એક ભાઈ વૈષ્ણવ ભોગ ધરીને સેવા કરે છે. તેઓ મને કહે છે કે, "મને તો 13 દિવસે સૂતક ઊતરી જાય એવી મારા ગુરુએ આજ્ઞા આપી છે." મેં કહ્યું, "શાસ્ત્રના વિધાન મુજબ વૈશ્યને 15 દિવસ સૂતક, સોળમે દિવસે શુદ્ધ થવાય." છતાં ગુરુ આજ્ઞાને વળગી રહ્યા છે. માર્ગની વિરૂદ્ધ આ કેમ સંભવે. શાસ્ત્ર કે વેદ વિરૂદ્ધ આચરણની આજ્ઞા કોઈની ના માની શકાય.

હવે રજોબાઈનું આધિદૈવિક સ્વરૂપ લીલામાં રતિકલાનું છે. રતિ એટલે વિશુદ્ધ સ્નેહ – દિવ્ય પ્રેમ તત્વ છે. પોતાની દિવ્ય પ્રેમની કલાઓથી શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીને રીઝવે છે. રજો શ્રીમહાપ્રભુજીના ચરણકમલની રજમાંથી પ્રગટ થયેલ છે. મહાઅલૌકિક છે. પદ્મનાભદાસજી શ્રીમહાપ્રભુજીની નાભિમાંથી પ્રગટ થયેલ છે. આવા સ્વરૂપોની વાર્તાઓ દિવ્ય છે. જીવ બુદ્ધિ ન સમજી શકે. જેમ સૂર્યના હજારો કિરણો પ્રકાશ અને ગરમી ફેલાવે છે તેમ રસાત્મક સ્વરૂપમાંથી રસના અનેકવિધ કિરણો નીકળે છે. જે કૃપાપાત્ર નિજજનોના રોમ (શરિરના છિદ્રો) દ્વારા પ્રવેશ કરે છે , તેથી તે રસાનંદનો અનુભવ કરે છે. આ છે રસ અને રસદાન. પુષ્ટિજીવે સેવ્યને સાક્ષાત્ ગણી કશાની અપેક્ષા રાખ્યા વિના સેવા કરવાથી ફળ પ્રાપ્તિ છે. એ જ સેવા મુખ્ય , બીજી બધી સેવા ગૌણ છે.

- શ્રી કંચનભાઈ ગાંધી, વડોદરા

## સેવાનું મૂર્તિમંત સ્વરૂપ

પુષ્ટિમાર્ગમાં શુદ્ધ દૈવી જીવનું એકમાત્ર કર્તવ્ય ધર્મ સેવા જ છે. એથી અતિરીક્ત કાંઈ જ નહિ. તેમાંએ શ્રી હરિ-ગુરૂ-વૈષ્ણવની સેવાની પ્રણાલિકા છે. અને તેના પ્રમાણો વૈષ્ણવોની વાર્તાઓમાં જોવા મળે છે. વૈષ્ણવની સેવા કરવી દુર્લભ છે. કારણ કે તેમની સેવા કરનારને મનુષ્ય ભાવ રહી આવે છે , જેથી ગુણ દોષો જલ્દી નજરે ચઢે જેથી સેવા ફળરૂપ ન બને. કોઈ વીરલા જ વૈષ્ણવના આધિદૈવિક સ્વરૂપને ઓળખી સેવા કરી શકે. શ્રીવલ્લભ વંશમાં શ્રીવલ્લભ અને વૈષ્ણવમાં શ્રીદમલાજી બિરાજે છે એવો ભાવ રાખવો. ઉચ્ચ ભાવ જ ફળરૂપ છે. એવા એક વિરલ પરમ વૈષ્ણવ જેમને પ.ભ. લખી શખાય તેવાં પૂ. હીરામા-બરડિયાની શ્રીગુસાંઈજીની બેઠકવાળાને મળી તેમના સત્સંગનો લાભ લેવાનો મનોરથ હતો. હાલમાં આપણે જાણે અજાણે ગમે તે વૈષ્ણવ હોય તેને પ.ભ. લખીએ છીએ. આ મોટો અપરાધ છે. મુખરતા દોષ છે. પરમ ભગવદીયના સ્વરૂપનું અવમૂલ્યન કરવાનો અપરાધ છે. ! પ.ભ. તો શ્રીગોપીજનોને જ કહેવાય અગર કોઈ ઉચ કોટીના વિરલાઓને. એવા ભક્તોનાં દર્શન માત્રથી જીવના દોષ દૂર થઈ જાય છે. અપરાધો નિવૃત્ત થઈ જાય છે.

રામદાસજીનું એક પદ છે.

શ્રીવલ્લભ જન કી યહ પહેચાન ।<br>
મિલત હરત દુઃખ જનમ જનમ કે, સહજ પડી યહ બાન<br>
અપને સો કર લેત છીનક મેં, હદેભરે રસખાન ।<br>
'રામદાસ' શ્રીવલ્લભ કૃપાતે, દેત અભય પદ દાન ॥

અભયપદ એટલે ગોલોક ધામની પ્રાપ્તિ. આવા પૂ. હીરામા છે. એમનો મંત્ર સેવા. હરિ-ગુરૂ-વૈષ્ણવની તન-મન-ધનથી નિષ્ઠાપૂર્વક સેવા ફલરૂપ થાય ત્યારે અલૌકિક સામર્થ્ય પ્રાપ્ત થાય છે. એ અલૌકિક સામર્થ્યનાં દર્શન કરવા હોય તો હીરામાના દર્શન કરો. ત્યાં શ્રીગુસાંઈજી ધર્મિ સંયોગાત્મક સ્વરૂપ સાક્ષાત બિરાજી માની સેવા અંગીકાર

કરે છે. સેવા અને વૈષ્ણવના સ્વરૂપને એમણે ઓળખ્યું છે.

સદા પ્રસન્નવદન આવનાર વૈષ્ણવને સૌ પહેલાં જલ પછી ચા-દૂધ અને પછી મહાપ્રસાદ મળે. ગમે ત્યારે ગમે તે સમયે વૈષ્ણવો આવે મહાપ્રસાદ તૈયાર હોય. પૂ. મા મને કહે છે, "કંચનભાઈ, આ તો શ્રીયમુનાજીનો લ્હેરો છે. એક જાય ને બીજી આવે. મા કહે છે ભાઈ , મને બતાવો, એમાં ખોટ ક્યાં જાય છે ? મેં કહ્યું, "માઁ, ખોટ તમારે જતી જ નથી," તો કહે, ના ભાઈ, આટલા વૈષ્ણવોની સેવા કરતા જો કોઈનું મનદુઃખ થઈ જાય, દુઃખ પામે તો એ મોટી ખોટ ગઈ કહેવાય. મને આશ્ચર્ય થયું માને સૂક્ષ્મ દોષનુ કેટલું સભાનપણું છે. ધન્ય છે , મા તમને. કેવી અલૌકિક દ્રષ્ટિ છે ! એક રૂપિયાની સેવા કરનારા અને લાખની સેવા કરનાર બંને માને મન સરખા. આ સર્વાત્મભાવ. ન્યૂન અધિક નહિ. મા પાસે આ શીખવાનું છે. વૈષ્ણવો પૂછે , માં, અમને કંઇક સત્સંગ કરાવો. ખડખડાટ બાળક જેવું નિર્દોષ હાસ્ય કરી મા કહે , સત્સંગ મને ના આવડે. હું તો સેવા જ જાણું છું. એક અમેરિકન બાઈ આવીને કહે મા , આપને ત્યાં તો વિરહ જ કરવાનું કહ્યું છે ને ! મા મને કહે ભાઈ , તમે મને બતાવો ! આ સવારથી સાંજ સુધી સેવામાંથી સમય જ નથી મળતો પછી હું વિરહ કરવા ક્યારે બેસું ? મેં કહ્યું, "મા, તમને સંયોગાત્મક સ્વરૂપ શ્રીગુસાંઈજીનું સતત સાનિધ્ય છે તો વિપ્રયોગની જરૂર ક્યાં રહી ? ભૂતલ પર આજે પણ 84/252 ભગવદીયો હજી બિરાજે છે. જેના વડે પુષ્ટિમાર્ગ ચાલી રહ્યો છે. એ જોવાની દ્રષ્ટિ શ્રીવલ્લભ કૃપા કરી આપે તો બેડો પાર છે. બડાઈ-પ્રતિષ્ઠાથી પર રહી આ બધું કરવું ખૂબ કઠીન છે. આવા શ્રીવલ્લભના જનની ચરણરજ રદા પ્રાપ્ત થાય એ જ અભિલાષા.

- કંચનભાઈ ગાંધી, વડોદરા

## વર્તમાન સમયમાં 84/252 વાર્તાઓની ઉપયોગીતા

**- શ્રી કંચનભાઈ ગાંધી, વડોદરા**

આ 84 વૈષ્ણવની વાર્તાઓમાં શ્રીઆચાર્ય-ચરણના રૂપ , ગુણ, જ્ઞાન, સામર્થ્ય આદિ ધર્મો, વાણીમાધુર્ય, નિત્યક્રમ, સેવા કથાની પ્રણાલિકા , સેવા અને કથાની તત્પરતા ,

વિરહ આદિ નિગુઢભાવો વિ.        અનેક ચરિત્રોનો સમાવેશ થયેલો છે. તેમાં શ્રીઆચાર્યચરણનું સાંગોપાંગ આંતરબાહ્ય  સ્વરૂપ અને તેના ધર્મો તથા અનેક તત્વો અને ભાવનાઓ આ વાર્તાઓમાં પ્રત્યક્ષરૂપે વિદ્યમાન છે.

પુષ્ટિ  સંપ્રદાયમાં દ્વિવિધ સાહિત્ય ઉપલબ્ધ છે. એક શબ્દપ્રમાણવાળું સિદ્ધાંતાત્મક    , બીજું  આત્મપ્રમાણ વાળું ફલાત્મક સાહિત્ય    ,  આત્મ-પ્રમાણવાળા સાહિત્યમાં લોક વેદાદિતશ્રીપૂર્ણ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ અને તેના અલૌકિક આસ્વાદરૂપ સુધાસ્વરૂપનો પ્રત્યક્ષ અનુભવ યથાર્થ રૂપે રહેલો છે. અહીં આપ્તના અર્થમાં શ્રીકૃષ્ણના તાદ્રશ  ભક્તો જાણવા. શ્રીઆચાર્યચરણે સ્વયં પોતાના નિગૂઢ સ્વરૂપનો પ્રગટ અનુભવ પોતાના સેવકોને કરાવ્યો છે. તેમાં મુખ્ય શ્રીદમલાજી , પ્રભુદાસ જલોટા અને પદ્મનાભદાસ છે. શ્રીહરિરાયજીના મતે આ વાર્તાઓ શ્રીમહાપ્રભુજીનું જ સ્વરૂપ છે. તેમાં એક એક અક્ષરમાં શ્રીઆચાર્યજી ઓતપ્રોત રૂપે બિરાજે છે. ભક્ત કવિ શ્રીદયારામભાઈના મતે આ વાર્તામાં 'સકલ તત્વનું તત્વ છે, એ સારમાંહે સાર, પાઠ કરતાં માત્રથી વશ થાયે નંદકુમાર' આ વાર્તાઓ અમારૂં ગૌરવ છે. તેમાં અમારા પૂર્વજો સાથે પરબ્રહ્મ શ્રીનાથજી એક સંબંધીની  માફક બોલતા, ચાલતા, માગતા અને આરોગતા હતા. આથી વિશેષ ગૌરવ બીજું શું હોઈ શકે  ? ગોસ્વામી શ્રીગોવિંદલાલજી મહારાજ (સુરત-વાળા) આમ કહેતા. આથી વાર્તાઓ રૂપી શ્રીમહાપ્રભુજીનો આધિદૈવિક નિર્ગુણ ભાવાત્મક વિલાસ, એ ફલનું પણ ફલ , રસનો પણ રસ , ગાયત્રીની એ ગાયત્રી , દર્શનનું પણ દર્શન , અને તત્વનું પણ તત્વ છે. જેથી શ્રીગોકુલેશ  વાર્તાને શ્રીસુબોધિનીજીના કથાના પણ ફલરૂપે વર્ણવી છે. આમ શ્રીઆચાર્યજીએ પોતાના જ સ્વરૂપ રૂપની જ અંતરંગ વૈષ્ણવોને પ્રગટ કરી, ભૂતલના વૈષ્ણવોના ઉદ્ધાર્થ માટે કરૂણા કરી છે.

ઉપરોક્ત વાર્તાઓના સ્વરૂપને જાણ્યા પછી, અધુના વૈષ્ણવોએ એ બોધ લેવાનો છે કે, આ વાર્તાઓ ફક્ત વાંચી જવાની નથી. શ્રવણ-મનન-ચિંતન કરી, વાર્તાઓમાં દર્શાવેલ પુષ્ટિના સિદ્ધાંતો, ભાવનાઓ, સ્વરૂપ, લીલાના પ્રસંગો દ્વારા પોતાનું જીવન જીવનનો પુષ્ટિ પંથ નક્કી કરી  , એ પર ચાલવાનું છે. એમાં સત્સંગનું અતિ મહત્વ રહેલું છે.

શ્રીવલ્લભના નિગૂઢ આશયને ભગદીયો દ્વારા જ જાણી શકાય છે. આજના સમયમાં એવા ભગવદીયો અતિ દુર્લભ છે. ત્યારે સત્સંગ માટે જેનો સંગ કરવો છે , તેની પણ પરખ કરવી જરૂર છે. નહિ તોદુઃસંગ જ પ્રાપ્ત થાય. અગર કંઈ પુષ્ટિના સિદ્ધાંતોથી વિપરીત પ્રકારમાં ભટકી જવાય. આવા સમયમાં જે કોઈ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોને પ્રમાણ સહિત, આધાર દ્વારા રજુ કરે તેને જ ગ્રાહ્ય રાખવી. કેવળ મનસ્વી ભાવલા વેડામાં તણાઈ જઈને કપોલ કલ્પિત અગર મનના ભાવો દ્વારા અપાતા જ્ઞાનમાં સાવધાની રાખવી. સત્સંગ જોઈને કરવો , નહિતો દુઃસંગ જ પ્રાપ્ત થશે. જ્યાં શ્રોતા નિશ્વાર્થ હોય, જરાયે પણ અહમ ના હોય , અનન્ય શ્રીવલ્લભનો જ દ્રઢ આશ્રયવાળો હોય તો જ તેનો સંગ ફલરૂપ બને છે. નહીં તો ઘરના ખૂણે ગ્રંથોનું શ્રદ્ધાપૂર્વક શ્રવણ-મનન કરવું. આપણી યોગ્યતા અને અધિકાર પ્રમાણે આપશ્રી વલ્લભ સ્વકીયને પોષણ પ્રાપ્ત કરાવશે. એ માટે શ્રીસર્વોત્તમજીના ખૂબ પાઠ કરવા.

## પુષ્ટિજીવનું કર્તવ્ય

**- કંચનભાઈ ગાંધી, વડોદરા**

પુષ્ટિમાર્ગમાં આવ્યા પછી જીવને પોતાના કર્તવ્યનું જ્ઞાન ન હોય તો તે જીવ કશું જ પ્રાપ્ત કરી શકે નહીં. મોટા ભાગના વૈષ્ણવો સેવા કરે છે, કેટલાક મેંડ-મર્યાદાથી ભોગ ધરીને લે છે. દર વર્ષે વ્રજયાત્રા કરે, ચારે ધામની યાત્રા. દરેક બેઠકમાં જારીજી ભરે છે. જ્યાં ત્યાં થતા મનોરથો, ઉત્સવોમાં દોડાદોડી કરે છે. બધાની કથાઓ, ભાગવતજી સાંભળે છે. આમ બધુ જ કરે છે. ઠેર ઠેર સત્સંગ કરવો. છતાં આપણે પૂછીએ કે, 'તમને પ્રભુનો કાંઇ અનુભવ થયો ?' તો કહેશે ના. હતા ત્યાંના ત્યાંજ છીએ. જીવનમા કોઈ પરિતાપ કે ચિંતા પણ થતી નથી. કેવળ ક્રિયામાત્ર કરે છે. જીંદગીના અમૂલ્ય વર્ષો આમ જ વહી ગયા , બાકીના વહી જાય છે. આ છે આજના મોટા ભાગના વૈષ્ણવોની સાચી પરિસ્થિતિ.

પ્રભુથી વિખૂટા પડે ઘણો કાળ વહી ગયો. અનેક જન્મ મરણના ફેરામાં જીવ પોતે પોતાનું મૂલ ધામ , પ્રભુનું સ્વરૂપ, લીલા અને પોતાનું લીલા મધ્યપાતિ સ્વરૂપ આ

સર્વ કાંઇ વિસરી ગયો ! અનેક જન્મોના પૂણ્યથી વૈષ્ણવને ત્યાં જન્મ થયો. વળી શ્રીવલ્લભ પ્રભુનું શરણ મળ્યું. છતાં કોઈ પૂરૂષાર્થ કે ધ્યેયનો વિચાર કર્યા વિના , નિશ્ચય કર્યા વિના જીવન પસાર કરી રહ્યા છે. જીવનું પ્રથમ કર્તવ્ય છે , દ્રઢ નિશ્ચય કરવો. જીવનમાં પુષ્ટિ પ્રભુની પ્રાપ્તિ કરવી છે, તેવો નિશ્ચય. સંકલ્પ કરવો. જીવને મનમાં આવો દ્રઢ નિશ્ચય થતા જ કરૂણાનિધિ શ્રીવલ્લભ પ્રતિબંધો નિવૃત્ત કરી ભગવદ વિષયક સઘળી સામગ્રી , સેવા, રીત-પ્રીત, ભગવદીયોનો સંગ, એમ જે કાંઈ પુષ્ટિ પોષણની જરૂર છે તે પ્રાપ્ત કરાવશે. માટે જ શ્રીદયારામભાઈ કહે છે કે , 'નિશ્ચયના મહેલમાં વસે મ્હારો વાલમો, જે રે જાયે તે ઝાખી પામશે જી રે.' નિશ્ચયનો મહેલ ક્યાં છે ? પુષ્ટિ જીવના હૃદયમાં જ એ છે. બ્રહ્મસંબંધ વખતે જ શ્રીવલ્લભે તેના હૃદયમાં પ્રભુનું ભાવાત્મક સ્વરૂપ અને તે જીવનું મૂળ લીલા મધ્યપાતિ સ્વરૂપ પ્રસ્થાપિત કરી અલૌકિક કૃપા શક્તિનું દાન કર્યું છે. આ બાબતની પહેચાન જીવને નથી. છે તો તેનો નિશ્ચય કર્યો નથી. સેવા , સ્મરણ, ગુણગાન, ધ્યાન દ્વારા તે પ્રભુની પ્રાપ્તિનો પુરૂષાર્થ કર્યો નથી. અને જીવ નિઃસહાય બની ભવ-સાગરમાં ભટકી રહ્યો છે. જીવને અસમર્પિત અને દુઃસંગથી નિશ્ચય થતો નથી. કર્તવ્યનું ભાન થતું નથી. શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું પાલન જીવ નથી કરતો. પછી ફલની આશા કેવી રીતે રાખી શકાય ?

પુષ્ટિ જીવને નથી પ્રાપ્ત થયું તેનો પ્રચુર તાપ હોવો અતિ આવશ્યક છે. પુષ્ટિજીવને શિથિલભાવ નહિ ચાલે. કેટલાક વૈષ્ણવો કહે છે, ભાઈ, આ તો કૃપામાર્ગ છે. પ્રભુ કૃપા કરશે ત્યારે બધુ જ થશે. પ્રભુ કૃપા તો કરી રહ્યા છે , કરે છે, પણ જીવ પ્રભુથી વિમુખ રહેવાથી એ અદ્રષ્ટ કૃપાને જાણી શકતો નથી , શરણે લઈ સાક્ષાત પ્રભુસેવાનો અધિકાર આપી દીધો એ શું ઓછી કૃપા છે ? કઈ લાયકાતે પુષ્ટિ પુરૂષોત્તમની સેવા માથે પધરાવી આપી ? સેવ્યને ઓળખવા પ્રયત્ન નથી કરવો. સેવ્યને સાક્ષાત માની તત્સુખ સેવા નથી કરવી. અને પોતાની જવાબદારી સ્વામી પર ઢોળી દેવી તે તો કૃતઘ્નતા છે. અપરાધ છે. આપે સતત અષ્ટાક્ષરની આજ્ઞા કરી છે. કોણ એને પાળે છે ? આજે પળે નિશ્ચય કરો કે મારે આ જન્મમાં જ પ્રભુ પ્રાપ્તિનો આનંદ લેવો છે. તો કાંઈ દુર્લભ નથી. સાચી દિશાનો તાપ હશે તો તાપાત્મક શ્રીવલ્લભ અવશ્ય કૃપા કરશે

જ.. કરે છે જ. જીવને આપ સાધનરૂપ બની સાધ્ય પ્રાપ્ત કરાવે છે. આ સમય તેના માટે એક દ્રષ્ટાંત જોઈએ. જર્મની દેશના એક શહેરમાં એક સુથાર રહેતો હતો. ખુબ મહેનત કરી તેણે સુંદર ખુરશી બનાવી. તેનું રંગ રોગાન કરવા માટે તેના દીકરા વેટને કહ્યું, દીકરાએ પણ રાત દિવસ મહેનત કરી સુંદર રંગથી કારીગરી કરી ખુરશી તૈયાર કરી. પછી તેણે પોતાના પિતાજીને પૂછ્યું : આ ખુરશી પર કોણ બેસશે ? પિતાએ કહ્યું : 'આ શહેરના ન્યાયાધીશ બેસી ન્યાય કરશે' છોકરાએ કહ્યું, 'પિતાજી, આ ખુરશી પર ન્યાયાધીશ બની હું જ બેસીશ. એ વેચશો નહિ ' દ્રઢ નિશ્ચય કર્યો. સંકલ્પ કર્યો, ખૂબ અભ્યાસ કરી ન્યાયાધીશ બન્યો એ જ ખુરશી પર બેસી ન્યાય કરવા લાગ્યો. આમ લૌકિકમાં આ છોકરાએ દ્રઢ નિશ્ચય કર્યો તો સફળ થયો.

તો પછી પુષ્ટિ જીવ નિશ્ચય કરે તો શું પ્રાપ્ત ના કરી શકે ? જીવના સાચા નિશ્ચય, સંકલ્પમાં અગાધ શક્તિ રહેલી છે. જીવે આળસ તજીને પોતાની ધ્યેય પ્રાપ્તિમાં લાગી જવું જોઇએ. સંસારના કાર્યો કરતાં છતાં ચિત્ત-મનને ધ્યેય સ્વરૂપમાં જોડી સતત ગુણગાન કરતાં રહેવાથી શ્રીવલ્લભ પ્રભુ નીજ સ્વકીયો ઉપર કૃપાવૃષ્ટિ કરશે જ. જીવકૃત પ્રતિબંધો જીવે જ પુરૂષાર્થથી દૂર કરવાં જ પડે. તે સિવાય કાંઇ પ્રાપ્ત થઇ શકે નહિ. જીવને બધું કરવું ગમે છે, પણ પ્રભુનું નામ લેવાનું નથી ગમતું. અધિકાર વિના નામ પણ લેવાતું નથી. નામ દુર્લભ છે. નામ ધર્મ રૂપ છે તેમાં ધર્મિ પ્રભુ સાક્ષાત બિરાજે છે.

## પુષ્ટિમાર્ગમાં ગૃહસેવાનું મહત્વ

**- કંચનભાઈ ગાંધી, વડોદરા**

શ્રીઆચાર્યજી શ્રીમહાપ્રભુજીએ 'ભક્તિ વર્ધિની' ગ્રંથમાં આજ્ઞા કરી છે કે , "ગૃહે સ્થિત્વા સ્વધર્મઃ" પુષ્ટિજીવે સ્વધર્મનું પાલન ઘરમાં રહીને જ ગુપ્ત રીતે એકાંતમાં સેવ્યની સેવા કરવાનું છે. સેવા વ્યક્તિગત રીતે કરવાની , સામુહિક રીતે નહીં. ઘણા વૈષ્ણવો પોતાના ઠાકોરજીને ભેગા કરી મનોરથો-ઉત્સવો કરે છે. એ રીતે પુષ્ટિમાર્ગમાં નથી. 84/252 ની વાર્તાઓ જુઓ. કોઈએ આ પ્રમાણે ભેગા થઈ ઉત્સવ-મનોરથ કર્યા જ

નથી. સેવ્યનાં કોઈને દર્શન કરાવવાની પણ રીત નથી. સેવ્ય એ પ્રેમ સ્વરૂપ છે ,પ્રેમ ને ગુપ્ત રખાય, પ્રગટ કરવાથી રસ ન રહે – રસાભાસ થાય. ભાવ અને પ્રેમ ગુપ્ત રાખવા. જતન કરી હૃદયમાં રાખવાની શ્રીહરિરાયજી શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે.

આજે વૈષ્ણવો સેવ્ય અને સેવાના સ્વરૂપ વિશે દિશાશૂન્ય છે. અજ્ઞાન અને અન્યથાજ્ઞાન, અંધશ્રદ્ધાથી ગ્રસીત છે. આજે સ્વરૂપ જ્ઞાનથી વંચિત છે , મંદિરો – બેઠકોમાં દોડાદોડી ખૂબ વધી ગઈ છે. શું પ્રાપ્ત કરવાનું છે તેનું જ્ઞાન નથી. ગૃહસેવાનું સ્વરૂપ સમજાતું નથી. સેવ્ય જ જીવનો ઉદ્ધાર કરવા તેના ઘરમાં બિરાજી શ્રીવલ્લભની કૃપાથી સેવકની સેવા અંગિકાર કરી રહ્યા છે. સેવા ફક્ત શ્રીજી-શ્રીકૃષ્ણની જ થાય , શ્રીવલ્લભની કે શ્રીયમુનાજીની સેવા ના કરાય. શ્રીવલ્લભની આજ્ઞા છે , "કૃષ્ણ સેવા સદા કાર્યા." સિદ્ધાંત મુક્તાવલીમાં કહ્યું છે, "સર્વદા સર્વ ભાવે ભજનિયો વ્રજાધીપ " વ્રજના અધિપતિ – સદાનંદ – રસાત્મક કૃષ્ણ –શ્રીજીની જ સેવા બતાવી છે. આપે આજ્ઞા કરી છતાં તેનું ઉલ્લંઘન કરી વૈષ્ણવો બીજાની સેવા કરે તો ગૂરૂ અપરાધ જરૂર લાગે છે. આજ્ઞાનું ઉલ્લંઘન એ અપરાધ છે. "શ્રીવલ્લભ વસ્તુતઃ કૃષ્ણ એવ" શ્રીવલ્લભ અને શ્રીજીમાં કોઈ ભેદ નથી જ. આ વાત શ્રીગુસાંઈજી "વલ્લભાષ્ટક"મા કહે છે.

આજે વૈષ્ણવો મંદિરોના મનોરથો – ઉત્સવો અને ઘરવાદમાં અટવાઈ ગયા છે. અમે તો અમૂક ઘરના , પેલા બીજા ઘરનાં. બીજા ઘરના ગો. બાલકોના ચરણસ્પર્શ કે પધરામણી ન થાય. અનન્યતા એક ઘરની. આ કેટલું મોટું અજ્ઞાન છે. ઘર એક જ શ્રીવલ્લભનું છે. બધા વલ્લભફ્રૂળ સરખા. ઘરવાદમાં બીજા બાલકોનો અનાદર કરી રહ્યાં છે. ગોલોકધામમાં કંઈ સાત ઘરના વૈષ્ણવો માટે સાત દ્વાર બનાવી રાખ્યા નથી. આ ભ્રામક માન્યતાથી છૂટ્યા વિના અંધારામાં ભટકશે. તેમાંય વૈષ્વોની માન્યતાને ઉપરથી પોષણ પણ અપાઈ રહે છે તે દુઃખની વાત છે. એમાં ક્યાં પુષ્ટિ જોવા મળે છે ? ભગવદ મંડળીમાં વૈષ્ણવો બોલે છે : "અપને અપને ગુરૂદેવ કી જય. " મને હસવું આવે છે, શું બધા વૈષ્ણવોના પુષ્ટિમાર્ગીય ગુરુ જુદા-જુદા છે ? બિંદુ અને નાદસૃષ્ટિ બંનેના ગુરુ શ્રીવલ્લભ એક જ છે. વલ્લભફ્રૂળ બાલકો દ્વારભૂત ગુરુ રૂપે છે. પોતાના

સેવ્ય પ્રભુને શું સામગ્રી – શૃંગાર ધરવા તે સેવક જ નક્કી કરે, કે બહારથી કોઈ નક્કી કરી આપે તે જ કરવાના. 84/252 વૈષ્ણવોએ કોઈની રીતનું અનુકરણ નથી કર્યું. અડેલમાં આપશ્રી મહાપ્રભુજી સેવા કરતા , શ્રીગુસાંઈજી ગોકુળમાં સેવા કરતા. તેઓનું અનુકરણ નથી કર્યું. આજે તો દરેક ઘરની પુસ્તિકા પ્રગટ થઈ છે. તેમાં જાતજાતની સામગ્રી શૃંગાર જોઈ વૈષ્ણવો ભ્રમમાં પડી જાય છે. અરે ભાઈ ! એ બધુ બાળકોને ત્યાં અને મંદિરો માટે છે, વૈષ્ણવો માટે નથી. આ સમજ નથી. કેટલું અજ્ઞાન પ્રવર્તે છે.

શ્રીજીને પાટે બેસાડી રામદાસને શ્રીમહાપ્રભુજીએ સેવા સોંપી. આજ્ઞા કરી , "રામદાસ શ્રીજીની સેવા નીકો રીતે કરજો." "મહારાજ ! સેવા વિસે હું કશું નથી જાણતો. " આપે કહ્યું, "શ્રીજી બધુ શિખવાડી દેશે" આ આજ્ઞા આધુનિક વૈષ્ણવો માટે પણ છે જ. સાચુ જ્ઞાન નહીં હોવાથી વૈષ્ણવો ફળથી વંચિત રહે છે.

સેવ્યને સાક્ષાત અને સર્વસ્વ માનીને સેવતા નથી, સેવ્યને છોડી મંદિરોમાં સેવા કરવા દોડે છે. સેવ્યને ગૌણ કર્યા એટલે તમે પુષ્ટિમાંથી દૂર ફેંકાઇ ગયા સમજો. સેવ્યની સિવાયની સેવા ગૌણ છે.

પુષ્ટિમાર્ગીય સેવા જીવન વરણ – અધિકાર, શક્તિ અને પરિસ્થિતિ પર નિર્ભર કરે છે. બ્રહ્મસંબંધ વલ્લભકૂળના કોઇપણ બાલક પાસે લઈ શકાય તે સેવ્ય પુષ્ટ કરાવી શકાય છે. આ ધ્રુવ સત્ય સમજો. બ્રહ્મસંબંધ આપ્યા પછી વૈષ્ણવને કહેલું કે , "સખડી ભોગ ધરો તો જ ઠાકોરજી પુષ્ટ કરી આપું ? શા માટે ? બ્રહ્મસંબંધ પહેલા આ કરવું જોઇતું હતું. હવે જીવને સેવાથી વંચિત કેમ રાખી શકાય ? એવી પરિસ્થિતિ – શક્તિ મુજબ દૃધગર, અનસખડી વિ. ધરે. પછી ધીમે ધીમે અધિકારી જીવ હશે તો સખડી ભોગ ધરશે. પ્રાચીન બાળકો આમ જ આજ્ઞા આપતા હતા. બ્રહ્મસંબંધ અધિકારી જીવોને જ થાય છે – અપાય એ શ્રીવલ્લભનો સિદ્ધાંત છે. સેવા – સ્મરણમાં રૂચિ, પ્રભુ પ્રાપ્તિનો તાપ-ભાવ અને આ સંસાર પ્રત્યે અરૂચિ આ ત્રણ બાબત જેમાં છે તે જ વૈષ્ણવ પુષ્ટિમાર્ગ પર ચાલી શકે છે. પુષ્ટિમાર્ગ ભાવાત્મક-ફલાત્મક છે બધા માટે નથી. નિજ દૈવી જીવો માટે જ શ્રીવલ્લભે પ્રગટ કર્યો છે – શ્રીવલ્લભ શરણ થકી સૌ પડે સહેલું.

## એક વાર આવો શ્રીવલ્લભ !

**- શ્રી કંચનભાઈ ગાંધી, વડોદરા**

કીયા ન હમને ગ્રાસ એક કમ,
રખે સેવ્યકો મીશ્રી પર હમ,
કૌન ગ્રંથ મેં લીખી યહ બાત,
કુછ તો સમજ જાઓ શ્રીવત્સ !
એક બાર આવો શ્રીવલ્લભ !

આજે મોટા ભાગે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો ગુરૂદેવ પાસેથી નામ દીક્ષા , નિવેદન દીક્ષા લઈને પણ ગૃહ સેવા કરતા નથી. સંપ્રદાય કે જ્યાં ગુરૂ દ્વારા શિષ્યને દીક્ષામંત્ર અને ભગવદ્ પ્રાપ્તિનું જ્ઞાન કરાવે છે. પછી શિષ્યે ભગવત્ માર્ગે ચાલીને ભગવદ્ પ્રાપ્તિ કરવાની છે. પુષ્ટિ ભક્તિમાર્ગ સર્વથી અલગ પૃથક છે. શ્રીમહાપ્રભૂજીએ પ્રેમલક્ષણા ભક્તિમાર્ગ પ્રગટ કર્યો છે. કૃપામાર્ગ-અનુગ્રહમાર્ગ છે. નારદ ભક્તિસૂત્ર કે સાંડિલ્ય ભક્તિસૂત્રોમાં બતાવેલા ભક્તિમાર્ગો કરતાં આ વિલક્ષણગોપીજનોનો માર્ગ છે. આ માર્ગ એ જ ફળ છે. સંપ્રદાય એ સાધન છે. પુષ્ટિ ફલ પુષ્ટિમાર્ગમાં રહીને સેવા , સ્મરણ, ગુણગાન, ધ્યાન દ્વારા માર્ગમાં જ , ગૃહમાં રહી, સેવ્ય નિધિની સેવાનો માર્ગ છે. જે માર્ગ પર ચાલી પૂર્ણ જે માર્ગ પર ચાલી પૂર્ણ પૂરૂષોતમ સાક્ષાત ભક્ત પાસે પધારે તે પુષ્ટિમાર્ગ. જ્યાં ભક્ત સાધન કરીને ભગવાન પાસે પહોંચે એ મર્યાદામાર્ગ છે. માર્ગમાં રહેવાથી જ ફલ પ્રાપ્તિ , તેનાથી વિરૂદ્ધ રીતે રહેવાથી કશી પ્રાપ્તિ નથી. અસમર્પિત, અન્યાશ્રય, દુઃસંગ, વાણીનો નિરોધ, પાયાના સિદ્ધાંતોનો અમલ કરનાર જ પુષ્ટિ વૈષ્ણવ છે. જો અસમર્પિત ત્યાગ નથી કર્યું. પ્રભુને મીશ્રી ભોગ અને આપણે બધા જ મિષ્ઠાન – દાળ – ભાદ, રોટલી, ટેસ્ટથી આરોગીએ. તો પછી ક્યાં પુષ્ટિ માર્ગ રહ્યો ? પુષ્ટિ વૈષ્ણવના લક્ષણમાં શ્રીવલ્લભ આજ્ઞા કરે છે : ( 1) લોક ત્યાગ, (2) લોકાનુગત પશુનો ત્યાગ, (3) પરસ્પર ભગવદ્ ગુણગાનમાં દેહાનુંસંધાન ન રહેવું , (4) એક અનન્ય સ્નેહ સેવ્યમાં જ. આ ચાર લક્ષણો હોય તે જ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ

કહેવાય. આજે તો અસમર્પિત ત્યાગ કર્યા વિના રહેતા સામાન્ય વૈષ્ણવ પણ પ.ભ. કહી નવાજીએ છીએ !

મંદિરોમાં દર્શનની ભીડ વધી છે. મંગલાના દર્શનના નિયમવાળા લાખો જોવા મળે છે. તેઓને પૂછો કે ઘરમાં સેવ્ય સ્વરૂપની સેવા – સમર્પિત રીતે કેટલા કરે છે ? પુષ્ટિમાર્ગ ટોળાંનો નથી, સિંહના ટોળાં ન હોય. પુષ્ટિમાર્ગ દુનિયા માટે નથી , કેવલ અધિકારી દૈવી જીવો માટે જ છે. શુદ્ધ દૈવી દીવો કે જેઓ મૂલધામથી ભૂતલ આવ્યા છે. જેઓને ભગવદ્ પ્રાપ્તિનો વિરહ છે. સત્સંગની ભૂખ છે, માર્ગમાં રૂચિ છે. પ્રભુમાં નિષ્ઠા છે. આ લક્ષણો જેનામાં છે તેને જ બ્રહ્મસંબંધ થાય છે ! બ્રહ્મસંબંધ થયું ત્યારથી મારો શ્રીવલ્લભને પૂર્ણ પૂરૂષોત્તમ સાથે સંબંધ કરાવ્યો , સર્વનું સમર્પણ કરાવ્યું છે. હું દાસથયો, મારું પોતાનું કશું જ નથી. હું સર્વ કંઈ પ્રભુનો જ બની ગયો, હું સમાપ્ત થઈ ગયો. આ ભાવ દ્રઢ થાય ત્યારે જાણવું બ્રહ્મસંબંધ થયું. જે કાંઈ થાય છે તે કેવલ પ્રભુની ઈચ્છાથી થાય છે. "જીવ તુ શિદને ચિંતા કરે , કૃષ્ણને કહ્યું હોય તે કરે ! " (શ્રીદયારામભાઈ) જીવની ઇચ્છાથી કશું જ બનતું નથી. તો પછી ભગવદ્ ઇચ્છાને સર્વોપરી સ્વિકારી જીવવામાં શું વાંધો આવે ? આમ વિચાર નથી આવતો. મન આસુર ભાવવાળું હોય તો ભગવદ્ માર્ગ પર ચાલવાનો દુઃસંગ પહાડ જેવો અંતરાયો છે. અન્નથી મન બને છે. ભગવદ સ્વરૂપને અર્પણ કરીને લેવાનું મૂલ કારણ આ જ છે. હું અને મારું નિકળી જાય. બ્રહ્મ ભાવ જાગૃત થાય એ જરૂરી છે.

આજે માર્ગીય જ્ઞાન – સત્સંગ નથી મળતો. દીશા શૂન્ય સ્થિતિ છે. માર્ગીય ગ્રંથોનું શ્રવણ – મનન નથી. હું ક્યાંથી આવ્યો ? ક્યાં જવું છે ? ધ્યેય પ્રાપ્તિ માટે મેં શું કર્યું ? પશુ જેમ જીવન જાય છે – વહી રહ્યું છે ! આ વિશે જરા પણ ચિંતન થાય તે જરૂરી છે. મંદિરો થોડાં ઓછા બને તો ચાલશે ! પરંતુ માર્ગીય ગ્રંથોનું શ્રવણ – મનન સારી રીતે થાય તેવા સત્સંગ ભવનોની જરૂર છે. જ્યાં માર્ગનાં જાણકાર વિદ્વાનોનું માર્ગદર્શન મળે. આચાર્ય બાળકો દ્વારા પ્રવચનો થાય. ગૃહસેવામાં યથાશક્તિ – પુષ્ટિ રીતે સેવા સ્નેહયુક્ત, સંસાર આસક્તિ રહીત થઈ કરવાથી પ્રભુ રીઝશે.

પુષ્ટિ પ્રભુ સાધન સાધ્ય નથી , કૃપા સાધ્ય છે. નિ:સાધનતાનો માર્ગ છે. શ્રીવલ્લભે બતાવેલ માર્ગ ચાલવાથી જ ફલ પ્રાપ્તિ છે. આચાર – વિચાર, મેંડ-મર્યાદા જરૂરી છે. આજે તો પુરૂષો ધોતી પહેરતા – તિલક કરતાં શરમાય છે. બહેનો પંજાબી ડ્રેસ અને ગાઉન પહેરી સેવા કરે છે. ક્યાં છે પુષ્ટિ ? જેવો વેશ તેવો આવેશ. દયા ભવૈયાએ વૈષ્ણવનો વેશ પહેરી ભવાઈ કરી. તેના શરીરમાં ચાર હત્યા હતી તે બહાર નીકળી ગઈ. તેણે વિચાર્યુ કે "ફક્ત થોડીવાર વૈષ્ણવી વેશથી આ ફલ મળે તો વૈષ્ણવ થાઉં તો શું નામ મળે !"તે પછી એ શ્રીગુસાંઇજીનો સેવક થયો. આજે પુષ્ટિમાર્ગના મંદિરોમાં એક નિયમ કરો કે દર્શને આવનાર પુરૂષો ધોતી-બંડી અને તિલક કરીને જ આવે તો જ દર્શન કરી શકશે અને પૂ. મહારાજશ્રીના ચરણ સ્પર્શ કરી શકશે. અન્યથા નહીં ! પછી જુઓ મંગલામાં કેવી ભીડ જામે છે ! આ કરવા જેવો પ્રયોગ છે. હજ કરવા જનાર મુસ્લિમોએ સીવેલાં વસ્ત્ર પહેરવાના નહિ, માથે દેવું ના હોય. અરે એમના નાના નાના છોકરાઓ માથે ટોપી પહેરીને મસ્જિદમાં જાય. અને આપણે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો, કોઈ બંધન નહિ ! ક્યાં છે પુષ્ટિમાર્ગ ? જરા બતાવશો ? આ ત્યાગનો માર્ગ છે, કંઇક પ્રાપ્ત કરવું છે તો કંઇક ભોગ આપવો જ પડે.

"શ્રીવલ્લભ શરણ થકી સૌ પડે સહેલું રે" (શ્રીદયારામભાઈ)

## પુષ્ટિમાર્ગમાં સેવાજ ફલ છે

**- કંચનભાઈ ગાંધી, વડોદરા**

ભક્તિમાર્ગમાં મોટે ભાગે સાધન અને ફલ જુદા હોય છે. મર્યાદામાં જેટલું સાધન કરો તેના અનુરૂપ ફલ પ્રાપ્ત થાય છે. પુષ્ટિમાર્ગમાં તેમ નથી. શ્રીગીતાજીના શરણમાર્ગથી પુષ્ટિ શરણમાર્ગ પૃથક છે. શ્રીસર્વોત્તમજીમાં આપશ્રી વલ્લભનું નામ છે. 'પૃથક શરણ માર્ગોપદેષ્ટા' પુષ્ટિમાર્ગ ફલરૂપ , ભાવાત્મક છે. પ્રભુનું સ્વરૂપ ભાવાત્મક છે. લીલા ભાવાત્મક છે, ગદ્યમંત્ર ભાવાત્મક છે. આમ અહીં જે કાંઈ છે તે સર્વ ભાવાત્મક છે.

બ્રહ્મસંબંધ દીક્ષા લીધા પછી જ સેવા કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. નિવેદનનું સાચું સ્વરૂપ સેવા દ્વારા જ સમજાય છે. ઘરમાં સેવાનું સ્વરૂપ પધારે ત્યારથી જ

પુષ્ટિજીવનું જીવન નૂતન બની જાય છે. જેમ કે રહેવાનું ઘર પ્રભુનું ધામ (મંદિર) બની જાય છે.ઘરનો પરિવાર સેવાનું અંગ બની જાય છે. આપની જરૂરિયાતની વસ્તુઓ સ્વરૂપાત્મક બની જાય છે. દા.ત. ચોખા, દાળ, લોટ, મસાલા વિ બધું સામગ્રી કહેવાય છે. શાક-ટોકરી , ફલ-મેવા, ચપ્પુ-સમાની, આમ જોઇએ તો એક સેવા દ્વારા કેટલું મોટું પરિવર્તન થાય છે. સેવા જીવનમાં વણાય જાય , આપણું દરેકકાર્ય પ્રભુ અર્થે બને, જેમ વ્રજમાં પ્રભુ પ્રાગટ્ય થયું ત્યારે સકલ વ્રજવાસીઓનું જીવન પ્રભુમય બની ગયું. તેઓ દરેક કાર્ય પ્રભુના નિમિત્તે જ કરતા હતા. જેથી તેઓનો નિરોધ જલ્દી સિદ્ધ થયો. સેવા જ સાચું પુષ્ટિ જીવન છે.

પુષ્ટિમાં બે પ્રકારની સેવા છે (1) સ્વરૂપ સેવા (2) નામ સેવા. બંને સેવાનું ફળ એક જ છે. સેવામાં પ્રેમ, આસક્તિ, વ્યસન, ફલ ઉત્તરોત્તર થાય છે. તેમ નામ સ્મરણમાં નામની ભીતર ધર્મિ પ્રભુનું સ્વરૂપ જ બિરાજે છે. તાપાત્મક ગુણગાનનું ખૂબ મહત્વ છે. નામ સીધું જીવને વ્યસન અવસ્થામાં મુકી દે છે. બંને સેવામાં પ્રપંચ વિસ્મૃતિ પૂર્વક મન-ચિત્તના પ્રવણથી કરવાથી ફલરૂપ છે. ચંચળ મનને વશ કરવાનું અમોઘ શસ્ત્ર ભગવદ નામ છે. ભગવદ નામમાં અગ્નિ છે. જીવની જન્મો જન્મની વાસનાના ઉકરડાને દગ્ધ કરી નાખે છે. તેથી જ અષ્ટાક્ષરનું સતત સ્મરણ કરવાની પ્રભુચરણ શ્રીગુસાંઇજી આજ્ઞા કરે છે. શ્રીવલ્લભ પ્રભુ શરણે આવેલા જીવોને સૌ પ્રથમ સેવાની જ આજ્ઞા કરતા આપ સેવા પ્રકાર સમજાવી કહેતા કે, 'આ મારૂ સર્વસ્વ, તમને સોંપુ છું.' તે જીવો પણ આજ્ઞા પાળી પ્રભુને સાક્ષાત અને સર્વસ્વ માની સેવતા સ્વરૂપાનંદનો અનુભવ કરતા હતા.

સેવામાં ભાવનું જ પ્રાધાન્ય છે. ભાવ જ ફલરૂપ છે. બસો બાવન વૈષ્ણવની વાર્તામાં એક ડોસી શ્રીમદનમોહનજી સેવતા હતા. એમાં જ અનન્ય આસક્તિ, આ સિવાય બીજા સ્વરૂપને કદી ડોસીમાએ નિરખ્યું જ નથી. આપણી જેમ ડોસીમાં બધાં જ મંદિરોમા દર્શન કરવા નહોતા દોડી જતા. એકવાર એક વૈષ્ણવ પોતાના બાલકૃષ્ણજી પધરાવી ત્યાં આવ્યા. ડોસીએ બાલકૃષ્ણજી નીરખતાં જ કહ્યું, 'અરે, આ ઠંડીમાં પ્રભુ કેવા

ઠુઠવાઈ ગયા છે !' ગરમ ઉપચારો કર્યા. બાલકૃષ્ણજીએ જાણ્યું. કે હવે જો આ માજીને હું મદનમોહન બની દર્શન નહિ આપું તો એ મારો કેડો છોડવાની નથી. આમ ડોસીના ભાવે આપશ્રી મદનમોહની થયા.

શ્રીવલ્લભે વ્રજ ભક્તોના ભાવની સેવા કરવાની આજ્ઞા કરી છે. માર્ગના ગૂરૂ શ્રીગોપીજનો છે. સેવા દ્વારા જ સર્વ ફળનો અનુભવ કરવાનો છે. 'સર્વદા સર્વ ભાવેન ભજનિયો વ્રજાધિપ' ભાવનું દાન શ્રીવલ્લભ કરે તો જ થાય. પ્રભુને જે ભાવે ભક્ત સાથે વિલસવું હોય તે ભાવનું દાન આપ કરે છે. દા.ત. વાત્સલ્યભાવ , સખ્યભાવ, માધુરીભાવ, વિ. તેથી આપે 'સર્વભાવેન ભજનિયો' કહ્યું છે. સેવામાં દરેક ઇંદ્રિયોનો વિનિયોગ છે. સિદ્ધાંત મુક્તાવલીમાં આજ્ઞા કરે છે, 'કૃષ્ણ સેવા સદા કાર્યા, માનસી સા પરામતા' કૃષ્ણસેવા સદા મન લગાવી કરવાથી માનસી સિદ્ધ થાય છે. 'ચેતસ્તત પ્રવણ સેવા.' ભગવાનમાં મનનું એકતાન થઈ જવું તે સેવા. શ્રીમહાપ્રભુજી સેવાફળ ગ્રંથમાં 'સેવાયામ્ ફલ ત્રયમ્ ' કહે છે. ( 1) અલૌકિક સામર્થ્ય (2) સાયુજ્ય ( 3) વૈકુઠાદિષુ, અલૌકિક સામર્થ્યમાં એવું બતાવ્યું છે કે અલૌકિક ભજનાનંદ જ અનુભવમાં સ્વરૂપ યોગ્યતા. (2) સાયુજ્ય એટલે પ્રભુ સાથે સર્વાધિક સંયોગ રસાનુભવ રૂપ સતત સ્થિતિ. (3) વૈકુંઠાદિષુ-એટલે સેવા ઉપયોગી આધિદૈવિક દેહ. સેવા ફલરૂપ થતાં જ લીલા મધ્યપાતિ દેહ સિદ્ધ થાય છે. સેવા અને પ્રભુના અધરામૃતના સેવનથી જ આધિદૈવિકતા સિદ્ધ થાય છે. આ જ સેવા અને તે જ ફલ. ફલ જુદુ નહિં.

## પુષ્ટિમાર્ગનો શિખર સિદ્ધાંત

- શ્રી કંચનભાઈ ગાંધી, વડોદરા

વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપનો અનુભવ , તે પ્રભુ પ્રેમની સર્વોત્કૃષ્ટ અવસ્થા છે. એ ચરમ પુરૂષાર્થ રૂપ છે. પુષ્ટિ ફલથી આ પૂરૂષાર્થ ઉંચો મનાયો છે. આ અવસ્થામાં ભક્ત પોતાના હૃદયાકાશમાં પ્રભુની અનંત લીલાઓનો અનુભવ ભાવ દ્વારા કરી શકે છે. અહીં રસાત્મક ભાવ જ મુખ્ય છે. પછી તેને બહાર પ્રભુના સ્વરૂપ કે લીલાની પણ અપેક્ષા રહેતી નથી. સર્વથી એ નિરપેક્ષ બને છે. કારણ કે વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપ

શ્રીવલ્લભનું જ મધુર તાપાત્મક સુધા સ્વરૂપ છે. સુધા જ આધાર અને આધેય છે. આનું નામ જ સ્વતંત્ર પુષ્ટિ ભક્તિ , સર્વાત્મભાવની સિદ્ધિ, ફલરૂપ નિરોધનું સ્વરૂપ. ભગવાન અને ભગવાનના પરમ પ્રિય ભક્તોનાં સુખમાં જ પોતાનું સુખ આ પુષ્ટિનો શિખર સિદ્ધાંત. તત્સુખ ભાવ આવા દાસ્યભાવ અને દીનતાથી શ્રીવલ્લભની કૃપા થાય છે. એ જ પરમ ફલરૂપ, જે પ્રાપ્ત કર્યા પછી શેષ કશું જ પ્રાપ્ત કરવું પડતું નથી. આ અવસ્થા શ્રીવલ્લભ વરણીય વિપ્રયોગ ભાવવાળા જનોની છે.

પુષ્ટિમાર્ગમાં જે બાધક તત્વો સ્વાદ-વિવાદ , હર્ષ-આતુરતા વિગેરેનું નિવારણ તેમનો પ્રભુમાં વિનિયોગ કરી કરવાનું. સાથે જે જે સાધક તત્વો , કોમલ, વચન, દીનતા, દાસ્ય અને પ્રફુલીતા તેનો વિકાસ સાધવાનો છે. સેવા, સ્મરણ, ગુણગાન, ધ્યાન દ્વારા પુષ્ટિ પ્રભુ જીવની સેવા શ્રીવલ્લભની કૃપાથી અંગીકાર કરે છે. ભક્તને આધિદૈવિક દેહનું દાન કરી. ભાવાત્મક સ્વરૂપે ભક્તના હૃદયમાં પ્રવેશી સ્વરૂપાનંદનો અનુભવ કરાવે છે. દીનતા , તાપાત્મક શ્રીવલ્લભના યશોગાન માધુર્યરસની જનની છે. મધુરભાવની નિષ્કામ, પરમ સીમાએ આ રસ નિષ્પન્ન થાય છે.

આ રસનું દાન રસનિધિ શ્રીવલ્લભ દ્વારા સ્વકીયોને થાય છે. આવું દિવ્ય પ્રેમ સ્વરૂપ – જીવન શ્રીગોપીજનોની ચરણરજમાંથી શ્રીઉદ્ધવજીએ પ્રાપ્ત કર્યું. આવા ભક્તો હરિના પણ હરિ બને છે. હરિ બનવું એટલે તત્સુખાત્મક સેવા દ્વારા પ્રભુના શ્રમની નિવૃત્તિ કરવી. મારો ઉદ્ધાર કરવા શ્રીવલ્લભે સેવ્ય સ્વરૂપ મારા ઘરમાં પધરાવી આપ્યું છે. જે સાક્ષાત અને સર્વસ્વ છે. સ્નેહમયી સેવાથી તેને બહાર પ્રગટ કરી  ભગવદીયોની જેમ સ્વરૂપાનંદનો અનુભવ કરવાનો રહે છે. તે માટે જ ગૃહસેવા જ ઉત્તમ બતાવી છે. પ્રપંચ જગતની આસક્તિ છોડી નિર્મળ હૃદયથી સેવા કરવાથી ફલ પ્રાપ્તિ છે. સેવામાં જ ફલ નિહિત છે.

પ્રાયઃ શ્રીવલ્લભે પોતાના ગ્રંથોમાં “હરિ” શબ્દનો પ્રયોગ કર્યો છે. હરિ શબ્દ રસમય , સ્મરણ કરતાં જ હૃદયમાં ઉતરી જાય તેવો મધુર છે. હરિ ભક્તનાં ત્રણે પ્રકારના દુઃખો દૂર કરે છે. (1) ભૌતિક (2) આધ્યાત્મિક – ઇન્દ્રિયો અને અંતઃકરણનું દુઃખ – આસુર

ભાવના આવેશથી થતું. (3) આધિદૈવિક દુઃખ – દૈવી જીવને પોતાના આત્મા – પ્રિય સખા – પ્રભુની પ્રાપ્તિના વિયોગનું દુઃખ છે. આ ત્રણે દુઃખ હરે તે હરિ.- શ્રીવલ્લભ જ છે. શ્રીવલ્લભની કૃપા વિના ગોલોક ધામમાં પ્રવેશ શક્ય નથી. માટે જ શ્રીવલ્લભનાં ચરણકમલનો દ્રઢ આશ્રય કરવાની શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી પ્રભુ આજ્ઞા કરે છે. શ્રીમહાપ્રભુજી વૈશ્વાનર અલૌકિક અગ્નિ સ્વરૂપ છે. જે સકલ પ્રતિબંધોનો નાશ કરી સત્વરે પ્રભુ પ્રાપ્તિ કરાવે છે.

"શ્રીવલ્લભ આશ્રય વિના સાધન ધર્મ અશેષ,
સાધે હરિ કેવલ ભજે, લીલામાં ન પ્રવેશ."(શ્રીદયારામભાઈ)

શ્રીમહાપ્રભુજી અન અવતારકાલનાં પ્રભુ છે. અંગીકૃત સ્વકીયજનોનાં હિતનું નિરંતર ચિંતન કરનાર છે. જે હરિના નામે ઓળખાય છે. તેથી શ્રીસર્વોત્તમજીમાં આપશ્રીનું નામ શ્રીગુસાંઇજી કહે છે : "હિતકૃત સતામ." પુષ્ટિ જીવો નિઃસાધન છે. એવા જીવોના ઉદ્ધાર અર્થે આપશ્રી વલ્લભ ભૂતલ પર પ્રગટ થયા છે. બ્રહ્મસંબંધ કરાવી આપે દૈવી જીવનાં હૃદયમાં વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપનું દાન કરેલ છે. એજ અદેયદાન છે. "શ્રીમદાચાર્ય જિકો દયા તુતો હોય રહે , અનાયસે અભયદાતા એ પ્રભુ અનલ હે. " કેવલ શ્રીવલ્લભ નામ સ્મરણથી આપણાં ધર્મિ સ્વરૂપનું શરણ સિદ્ધ થઈ જાય છે. લેત શ્રીવલ્લભ નામ, સો હરિ સેવા માને, આવું અલૌકિક શ્રીવલ્લભનું શરણ હે જીવ તું દ્રઢ થઈને ગ્રહન કર.

## પુષ્ટિ માર્ગમાં ભાવ જ પરમ ફલરૂપ છે.

**- શ્રી કંચનભાઈ ગાંધી, વડોદરા**

અનુગ્રહ : પુષ્ટિમાર્ગે નિયામક :

આ માર્ગ પરમ ફલરૂપ અને ભાવાત્મક છે. "માર્ગ સ્વરૂપ નિર્ણય "માં શ્રીહરિરાયજીએ એ વસ્તુ બતાવી છે. આ ભાવ માત્ર ભાવનાથી સિદ્ધ છે. આ ભાવના ત્રણ પ્રકાર છે. (1) સ્વરૂપ ભાવના ( 2) લીલા ભાવના (3) ભાવ ભાવના. સ્વરૂપ ભાવના પ્રથમ

દશામાં જે જનોએ સ્વરૂપનો કાંઇ પણ અનુભવ કર્યો નથી, સ્વરૂપનું માત્ર શ્રવણ કર્યું છે, તેમણે યોગીની માફક સ્વરૂપનો વિચાર કરવો. આ સ્વરૂપ ભાવન કરતાં જ ભગવાનનો અનુભવ થાય છે. ત્યારે પ્રભુ સાક્ષાત સમગ્ર લીલાએથી સમન્વિત થઈ ભક્તનાં હૃદય આકાશમાં પ્રગટ થાય છે. તે પછી લીલા ભાવના. લીલા ભાવનામાં ભક્ત સ્વયં લીલા રૂપ બની જાય છે. એટલે કે લીલાની આસક્તિથી દેહાદિકની સર્વક્રિયામાં, જ્ઞાનમાં, સર્વ પદાર્થમાં અન્યથા રૂપ પ્રતિતિ થતી હોય, તેમાં પણ પ્રભુની લીલાનું જ ભાન થઈ જાય. આ પછી તે ભાવ ભાવના. આ પ્રકારની ભાવનામાં તાપ કલેશ મુખ્ય વસ્તુ છે. જો તાપ કલેશ ન થાય તો દેહાદિની નૂતનતા (તનુનવત્વ) સંભવી શકતી નથી. બ્રહ્મસંબધમાં આ જે ભાવ 'તાપકલેશાનંદ' તિરોભાવ થયો છે , તેની વાત કરી છે. સેવ્યની તત્સુખાત્મક સેવા દ્વારા જ અને શ્રીવલ્લભના તાપાત્મક ગુણગાન દ્વારા જ એ સિદ્ધ થાય છે.

બધી ઇન્દ્રિયોનો તેમજ દેહાદિ સર્વનો ભગવાનમાં જે આત્મભાવ-અનન્યભાવ તે સર્વાત્મ ભાવ છે. પોતાનો બીજામાં જે સંબંધ તેનો જે વિચાર અને આ 'અમારા ભગવાન'એવી જાતનું જે સંબંધીપણું તેની અસ્ફૂર્તિ તેનું નામ સર્વાત્મ ભાવ. એમાં દેહાદિની સ્કુરણા ન હોવી જોઇએ. ઇન્દ્રિયોના વિષયનો ત્યાગ આવા સર્વાત્મ ભાવની સિદ્ધિ માટે જ છે. હૃદયમાં જો કામ ભાવની સ્થિતિ હોય તો સર્વાત્મ ભાવ સિદ્ધ ન થાય. સકામતામાં દ્વિધા ભાવ છે. તેથી અનન્યતાનો પોષક જ સર્વાત્મ ભાવ તે સિદ્ધ થતો નથી. સેવામાં પુષ્ટિ જીવ સ્વયં કોઈ ભાવકરી શકતો જ નથી. પ્રભુ જ્યારે ભાવનું દાન કરે તો જે તે ભાવકરી શકે. પ્રભુને જે ભાવે જીવ સાથે વિલસવું હોય તે ભાવનું દાન પોતે કરે છે. સૌ પ્રથમ બ્રહ્મસંબંધ વખતે જીવને દાસ્ય ભાવનું દાન કર્યું છે. દાસ્ય અને દીનતા સિદ્ધ થયે અધિકાર પ્રમાણે પ્રભુ બીજ ભાવોનું દાન કરશે. આધુનિક જીવો ભાવાવેશમાં આવી જઈ ઘણી વાર પતિ ભાવે સેવા કરવા લાગે છે. આ નરી ગેરસમજ અને અનુચીત ચેષ્ટા છે. "સેવા રીત પ્રિત વ્રજ જનકી, જનહીત જગ પ્રગટાઈ" સેવામાં શ્રી વલ્લભે કરેલી છે. ભાવના માલિક શ્રીગોપીજનો છે. શ્રીદયારામભાઈ કહે છે , "પુંભાવ, સ્ત્રી ભાવ, ન્યોછાવર કરી મધૂરને ભેટ ધરશોજી" સેવામાં હું પુરૂષ છું કે સ્ત્રી છું

એ દેહભાવ જ ન રહે ત્યારે ગોપીભાવ પ્રગટ થાય. જાર ભાર રાખનાર ગોપીજનો વેણુનાદ શ્રવણ કર્યા છતાં , પ્રતિબંધથી રાસમાં ન આવી શક્યા. જારભાવે પ્રતિબંધ થયો. સેવામાં વિપરીત ભાવના પણ ન કરવી. જેમને શૈયા મોટી જોઈએ , જારીજી પર લાલ વસ્ત્ર નેવડો નહિ, મોટી લોટી જળની ભરવી, આ બધુ મનસ્વી છે.

"સર્વદા સર્વ ભાવેન ભજનીયો વ્રજાધીપ " શ્રીવલ્લભની આજ્ઞા છે. મુખ્ય ચાર ભાવ (1) વાત્સલ્ય ( 2) સખ્ય (3) દાસ્ય ( 4) કાંત-માધુરી ભાવ. લૌકિકમાં પણ એક પતિવ્રતા સ્ત્રી આ ચાર ભાવે પતિને રીઝવી શકે છે. તે જોઈએ ( 1) 'ભોજનેષુ માતા' પતિને જમાડતી વખતે વાત્સલ્ય ભાવ , 'કાર્યેષુ મંત્રી' કામકાજમાં સલાહ આપે મંત્રી-સખ્યભાવ, 'કરણેષુ દાસી' આજ્ઞા પાલનમાં દાસ્ય ભાવ, 'શયેનષુ રંભા' શયનમા કાંત ભાવ. આ જ પ્રકાર પુષ્ટિમાં થઈ શકે છે. પરંતુ તે ભાવનું દાન સેવ્ય સ્વરૂપ કરે ત્યારે જ થાય. પ્રેમ અને ભાવ સહજ થઈ જાય , કરવો ન પડે, ત્યારે જ સેવા ફલરૂપ થાય. દેહભાવ રહિત થયે સેવા ફલરૂપ થાય છે. જે ભાવની મુખ્યતા હોય ત્યારે તે ભાવ પ્રગટ થઈ જાય અને સેવ્યને સેવા દ્વારા રીઝવે. બાકીના ત્રણ ભાવો હૃદયમાં જ બિરાજે. આને બીજી રીતે જોઈએ. જેમ કે ચાર સખીજનો છે. એક સખી બાલભાવથી પ્રભુને રીઝવે છે. તે એવી રીતે રીઝવી રહી છે , ત્યારે પેલી ત્રણ ઝાડની ઓટમાં છૂપાઈ જાય છે. કેમકે એમના સાનિધ્યથી સ્નેહમાં ક્ષતી-અસુખ ઉત્પન્ન થાય. આમ ચાર ભાવ ચાર ગોપીનું સ્વરૂપ બની ભક્ત હૃદયમાં બિરાજે છે.

પુષ્ટિમાર્ગમાં સેવાનો અંગીકાર પૂર્ણપુરૂષોતમ જ કરે છે. આ ભાવ દ્રઢ થવો જોઈએ. 'શ્રીવલ્લભ વસ્તુતઃ કૃષ્ણ એવ' છે. હરિવદનાનલ છે. આ ભાવ દ્રઢ કરી ગ્રહણ કરવો જરૂરી છે. શ્રી વલ્લભે કૃપા કરી સેવ્ય સ્વરૂપ , રીત-પ્રિત, માર્ગ મર્યાદા બધું નક્કી કરીને આપ્યું છે. ન સમજાય તો ગુરૂઘરની આજ્ઞા લઈ તે પ્રમાણે ચાલવું. પણ મનસ્વી કે દેખાદેખી ન કરવું. અપરાધ પડે. સ્વરૂપ સેવા અને નામ સેવા લોકાતિત બનીને કરાય તો ફલરૂપ છે. રૂપ સેવામાં સાક્ષાત સ્વરૂપનો સંબંધ છે. ત્યાં અપરસ જરૂરી છે. નામ સેવામાં નામ ધર્મરૂપ છે, તેમાં ધર્મિ પ્રભુ પરોક્ષ બિરાજે છે તેથી અપરસની જરૂર

નથી રહેતી. શ્રી ગુસાંઇજીએ  આજ્ઞા કરી છે અષ્ટાક્ષરના સતત સ્મરણની.  84/252 વાર્તાઓમાં બધા સિદ્ધાંતો આવી જાય  છે. તે સેવા માટેનું બંધારણછે. તેમાં પ્રમાણ સાથે સમજાવ્યું છે. તેની વિરૂદ્ધ હોય તે કદી માનવું નહિ. સાચા સત્સંગના અભાવે જીવ મનસ્વી ક્રિયા કરવા લાગે છે. જેથી પુષ્ટિ ફલથી વંચીત રહી જાય છે.

"શ્રીવલ્લભ શરણ થકી સૌ પડે સહેલું." (શ્રીદયારામભાઈ)

## ભગવદ પ્રાપ્તિમાં વિલંબ કેમ ?

**- શ્રી કંચનભાઈ એમ. ગાંધી, વડોદરા**

શ્રીમહાપ્રભુજીએ પ્રગટ કરેલ પુષ્ટિમાર્ગ ભાવાત્મક-ફલાત્મક છે. જે માર્ગમાં સ્વયં પુષ્ટિ પ્રભુ ચાલીને અધિકારી ભક્ત પાસે તે પુષ્ટિમાર્ગ. મર્યાદામાં ભક્ત સાધન-ભક્તિ કરી ભગવાન  પાસે જાય છે. આમ પુષ્ટિમાર્ગ વિલક્ષણ-પૃથક અને વિરુદ્ધ ધર્માશ્રયી છે. સૌથી પહેલા  માર્ગને સમજવો જરૂરી છે. પુષ્ટિમાર્ગ અને પુષ્ટિસંપ્રદાયકને સમજો. સંપ્રદાય એટલે  ગુરૂ-શિષ્ય પરંપરા દ્વારા શિષ્યને મંત્ર દિક્ષા અપાય છે. પછી તે ભગવદ માર્ગે ચાલવાને અધિકારી બને છે. તેમ પુષ્ટિસંપ્રદાય કે જ્યાં શ્રીવલ્લભકૂલ દ્વારા નામ-નિવેદન બે દીક્ષા પ્રાપ્ત કરવાથી પુષ્ટિ પ્રભુની સેવાનો અને પુષ્ટિમાર્ગ પર ચાલવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. સંપ્રદાય એ સાધન છે. જેમાં બ્રહ્મસંબંધ લઈ તુર્ત જ સેવા માટે સાક્ષાત પુર્ણ પુરૂષોત્તમ પ્રાપ્ત થઈ જાય છે. પછી આ પ્રાપ્ત થયેલ સેવ્ય સ્વરૂપ દ્વારા પુષ્ટિ ફલનો સ્વરૂપાનંદનો અનુભવ પુષ્ટિ જીવે કરવાનો છે. પ્રભુ ભાવાત્મા છે. વૈષ્ણવનું સ્વરૂપ-માર્ગનું સ્વરૂપ-ગદ્યમંત્ર સર્વે કાંઈ ભાવાત્મક છે.  આમ સર્વ કાંઈ હોવા છતાં હાલમાં ભગવદ પ્રાપ્તિમાં વિલંબ કેમ ? કારણ આપણી સમક્ષ જ છે. પુષ્ટિ જીવ માર્ગને અનુસરતો નથી. માર્ગના સિદ્ધાંતો અને શ્રીમહાપ્રભુજીની આજ્ઞા   પ્રમાણે અનુસરતો નથી તેથી ફલથી વંચીત રહી આવે છે. બાકી શ્રીવલ્લભે અઢળક કૃપા જીવ પર વરસાવી જીવને શરણે લઈને સેવા સોંપી છે. જીવના વિલંબે ફળમાં વિલંબ છે.

માર્ગની મેંડ-મર્યાદા અને સિદ્ધાંતો સારી રીતે જીવનમાં ઉતારવા જોઈએ. આજ્ઞા અને સિદ્ધાંતો વિરુદ્ધ કાંઈપણ કરવું તે બાધક છે.

1)અસમર્પિત, 2) અન્યાશ્રય, 3) અસત આલાપ, 4) દુસંગ, આ ત્યાગ કરવાનો છે. સતત અષ્ટાક્ષરના રટનની આજ્ઞા છે. નામ પ્રપંચ અને રૂપ પ્રપંચનો ત્યાગ કરવાથી જ પુષ્ટિપ્રભુની પ્રાપ્તિ છે. પ્રભુના સંબંધ વિનાની વસ્તુ , ક્રિયા-વિચારનો ત્યાગ કરવાનો છે. ઉત્તમ ફલ પ્રાપ્ત કરવું છે તો કંઈક ત્યાગ કર્યા વિના શું પ્રાપ્ત થાય ? જ્યા મૂળ પાયાના સિદ્ધાંતોનું જીવ પાલન ન કરે પછી બીજુ શું કરી શકવાનો ? શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે વૈષ્ણવ થઈને જેને શ્રીસ્વામીનીજીના પ્રિયતમ પ્રભુની સેવા નથી કરી અને શ્રીસુબોધિનીજી જોયા નથી, અવલોકન નથી કર્યું તેનો જન્મ ભૂતલ પર નિષ્ફળ સમજવો. આપણે કદી વિચાર કરીએ છીએ ખરા કે વૈષ્ણવ બની મેં શું પ્રાપ્ત કર્યું ? કેમ નથી કર્યું ? એવો વિચાર આવે તો સમજો કે તમે માર્ગમાં ચાલવાને અધિકારી છો. બાકી આમાંનું કશું તમને નથી થતું તો જાણો કે હું અનાધિકારી-આસુરી ભાવવાળો જીવ છું.

જાન્યુઆરીના સત્સંગ માસીકમાં એક લેખ "પુષ્ટિમાર્ગ અને દેવદેવીઓના દર્શન-પ્રસાદ" આ વાંચીને ઘણું દુઃખ થયું-આશ્ચર્ય પણ, આવું માર્ગના સ્વરૂપનુ ઘોર અજ્ઞાન, હાલના સામાન્ય જીવો વાંચી ગેરમાર્ગે દોરવાઈ જાય. આમ ન બને તેથી તેની થોડી ચર્ચા અહીં રજૂ કરી છે. તેમાં લખે છે કે (1) બીજા સંપ્રદાયોના ઈષ્ટ દેવનાં દર્શનથી વિમુખ રહેવાથી અપરાધ થતો હોય છે. કેટલી મોટી ભૂલભરેલી વિરૂદ્ધ માન્યતા છે. શું એમ કહેવા માગો છો કે પુષ્ટિ જીવે અન્ય દેવ-દેવીનાં દર્શન કરવાં ? બીજું અન્ય દેવનો પ્રસાદ નથી લેતા પણ બજારની મિઠાઈ ખાઈ શકે છે. તો શું તમે એમ માનો છો કે બજારની મીઠાઈથી દેવ દેવીનો પ્રસાદ સારો ? અરે, બજારની મીઠાઈ ખરીદેલી છે તે તમારા હક્કની છે તો ખાઈ શકાય , જ્યારે દેવ-દેવીનો પ્રસાદ અન્ય દેવનું ઉચ્છીષ્ટ છે. તે પુષ્ટિ વૈષ્ણવ કેમ લઈ શકે ? અરે,પુષ્ટિના સિદ્ધાંતને જાણો. પુષ્ટિમાર્ગમાં અનન્યતા અને નિષ્ઠા પ્રાણ છે. નિષ્ઠા એટલે અચલતા-દૃઢતા છે. પુષ્ટિ જીવે તો પોતાના સેવ્ય સ્વરૂપ સિવાય અન્ય પુષ્ટિ સ્વરૂપના દર્શનની ઇચ્છા પણ કરતો નથી અને કરે છે તો તે ભાવ વ્યભિચાર છે. તેથી ફલમાં વિલંબ છે. પછી પ્રસાદ

લેવાની વાત જ ક્યાં રહે છે. પતિવ્રત ભાવ પુષ્ટિમાં છે. સેવ્ય સિવાય અન્યને ધરેલું કશું ન લેવાય. લોકાતિત અને વેદાતિત થયા વિના પુષ્ટિમાર્ગને પંથે ચાલી નહી શકાય. બ્રહ્મભાવ કેળવવાનો છે. નિંદા-સ્તુતિથી પર જે કાંઈ છે તે સર્વ પ્રભુની લીલા છે. પુષ્ટિમાર્ગ બધા માટે નથી, કેવળ અધિકારી દૈવીજીવો માટે જ છે.

બીજી વાત લખે છે કે, "તમે પણ અન્ય દેવ દેવીઓનાં દર્શને જાવ ત્યારે શ્રીનાથજી પ્રત્યે તમારી શ્રદ્ધા હશે તો તમને દેવ-દેવીઓમાં શ્રીજીના દર્શન થશે ! " આ તો ઘોર અજ્ઞાન છે. શું ચાર આની કદી રૂપિયો બની શકે ? એક રૂપિયામાંથી ચાર ચાર આની બને, શું અંશ- કલા- વિભૂતિ- દેવ –દેવીઓ પૂર્ણ પુરૂષોત્તમના સ્વરૂપને ધારણ કરી શકે ? આજના સામાન્ય વૈષ્ણવોને આ વાત ગેરમાર્ગે દોરી જાય. "આપણે ચોકો જુદો રાખવાની જરૂર નથી " એમ લખે છે. અરે ભાઈ ! પુષ્ટિમાર્ગ પૃથક શરણ માર્ગ છે. ગીતાના શરણ માર્ગથી જુદો છે. ગીતાનો શરણ માર્ગ મર્યાદા છે એ સમજો.

તમે પુષ્ટિમાર્ગમાં નિષ્ઠા-શ્રદ્ધા રાખી ચાલો. અન્ય શું કહેશે તે જોવાની જરૂર જ નથી. અન્યના વચન સાંભળવા બાધક છે , દુઃસંગ છે.તે જ "દુઃસંગ જે પ્રભુને વિસરાવે – સ્મરણ કરાવે તે સંગ." પુષ્ટિ વૈષ્ણવનું સ્વરૂપ તો દેવ-દેવીઓથી પણ પર છે. ઉંચું છે. વાર્તામાં જુઓ. એક ચોતરા પર શ્રીચાચાજી અને બીજા વૈષ્ણવો સુતા હતા – ત્યાં દેવી આવી, વૈષ્ણવોને આળંગીને કેવી રીતે જાય. ઉષ્ણકાલ હતો. દેવીએ ચાર રૂપ ધારણ કરી વૈષ્ણવોને પંખો કર્યો. શિક્ષાપત્ર અને 84-252 વાર્તાઓમાં માર્ગનું બધું જ જ્ઞાન આપી દીધું છે. બીજે જવાની જરૂર નથી. દેવીના મંદિરનું બારણું ઉપાડી લાવી ચુલામાં નાખી સામગ્રી સિદ્ધ કરી વૈષ્ણવોને પ્રસાદ લેવડાવ્યો છે. દેવી એના પર કોપી નથી. જ્યારે દેવી તો ભક્ત લેવા ગયો તો દંડ દીધો. શ્રીમહાપ્રભુજી હનુમાનજી રામચંદ્રજીના સ્વરૂપે દર્શન આપે છે.હનુમાનજી રામજીને પૂછે છે આમ કેમ ? શ્રીરામજી કહે છે , "શ્રીમહાપ્રભુજી મારા સ્વરૂપને ધારણ કરી દર્શન આપી શકે, હું એમના સ્વરૂપનાં દર્શન ન કરાવી શકું. " પદ્મા રાવલને શ્રીમહાપ્રભુજીએ શ્રીરણછોડજી રૂપે દર્શન આપ્યા છે , અને શ્રીદમલાજીને સાક્ષાત પુર્ણ પુરૂષોત્તમ તરીકે દર્શન કરાવ્યા છે. પુરૂષોત્તમ ચાહે

સો કરી શકવા  સમર્થ છે. સર્વશક્તિધૃક છે. વલ્લભાખ્યાનમાં ગોપાલદાસજી ગાય છે. "પૂર્ણ બ્રહ્મ શ્રીલક્ષ્મણ સુત પુરૂષોત્તમ વિઠ્ઠલનાથ." અહીં શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલનાં સ્વરૂપો દર્શાવાયાં છે. જયાં સુધી માર્ગ અને પુષ્ટિ સ્વરૂપનું જ્ઞાન નથી ત્યાં કાંઈ  પ્રાપ્તી નથી. એવા ક્રિયા રૂપ બની જાય છે. સ્વરૂપ જ્ઞાન અત્યંત જરૂરી છે, ફલ રૂપ છે.

"શ્રીવલ્લભ શરણ થકી, સૌ પડે સહેલું." (દયારામ)

## પુષ્ટિ માર્ગમાં તાપાત્મક ગુણગાન ફલ રૂપ છે

આધુનિક સમયમાં પુષ્ટિ જીવોનો ઉદ્ધાર પ્રભુના નામ દ્વારા થાય છે. નામ ધર્મરૂપ છે. તેમાં નામી ધર્મિ  પ્રભુ બિરાજે છે. જેમ બીજમાં વૃક્ષ તેમ. કલિકાલમાં સેવા માટે કોઈ સાધન શુદ્ધ નથી. દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મ છએ શુદ્ધ સ્વરૂપે પ્રાપ્ત નથી એમ  શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે. નામ સ્મરણ કરનારના હૃદયમાં સ્મરણ અને સ્વરૂપધ્યાનથી પ્રભુના ગુણો પધારે છે. તે અવળા ક્રમથી , જેમકે પહેલાં વૈરાગ્ય ગુણ આવે, પછી જ્ઞાનગુણ. ગુણો એ પ્રભુની ભાર્યાઓ છે. તેથી ગુણોના પ્રવેશ દ્વારા પ્રભુ સ્વયં બિરાજે છે. નામ સ્મરણ પણ શુદ્ધ મન-ચિત્તના નિરોધ સહ લેવાય તો તે ફલરૂપ છે. પ્રપંચ જગતના આવેશથી મુક્ત થઈ અલૌકિક નામ સ્મરણ કરવું. લોકાકિત થયા વિના અલૌકિક ફલ દુર્લભ છે. નામની ભીતર અલૈકિક અગ્નિ રહ્યો છે, તેથી તે જીવના જન્મ જન્મોના પાપના ઉકરડાને બાળી નાખી હૃદય શુદ્ધ કરે છે. તેથી જ નિરોધ લક્ષણ ગ્રંથમાં આપશ્રી વલ્લભે ગુણગાનની આજ્ઞા કરી છે.

શ્રીમહાપ્રભુજી આપ તાપાત્મક સુધાસ્વરૂપ વિપ્રયોગ ભાવાત્મક છે. એજ જીવને વિરહ ભાવનુ દાન કરે છે , ત્યારે જીવ ફલરૂપ ગુણગાન પણ કરી શકે છે. જીવ સ્વયં કાંઈ પણ કરવા અસમર્થ છે. "તસ્માત સર્વ પરિત્યજ્ય નિરૂદ્ધૈઃ સર્વદા ગુણાસદાનંદ પરૈર્ગેયાઃ ,સચ્ચિતાનંદતા તતઃ" સર્વદા ગુણગાન દ્વારા આપણો અલૌકિક દેહ સિદ્ધ થાય છે. માટે જીવે પ્રભુને સામગ્રી ધરાવી    અધરામૃત લેવું અને ગુણગાન કરવા. અધરામૃતના સેવનથી હૃદય-બુદ્ધિ નિર્મળ થાય છે. જે      ગુણગાનમાં ફલરૂપ છે. ગુણગાન દ્વારા વિપ્રયોગાત્મક ચાર સિદ્ધઓ પ્રાપ્ત થાય છે. તેનું નિરૂપણ શ્રીહરિરાયજીએ શ્રીમુનાજીની

ટીકામાં કરેલું છે. (1) પરાવૃત ચક્ષુષદન્તરા વિર્ભૂત પ્રભુલીલા અવલોકન શક્તિ, (2) ભાવાત્મક સ્વરૂપેણ તદાત્મક તદ્ રસાનુભવ સિદ્ધિઃ, (3) વિરહ સામયિક સર્વાત્મભાવ સિદ્ધિઃ, (4) સ.ચિ.બહિ ભગવદ પ્રાગટ્યાપેક્ષા રહિત્યેનાડન્તર તદ્ ભાવના રૂપા વેદ્યઃ શ્રીમહાપ્રભુજી નીજ જનોને વિપ્રયોગ ભાવનુ દાન કરી તેના નિત્ય સિદ્ધ લીલા મધ્યપાતિ દેહને સિદ્ધ કરવામાં ગુણગાનમાં સ્થિત કરે છે. શ્રીમદાચાર્યના ધર્મિ વિપ્રયોગાત્મક સ્વરૂપમાં જે સ્વકીયોનું વરણ થયું છે , તેના વરણના સ્વભાવનુસાર તેના હૃદયમાં ગુણગાન દ્વારા વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપનો પ્રાદુર્ભાવ થાય છે. જેમ ગોપીજનોએ પ્રભુ વિયોગમાં 'ગોપીગીત' ગાયું જેથી તાપાત્મક ગુણગાન દ્વારા તેમના અસ્તિત્વનુ (અહંમ)નું વિસ્મરણ થયું , ત્યારે તેમનું મૂળ સ્વરૂપ નિત્ય સિદ્ધ ભાવવાળું અગણિતાનંદને ધારણ કરનારું, સ્વયં પ્રકાશ, સ્વયં સૃષ્ટા અપરિચ્છિ સત્તાવાળું સ્વરૂપ પ્રાપ્ત કર્યું. શ્રીગોપીજનોએ ઉપરોક્ત ભગવાન સમાન ઐશ્વર્યવાળા સ્વરૂપને ગુણગાન દ્વારા પ્રાપ્ત કર્યું. તેમ સ્વકીયોને તેવાજ પુષ્ટિ પુરૂષાર્થને સિદ્ધ કરવા નિ. લિ. માં ગુણગાન અને સ્વરૂપ ધ્યાનની આજ્ઞા કરી છે. ગુણગાન માનસી સેવામાં પ્રવેશ કરાવે છે.

એક સાત્વિક ગોપી કહે છે,"તવ કથામૃતમ... હે પ્રભુ અમારું જીવન જે ટકી રહ્યું છે તે અમારી કૃતિથી નહિ , પરંતુ આપનું કથામૃત અમારા જીવનને ટકાવી રાખે છે. જેવું આપનું સામર્થ્ય ઐશ્વર્ય , વિર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય, એમ ષડગુણયુક્ત છે , તેમ આપની કથા પણ ષડગુણયુક્ત છે. આપના નામકથામાં એટલું બધું અલૌકિક સામર્થ્ય છે કે તે સર્વત્ર વ્યાપ્ત થઈ રહે છે. આ પ્રકારે શ્રીસુબોધિનીજીમાં ભગવદ કથા પણ ષડગુણયુક્ત હોઈ ભગવદ રૂપ છે , તેથી જ ભક્તજનોના પ્રાણ ટકાવી રાખે છે એવું નિરૂપણ કર્યું છે. આટલું ગુણગાનનું મહત્વ આપ શ્રીવલ્લભ દર્શાવી રહ્યા છે , છતાં જીવથી એ પણ બનતું નથી. નામ-ગુણગાન કરવા માટે પણ પ્રભુ કૃપા અને અધિકાર જરૂરી છે. દુઃસંગ અને દુષ્ટ અન્નતા ત્યાગ વિના નામ સ્મરણ દુર્લભ છે.

- શ્રી કંચનભાઈ ગાંધી, વડોદરા

## વિદ્યમાન આનંદ તજ કયોં ચલત અપાથે

**- કંચનભાઈ ગાંધી, વડોદરા**

પુષ્ટિમાર્ગમાં જીવને પોતાના કર્તવ્યનો બોધ કરાવવા માટે અનેક નાના-મોટા ગ્રંથો બિરાજે છે. માર્ગના  સમર્થ આચાર્યોએ ઘણોજ પરિશ્રમ લઈને પુષ્ટિ પોષણનું વિપુલ સાહિત્ય પ્રગટ કર્યું છે. શ્રીવલ્લભે રસાત્મક-ફલાત્મક-ભાવાત્મક પુષ્ટિમાર્ગ પ્રગટ કરીને તે માર્ગે ચાલવાનો  સરળ ઉપાય બતાવ્યો છે. એ છતાં જીવ મૂઢમતિને લીધે મૂલ માર્ગથી વિપરીત કૃપાથે ટકે છે.  પુષ્ટિ ફલથી વંચીત રહી આવે છે. આમાં સત્સંગનો અભાવ અને ગ્રંથાવલોકનથી વિમુખ આ કારણ  છે. દરેક પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સેવામાં દાખલ થઈ, સૌ પ્રથમ શ્રીયમુનાજી, શ્રીજી, શ્રીવલ્લભ, શ્રીવિઠ્ઠલના પદો બોલે છે. ફક્ત બોલી જાય છે. કદી એના શબ્દોમા અર્થનો   વિચાર નથી કરતા. આવું જ એક પદ મર્મજ્ઞ શિરોમણી, શિક્ષા સાગર, ભક્તવત્સલ શ્રીહરિરાય મહાપ્રભુનું જોઈએ.

જય જય શ્રીવલ્લભ પ્રભુ શ્રીવિઠ્ઠલેશ સાથે ।
નિજજન પર કરત કૃપા, ધરત હાથ માથેં ॥
દોષ સબે દુર કરત, ભક્તિ ભાવ હિયે ધરત ।
કાજ સબ સરત સદા, ગાવત ગુણ ગાથે ॥1॥
કાહેકો દેહ દમત, સાધન કર મુરખ જન ।
વિદ્યમાન આનંદ ત્યજ, ચલત કયોં અપાથે ॥
રસિક ચરણ શરણ, સદા રહત બડભાગીજન ।
અપનો કર શ્રીગોકુલપતિ, ભરત તાહિ બાથે ॥2॥

આમાંથી ફક્ત 'વિદ્યમાન આનંદ ત્યજ' આ જ ટુંકનો વિચાર કરીએ. રસિક-વિરહી એવા શ્રીહરિરાયજી જીવને  ટેરી ટેરીને કહી રહ્યાં છે. સ્વકીયોને સમજાવી રહ્યા છે કે , 'વિદ્યમાન આનંદ' શ્રીવલ્લભની કૃપાથી જીવના ઘરમાં જ સેવ્ય સ્વરૂપે બિરાજે છે, એને પીઠ દઈ-છોડીને બીજે આનંદની આશાએ શા માટે તું ભટકે છે  ? વૃથા દેહ દમન શા માટે ? બહાર શા માટે ભટકે છે ?

જે કાંઈ પ્રાપ્ત કરવાનું છે તે સેવ્ય પ્રભુ સકલ ગોલોકધામને સાથે લઈને બિરાજે છે. એ સ્વરૂપને સાક્ષાત અને સર્વસ્વ માની પ્રેમ પૂર્વક માર્ગની મેંડ-મર્યાદાથી અષ્ટપ્રહર સેવા કરો. સકલ લીલા અને સ્વરૂપનો અનુભવ આપ કૃપા કરીને કરાવશે. કૃપા કરવા તો બિરાજે છે 84-252 ભગવદીયોને સ્વરૂપાનંદનો અનુભવ પોતાના ઘરના સેવ્ય દ્વારા જ થયો છે , તે આપણે રોજ રાત્રે સત્સંગમાં વાંચી જવા માટે નથી. એને મનન કરી, આચરવાનો છે. જીવનમાં ઉતારવાનો છે.

ઘરની બહાર જે આનંદ માટે ભટકીયે છે તે ખરો આનંદ જ નથી , તે ક્ષણિક છે. થોડા સમય પછી તિરોહિત થઈ જાય છે. નિત્ય નથી નિત્ય આનંદ તો આનંદ સ્વરૂપ માથે બિરાજ-રાજતા સેવ્ય પ્રભુ જ છે. બહારનો આનંદ એ તો ફક્ત આનંદનો આભાસ છે. કદી મૃગજળથી તૃષા છીપાતી નથી. સેવ્યને બીજાને ઘેર સોંપી વૈષ્ણવો તિર્થયાત્રાએ જાય છે. આ પુષ્ટિમાર્ગની મર્યાદાની વિરૂદ્ધ છે. ગૃહમાં બિરાજતા પ્રભુને સાથે લઈને જાવ તો કાંઈ ઠીક છે. તે પણ જવાથીશું ફાયદો ? જે બહાર સુખ-આનંદ લેવો છે , તે તો તમારી સાથે ઝાંપીજીમાં જ બિરાજે છે. છતાં કસ્તુરી મૃગની જેમ બહાર દોડે છે. ગૃહસેવા જ સ્વધર્મ છે પુષ્ટિમાં સેવા એ જ ફલ કહેયું છે. કેમ ફળ કહ્યું ? સેવા દરમ્યાન જીવની સકલ ઇંદ્રિયોને જ્યારે જીવ ખરેખર ભગવદ આવેશયુક્ત બની સેવા કરવા લાગે છે , ત્યારે ખરેખર એની સેવાનો અંગીકાર થાય છે. સેવામાં દરેક વસ્તુ સ્વરૂપાત્મક, ભાવાત્મક છે. કીર્તનોની સંગતીથી પ્રભુના સ્વરૂપનું લીલાનું જ્ઞાન થાય છે. અને રાગમાં ભાવથી જો પ્રભુ સન્મુખ કીર્તન કરવામાં આવે તો જીવના રોમે રોમમાં પ્રભુના સ્વરૂપાનંદનો અનુભવ થાય છે. સ્વકીયને 'રાગ' સ્વરૂપમાં તલ્લીન બનાવી મુકે છે. જેમ વેણુનાદના શ્રવણથી જડ મૃગલીઓ દોડીને પ્રભુ સન્મુખ બિરાજે છે. નાદ સુધા સ્વરૂપ છે. પ્રભુને પ્રસન્ન કરવાનું સાધન દીનતા અને નાદગાન છે. ગોપીગીતના વિરહગાનથી પ્રભુને ગોપીઓની મધ્યમાં પ્રગટ થવું પડ્યું. આવું આ રાગ-ગાન નાદનું સ્વરૂપ છે. દેહભાવ પ્રપંચ રહિત થયેલ સેવા જ ફલ રૂપ છે. સેવા દ્વારા જ પુષ્ટિ જીવને ફલની પ્રાપ્તિ છે , બીજા કોઈ સાધનથી પુષ્ટિ પ્રભુને રીઝવી શકાય તેમ નથી.

કેવલ શ્રીવલ્લભના ચરણકમલનો દ્રઢ આશ્રય કર્યા વિના , અનન્ય ભાવે શરણ ગ્રહણ કર્યા વિના  પુષ્ટિ પ્રભુના સ્વરૂપાનંદનો અનુભવ થવો દુર્લભ છે. શ્રીગોપાલદાસજી વલ્લભાખ્યાનમાં પણ આ જ ગાય છેઃ ' એ ચરણ શરણ વિના લોક દસ ચારમાં કહોને કોનો કાંઈ અર્થ સીધ્યો ? કેવલ ચરણનું શરણ જ બતાવ્યું. શ્રીવલ્લભે ચરણમાં ચિન્હો ધારણ કર્યા છે તે પુષ્ટિ જીવોને ફલરૂપ છે. તે ભક્તોને ભજનાનંદનો અનુભવ કરાવવા માટે છે. આપણે બધે દોડીએ તેનો અર્થ શો  ? શ્રીદયારામભાઈ પણ જીવને ટકોર કરે છે. 'મનજી મુસાફર રે ,ચાલો નીજ દેશ ભણી , મલક ઘણા જોયા રે, ન મળ્યા શ્રીજી કહીં.'બ્રહ્મસંબંધ વખતે જ શ્રીવલ્લભે જીવને તેના હદયમાં   ધર્મિ પ્રભુનું ભાવાત્મક સ્વરૂપ પધરાવી આપ્યું છે, જીવને આની પહેચાન નથી. 'વિદ્યમાન' એજ સેવ્ય સ્વરૂપ અને હદયમાં બિરાજતું સ્વરૂપ એ બેને ઓળખી સેવા – સ્મરણ કરો તો બેડો પાર છે.

## પુષ્ટિમાર્ગમાં સેવાની મેંડનું સ્વરૂપ

**- શ્રીકંચનભાઈ ગાંધી, વડોદરા**

આપણા શ્રીમહાપ્રભુએ પ્રગટ કરેલા ભાવાત્મક પુષ્ટિમાર્ગમાં જે છે તે સઘળું ભાવાત્મક જ છે.  સેવ્ય સ્વરૂપ, ગદ્યમંત્ર, સેવકનુ સ્વરૂપ, સેવા માટેના ઉપકર્ણો , સેવામાં જ્યાં સેવ્ય  સ્વરૂપ બિરાજે છે તે ઘરમંદિર બધું જ ભાવાત્મક છે. શ્રીવલ્લભના માર્ગમાં સ્વરૂપાત્મક-ભાવાત્મક-રસાત્મક અને ફલાત્મકનું જ પ્રાધાન્ય છે. સેવાની મેંડનું  સ્વરૂપ આધિદૈવિક છે. તેથી જ 84-252 ભક્તો શરણે આવી મેંડ-મર્યાદાથી ગૃહ સેવા કરતાં હતાં. થોડાક જ સમયમાં સેવ્યનો સ્વાનુભવ થતો હતો ! આજે એ જ ગદ્યમંત્ર છે, સેવ્ય સ્વરૂપ સાક્ષાત ગોલોકધામસ્થ ભાવાત્મક બિરાજે છે, છતાં 20-25 વર્ષથી સેવા કરતા – ભોગ ધરીને લેતા વૈષ્ણવોને પૂછો , પ્રભુનો કાંઈ અનુભવ થાય છે  ? કદી સેવ્ય સ્વપ્નમાં દર્શન  આપે છે  ? તમારામાં કંઈક બદલાવ આવ્યો  ? કંઈક આધિદૈવિક અનુભવની છાંટ પ્રાપ્ત થઈ ? આત્મખોજ કરો. વિચાર માગી લેતો મુદ્દાનો પ્રશ્ન છે. જો તમે જેમ હતાં તેવા જ ધોયેલા માંઢા જેવા જ છો તો શો અર્થ ? બાવાના બેઉ બગડ્યા. ના પામ્યા સંસાર કે ના મળ્યા   સર્વેશ્વર પુષ્ટિ પ્રભુ ! સાચું પૂછો તો સેવાને એક

ક્રિયાવત કરવામાં આવે છે. પુષ્ટિમાં સેવા જ ફલરૂપ છે. સેવા દરમ્યાન તમને એ ફલનો અનુભવ થાય છે. પ્રત્યેક સેવાના ક્રમમાં બુહારીથી માંડીને રસોઈ-ભાગ , પાત્રો માંજવા, સામગ્રી સિદ્ધ કરવી- બધામાં જો તમને આનંદ-આનંદ થયા કરે તો જાણવું કે હવે હું માર્ગમાં ચાલી રહ્યો છું. આવું કાંઇપણ નથી થતું તો એ મહારોગ-ભવરોગનો ઈલાજ શોધવો જ રહ્યો. સત્સંગનો અભાવ છે.

સેવાની પાકી અપરસ-મેંડ નથી. પ્રભુ પ્રત્યે નિષ્ઠા અને સ્નેહ જ નથી થયો ! કંઈક અનુભવ અને આનંદ પ્રાપ્તિ માટે તમારૂં મન મંદિરો-તિર્થો વિગેરેમાં દોડે છે. તેથી સેવ્ય સ્વરૂપ પ્રત્યેની અનન્યતા – પતિવ્રતા ધર્મ ભંગ થાય છે. અને સેવ્યની મુખ્ય સેવા છોડી બીજે દોડવાથી સેવ્ય સ્વરૂપ ગૌણ બની જાય છે. પછી પુષ્ટિ ફલથી વંચિત થવાય તેમાં શું નવાઈ ? સેવા કરી તે અગત્યનું છે. શ્રીમહાપ્રભુજી , શ્રીગુસાંઈજી દૈવી જીવોને શરણે લઈ , સેવાની રીત , મેંડ-મર્યાદા શીખવતા પછી સેવ્યને પધરાવી આપતા. કહેતા, "આ મારૂં સર્વસ્વ તમને સોંપુ છું. ઘેર જઈ સેવા કરો. " 84/252 વૈષ્ણવોએ સેવ્યને સર્વસ્વ માની સેવ્યા તેથી ફલ પ્રાપ્તિ કરી છે. એટલું જ નહિ જીવોને સંગ કોનો કરવો તેનું માર્ગદર્શન આપતા. ઉજ્જૈન જાઓ તો કૃષ્ણ ભટ્ટને મળજો. આગ્રા જાઓ તો સંતદાસજીને મળજો , અમદાવાદ જાઓ તો ભાઈલા કોઠારી અને એક સ્ત્રી-પુરૂષને જરૂર મળજો. ચાચાજી જેવા પરમ ભગવદીય ગામે-ગામ જઈ સત્સંગ કરાવતાં. આ પ્રથા-પરંપરા લુપ્ત થઈ ગઈ. હાલ પણ 50-60 વર્ષ પહેલાં વૈષ્ણવો ભોગ ધરવાની આજ્ઞા લેવા શ્રીગોસ્વામી બાળકો પાસે આવતા , તો આપશ્રી પોતાના નિજખવાસ કે બીજા ભગનદીયોને મોકલી વૈષ્ણવને સઘળી માહિતી પ્રાપ્ત કરાવી પછી સખડી ભોગની આજ્ઞા મળી જાય. અપરસ શું કે મેંડ શું ? કશું જાણવાની જરૂર જ ના પડે , પ્રાચીન મેંડ-મર્યાદાથી ભોગ ધરી સેવા કરનારાની સંખ્યા દિવસે-દિવસે ઓછી થતી જાય છે અને નવી પેઢીની સંખ્યા વધી રહી છે. જેમને અપરસ શું, જુઠન શું, પ્રસાદી-ખાસા-સેવકીનું જ્ઞાન નથી. માસિક ધર્મમાં ત્રિજે દિવસે સ્નાન કરી , શ્યામ સ્વરૂપની સેવા કરતાં બ્હેનો પણ આજે જોવા મળે છે. ક્યાં છે પુષ્ટિમાર્ગ ? વૈષ્ણવોની ભીંડ-સંખ્યા વધી છે, ઊંડાઈ ઘટી ગઈ છે. સેવાની મેંડમાં રહેનારને જ ફલ

મળે છે. પુષ્ટિ પુરૂષોત્તમ રસાત્મક પ્રભુ પણ શ્રીવલ્લભની મેંડમાં જ રહે છે. સારસ્વત કલ્પમાં 11 વર્ષ, 52 દિવસ વ્રજમાં બિરાજ્યાં , શ્રુતિરૂપા-ઋષિરૂપા શ્રીગોપીજનોનો ઉદ્ધાર પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ દ્વારા કર્યો. વ્રજની મેંડ છોડી બીજે ચરણ નથી ધર્યો. મેંડનું આવું જ 2% વૈષ્ણવો શુદ્ધ પુષ્ટિની અપરસથી સેવા કરતા જોવા મળે છે. આજે અપરસનું નામ નથી. બાથરૂમમાં ડોલના પાણીથી ન્હાઈ સેવા કરે છે. કપડાં પણ બહારથી સુકવેલા જ પહેરવાના. પરનાળાથી સ્નાન નહિ, કે ન્હાયા પછી ઉપર જલ રેડાવવું નહિં. આ કઈ જાતની અપરસ ? અને કહે છે, "અમે સખડી ભોગ ધરીએ છીએ – આજ્ઞા લીધી છે. " ધન્ય છે. આજ્ઞા કયા સંજોગોમાં – કેવી અપાઈ હશે તે તો શ્રાવલ્લભ જાણે Ő પરંતુ આ બાબતમાં જો કોઈ સર્વે કરવામાં આવે તો જરૂર ખબર પડે કે કયાં પ્રકારની પુષ્ટિની સેવા વૈષ્ણવો કરી રહ્યાં છે.

મહાપ્રસાદ પણ કેમ લેવો- લેવડાવવો તે પણ ખબર નથી. ભોગ સરાવી પાત્રો ડાઈનીંગ ટેબલ પર મૂકી દેવાના. ખાનારા ત્યાં જ બેસી ખાય. વચ્ચે કોઈ મેંડ નહિ. વાહ રે પ્રભુ ! આ બુફેના જમાનામાં બધા વૈષ્ણવો બુફેની ફેશનમાં પ્રસાદ લેતા થઈ ગયા છે ! મોટેભાગે આજના વૈષ્ણવો અન્નદોષ અને દુઃસંગથી બચે તે જરૂરી છે. સેવા કરવી છે તો પ્રથમ સેવાનું સ્વરૂપ સમજી લેવું જરૂરી છે. આંધળું – દેખાદેખી કરવામાં દોષ લાગે – અપરાધ પડે. થોડું કરો પણ માર્ગની રીત સમજીને કરો. ના થાય તો વાંધો નહીં. તમારા અધિકાર પ્રમાણે જ તમે સેવા કરી શકશો. આ માર્ગ બધા માટે નથી, કેવલ અધિકારી, પુષ્ટિ-દૈવી જીવો માટે જ છે. આ વાત ધ્યાનથી સમજી લો. તમને ભગવદ્ પ્રાપ્તિનો તાપ છે , શ્રવણ – મનનમાં રૂચિ છે , સંસાર પ્રત્યે કંઈક અભાવ છે, નથી થતું તેનું દુઃખ છે ! જો આવું કંઈ થાય છે તો જાણજો કે તમે દૈવી જીવ છો ! પરંતુ મન કે દેહ આસુરી હોવાથી સેવા કરી શકતા નથી.

આજે વૈષ્ણવો ફલથી વંચિત કેમ રહે છે ? કારણકે, અન્નદોષ, દુઃસંગ દોષ અને વાણી દોષ મુખ્ય છે. તેનાથી બચીને ચાલવાનું છે. કોઈ વૈષ્ણવ કુટુંબમાં કોઈ હરિશરણ થાય, તો તેની પાછળ કે તેના નિમિત્તે કદી કોઈને પ્રસાદ ના લેવડાવી શકાય. લેનાર

અને લેવડાવનાર બંનેને દોષ લાગે. લગ્ન-સીમંત-જન્મદિન આવું કોઈ નિમિત્ત હોય તે સામગ્રી મંદિરના પ્રભુ નથી આરોગતા. કારણ તે-તે પ્રસંગનું નિમિત્ત થઈ ગયું. તમારા ઘેર બનાવી સમર્પિત કરો. બિચારા ઠાકોરજીને એ નિમિત્તે શા માટે આરોગાવવું ? આજે આવી સમજ નથી !

(શ્રીવલ્લભ શરણ થકી સૌ પડે સહેલું...)

## પુષ્ટિ જીવનું ધ્યેય સ્વરૂપઃ

**- શ્રીકંચનભાઈ ગાંધી, વડોદરા**

મૂલ ગોલોકધામમાંથી નાના મોટા અપરાધના મીસે નાદ સૃષ્ટિના જીવો ભૂતલ આવ્યા. ઘણા કાળના  સમયના અંતરાયથી જીવ પ્રભુના સ્વરૂપને , પ્રભુની લીલાને , લીલાધામને અને પોતાના લીલા પ્રવાહમાં એ અવિદ્યા ગ્રસીત થયો. આમ જીવ ઘણાં જન્મમરણના ચક્કરમાં ફર્યા કર્યો.

ગોલોકધામમાં એકવાર યુગલ સરકારને આ જીવોની યાદ આવી. મહા કરૂણા કરીને શ્રીવલ્લભને ભૂતલ પધારવાની આજ્ઞા કરી. એ જીવોને ફરી ગોલોક પ્રાપ્તી કરાવવા શ્રીવલ્લભ ભૂતલ પ્રગટ થયા. જીવની સ્થિતિ જોઈ શ્રીવલ્લભ શ્રીઠકુરાણી ઘાટ પર ચિંતન કરતા હતા. ત્યાંજ શ્રીઠાકોરજી પધારી આપશ્રીને આજ્ઞા કરી, 'શ્રીવલ્લભ, આપ ચિંતા ન કરો , જીવોને બ્રહ્મસંબંધ કરાવો. ' આથી શ્રીવલ્લભે સદોષ જીવોને પુષ્ટિમાં બ્રહ્મસંબંધ આપી અંગીકાર કરાવ્યો જીવ જે પ્રભુના સ્વરૂપને અને પોતાના મૂલ આધિદૈવિક સ્વરૂપને ભુલી ગયો હતો તે બંને સ્વરૂપોને ભાવાત્મક રીતે જીવના હૃદયમાંસ્થાપીત કરી કૃપા શક્તિનું અદેયદાન કર્યું છે. મુઢ જીવને શ્રીવલ્લભના આ કૃપાદાનની પહેચાન નથી , તેથી સેવ્યની સેવા કરવા છતાં અલ્પ આનંદો માટે અહિં તહીં ભટકે છે, ભૌતિક સુખ પાછળ જીવન વેડફી રહયો છે.

શ્રીવલ્લભે જીવને સેવા પધરાવી મહાન કૃપા કરી છે. સેવ્ય સ્વરૂપ સાશ્રાત ધર્મિ વિપ્રયોગાત્મક સ્વરૂપ છે. તેમાં સુધા સ્વરૂપે શ્રીવલ્લભ બિરાજે ઝે. જીવને બીજે ક્યાંઈ

સુખ પ્રીપ્તિ અર્થે જવાની જરૂર નથી. ઘરમાં જ સેવ્યને સુખરૂપ સેવા કરી સ્વરૂપાનંદનો આનંદ પ્રાપ્ત કરવાનો છે. અને તેને માટે જીવે અહંતા-મમતા છોડી , સંસાર આસક્તિ છોડી, શુદ્ધમન – ચિત્તથી પ્રભુની અષ્ટયામ સેવા જ કરવાની છે. સેવા ફલરૂપ થતાં હૃદયમાં પધરાવેલ આધિદૈવિક જીવનું સ્વરૂપ સિદ્ધ થશે. સેવ્ય તો શ્રીજી જ છે. 'સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધીપ. આમ સેવ્ય શ્રીજી શ્રીવલ્લભે બતાવ્યા છે. પુષ્ટિમાર્ગની સેવા શ્રીપૂર્ણ પુરૂષોત્તમ સ્વરૂપે જ અંગીકાર કરે છે. જો તમે ગમે તે પુષ્ટિ સ્વરૂપની સેવા કરશો, લાલન, ગિરિરાજ, વસ્ત્રયાગ, શ્રીવલ્લભ, તો પણ સેવા તો શ્રીપૂર્ણ પુરુષોત્તમ દ્વારા જ અંગીકાર થશે. આ ધ્રુવ સત્ય નહિ સમજનાર વૈષ્ણવો જ શ્રીજી અને શ્રીવલ્લભને જુદી ગણે છે. એ દ્વિધામાં રહે છે. સોવામાં શ્રીજી અને શ્રીવલ્લભ બંને પધરાવે છે. કોઈક તો શ્રીયમુનાજીને પણ પધરાવે છે. આમ થવાનું કારણ જીવને સ્વરૂપજ્ઞાન નથી. સ્વરૂપજ્ઞાન વિનાની સેવા ક્રિયાત્મક છે , ફલરૂપ નથી. શ્રીજીની સેવામાં શ્રીવલ્લભ આવી જ ગયા. જેમ અષ્ટાક્ષરમાં રસાત્મક યુગલ સ્વરૂપ અને શ્રીવલ્લભ આમ ત્રણે બિરાજે છે જેથી શ્રીવલ્લભ શરણંમમ કરવાની ક્યાં જરૂર રહી ? અષ્ટાક્ષર મહામંત્ર છે જે જીવને બંને દીક્ષા આપતી વખતે આપવામાં આવે છે.. એ મહામંત્ર છે. મંત્ર ગુરૂ આપે તો જ ફલરૂપ છે. મનસ્વી કરવાથી ફલ નથી.

સેવામાં સારસ્વત કલ્પની લીલા સ્થાપિત કરી છે. શ્રીગોપીજનોની સેવા કરવાથી તે ફલરૂપ બને છે. બ્રહ્મસંબંધમાં આપણને શું તિરોહિત થયું તેનું જ્ઞાન કરાવ્યું છે. 'જનીત તાપ કલેશાનંદ' આ તાપક્લેશાનંદ એ જ શ્રીવલ્લભનું મધુર તાપાત્મક સુધા સ્વરૂપ છે. જીવે તાપભાવ પ્રાપ્ત કરવાનો છે , અને તાપભાવનુ દાન તાપાત્મક શ્રીવલ્લભ દ્વારા જ થશે. તાપાત્મક શ્રીવલ્લભના યશોગાન કરવાથી જલ્દી આધિદૈવિક દેહ થશે અને સ્વરૂપાનંદનો અનુભવ થશે. જ્યાં તાપ ત્યાં શ્રાવલ્લભ આપ અવશ્ય બિરાજે છે. શ્રીગોપીજનોએ પ્રભુ અંતરધ્યાન થયાં પછી ખુબ વિરહ કરી ખોજ કરી. શ્રીકૃષ્ણે કરેલ સઘળી લીલાઓ કરી. આ તનમય અવસ્થા હતી છતાં પ્રભુ પ્રગટ ન થયા. જ્યારે શ્રીરાધાસહચરી મળ્યા, ત્યારે તેમને કહ્યું,'હરેગાનં પ્રિય.' શ્રીહરિને તાપાત્મક ગાન પ્રિય છે. ચાલો, શ્રીયમુના પુલિનમાં ગાન કરીએ.વિરહાત્મક 'ગોપીગીત' ગાયું. પ્રભુ તેમની

મધ્યમાં પ્રગટ થયા. તેથીજ શ્રીવલ્લભ નિવેદનનું સ્મરણ કરવાની જે આજ્ઞા તાર્દશીજન સાથે કહે છે , તેનું આ રહસ્ય છે. તાર્દશીજન જ શ્રીવલ્લભના સ્વરૂપને સમજાવી શકે છે. જેમ ગોપીજનોને શ્રીરાધાસહચરીએ જ્ઞાન કરાવ્યું તેમ. પુષ્ટિજીવનું ધ્યેય સ્વરૂપ લીલામધ્યપાતિ સ્વરૂપ છે. પુષ્ટિજીવનું સેવનીય સ્વરૂપ રસરાજ આનંદકંદ શ્રીનિકુંજનાયક છે. પુષ્ટિજીવનું ચિંતનિય સ્મરણીય સ્વરૂપ શ્રીવલ્લભ છે. આટલું સમજાય તો અવશ્ય ધ્યેય પ્રાપ્તિ માટે તાપ ભાવ થાય. શ્રીવલ્લભ શરણથકી સૌ પડે સહેલું. શ્રીવલ્લભની આજ્ઞા પ્રમાણે સેવા-સ્મરણ-ગુણગાન-ધ્યાન કરવાથી સત્વરે લીલા મધ્યપાતિ સ્વરૂપ અવાંતર ફલની પ્રાપ્તિ જીવને થાય છે.

રાગઃ મલ્હાર
આરોગત નાગરનંદકિશોર
ઉમડ ધુમડ ચહુદિશ છાયો,
સઘન ઘટા ઘન ઘોર ।।1।।
સ્નેહની ન્હેની બુન્દે બરખન લાગ્યો,
પવન ચલત ઝકઝોર
ચત્રભુજ પ્રભુ પાતલ લે ભાજે,
સઘન કુંજ કી ઓર ।।2।।

વર્ષાઋતુની છાકલીલાનાં વર્ણનો ખુબજ આનંદદાયક છે. મેઘ , મેઘના રાજા કેન્દ્ર પ્રભુના જ અનુચરો છે. પ્રભુની આજ્ઞાથી, પ્રભુ પોતાના સામર્થ્યથી મેઘને અટકાવી શકે છે. પણ આ રસરૂપ લીલા જગતમાં પ્રગટ કરવી છે તેથી પ્રભુ પોતાનું સામર્થ્ય બતાવતા નથી.
પ્રભુ પોતાની લીલાના દર્શન, તેનો સાનુભવ કરનાર અષ્ટછાપ કીર્તનકારોને વિવિધ પ્રકારે કરાવે છે. જેથી દરેક પદમાં કંઈક વિવિધ ભાવ જાણવા મળે છે.

આંધી અધીક ઉઠી આવત હેં,
ઘેર કરો ઈકઠોરી ગૈયા,

હેર ચહુદિશ બહોર નિહારત,
જેમત ગ્વાલ મંડલી મહિયાં 1
ઓર લેહો કછુ કહત સબનસો,
તુમહુ કહો બલદાઉ ભૈયા,
લેત પરસ્પર ખાત ખવાવત,
આંધી વિહારત કુંવર કનૈયા 2
ભાદર બને ઘટા ચહુ શોભિત,
ચલ બૈઠો સુંદર વર છૈયા,
બરખત બુવ્દ પરસ મન આનંદ,
કુંભનદાસ ગિરિધર મન મહિયાં 3

કોઈકવાર વરસાદ  આવતા પહેલાં આંધી આવે છે. આ આંધી ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં જ જોવા મળે છે.  આંધીથી એવો અંધકાર થઈ જાય છે કે પરસ્પર ઉભેલા પણ સ્પષ્ટ ન દેખાય. પશુ પક્ષીઓ  સ્થાનભ્રષ્ટ થઈ જાય ! બાળકૃષ્ણ પ્રભુએ જોયું કે આંધી ચઢીને આવી રહી છે ત્યારે     સખાઓને આજ્ઞા કરી જે આંધી આવી રહી છે. ગાયોને બોલાવીને એકત્ર કરો ! વર્ષા ઉદિત થાય  તે પહેલા ભોજન કરી લઈએ અને મંડળ રચી છાક આરોગવા લાગ્યા. એક બીજા સામગ્રી બાંટે અને  પરસ્પર ખાય અને ખવાવે. આ તરફ શ્યામસુંદરપ્રભુ આંધી જોવાનો પણ આનંદ લઈ રહ્યા છે.  એટલામાં વાદળો ચઢી આવ્યા અને વર્ષાની બુન્દો પડવા લાગી. ભોજન સમાપ્ત કરી પ્રભુ સખા સહિત ગાયોને હંકારી ઘટાદાર વડના ઝાડની છાયામાં પધાર્યા.

વર્ષની છ ૠતુઓમાં  વર્શાૠતુને આપણે ત્યાં પ્રાધાન્યતા આપી છે. જો કે શાસ્ત્રીય પધ્ધતિથી શ્રુતિમાં વસંતૠતુનુ સર્વ ૠતુઓના મુખ રૂપે વર્ણન છે. ‘મુખ વા એતદ્દતૂનઃ યદ્ભસંત ઈતિ’ તેમજ બ્રહ્માજીએ સૃષ્ટિની રચના ચૈત્ર સુદી  1 રવિવાર અને અશ્વિની નક્ષત્રમાં કરી છે તેથી સંવત્સર ઉત્સવ વસંતૠતુમાં જ આવે છે શ્રુતિઓએ વસંતૠતુને ક્રમમાં સૌથા પ્રથમ રાખી છે.  તથાપિ અલૌકિક ઉત્સાહ , આનંદ વર્ષાૠતુમાંજ પ્રગટ

થાય છે. વિરહીજનોના વિરહમાં જ વૃદ્ધિ કરનાર આ ઋતુ હોઈ સ્નેહજનક છે. પ્રથમ અનુરાગના પ્રાગટ્યના ભક્તોના મનોરથની પૂર્તિ અશક્ય તેમજ અસંભવ છે. તેથી જ વર્શાઋતુ અને તે ઋતુમાં આવતાં ઉત્સવોને પ્રાધાન્યતા મળી છે. આ રીતે આપણે ત્યાં વર્ષાઋતુ પ્રાધાન્ય ગણાય છે.

## ભગવદીય કો સંગ સર્વદા કરનો...

**- શ્રીકંચનભાઇ ગાંધી, વડોદરા**

ભગવદ્ ભક્તોમાં પ્રભુનું સામર્થ્ય બિરાજે છે. દૈવીજીવ શ્રીમહાપ્રભુજીના શરણે આવે છે, તેનું સ્વરૂપ અલૌકિક જાણવું. દેહ મનુષ્યનો લાગે છે , પરંતુ ભિતર સાક્ષાત્ વ્રજભક્ત છે. ભગવદીયની દ્રષ્ટિ પડતાં જ જીવ કૃતાર્થ થઇ જાય છે. કૃષ્ણદાસજીએ વેશ્યાની છોકરીને શ્રીને અંગીકાર કરાવી. આપશ્રીની દ્રષ્ટિ પડતાં જાણી લીધું કે આ જીવ પ્રભુલાયક છે. એને નથી નામ દીક્ષા કે નિવેદન દીક્ષા , છતાં પ્રભુનો સંબંધ કરાવ્યો ! ભગવદીયમાં ગુરૂ તથા પ્રભુનું સામર્થ્ય છે. ભક્તમાં ભગવાને સર્વરસનું સ્થાપન કર્યું છે. "તદીયૈઃ તત્પરૈઃ" તદીય જે ભગવદીય છે, તેના વિશે સદા તત્પર રહેવું. જે દૈવી – પુષ્ટિ જીવ છે તેને જ આમાં ઋચિ થશે.

રાજા સહુગણે દસ હજાર વર્ષ પર્યંત દત્તાત્રેય પાસે જ્ઞાન પ્રાપ્ત કર્યું, પરંતુ ફલ પ્રાપ્તિ ના થઇ. જ્યારે જડભરતજી જેવા ભક્તનો સંગ થયો ત્યારે ભગવદ્ પ્રાપ્તિ થઇ. જડભરતજીએ ભક્તનું મહાત્મ્ય રાજાને કહ્યું "હે રાજા ! તપ, જ્ઞાન, યજ્ઞ, દાન આદિથી પ્રભુ પ્રસન્ન નથી થતાં પરંતુ ભક્તના સંગથી , તેની સેવા કરવાથી , તેની કૃપાથી જ પ્રાપ્ત થાય છે. " ઉદ્ધવજીએ પ્રભુને વિનંતી કરી કે , "હે પ્રભુ ! આપ મને વ્રજમાં ગુલ્મલતા ઔષધી તરીકે સ્થાન આપો, જેથી મને સદા વ્રજ ભક્તોના ચરણની રજ પ્રાપ્તિ થાય." સૂરદાસજી પણ ગાય છે. : "ભક્ત વિરહ કાતર કરુણામય ડોલત પાછે લાગે." સૌપ્રથમ સત્સંગ મુખ્ય છે. પ્રભુની કૃપા વિના સત્સંગ પણ દુર્લભ છે. પ્રભુ જ્યારે જીવ પર કૃપા કરવા વિચારે છે ત્યારે તેને ભગવદ્ ભક્તનો સંગ પ્રાપ્ત કરાવી દે છે. અત્યારના યુગમાં એવા ભગવદ્ ભક્તો દુર્લભ છે , તો તેના અભાવમાં

શ્રીઆચાર્યચરણોનાં ગ્રંથોનું શ્રવણ-મનન માત્ર એક ઉત્તમ ઉપાય છે. અષ્ટ સખાનાં કિર્તનો, 84/252 ની વાર્તાઓનું શ્રવણ-મનન શ્રદ્ધાપૂર્વક કરવાથી પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોનો અને સ્વરૂપ તથા લીલાનું જ્ઞાન પ્રાપ્ત થશે.

સતત શ્રીસર્વોત્તમજી કરવાથી પણ આપ વાક્પતિની કૃપા પ્રાપ્ત થતાં દુર્બોધ વાણી સુબોધ થઇ જાય છે. સ્વરૂપ અનુસંધાન સહિત નામ સ્મરણ જરૂરી છે. સર્વત્યાગ પૂર્વક પ્રપંચ વિસ્મૃતિ પૂર્વક લીધેલ નામ જ ફળરૂપ છે. અન્યથા નહિ. ભગવદ્ ભક્તની વાણી હ્યદયમાં પ્રવેશ કરીને ભૂમિ તૈયાર કરે છે જેથી પ્રભુના ગુણો તેમાં પધારે પછી પ્રભુ સ્વયં પધારે છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે , "વાક્ શબ્દને હિ શરીર સંબંધઃ " વાણીના સંબંધથી સ્વરૂપનો સંબંધ થાય છે. પ્રભુ શ્રીગોપીજનો પાસેથી અંતરધ્યાન થયા પછી જ્યારે તાપાત્મક-વિરહ ભાવે ગોપીગીતનું ગાન કર્યું , ત્યારે પ્રભુ ત્યાં જ તેઓની મધ્યમાં પ્રગટ થઇ ગયા.

એક સમયે શ્રીગુસાંઇજી ચાચાજી સાથે શ્રીદ્વારિકા પધારી રહ્યા હતા. માર્ગમાં એક સાત કોસનો પર્વત આપે જોયો. ત્યારે આપે ચાચાજીને આજ્ઞા કરી. "જુઓ ! આ પર્વત જોઇ મને શ્રીગિરિરાજજીની યાદી આવે છે. " આ વાત સાંભળી ચાચાજીએ તે પર્વત પર લીલાદ્રષ્ટીથી જોયું. તત્કાલ પર્વત પરનાં સઘળા પદાર્થો લતા , વૃક્ષ, પશુ-પક્ષી અલૌકિક થઇ વિજળીની જેમ ચમકી – ગોલોકધામમાં જઇ શ્રીગિરિરાજજીની મધ્યમાં બ્રહ્મ શીખરમાં પ્રવેશ કરી ગયો ! શ્રીગુસાંઇજીએ કહ્યું. "ચાચાજી તમે આ શું કર્યું ? મહારાજ એ પર્વત જોઇ આપશ્રીને ગિરિરાજજીની સુધિ થઇ, તેથી તે ભૂમિ પર રહેવા યોગ્ય ન રહ્યો ! આ સાંભળી શ્રીગુસાંઇજી હસીને ચૂપ કરી રહ્યાં.

ભગવાન એકલા કદી ન ઓળખી શકાય. ભક્તોના ચરિત્રોથી જ ભગવાનનાં સ્વરૂપને ઓળખી શકાય છે. માટે જ શ્રીશુકદેવજીએ નવમ સ્કંધમાં ભક્તોના ચરિત્રની કથા પરિક્ષીત રાજાને સંભળાવી.પછી દશમ સ્કંધમાં પ્રભુ અને પ્રભુની લીલાઓનું શ્રવણ કરાવ્યું. 84 નિર્ગુણ ભક્તોનું શ્રવણ-મનન દઢ વિશ્વાસથી કરવાથી જ શ્રીમહાપ્રભુજીના સ્વરૂપને કંઇક અંશે જીવ સમજી શકશે. શ્રીવલ્લભ સ્વરૂપ નિગૂઢ છે. કેવલ અંતરંગ

નીજ ભક્તોને જ વેદ્ય છે. એવું વિલક્ષણ, અનિર્વચનિય શ્રીવલ્લભનું સ્વરૂપ છે. સત્સંગ દ્વારા, ભગવદ્ ભક્તોના શ્રવણ-મનનથી જ કંઇક પુષ્ટિમાર્ગમાં સ્વરૂપ અને સેવાનું સ્વરૂપ જાણી શકાય છે. ભગવદ્ પ્રાપ્તિ માટે (1) નિર્મળ હ્યદય (2) તિક્ષ્ણબુદ્ધિ અને (3) મન-ચિત્તની તંદુરસ્તી-નિર્મળતા જરૂરી છે. લોકત્યાગ- લોકાનુંગત વસ્તુઓનો ત્યાગ, પરસ્પર ગુણગાનમાં દેહનું અનુસંધાન ન રહેવું અને પ્રભુમાં અનન્ય સ્નેહ આ લક્ષણ જેનામાં હોય તેવાઓનો સંગ પુષ્ટિમાં ફળ રૂપ ગણાયેલ છે.

શ્રી વલ્લભ શરણ થકી સૌ પડે સહેલું રે.(શ્રીદયારામ)

## પુષ્ટિમાર્ગ પરોક્ષ ફલાત્મક છે.

**- કંચનભાઈ ગાંધી, વડોદરા**

પુષ્ટિ પ્રભુ પરોક્ષપ્રિય છે. પુષ્ટિમાર્ગીય સેવાનો અંગીકાર શ્રીપૂર્ણ પુરૂષોત્તમ જ કરે છે. શ્રીવલ્લભ પૂર્ણ પુરૂષોત્તમનાં મુખારવિંદ રૂપ છે. આમ શ્રીવલ્લભ પરોક્ષ રૂપે ભૂતલસ્થ જીવની સેવા સ્વીકારે છે. જીવને જ્યાં સુધી આધિદૈવિક દેહ (સ્વરૂપ) પ્રાપ્ત ન થાય ત્યાં સુધી શ્રીવલ્લભની પ્રત્યક્ષ સેવા કરવાનો અધિકાર નથી. તમે પૂર્ણ પુરૂષોત્તમમાં શ્રીવલ્લભનો ભાવ કરી સેવા કરી શકો છો. શેઠ પુરૂષોત્તમદાસ શ્રીમદનમોહનજીની સેવા શ્રીવલ્લભમાં પણ પૂર્ણ પુરૂષોત્તમનો ભાવ થઈ શકે છે. પુષ્ટિમાં ભાવ જ સાકાર , વ્યાપક સ્વરૂપાત્મક મનાયો છે. શ્રી વલ્લભ 'વસ્તુતઃ કૃષ્ણએવ' છે. જે શ્રીવલ્લભ અને શ્રીજીમાં ભેદ જૂએ છે તે આસુરભાવવાળો જાણવો. બંને સ્વરૂપ તો અભેદ્ય છે. જેમ પુષ્ટિમાં ધર્મ અને ધર્મિનો અભેદ્ય મનાયો છે તેમ ભેદ સહ અભેદ્ય છે. પુષ્ટિ પ્રભુ વિરૂદ્ધ ધર્માશ્રયી છે. આધુનિક સમયમાં જીવોને શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું જ્ઞાન નહિં હોવાથી મનસ્વી દેખાદેખી કરે છે. આપે 'સિદ્ધાંત મુક્તાવલી' માં 'કૃષ્ણસેવા સદાકાર્યા' ની આજ્ઞા કરી. અહીં સમસ્ત જગતના લોકો માટે કૃષ્ણ તત્વની સેવા શાસ્ત્ર સંમત બતાવી. પરંતુ ચતુઃશ્લોકીમાં આપે સ્વકીયજનોને 'સર્વદા સર્વભાવેન ભજનિયો વ્રજાધીપ.' અહીં આપે વ્રજના અધિપતિ શ્રીગોપીજનવલ્લભની સેવા બતાવી. શ્રીમહાપ્રભુજીએ હનુમાન ઘાટે તિરોધાન લીલા સમયે 3II શ્લોકથી શિક્ષાશ્લોકી પ્રગટ કરી નાદ-બિંદુ સૃષ્ટિને

આદેશ આપ્યો. પછીથી સ્વયમ્ પૂર્ણ પુરૂષોત્તમે પ્રગટ થઈ 105 શ્લોકી પ્રગટ કરી. ત્યાં આપે પોતાનો પરિચય આપતાં આ પ્રમાણે જણાવ્યુઃ

મયી ચેદસ્તિ, વિશ્વાસઃ શ્રીગોપીજન વલ્લભે ।
તદા કૃતાર્થા યુયં હિ, શોચનીંય ન કર્હિચિતં ॥

અહીં ધ્યાનથી સાંભળો. આપે પોતાનો પરિચય – કૃષ્ણ વ્રજાધીપ – સદાનંદ તરીકે નહીં, પરંતુ શ્રીગોપીજનવલ્લભ તરીકે આપ્યો. કેમ ? ગોપી અને પ્રભુ એકરૂપ થઈ શ્રીગોપીજનવલ્લભ થયા. ગોપીજનોને પ્રિય છે જે તે અને પ્રિયને ગોપીજનો પ્રિય છે તે, અદ્વૈત રૂપ ગદ્યમાં પણ શ્રીગોપીજન વલ્લભનો ઉલ્લેખ શ્રીગોકુલનાથજી દ્વારા આજ્ઞાથી કરાવ્યો છે. મહત્ સ્વરૂપોની વાણી – પરોક્ષ – નિગૂઢ અને રહસ્યયુક્ત હોય છે. વાકપતિ શ્રીવલ્લભની કૃપાથી જ સમજી શકાય, અન્યથા નહિં.

નિબંધ શાસ્ત્રાર્થ પ્રકરણમાં એક કારીકામાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે , 'શાસ્ત્રમ્ અવગત્ય મનોવાગ દેહૈ હી , શ્રીકૃષ્ણ સદા સેવ્ય સ્મર્તવ્ય શ્ચ । 'આપશ્રી આજ્ઞા કરે છે જીવે સૌપ્રથમ શાસ્ત્રનો અભ્યાસ કરી પ્રભુના સ્વરૂપને જાણી પછી એની સેવા મન , વાણી, દેહથી કરવી. શાસ્ત્ર પ્રમાણે છે. આપે ચતુર્થ પ્રમાણ માન્ય કર્યા છે. વેદ , બ્રહ્મસૂત્ર, શ્રીમદ્ ભગવદ્ ગીતા અને શ્રીભાગવતજી , પ્રમાણ જે સિદ્ધ કરી આપે તે પ્રમેય – પ્રભુનું સ્વરૂપ. એ સ્વરૂપને જાણી પ્રાપ્ત કરવા તેનું નામ સાધન – સેવા અને તે સ્વરૂપાનંદનો અનુભવ કરવો તે ફળ. આમ પ્રમાણ , પ્રમેય, સાધન અને ફલનું નિરૂપણ આપે કર્યું છે. આપે ફક્ત મન , વાણી અને દેહ , ત્રણથી જ સેવા કરવાની આજ્ઞા કરી છે. ધનની વાત નથી કરી. ધન ગૌણ છે. ધનથી થતી સેવામાં અહંતા – મમતા જલ્દી છૂટતી નથી. અહંમની ધનથી જલ્દી નિવૃત્તિ થતી નથી. આધુનિક જીવો ધનથી સેવા કરાવશે અને કરશે તેથી ધનની વાત નથી કરી. શ્રીમહાપ્રભુજી કહે છે , પ્રથમ સેવ્ય સ્વરૂપને જાણો પછી સેવા કરો. પ્રથમ ગ્રંથ , પછી પંથ અને છેલ્લે કંથ (કૃષ્ણ). શ્રીવલ્લભની કૃપા હોય તે જ એમની વાણીનું રહસ્ય સમજે. કોઈ વિરલા જ. એવા જ એક ભગવદીય શ્રીવલ્લભના અનન્ય શ્રીભાગવતના મર્મજ્ઞ પૂ. નવનીતપ્રિય

શાસ્ત્રીજીએ ઉપરોક્ત કારીકા પરથી (શાસ્ત્રમ્...) એક પુષ્ટિ પુલીન નામે અદભૂત ગ્રંથ રચ્યો છે. શ્રીવલ્લભે તેમનાં હ્રદયમાં બિરાજી લખાવ્યો છે. જેમાં ( 1) શાસ્ત્ર તટ ( 2) શ્રીકૃષ્ણ તટ ( 3) આચાર તટ અને ( 4) સેવા તટ. આમ માર્ગનું રહસ્ય બતાવ્યું છે. આવા વિરલ ભક્તમાં શ્રીમહાપ્રભુએ દર્શાવેલા પુષ્ટિગુરૂના બધાં લક્ષણો જોવા મળે છે. જેની ભગવદીય ભાવવાળી દષ્ટિ હોય તે જ જોઈ શકે અન્યથા નહિં. ભગવાન અને ગુરૂને ઓળખવા ખૂબ સરલ સહેલા છે , પરંતુ શ્રીવલ્લભના જન ભક્તને ઓળખવા કઠીન છે. કારણ લૌકિક દ્રષ્ટિથી તે આપણા જેવા મનુષ્ય દેખાય છે માટે. શ્રીવલ્લભના અનન્ય રામદાસજી એવા ભક્તના લક્ષણ બતાવી આપણા જેવા મૂઢ જીવોને બતાવે છે,'શ્રીવલ્લભજન કી યહ પહચાન । મિલત હરત દુઃખ જન્મ જનમ કે , સહજ પડી પહચાન ॥ અપને સો કર લેત છિનક મેં ,હ્રદય ભરે રસખાન, રામદાસ શ્રીવલ્લભ કૃપાતે દેત અભય પદ દાન ॥

શ્રીમહાપ્રભુજીએ એવા પણ જીવના વરણઅધિકાર , જ્ઞાન, શક્તિ, અનૂકુળતા, દેશ કાલની પરિસ્થિતિ પ્રમાણે નિરુપી છે. બધા માટે એકસરખી નથી. અધિકાર પ્રમાણે છે. સેવા અહંતા-મમતા રહિત થઈ, ભાવથી આપશ્રીની આજ્ઞા મુજબ કરવાની છે. મનસ્વી રીતે નહિં. અહીં વૈભવ – સાધનની આવશ્યકતા નથી. ભાવની જ મુખ્યતા છે. પ્રમાણરૂપે શ્રીમહાપ્રભુજીએ શ્રીનવનીતપ્રિયાજીને નંદ ઉત્સવમાં ચાદરના ચાર છેડા પકડાવી – પાલનાના ભાવે પધરાવી શ્રીગોકુળમાં નંદોત્લવ કરી બતાવ્યો છે. તે ઉપરાંત 1। શેર સખડીનો અન્નકુટ પણ આપે કરી બતાવ્યો છે.'આપ સેવા કરી શીખવે શ્રીહરિ,'છતાં આજના વૈષ્ણવો દેખાદેખી મંદિરનું આંધળું અનુકરણ કરી , નાવ, રથ, હિંડોળા, ઝૂલા, ફુવારા વિગેરેનો ઠાઠમાઠ ઘરમાં શરૂ કરી દે છે. ભાવ સમજવાની કોશિષ કરતા નથી. સારાસારનો વિવેક નથી. અરે ભાઈ , 84/252 ની વાર્તાઓ ધ્યાનથી શ્રવણ કરો.

એક વૈષ્ણવે હથેળીમાં ડોલ ઝૂલાવ્યો છે. એક નિર્ધન વૈષ્ણવે માટીના ઘડામાં જલ ભરી તેમાં ગુલાબનું ફૂલ પધરાવીને ગુલાબજલની ભાવના કરી. શ્રીજીને ત્યાં બધે

ગુલાબજળની મહેંક વ્યાપી ગઈ. શ્રીગુસાંઈજી શ્રીજીને પૂછે છે, 'બાબા, આ ગુલાબજળ કોનું અંગિકાર કરી લાવ્યા ?' આપે કહ્યું, ' તમારા એક નિશ્કિંચન વૈષ્ણવે મને સમર્પ્યું છે.'આપે તપાસ કરાવી. તે વૈષ્ણવને પૂછાવ્યું. પ્રભુ તો સમજપૂર્વક ભાવથી કરેલી સેવાનો અંગીકાર કરે છે. નિઃસાધનજીવો માટે તો આ કૃપા માર્ગ છે. આપે સેવા માટે ફક્ત અસમર્પિતનો ત્યાગ કરવાની આજ્ઞા કરી છે. શક્તિ પ્રમાણે તમે જે કરો તે પ્રભુને ધરીને લો. એમ નથી કહ્યું કે, દુધગર, અન્ન સખડી, નાગરી, સખડીમાં બધી સામગ્રઓ ધરો. સ્થિતિ, શક્તિ, અનુકૂળતાનો વિચાર કરી સેવા કરો. સેવા સહજ ભાવે કરો તો જરૂર સિદ્ધ થાય. 'સહજ પ્રિતિ ગોપાલ સોં ભાવે.'પ્રેમ જેમ કરવાથી થતો નથી સહજ થઈ જાય તેનું નામ પ્રેમ. તેમ સેવાનું. આજે વૈષ્ણવોમાં માર્ગિય ગ્રંથોનું શ્રવણ-મનન નથી. અધિકારીજનોનો સત્સંગ નથી. દિશાશૂન્ય સ્થિતિ છે.

શ્રીવલ્લભ શરણ થકી સૌ પડે સહેલું (શ્રીદયારામ)

## સેવાફલ

**- લે. શ્રી કંચનભાઈ ગાંધી, વડોદરા**

શ્રીમહાપ્રભુજી એક સમયે આગ્રા પધાર્યા. તે વખતે વિષ્ણુદાસ છીપા સુંદર છીંટનો તાકો લઇ આગરા વેચવા આવ્યા. તે વેળા આચાર્યજીએ કૃષ્ણદાસને કહ્યું. "આ છીપા પાસે છીંટ બહું સુંદર છે. તું લે. જે માંગે તે આપ." કૃષ્ણદાસે જે માગ્યા તે દામ આપી છીંટ લઇ લીધી. વિષ્ણુદાસને લાગ્યું કે આ કોઇ મહાપુરૂષ છે. થાનનું મૂલ્ય ન કર્યું. અને આખું થાન લીધું તેના ચાર ગણા પૈસા આપ્યા. માટે એમને છીટ આપવી યોગ્ય નથી. તેથી વિષ્ણુદાસે કહ્યું. "પૈસા તમારા પાછા લો, મારી છીંટનો તાકો મને પાછો આપો."

કૃષ્ણદાસે કહ્યું. "ના, તાકો શ્રીમહાપ્રભુજીએ શ્રીમુખથી વખાણ કરી લેવા કહ્યું. તેથી મેં તેને ચાર ઘણા દામ આપી લીધો. હવે તું પાછો માગે તે ના મળે. " વિષ્ણુદાસે કહ્યું કે આચાર્યજી ક્યાં છે ? કૃષ્ણદાસે કહ્યું. આ પીપળાના વૃક્ષ નીચે બિરાજે છે. વિષ્ણુદાસ ત્યાં ગયા. દંડવત કરી કહ્યું. "આપ તો ભગવાન છો. " અહીં વિચાર કરો. શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ તેમણે કેવી રીતે જાણ્યું ? હજુ શરણે પણ આવ્યા નથી.

શ્રીમહાપ્રભુજીએ એની છીંટ પર દ્રષ્ટિ કરી , તે જ વખતે છીપાજીની અવિદ્યા દૂર કરી દીધી હતી. પછી શરણે આવ્યા. વિનંતી કરી મહારાજ હું મહા મુર્ખ છું. તેથી એવી કૃપા કરો જેથી શ્રીમદ ભાગવત વગેરે શાસ્ત્રનું જ્ઞાન થાય અને માર્ગનો સિધ્ધાંત સમજાય. સ્વ દોષનું ભાન થયું એ પ્રભુ કૃપાનું લક્ષણ છે. આપે 'સેવાફલ' ગ્રંથ કરી સંભળાવ્યો. જેથી સાંભળી સકલ શાસ્ત્રોનું જ્ઞાન થયું. પણ સેવા ફલનો અભિપ્રાય ન સમજાયો તેથી વિનંતી કરી. આપે કહ્યું. સારુ કર્યું કે તે પૂછ્યું, એ ગ્રંથ કઠિન છે. આપે તેની ટીકા કરી સંભળાવી. જેથી સઘળો માર્ગનો સિધ્ધાંત હૃદયારૂઢ થયો. આ ગ્રંથમાં સેવામાં ત્રણ પ્રતિબંધ ઉદ્વેગ, ભોગ અને પ્રતિબંધ છે. તેમ અહીં સેવામાં નિહિત ત્રણ ફળ બતાવ્યા છે. અલૌકિક સામર્થ્ય, સાયુજ્ય, અને વૈકુંઠાદિમાં સેવોપયોગી દેહ. અહીં ત્રણ ફલ વિશે જોઇએ.

(1) **અલૌકિક સામર્થ્ય** : જીવાત્માની સાથે શરીરમાં સુક્ષ્મ દેહ હોય છે. જ્યારે દેહ છૂટી જાય છે ત્યારે લીંગ દેહ પણ શરીર છોડી જીવાત્મા સાથે જાય છે. જ્યાં સુધી પાપ – પૂણ્ય ભોગવાઇ ન રહે ત્યાં સુધી જીવાત્માને ફરી ફરી જન્મ લેવો પડે છે. જીવાત્માનો મોક્ષ થાય ત્યારે લીંગ દેહનો પણ મોક્ષ થઇ જાય છે. પછી તેનું અસ્તિત્વ રહેતું નથી.

શાસ્ત્રો કહે છે જ્યાં સુધી જીવાત્માની અહંતા મમતા સંપૂર્ણ ન છૂટે ત્યાં સુધી એનો મોક્ષ થતો નથી. શાસ્ત્રોમાં અહંતા-મમતા છોડવાના જે માર્ગો બતાવ્યા છે તે ઘણા મુશ્કેલ અને ખૂબ જ કપરા છે. આજના કાળમાં તે શક્ય નથી. આથી શ્રીમહાપ્રભુજીએ ખૂબ સરળ માર્ગ – પુષ્ટિ – અનુગ્રહ માર્ગ બતાવ્યો છે. માર્ગ જ ભાવાત્મક અને ફલ પ્રાપ્તિ કરાવનારો છે. સ્નેહ માર્ગ છે. પ્રેમ લક્ષણા ભક્તિનો માર્ગ છે જે માર્ગે ચાલી શ્રીગોપીજનોએ શ્રીકૃષ્ણ પ્રભુને પ્રાપ્ત કર્યા. તે માર્ગ દૈવી જીવોને શરણે લઇ બતાવ્યો છે. બ્રહ્મસંબંધી જીવની અહંતા – મમતા શ્રીઠાકોરજીને સોંપી દો. સેવ્ય પ્રભુની પુષ્ટિ રીતે સમર્પિત થઇ સેવા કરો. મારું લૌકિક – અલૌકિક સર્વ પ્રભુનું છે. હું દાસ છું. જે કંઇ થાય છે તે સર્વ પ્રભુ ઇચ્છાથી થાય છે. આવો દઢ વિશ્વાસ પુષ્ટિ વૈષ્ણવોનો હોવો જોઇએ. તો જ સેવા ફળની પ્રાપ્તિ થાય. દાસ અને દીનતાથી સેવા કરવાથી અહંતા –

મમતા નાશ પામે અને કર્મનું બંધન છૂટી જાય. મારું જે કાંઇ થાય છે , થયું છે, અને થશે તે સર્વ પ્રભુ કૃપાથી જ છે. પુષ્ટિ પ્રકારે સેવ્યની સુખરૂપ સેવા કરવાથી પ્રભુ પ્રસન્ન થાય છે. ત્યારે તે જીવાત્માને તેના મૃત્યુ બાદ અલૌકિક સેવા ઉપયોગી દેહ પ્રાપ્ત કરાવે છે. એકવાર સ્વરૂપનો અનુભવ થઇ ગયો તો જીવ કૃતાર્થ થઇ જાય છે. આધિદૈવિક દેહ પ્રાપ્ત થતાં જ જીવ ગોલોકધામમાં ચાલ્યો જાય છે. કારણ એના આધિદૈવિક દેહમાં શ્રીવલ્લભ પ્રભુ ભાવાત્મક બિરાજે છે. એને નથી કોઇ લઇ જતું , કે નથી કોઇ સામે તેડવા આવતું. શ્રીવલ્લભ ભૂતલ લેવા આવ્યા. તેમની જ કૃપાથી મૂલધામમાં જવાનું છે. સેવા , સ્મરણ, ગુણગાન, ધ્યાન દ્વારા આ અલૌકિક દેહની પ્રાપ્તિ એ જ મુખ્ય ધ્યેય પુષ્ટિ જીવનું છે. પુષ્ટિમાં ત્રણ પ્રકારના અધિકારી જીવો : ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ સાધારણ. તે જ પ્રકારે ત્રણ ફલ : અલૌકિક સામર્થ્ય, સાયુજ્ય અને વૈકુંઠાદિમાં સેવોપયોગી દેહ.

(2) **સાયુજ્ય** :કેટલાક જીવાત્માઓનો અધિકાર અલૌકિક સામર્થ્યનો હોતો નથી. તેવા મધ્યમ અધિકાર વાળાને શ્રીઠાકોરજી સાયુજ્ય ફલ, પુષ્ટિમાર્ગીય મોક્ષ આપે છે. – આ મોક્ષ મર્યાદા મોક્ષથી જુદો ઉત્તમ છે. આવા જીવાત્માઓને પ્રભુ પોતાના ચરણાવિંદ અથવા હૃદયમાં કે શ્રીમસ્તકના વાળમાં વિલીન કરી રાખે છે. જીવાત્મા કાયમ ત્યાં જ રહે છે. શ્રીઠાકોરજી ક્યારેક પોતાની સ્વેચ્છાથી આવા જીવોને અલૌકિક દેહ આપી અમૂક પૂરતો સ્વરૂપાનંદનો અનુભવ કરાવે છે. પાછા તેઓને મૂલ સ્થાનમાં વિલિન કરી દે છે. અંતરગૃહગતા ગોપીજનોને આ સાયુજંય મળ્યું છે. કેમ કે તેઓનો પ્રભુ પ્રત્યે જાર ભાવ હતો. જેથી સ્વરૂપાનંદના અનુભવથી વંચિત રહી ગયાં.

(3) **વૈકુંઠાદિમાં સેવોપયોગી દેહ** :કેટલાક પુષ્ટિ જીવાત્માઓ કનિષ્ટ – સાધારણ અધિકારવાળા હોય છે. તેઓને ગોલોક ધામમાં – પશુ, પક્ષી, વૃક્ષ, લતા, જલચર વિગેરમાંથી કોઇપણ યોનીમાં જન્મ મળે. લૌકિક કરતાં આ યોની તો અલૌકિક છે. નિત્ય છે. કાયમ ગોલોકમાં જ વાસ. પ્રભુના દર્શાનાદિનું સુખ મળે. પ્રભુની પરોક્ષ સેવાનો આનંદ પણ મળે. સ્વરૂપાનંદનો આનંદ નથી મળતો. આવા પુષ્ટિ જીવો 

ની વાર્તામાં અમદાવાદ વાળા શેઠ જે કીડો થયા. વિરક્ત ડબ્બામાં મૂકી ગોકુલ લાવ્યા. શ્રીગુસાંઇજીએ શ્રીયમુનાજીમાં એને પધરાવી દેવાની આજ્ઞા કરી. લીલામાં જળચર છે. 84 ની વાર્તામાં મથુરાના નારાયણદાસ ભાટ. લીલામાં વાનર યોની હતી. તેથી શ્રીવલ્લભે કહ્યું. "તમને સ્વરૂપ સેવાનો અધિકાર નથી, તમે પશુ યોનીના જીવ છો."

સેવાફલ ગ્રંથમાં બતાવેલ આ ત્રણ પુષ્ટિ ફલ છે.

## પુષ્ટિદૈવી જીવે મનન કરવા યોગ્ય છે

લેખક : **શ્રીકંચનભાઈ ગાંધી, વડોદરા**

મહાકારૂણિક શ્રીવલ્લભપ્રભુની કૃપાથી હું બ્રહ્મસંબંધ લઇ પુષ્ટિમાર્ગમાં પ્રવેશ પામ્યો. તો સૌપ્રથમ પુષ્ટિમાર્ગ, પુષ્ટિ પુરૂષોત્તમ, પુષ્ટિલીલા, પુષ્ટિ પ્રભુનું ધામ. આ વિશે મને યથાર્થ જ્ઞાન હોવું અતિ જરૂરી છે. માર્ગના સિદ્ધાંત જાણી કર્તવ્યનો બોધ થવો જરૂરી છે. મારા જીવનનું ધ્યેય અને લક્ષ્ય મારે નક્કી કરવું જ પડે. એ નહિ કરીએ તો જીવનકાળ માયાના સપાટામાં વેડફાઇ જશે. વૃથા જન્મ વહી જશે. મારું સેવ્ય સ્વરૂપ ધ્યેય પ્રાપ્તિ માટે છે. સેવ્ય જ સેવકના અલૌકિક દેહને સિદ્ધ કરી આપે છે. આ જ્ઞાન નહિ હોવાથી વૈષ્ણવો સેવ્યને છોડી – ગૌણ કરી બીજે ભટકે છે જેથી ફલથી વંચિત રહે છે. શ્રીવલ્લભ જ મારૂં લક્ષ્ય હોવું જરૂરી છે. એનું અનન્યભાવે ચિંતન-ધ્યાન અને એમના જ યશોગાનથી આશ્રય સિદ્ધ થશે. આશ્રય અનુગ્રહાત્મક પ્રભુનો વિશિષ્ટ એક ધર્મ છે – એનું દાન શ્રીવલ્લભ કરે છે. શ્રીદયારામભાઇ કહે છે , "શ્રીવલ્લભ આશ્રય વિના સાધન સર્વ અશેષ, કેવલ હરિ ભજે લીલામાં ન પ્રવેશ. "કેવલ હરિની સેવા કરશો તો લીલાપ્રવેશ નહિ થાય – જ્યારે શ્રીવલ્લભનો આશ્રય કરશો તો જ પુષ્ટિફળ મળશે. પુષ્ટિમાર્ગમાં સર્વ કાંઇ છે તે બધું જ ભાવાત્મક છે. ભાવાત્મક એટલે મૂલ સ્વરૂપ છે. જ્યાં સુધી સેવ્યને સાક્ષાત્ – સર્વસ્વ નહિ માનીએ ત્યાં સુધી ભવસાગરમાં જ ભટકવું પડશે. સેવ્ય સ્વરૂપમાં જ નિષ્ઠા, અનન્યતા અને અનન્ય એકાંગી સ્નેહ આ ત્રણ જરૂરી છે. અહંતા-મમતા છોડી , અન્યમાંથી આસક્તિ કાઢી, પ્રભુમાં જ આસક્તિ કરવી. સેવ્ય સિવાય અન્યનું દર્શન, સ્મરણ, ચિંતન પણ બાધક છે. પતિવ્રતાના ધર્મો

પુષ્ટિની સેવામાં પાલન કરવાના છે.

સેવ્ય સિવાયની બધી જ સેવા ગૌણ છે. આ ધ્રુવ સત્ય સમજી સેવ્ય ગોલોકધામસ્થ જ છે આ દ્ઢ કરો. શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે , વૈષ્ણવે એક સારસ્વત કલ્પની લીલા અને એક નિત્યલીલાનું અવશ્ય સ્મરણ કરવું. નિત્ય અને વર્ષોત્સવની સેવામાં સઘળી સારસ્વત કલ્પની લીલા જ છે. (શ્રી હરિરાયજીની નિત્યલીલા જૂઓ) પદ્મનાભદાસજીના પદો તેમાં નિત્ય ગોલોક ધામસ્થ લીલાનું વર્ણન છે. સારસ્વત કલ્પની લીલા સ્મરણ માટે છે. જેનાથી તાપભાવ ઉત્પન્ન થાય, જ્યારે નિત્યલીલા ધ્યેય છે. પ્રભુના સ્વરૂપમાં-લીલામાં અનુરાગ ઉત્પન્ન થવો જરૂરી છે. એ નથી તો ગમે તેટલા વર્ષ સેવા કરો કશું જ પ્રાપ્ત નહિ થાય. સેવામાં સંવેદન જરૂરી છે. કદીક રોમાંચ થવો, અશ્રુપાત થવો આ બધા લક્ષણ સેવા પ્રભુ અંગિકાર કરી રહ્યાં છે તેનાં છે. જ્યારે ક્રોધ, રાગ અને ભય દૂર થાય ત્યારે જાણવું કે પ્રભુએ હવે મારી સેવા સ્વીકારી.

સેવામાં રાગ-ભોગ-શૃંગારનું મહત્વ છે. પુષ્ટિપ્રભુ રાગથી જાગે , રાગથી શૃંગાર ધરે , રાગથી ભોગ આરોગે, રાગથી પોઢે. કિર્તનો અલૌકિક ભાવથી પુષ્ટ થયેલ છે. કિર્તનથી પ્રભુને લીલાની યાદી આવે છે અને પ્રસન્ન થઇ ગાનારને પ્રેમ-અનુરાગનું દાન કરે છે. ભોગ મધ્યસ્થ છે. ઉત્સવોમાં અવશ્ય શક્તિ અનુસાર પ્રભુને ભોગ સામગ્રી જરૂર ધરવી. પુષ્ટિપ્રભુને તમારા ભોગ-શૃંગારની કોઇ અપેક્ષા જ નથી પરંતુ આપ શ્રીવલ્લભની અતિ કરૂણ કૃપાથી જીવને અધરામૃત આપવા માટે ભોગ આરોગે છે. ભૂતલસ્થ જીવ પ્રભુને કયો ભોગ ધરી શકશે ? જ્યાં નિત્યધામમાં અલૌકિક ઐશ્વર્યયુક્ત અનેક સ્વામિનીજીઓની યાદી આવે તે હેતુ છે. રસાત્મક રસસ્વરૂપ સદાનંદ પ્રભુ સાક્ષાત્ મનમથના મનમથ, કોટિ કંદર્પ લાવણ્ય સ્વરૂપ છે. જીવ શું શૃંગાર ધરી શકે છે ? પરંતુ શૃંગાર દ્વારા પ્રભુ જે શૃંગાર ધરે છે ને કેવા ભક્તને રસદાન કરે તેની જીવને યાદ આવે માટે શૃંગાર છે. મુગુટ , સહેરો, ટિપારો, કુલ્હે-ચંદ્રિકા આદિ શૃંગાર , ચાકદાર, ગેરદાર. સુથન-પટકા ધોતી-ઉપરણાં, મલ્લકાછ. આદિથી પ્રભુ ચાર પ્રકારના ભક્તોને રસદાન કરે છે. નિર્ગુણ , સાત્વિક, રાજસ અને તામસ પ્રકારના ભક્તો છે. નવિન

ભાવોનું દાન પ્રભુ કરે છે.

સેવા જીવના વરણ, અધિકાર પ્રમાણે બને છે. જેવો જેનો અધિકાર. બધા માટે એક જ પ્રકાર નથી. વૈષ્ણવોએ સેવા યથાશક્તિ, પોતાની અનુકૂળતા અને સગવડ પ્રમાણે માર્ગની મેંડ-મર્યાદાથી કરવી. મેંડ વિનાની સેવા પુષ્ટિપ્રભુ કદી પણ સ્વિકારતા નથી. ફલ મેંડમાં રહેવાથી જ મળે. તેથી શ્રીમહાપ્રભુજી પોતે જીવને શરણે લઇ સેવાની મેંડ-મર્યાદા, રીત બધું શિખવાડતા હતા. મનસ્વી રીત અપરાધ છે. દોષમાંથી બચવા અધિકારી પાસે સેવાની રીત જાણીને જ સેવા કરો. ન બને તો કેવલ નામ સેવા કરો. જેનો જેવો અધિકાર. સેવામાં સતત તાપ-ભાવ જ જરૂરી છે. હા નાથ ! હું આપશ્રીને લાયક ક્યારે બનીશ. તેનો તાપ જરૂરી છે. તાપભાવ – તાપાત્મક શ્રીવલ્લભ દાન કરે ત્યારે થાય.

જીવ સ્વયમ્ ભાવ કરી શકતો જ નથી. સતત માર્ગના ગ્રંથો અને અધિકારી જાણકાર ભગવદીયોનો સત્સંગ જરૂરી છે. માર્ગની મેંડથી સેવા કરનાર , માર્ગના સિદ્ધાંતને જાણનાર, નિર્મળ હૃદયવાળા વૈષ્ણવનો જ સંગ કરવો. અન્ય સર્વ દુઃસંગ છે. એવો સત્સંગ ન મળે તો ગ્રંથોનું શ્રવણ – મનન જ જરૂરી છે. 84/252, શિક્ષાપત્ર, શ્રીસુબોધિનીજી, ષોડશગ્રંથ, તત્વાર્થ દીપનિબંધ આદિ ગ્રંથોનું શ્રવન-મનન ખૂબ જરૂરી છે. નિત્ય નિયમપૂર્વક શ્રીભાગવતજીનું પઠન જરૂરી છે. શ્રીભાગવત શ્રીજીનું નામાત્મક સ્વરૂપ છે. જે ભગવાનની પ્રાપ્તિ કરાવનાર ઉત્તમ ગ્રંથ છે. પૈસા લઇ ભાગવત કહેનારના મુખે વૈષ્ણવે કદી ભાગવતની કથા સાંભળવી નહિ. અને એવી ભાગવત કથા કરાવવી નહિ , જ્યાંથી ભાગવત માટે પૈસા લેવાય. આજે પુષ્ટિમાર્ગમાં બાહ્ય જે બધા પ્રદર્શનો થાય છે તે શ્રીવલ્લભના સિદ્ધાંતથી વિરૂદ્ધ છે. પુષ્ટિપ્રભુ , એની લીલા અને સેવા ગુપ્ત રહીને કરવાની જ શ્રીવલ્લભની આજ્ઞા છે.

(શ્રી વલ્લભ શરણ થકી સૌ પડે સહેલું રે - શ્રીદયારામભાઇ)